
અમિતા
મનુભાઈ વિ. ક્રિશ્ચિયન

12BGA2

GUJARATI CHRISTIAN FELLOWSH
OF PHILADELPHIA
425 CENTRAL AVE
CHELTENHAM, PA

● અસ્મિતા ●

# અમ્રિતા




લેખક :-

રેવ. મનુભાઈ વી. ક્રિશ્ચિયન

૪૮૦૯, સિકસ્થ એવન્યૂ, બ્રુકલિન, ન્યૂયોર્ક, ૧૧૨૨૦ યુ. એસ. એ.



પ્રકાશક :-

**ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી,**

સાહિત્ય સેવાસદન,

એલિસબ્રિજ, **અમદાવાદ**-૩૮૦૦૦૬

પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન,
એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬

પ્રથમ આવૃત્તિ ] [ પ્રત : ૧૦૦૦
૧૯૮૭

કિંમત : ૬–૦૦

મુદ્રક :
કાંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય, રતનપોળ,
ફતેહભાઈની હવેલી, અમદાવાદ–૧

# બે બોલ

પંદર-સોળ વર્ષ પહેલાં કુદરતી રીતે યા સ્વપ્ન સંદર્શનો મારફતે મોટાભાગની વાર્તાઓ એક સ્વપ્નવત તાદૃશ થઈ, અને લખાઈ ગઈ. મિત્રોને એ વાર્તાઓ વંચાવી, અને એમને સારી લાગી, કેટલાક વિદ્વાનોને એ વાર્તાઓ યથાયોગ્ય લાગી આથી પ્રોત્સાહન મળતાં મેં તેમને એક પછી એક પ્રકાશનાર્થે મોકલી. ઘણીખરી વાર્તાઓ પ્રગટ થવાથી મનને આનંદ થયો અને એ દિશામાં ખૂબ રસ જાગ્યો, એટલે સુધી કે એ રસ એક જાતની ધૂનમાં પરિણમ્યો, ને આ વાર્તાઓનું સર્જન થયું.

સમાજમાં કન્યાવિક્રય, અન્યધર્મી સાથે લગ્ન સંબંધો, કચેરી કે ખાનગી લગ્નોનું દુષ્કૃત્ય વધુ જોર પકડતું હતું. આ વિષયના અનુસંધાનમાં ઘણા લોકો ભાષણોના રૂપમાં પોતાનો વિરોધ તથા વિચારો દર્શાવતા હતા. આજે લોકોને સીધો નકરો ઉપદેશ આપવાથી પ્રેરણામય થતો નથી. આ વિષયને બીજા રૂપમાં પ્રગટ કરવાથી એ સામાજિક પરિવર્તનમાં ઉપયોગી બની શકે છે એ ઉદાત્ત હેતુથી લખતાં વાચકોમાં ઉમંગ સર્જાય. સ્વાભાવિક રીતે તેમાંનું એકાદ બિંદુ દિલને ચોંટે અને હૃદયમાં ઊંડી છાપ ઉપજાવી જાય !

સમાજ તથા યુવાપેઢી સમક્ષ મૂકવાનો આ પ્રયત્ન છે, જે કેવળ ઈશ્વરપિતાની કોઈ પ્રબળ પ્રેરણા અને સહાયથી જ શક્ય છે, એ સહેજે આ મોંઘવારીના વિકટ સમયે સૌ કોઈ સમજી શકે એમ છે !

'ખ્રિસ્તીબંધુ,' 'માર્ગસંગિની', 'ક્રિશ્ચિયન ન્યુઝ,' 'ખ્રિસ્તી જ્યોત' તથા 'પ્રતિષ્ઠા' વગેરે સામયિકોમાં આ વાર્તાઓ પ્રગટ થઈ એ સહુ સંપાદકોનો હું ઋણી છું. ને ઉત્સાહભેર આવકારવા બદલ અને લોકોએ મને ઉત્તેજન તથા અભિનંદન આપ્યાં તે બદલ હું આભારી છું. કેટલાક અભિપ્રાયોનો ઉલ્લેખ હું રોકી શકતો નથી. મરહૂમ ડૉ. જી. કે. સત્વેદી, ડૉ. જયોર્જ ડી. સોલંકી, મરહૂમ વકીલ ચોહાનભાઈ નરસિંહભાઈ તથા રેવ. પી. કે. દાસ વગેરેએ જે

અભિપ્રાયો આપ્યા તે સાથે ઉત્તેજિત કરી મને આ ક્ષેત્રમાં આગળ વધવા પ્રેરણા આપી એ મારે કબૂલ કરવું રહ્યું. અત્રે હું તેઓનો આભાર માન્યા વગર રહી શકતો નથી.

વિશેષ, પૂનાના મારા કવિ મિત્ર શ્રી રમણભાઈ નાગર જેઓ ગુજરાતી સાહિત્યના સાક્ષર–સમાલોચક છે, અને પુસ્તકોનું વિવેચન કરે છે તથા ગુજરાતી માસિક "પ્રતિષ્ઠાના"ના સંપાદક છે તે કવિશ્રીએ આ વાર્તાઓને વાંચી, સુધારી, નવાં શીર્ષક આપ્યાં તે સાથે માર્ગદર્શન આપ્યું તેમને કેમ ભુલાય ! તેઓનો આભાર પ્રદર્શિત કરતાં જેટલા શબ્દો કહું તેટલા ઓછા જ છે.

તદુપરાંત મુરબ્બી રેવ. જયાનંદ આઈ. ચૌહાન, જેમણે પોતાના અગાધ સાક્ષરિક જ્ઞાનનો પરચો મને આપ્યો અને જે સુધારા–વધારા કર્યાં તે અણમૂલ છે, તે બદલ હું તેમનો આભારી છું. પ્રિન્સિપાલ શ્રી ભગવતપ્રસાદ આર. ચૌહાણ તેમણે આ પુસ્તકનો પરિચય કરાવતી પ્રસ્તાવના આલેખી છે તે સર્વનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. સાહિત્યિક સેવાને અર્થે આ માર્ગદર્શન અને મદદ ઘણા જ મહત્વના છે ને જે સમાજને ઉત્તેજનના માર્ગે દોરે છે.

સમાજની સેવામાં આ કરુણ કથાઓને મૂકું છું, સાહિત્ય ક્ષેત્રે મારો આ પ્રયાસ નિરર્થક નહિ જાય, આપણા ખ્રિસ્તી મૌલિક સાહિત્યનું આ પાસું ઉજ્જવલ થશે એ હેતુ એમાં સમાયેલો છે.

આથી ખાસ વિજ્ઞપ્તિ છે કે સમાજ તેને અપનાવશે. એમાં સમાયેલાં સામાજિક–ધાર્મિક ભાવો પ્રજ્વલિત થશે, અને કંઈક અંશે તે સમાજને ઉપયોગી થઈ પડશે એ જ અંતરની અભિલાષા. એમાં ક્ષતિઓ હશે, પરંતુ સમાજ એની દરગુજર કરી એમાંનો ભાવાર્થ લઈ મારી ક્ષતિઓની ક્ષમા કરશે એવી આશા સહિત આ પ્રસ્તુત હું સમાજની સેવામાં મૂકું છું.

બ્રુકલિન — મનુભાઈ વી. ક્રિશ્ચિયન

તા. ૨૧–૭–૮૭

# 'અસ્મિતા'ને આવકાર

આપણા પીઢ વાર્તાકાર રેવ. મનુભાઈ ક્રિશ્ચિયનના વાર્તાસંગ્રહ 'અસ્મિતા'ને આવકારતાં અત્યંત આનંદની લાગણી અનુભવું છું. છેલ્લાં લગભગ વીસ વર્ષથી રેવ. મનુભાઈ સાહિત્યક્ષેત્રે પોતાની સંવેદનશીલ વાર્તાઓ પ્રસિદ્ધ કરતા આવ્યા છે. શ્રી મનુભાઈ એક સહજભાવે લખતા વાર્તાકાર છે, વાર્તા જાણે ખૂબ સરળતાથી એમનાથી રચાઈ જાય છે. તેમણે પોતે જણાવ્યું છે તેમ વાર્તા જાણે એક સ્વપ્ન કે સંદર્શનની જેમ તેમની સામે તાદશ થાય છે, એટલે કે એમના મનમાં, શબ્દ કાગળ ઉપર અવતરે તે પહેલાં, વાર્તાનું શિલ્પ તૈયાર થઈ જાય છે ને પછી એ જ પ્રેરણાની આધીન થઈ તે વાર્તાઓ રચે છે.

એમણે સ્વાભાવિક રીતે પોતાને 'ધૂની સાહિત્યકાર' ગણાવ્યા છે. ધૂન એટલે એક ઊંડો રસ, કોઈક વિચાર કે ખ્યાલમાં તલ્લીન કે તદ્રૂપ થઈ જવાની મનોવૃત્તિ, આસપાસના વાતાવરણને ભૂલી જઈ સર્જન વિષય સાથે એકરૂપ થઈ જવાની તાલાવેલી.

એમની પહેલી જ ને કદાચ સંગ્રહની શ્રેષ્ઠ વાર્તા 'અસ્મિતા'ને તપાસીએ તો લેખક, દીકરાનો જીવલેણ રોગ ને વિધવા માતાની વેદનાથી વાર્તાનો આરંભ કરે છે. સ્વાભાવિક રીતે કેન્સરગ્રસ્ત દીકરો મૃત્યુ પામે છે. રહી જાય છે વૃદ્ધ મા, દીકરાની પત્ની ને વહાલસોઈ બેબી. સગી મા હોવા છતાં દાદી બેબીને રમાડે તેવા દૃશ્યના નિરૂપણમાં એટલે કે માના પાત્રને પશ્ચાદ્ભૂમિમાં રાખવામાં

લેખકની ખરી કુશળતા દેખાય છે. એવું કેમ કર્યું હશે? તરત વાર્તામાં જવાબ મળે છે: સ્વચ્છંદી ને રૂપાળી પુત્રવધૂ નાની દીકરીને નમાઈ છોડી દઈને પરધર્મી સાથે નાસી જાય છે. આઘાત ન જીરવાતાં દાદીમા પણ મૃત્યુને ભેટે છે ને રહી જાય છે એકલીઅટૂલી નિ:સહાય બેબી.

બેબી દવાખાનામાં ઊછરે છે, ડૉક્ટર બને છે ને એના જ પ્રેમાળ હાથોમાં બીજા પતિથી તરછોડાયેલી ને ભીખ માંગીને ગુજારો કરતી, વર્ષો પહેલાં વિખૂટી પડેલી મા મૃત્યુ પામે છે. 'અશ્રિતા' કે અમૃતા જે કહો તે શીર્ષક પણ કેટલું ચોટદાર બન્યું છે!

બીજી વાર્તા ઊર્ફીલાસમાં પણ એવાં જ કારુણ્યનાં દર્શન થાય છે, પણ સ્નેહાળ કાકાની મદદથી આપઘાતના પ્રયાસમાંથી વાર્તાનાયક બચી જાય છે ને ઘરમાં ભુલાઈ ગયેલી પ્રાર્થવેદીના પુનઃપ્રાગટ્યથી વાર્તાનો મંગલ અંત આવે છે. 'દુર્ભાગી' વાર્તામાં પણ નાયક એવા પુરુષોત્તમનું પાત્રનિરૂપણ ખૂબ સચોટતાથી થયું છે ને તેમાંનું સમાજદર્શન પણ હૃદયસ્પર્શી છે.

'નારીનું મૂલ્ય' 'કુળ-લજવ' 'રેનોલ્ડ અને રોઝલીના' જેવી વાર્તાઓ પણ સુંદર રીતે રચાઈ છે, ને વાચકને પકડી રાખે છે. બધી જ વાર્તાઓમાં કારુણ્યની એક સૂક્ષ્મ લહર સતત ફરકતી સ્પર્શાય છે, ને આ કરુણરસ જ સંગ્રહની ઘણી બધી વાર્તાઓને હૃદયસ્પર્શી બનાવે છે. બધી જ વાર્તાઓ એ દર્શાવે છે કે લેખકને નવલિકાનું રૂપવિધાન–આકર્ષક ઉપાડ, સચોટ પાત્રાલેખન, જીવંત નિરૂપણ રસદર્શી શૈલી ને તરત ભુલાઈ ન શકે તેવો અંત–નો બરાબર ખ્યાલ છે. એમની પ્રવાહી ભાષાશૈલી પણ આમાં ઘણી મદદરૂપ નીવડી છે.

જો કે બધી જ વાર્તાઓ સંપૂર્ણ નવલિકાઓ બની છે તેવું નહિ કહી શકાય. કયાંક વધુ પડતી ચર્ચા, કયાંક લંબાણને લીધે ફિક્કું પડતું પોત, કયાંક સચોટ પાત્ર નિરૂપણનો અભાવ–આ બધું છે, છતાં એકંદરે આ વાર્તાઓ એક પ્રમાણમાં સમર્થ એવા ને ખ્રિસ્તી વાતાવરણનું સજીવ આલેખન કરતા વાર્તાકારની કૃતિઓ છે તેવી છાપ પડયા વિના રહેતી નથી.

સેવાભાવે સમાજ પરિવર્તનના હેતુથી લખાયેલી આ વાર્તાઓએ મહદ્ અંશે પોતાનું ધ્યેય સિદ્ધ કર્યું છે. તેમ નિઃશંક કહી શકાય.

આપણા સમાજમાં વાર્તાકારોની સંખ્યા ઘણી ઓછી છે, મૌલિક ને સબળ વાર્તાઓ પણ ઓછી છે, તેમાં મૌલિક, સમર્થ ને રસદર્શી કરુણકથાઓ લઈને આવતો આ વાર્તાસંગ્રહ ખૂબ ધ્યાનપાત્ર ને આવકારદાયક બને છે. લેખકને આપણે બિરદાવીએ છીએ ને કહીએ છીએ કે સાહિત્યક્ષેત્રે તમારું આ પ્રયાણ વધુ ઉજ્જવલ સાહિત્ય ક્ષેત્રોમાં તમને દોરી જનારું બની રહો. આવી સુંદર વાર્તાઓ આપનાર લેખક સાચ્ચે જ આપણા સમગ્ર સમાજના અભિનંદનના અધિકારી બને છે. ઓર આગે બઢો

ભગવતપ્રસાદ ચૌહાણ

# અભિપ્રાયો

તમારી વાર્તાઓ પહેલેથી છેલ્લે સુધી ધ્યાનપૂર્વક વાંચી ગયો. તમને વાર્તા ઘડવાનું દાન–જ્ઞાન છે એમ સમજાયું. સેવાભાવે સુધારાને અર્થે લખવાની તમે હિંમત કરી છે એ વખાણને પાત્ર છે. પ્રભુ તમને એ દિશામાં સંપૂર્ણતા સુધી વધારે એવી આશા ને પ્રાર્થના છે. તમારી વાર્તાઓ પેપરોને લાયક છે. તમે હિંમત ધરીને છપાવો. મારી સલાહ છે કે તે એક પછી એક પેપરોમાં પ્રગટ કરો તો તેઓ લે ખરા. ઈશ્વર પિતા તમને પસંદિત પાત્ર બનાવો એવું ઇચ્છતો,

વલસાડ

તા. ૧૬–૫–૧૯૬૪

ડૉ. જી. કે. સત્વેદી D. D.

પ્રિન્સિપાલ, બાઇબલ સ્કૂલ, વલસાડ

તમોએ તમારું લેખક તરીકેનું દાન સુંદર રીતે વાપર્યું અને ઉત્તમ સેવા કરી. ભાષા, શૈલી પણ આપની અનોખી. સાહિત્યની દિશામાં આ દાનનો ઉપયોગ ગુર્જર ખ્રિસ્તી સમાજની ઉત્તમ સેવા કરી શકશો. અખ્રિસ્તીઓ પણ વાંચશે. આપના જે હસ્તલેખો તૈયાર છે તે બહાર પાડવામાં પ્રાર્થનાપૂર્વક આગળ વધશો. સાહિત્યક્ષેત્રમાં અનુભવીઓની સલાહ લેવી. અમે તમારા લેખનકાર્યની ઘણી પ્રશંસા કરી, કદર કરી. તમોને લેખકનું દાન છે.

વડોદરા

તા. ૩–૭–૧૯૮૦

રેવ. પી. કે. દાસ

આપનાં લખાણોને અમે સમાજ માટે ઘણા જ કીમતી ગણીએ છીએ. તમે આપેલ વાર્તાઓ વાંચી છે. તેની નકલો મારી પાસે છે. તમારા લખાણ માટે અભિપ્રાય કેવો આપવાનો ? સારું લખો છો. જ્યારે દાહોદ, અમદાવાદ અને બીજા સ્થળોએ હું ગયો ત્યારે મને એવાં ઘણાં માણસો મળ્યાં કે જેમના તરફથી જાણવા મળ્યું કે તમારાં પહેલાં લખેલાં લખાણોની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા. તમારી વાર્તા "અર્થઅનર્થનું મૂળ" ની કોપી અમારા પર જલદી મોકલવા કૃપા કરશો.

સુરત

તા. ૨૭-૩-૬૩ અને — ડૉ. જ્યોર્જ ડી. સોલંકી,

તા. ૨૫-૧૦-૬૩ — ક્રિશ્ચિયન ન્યુઝ-સુરત

'અશ્રિતા' વગેરે વાર્તાઓ વાંચી. કેટલીક લાંબી છે પણ સારી છે. વાર્તાની સંકલના કરવી અઘરી બાબત છે. એક પાત્ર સાથે બીજા પાત્રનો મેળ મેળવવો મુશ્કેલ લાગે, તેમ છતાં તમે સારો શ્રમ કર્યો છે.

પ્રાંતિજ

તા. ૧૬-૭-૧૯૬૪ — સ્વ. વડીલ યોહાનભાઈ નરસિંહભાઈ,

આચાર્ય, પ્રેપરેટરી શાળા, પ્રાંતિજ

તથા આઈ. પી. મિશન-વડીલ સભાના પ્રમુખ-

# અનુક્રમણિકા


| | |
|---|---|
| અશ્રિતા ... ... ... ... ... ... | ૯ |
| વાત્સલ્ય ... ... ... ... ... ... | ૧૬ |
| પરિવર્તન ... ... ... ... ... ... | ૨૦ |
| દુર્ભાગી ... ... ... ... ... ... | ૨૫ |
| નાનીબહેન ... ... ... ... ... | ૩૭ |
| રતન ... ... ... ... ... ... | ૪૫ |
| શાપિત ... ... ... ... ... ... | ૫૦ |
| નારીનું મૂલ્ય ... ... ... ... ... | ૫૫ |
| ભૂલનો ભોગ ... ... ... ... ... | ૬૧ |
| કુળ-લજવ ... ... ... ... ... | ૬૪ |
| સિવિલ મેરેજ ... ... ... ... ... | ૬૬ |
| અર્થ અનર્થનું મૂળ ... ... ... ... | ૭૫ |
| પશ્ચાત્તાપ ... ... ... ... ... ... | ૮૮ |
| તો શો લાભ? ... ... ... ... ... | ૯૫ |
| બલિદાન ... ... ... ... ... ... | ૧૦૨ |
| રેનોલ્ડ અને રોઝલીના ... ... ... ... | ૧૦૫ |
| કાયાપલટ ... ... ... ... ... | ૧૧૬ |
| પુનર્મિલન ... ... ... ... ... | ૧૨૨ |
| જરા મોડું થઈ ગયું! ... ... ... ... | ૧૩૩ |
| મારે શું? ... ... ... ... ... | ૧૩૭ |
| સૌહાર્દ ... ... ... ... ... ... | ૧૪૦ |
| અંતિમ ઇચ્છા ... ... ... ... ... | ૧૪૭ |
| સુલક્ષણા ... ... ... ... ... | ૧૫૫ |
| આંસુ ... ... ... ... ... | ૧૬૨ |
| ચશ્માંની દાંડી ... ... ... ... ... | ૧૭૨ |

# 'અમ્રિતા'

દાકતરોએ આશા છોડી દીધી. દર્દીને સાજાપણું મળે તે માટે પોતાના બનતા પ્રયત્નો કર્યા અને દવાદારૂ કર્યા પણ એ જીવલેણ રોગને માટે તેઓ હતાશ થઇ ગયા. વિધવા માના એકનાએક દીકરાને 'કેન્સર'નો રોગ લાગુ પડયો હતો. કેન્સર એટલા બધા પ્રમાણમાં વધી ગયું હતુ કે તેનો કોઈ ઇલાજ નહોતો. જુવાન-જોધ પુરુષને અચકાતે દિલે દાકતરે દવાખાનેથી રજા આપી. માએ દીકરાને ઘેર લાવી અને પોતાથી બને તેટલા જીવથી તેની સેવા-ચાકરી કરી. પોતાની પાસે જે કંઈ થોડી પૂંજી હતી તે સર્વ તેના મંદવાડ પાછળ ખર્ચી નાંખી.

મા બિચારી શું કરે ? દશેક વર્ષથી તે પોતે વિધવા બની હતી. પતિ ગામડાંઓમાં મિશનની સેવા કરતા કરતાં અચાનક મરણ પામ્યા. એમના મરણ બાદ પોતાની એકનીએક જીવનં આશા લઈને શહેરમાં આવી. મિશન તરફથી તેમને વિધવા હાઉસમાં એક કોટડી આપવામાં આવી. તે ઉપરાંત માસિક રૂા. પાંચ પેન્શન આપવામાં આવતું. પોતાનો જીવન-નિર્વાહ ચલાવવા માટે આયાનું કામ સ્વીકાર્યું અને એમ કરતાં જે કંઈ નાણાં બચતાં તેનો સંગ્રહ કર્યો. પોતાના વહાલા પુત્રને ખૂબ આનંદ તથા ઉત્સાહથી ભણાવ્યો અને મોટો કર્યો. જ્યારે તે જુવાન થયો ત્યારે તેના લગ્ન કર્યાં. લગ્ન ખૂબ ધામધૂમથી થયાં. લગ્નનો વધુ પડતો ખર્ચો તેને કરવો પડયો અને તેનો સર્વ સંચય ખલાસ થઈ ગયો. દીકરાને માટે પોતાનું સર્વસ્વ ખર્ચવા માટે તે તૈયાર હતી. આ પ્રસંગ તેના જીવનનો મોટામાં મોટો આનંદ હતો. જ્યાં સુધી તેના શરીરમાં મહેનત-મજૂરી કરવાને માટે તાકાત હતી ત્યાં સુધી તેને પૈસાની

પરવા નહોતી. તેને ઈશ્વર પર સંપૂર્ણ ભરોસો હતો કે ઈશ્વર ગરીબનો બેલી છે અને તેને કશી ખોટ પડવા દેશે નહિ. આમ પોતે પોતાના દીકરાની વહુ સાથે અમનચમનમાં સુખી દિવસો ગુજારતી હતી. સંપૂર્ણ સંતોષથી તેનું જીવન ભરપૂર હતું.

પરંતુ ! ! ! કાળચક્ર તેની વિરુદ્ધ હતું ! દીકરાના લગ્ન થયે માંડ ત્રણેક વર્ષ પસાર થયાં નહિ હોય અને તેને મંદવાડ લાગુ પડ્યો. દીકરાની માંદગી પાછળ તે સોસાઈ ગઈ. દવાખાનેથી ઘેર લાવ્યા બાદ દીકરો આ ફાની દુનિયા ત્યજીને, સર્વને વિદાય આપી. વહાલી મા, પ્રિય પત્ની તથા વહાલસોઈ નાની બેબીને રડતા-કકળતા મૂકી સ્વર્ગે સિધાવ્યો. માતાને કારમો આઘાત લાગ્યો પરંતુ, શું કરે ? નિરુપાય !

સુખેદુ:ખે વૃદ્ધ વિધવા માના દિવસો એક પછી એક પસાર થવા લાગ્યા. વહુ ભણેલીગણેલી હોવાથી તેને દવાખાનામાં નર્સની નોકરી મળી ગઈ.

સંધ્યા છાઈ હતી. સૂર્યના આછાં આછાં કિરણો અવકાશમાં અલોપ થઈ ગયાં. અંધકારે ચારે ગમ પોતાનું સામ્રાજ્ય પ્રસરાવી દીધું. નાનીશી ઓરડીમાં દીવાનો પ્રકાશ ટમટમી રહ્યો હતો અને પવનના સૂસવાટથી ઝોલાં ખાતો હતો. આજની રાત્રિ ભયંકર કાળરાત્રિ સમ ભાસતી હતી. સાત વાગ્યા હજી બેબીની મા ઘેર આવી નહોતી. વૃદ્ધ માતા પોતાની વહાલસોઈ બેબીને ગોદમાં લઈને લાડ લડાવી રહી હતી. આઠના ટકોરા દૂરથી સંભળાયા. "બેટા ! તારી મા હજી સુધી ન આવી. શું કંઈ કામ વધારે આવી પડ્યું હશે ?"

"દાદીમા, મને ભૂખ લાગી છે."

"બેટા ! તું ખાઈ લે, હમણાં તારી મા આવશે."

## ૩

નવનો સુમાર થયો, ડોશીમાની ચિંતા વધવા લાગી. પાડોશમાંથી સરલાને હાક મારી બોલાવી. "બેટા જોને, હજી વહુ આવ્યાં નથી."

"માસી, માસી" સરલાથી બોલી શકાયું નહિ. તેનું હૃદય ભરાઈ આવ્યું. પોક મૂકીને રડી દેવાનું મન થઈ ગયું પરંતુ મન ખૂબ કાબૂમાં રાખ્યું.

"બોલને બેટા, વહુને શું થયું? તપાસ તો કર."

"મા...સી, વહુ ચાલી ગઈ અમદાવાદ."

"હેં! અમદાવાદ?"

"માસી આજે એમને અડધો દિવસ ઑફ હતો તેથી ત્રણની ગાડીએ કોઈ મુ-સ-લ-મા-ન સાથે ચાલી ગયાં."

"હેં!" ડોશીમા જીરવી ન શકયાં, આભ તૂટી પડયા સમાન લાગ્યું. ધરતી ચક્કર ચક્કર ફરવા લાગી, "હે! ઈશ્વર! શો ગજબ થયો?" વૃદ્ધ અશક્ત દાદીમાને કાળજે કપરો આઘાત લાગ્યો. તેઓ ઢગલો થઈને ભોંય પર ઢળી પડયાં. આંખો ફાટી ગઈ.

"દાદીમા, દાદીમા, મારી મા!"

"બેટા, બેટા, તારી મા કમિના ગઈ. બેટા તું અના......" શબ્દ પૂરો કરે ન કરે ત્યાં તો દાદીમાએ પોતાની ડોક જમીન ઉપર નાંખી દીધી. દાદીમા આગળ બોલી ન શકયાં તે ન જ બોલ્યાં!!!

ડોશીમાના મરણ બાદ નિરાધાર બનેલી બેબીને દવાખાનામાં મોકલી દીધી. સવારમાં તે ઊઠી. ઊઠતાં જ તેણે 'મા'ને યાદ કરી. "દાદીમા કયાં ગયા?" સહજ એના મોંમાંથી ઉદ્દગાર નીકળી પડયા. એની આજુબાજુ સફેદ ગણવેશમાં બે-ત્રણ બહેનો હાજર હતી. એકે તરત જ તેને ઉપાડી લીધી "બેબી, ચાલ મોં ધોઈ એ. પછી

તું ચા પીશે હોં ! તારા વાળ કરીશું. વાળ કેટલા સુંદર છે ! કેવી રીબન બાંધીશું ? લાલ બાંધીશું કે પીળી ?"

આમ સારાયે સ્ટાફની સંભાળ નીચે તે દવાખાનાનું એક મુખ્ય અંગ બની ગઈ. રૂપાળી બેબી સૌ કોઈના વહાલનું પ્રતીક બની. પૌષ્ટિક ખોરાક અને સંભાળને લઈને તે તંદુરસ્ત બાલિકા બની. મિશનશાળામાં તેને ભણવાને માટે બંદોબસ્ત કર્યો. વખત વીતતાં વાર લાગે છે ? જેમ જેમ વર્ષ વીતતાં થયાં તેમ તેમ તે પ્રતિવર્ષે પ્રથમ કક્ષાએ પાસ થતી. અતિ હોંશિયાર હોવાથી પહેલા જ વર્ષે મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ કક્ષાએ ઉતીર્ણ થઇ. એનું ભાવિ ઘણું ઊજળું જણાતું હતું. દાક્તર સાહેબ તેમ જ મુખ્ય મેટ્રન તેને ખૂબ ચાહતાં હતાં. એના સારા ગુણ અને રીતભાતને લીધે તેણે એમનાં મન હરી લીધાં હતાં. ખાસ વ્યવસ્થા કરી વેલોરની મેડિકલ કોલેજમાં વધુ અભ્યાસાર્થે તેને મોકલવામાં આવી. આજ સુધી સૌ કોઈ તેને 'બેબી' કહીને બોલાવતાં હતાં પણ હવે તે 'બેબી' નહોતી. જેના મુખમાં હંમેશા હાસ્ય ઝરતું હોય અને વચનોમાં અમૃત વહેતું હોય એવી એ બાલિકા અમૃત–અમ્રિતા નામથી ઓળખાવા લાગી.

અમ્રિતા વેલોર ગઈ. ચાર વર્ષનો અભ્યાસ કરી દવાખાનામાં પુનઃ આવી ગઈ અને ફરજ ઉપર ચઢી ગઈ. 'કેન્સર' તેમ જ ચામડીના ભયંકર રોગોનો તેણે ઊંડો અભ્યાસ કર્યો હતો. પોતાનાં કામમાં ને વધુ ને વધુ અનુભવ મેળવવા લાગી અને વખત જતાં પ્રવીણ થઈ ગઈ. દિનપ્રતિદિન નિષ્ણાત તરીકે તેની ખ્યાતિ વધવા લાગી.

એના વિશેષ જ્ઞાન અને ખ્યાતિને ધ્યાનમાં લઈ સરકારે એની સેવાઓની ખાસ માગણી કરી. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એની જરૂર જણાઈ. જે દવાખાનાએ તેને પોતાના માવતર કરતાં

પણ વિશેષ પ્રેમથી ઉછેરી મોટી કરી, ભણાવી તે માવતરને છોડવાનું તેને ન ગમ્યું. એના માથે ધર્મસંકટ આવી પડ્યું. માવતર, સરકાર અને સેવા. માવતરને છોડીને કેમ જવાય ? સરકારની નમ્ર વિનંતીની અવગણના કેમ થાય ? તદુપરાંત આધુનિક ઢબે શરૂ થયેલ ખાસ ચામડીને લગતા રોગોના નવિન ખાતામાં એની ખાસ જરૂર. રોગથી સડતાં–પીડાતાં અનેક માનવ એમની સેવા કેમ તરછોડાય ?

આખરે સર્વાનુમતે અતિ દુઃખિત હૃદયે તે અમદાવાદ ખાતે પોતાની સેવા આપવાને તૈયાર થઈ. સૌએ તેને ભાવભીની વિદાય આપી.

સરકારી દવાખાનામાં વિધવિધ રોગથી પીડાતાં દર્દીઓ આવતાં હતાં. ગરીબ લોકો કિડિયારણની માફક ઉભરાતાં. તેમાં વિશેષ ડૉ. મિસ અમ્રિતાની નિમણૂક થવાથી દવાખાનાના જીવનમાં ઓર પ્રાણ આવ્યો. ગરીબ, નિરાધાર દર્દીઓની માયાળુ સુશ્રુષાથી એની ખ્યાતિ વધવા લાગી. સૌ કોઈ એના હાથના સ્પર્શ માત્રથી સાજા થતાં એવો વિશ્વાસ ચોમેર ફેલાઈ ગયો.

ડૉ. અમ્રિતા ટૂંક મુદતમાં 'દયાની દેવી' સમ પૂજાવા લાગી.

વીશ વર્ષના વહાણાં વહી ગયાં. કાળચક્ર પોતાનું કાર્ય કર્યે જતું હતું. જીવનમાં સુખ અને દુઃખના દિવસો આવે છે તે કહીને આવતા નથી. અમ્રિતાની માના જીવનમાં એવું જ બન્યું. જ્યારે એ યૌવનાવસ્થામાં રૂપરૂપનો અંબાર હતી ત્યારે તેની રગેરગમાં જુવાનીનું જોશ અને તરંગોનો તનમનાટ ભર્યો ભર્યો હતાં. વિધવા થવાથી એના જીવનનો સત્યાનાશ વળી ગયો હોય એમ તેને લાગ્યું. પરનાતમાં પાની મૂકતાં એણે પાછું વાળીને ન જોયું. એ ચાલી જીવનની મોજ લૂંટવાને ! અરે ! એક માસૂમ બાળકી તેને હૈયે યાદ ન આવી !

આજે એનો પોતાનો દિવસ પલટાઈ ગયો છે. જે સુખના સ્વપ્ન સેવ્યાં હતાં તેને વૃદ્ધાનો હાયકારો લાગવાથી સળગી ઊઠ્યાં.

અનવરહુસેન સાથે તેણે પાંચ–સાત વર્ષ એશઆરામમાં ગુજાર્યાં. એને કંઈ સંતાન નહોતું. અનવર ઘણો પૈસાદાર હતો. કાપડનો મોટો વેપારી હતો. જેની પાસે પુષ્કળ પૈસા હોય–દોલત હોય એને શાની ખોટ ? છતાં, નિ:સંતાન એના જીવનની મોટામાં મોટી ખોટ હતી. તેને બીજું લગ્ન કરવાનો બાધ નહોતો, તેણે બીજું લગ્ન કર્યું. નવોઢા ઘરમાં આવી, અને ઘણું ધન સાથે લાવી. એના જીવનના રીત–રસમ અલગ પ્રકારનાં હતાં. થોડાં વર્ષો વીત્યાં. એને પેટે બે પુત્ર થયા. એનો રૂઆબ દિનપ્રતિદિન વધતો ગયો. પહેલી પત્નીને તે ઘૃણાની દૃષ્ટિએ જોવા લાગી. એની હસ્તી માત્ર એને ખૂંચવા લાગી, બલ્કે તે તેને ત્યાંથી કાઢવા પ્રયત્ન કરવા લાગી.

તેની વિરુદ્ધ ચાડીચુગલી કરતી અને ઝઘડાનું ઘર ઘરમાં ઘાલ્યું. એની ગરીબાઈનો લાભ લેતાં, અપમાનજનક શબ્દો અને મહેણાં મારી એના જીવનનું જોશ ઉતારી દીધું. બિચારી બાઈ દુ:ખીયારી બની ગઈ. એના જીવન ઉપર એને અફસોસ થયો. ઘરમાંથી નાસી જવા તે ઘણી વખત પ્રયત્ન કરતી પરંતુ જાય કયાં ? ઘણી વખત તે પોતાની જાતને એમને એમ સળગાવી દેવા પ્રયત્ન કરતી પણ એની હિંમત ચાલતી નહિ. ઓશિયાળું, અધોગતિનું જીવન જીવવું તે કરતાં ફૂટપાથ પર બેસી ભીખ માંગીને ખાવું બહેતર છે એમ એને લાગ્યું. ચિંતાથી તેનું મોં લેવાઈ ગયું. મોં ઉપર ઉપસી આવેલી કરચલીઓ તેની ઉંમરમાં વધારો કરતી હતી. સીસમ જેવા કેશ, ચિંતાથી સફેદ થઈ ગયા હતા. અકથનીય દર્દભરી આંખો ઊંડે ઊતરી ગઈ હતી. જે રૂપનો ગર્વ હતો તે લાવણ્ય આજે ઓસરી ગયું હતું. શરીરની શક્તિ હણાઈ ગઈ હતી. હવે એક માત્ર રસ્તો એની નજરે આવતો હતો, અને એ રસ્તે તેણે

પ્રયાણ કર્યું. તે સદાને માટે ઘરમાંથી નીકળી ગઈ.

દિલમાં દુઃખને ભારોભાર લઈ ને તે ચાલી નીકળી. દૂરથી તેને આગગાડીની વ્હિસલ સંભળાઈ. રેલના પાટા ઉપર તેનું ધ્યાન ગયું. વિચારમાં ને વિચારમાં તે રસ્તો ઓળંગવા જાય છે એટલામાં જ સામેથી મોટરલૉરી એના અંગ ઉપર ધસમસતી ધસી આવી. ડ્રાઈવરે તેને બચાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ તે બચાવી શકયો નહિ. લૉરીની અડફટમાં તે આવી ગઈ. પૈડું તેના પગો ઉપર ફરી વળ્યું. તે જમીન ઉપર પટકાઈ ગઈ. અણધાર્યો અકસ્માત થવાથી તે ગભરાઈ ગઈ અને મૂર્છાગત થઈ ગઈ. લોકોનું ટોળું જમા થઈ ગયું. એને ઝટપટ ઉપાડી, રિક્ષામાં નાખી અને દવાખાને લઈ ગયા.

બહેન, ગંભીર અકસ્માત થયો છે અને આપને થિયેટરમાં બોલાવે છે." વોર્ડબોયે ખબર આપી.

ડૉ. અસ્મિતા દર્દીઓની ચિકિત્સામાં મશગૂલ હતી. "અકસ્માત" શબ્દ સાંભળતાં જ સૌ કામ બાજુએ મૂકી, સીધી થિયેટરમાં ગઈ. દર્દીને જોઇને એને કંપારી છૂટી. માર લાગવાથી મોં ઉપર એક બાજુની ચામડી કપાઈ ને જુદી થઈ ગઈ હતી. જડબું ખુલ્લું થઈ ગયું હતું. ચહેરો વિકરાળ લાગતો હતો. ડૉકટરે અતિ કાળજીપૂર્વક તે ભાગ ઉપર બીજી ચામડીનું ગ્રાફ્ટીંગ કર્યું. પગ પ્લાસ્ટરમાં મૂકયા અને પાટો બાંધ્યો. જેમ જેમ વખત જતો હતો તેમ તેમ દાક્તરોની મૂંઝવણ વધતી હતી, કારણ કે દર્દીની નાડી ઠંડી પડી જતી હતી. લોહી ઘણું વહી ગયું હતું. 'બ્લડબેંક'માંથી લોહી મંગાવ્યું. જો લોહી આપવામાં આવે તો જ તે બચી શકે તેમ હતું. એની હાલત ગંભીર હતી પ...ણ કમનસીબે કોઈ લોહી એને માફક ન આવ્યું. ખૂબ જહેમત લઈ ને સુધારેલો કેસ બગડવા લાગ્યો. એની ઘડીઓ ગણાતી હતી. લોહી કયાંથી લાવવું ? અસ્મિતા ખૂબ

વિચારમાં પડી ગઈ. આમ આ કેસ કથળી જાય એ તેને સારું ન લાગ્યું. એના દરિયાવ દિલમાં દયા ઉપજી. તે તૈયાર થઈ અને મરતા દર્દીને પોતાનું લોહી કાઢી આપ્યું.

દિનપ્રતિદિન દર્દીની સ્થિતિ સુધરવા લાગી. કેસ સુધરી ગયો. કુદરતી રીતે જ અસ્મિતાને આ બાઈ ઉંપર ઘણું વહાલ ઉપજ્યું. વહાલ કેમ ન ઉપજે ? જેણે લોહી–જીવ આપ્યો હોય તેને વહાલ કેમ ન ઉપજે ? રોજબરોજ તે એની ખબર લેતી હતી. એની ખબર લીધા વિના એને ચેન પડતું જ નહિ. ત્રણ મહિના દરમ્યાન તેની સાથે એને ગાઢ સંબંધ થઈ ગયો હતો. જાણે પરભવનું લેણું ન હોય ? કોઈ સ્નેહી ન હોય ?

ઘણી વખત એના જીવનમાં ડોકિયું કરવાનું એને મન થતું. એ જાણવા માટે અસ્મિતાએ ઘણો પ્રયત્ન કર્યો પણ એને જાણવા મળ્યું નહિ, કારણ કે દર્દીને એ વાતથી અત્યંત દુઃખ થતું. દર્દીને વધુ દુઃખ દેવું એને સારું લાગ્યું નહીં.

ડૉ. અસ્મિતાના મનના ભાવ અને લાગણી દર્દીને સમજાયા. દર્દીને લાગ્યું કે આટલું શા માટે ? આ દેવી કોણ હશે ?

નાનપણમાં ઉકળતું પાણી હાથ ઉપર પડવાથી હાથ દઝાઈ ગયો હતો અને ડાઘ પડી ગયો હતો તે વાત એને યાદ આવી.

અસ્મિતા દર્દીને મળવા આવી તેની પાસે બેઠી, ખૂબ વાતો કરી. પ્રસંગ સારો હતો, આથી અસ્મિતાનો હાથ હાથમાં લેતાં દર્દીએ કહ્યું, "બહેન કેટલા વાગ્યા છે ?" એમ કરતાં તેણે ઘડિયાળ સામે જોયું. હાથ જોયો અને હાથ ઉપરનું દાઝી ગયેલું નિશાન જોયું. તે મનોમન કળી ગઈ. તેને ઘણો જ અફસોસ થયો પણ તે કંઈ જ બોલી શકી નહિ. કંઈક બોલી નાંખવાને ફાંફા માર્યા પણ જીભ ઉપડે તો ને ? તે બેબાકળી બની ગઈ. પોક મૂકીને રડી દેવાનું

મન થયું પણ ન એ રડી શકી યા બોલી શકી. બલ્કે આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. એની આંખમાં આંસુ જોઈને અસ્મિતા ગળગળી થઈ ગઈ. અને પૂછ્યું "બાઈ, તને શું દુઃખ છે ? હું તને મદદ કરીશ, કશી વાતની ઊણપ આવવા નહિ દઉં. તું સુખેથી રહે. અહીં તારું કોઈ નથી ?"

દર્દીનું દિલ સમસમી રહ્યું પણ લાચાર ! "કાંઇ નહિ બહેન ! તમે દેવી છો, મારે વાસ્તે તમે તમારું લોહી આપ્યું એ બદલો હું શી રીતે વાળી આપું ?" ન છૂટકે દર્દીએ મૌન તોડયું.

"બાઇ, એ વાતની કશી ફિકર કરશો નહિ. એક વખતે હું પણ નિરાધાર હતી. લોકોએ મારા ઉપર કેટલા અહેસાન કર્યા છે ! મેં તો કંઇ જ કર્યું નથી. ઈસુ ખ્રિસ્તનું નામ તમે કદી સાંભળ્યું છે ? એને ઓળખો છો ? આ દુનિયામાં આવીને તેમણે અમ સર્વ પાપીઓને માટે પોતાના પ્રાણનું પ્રાયશ્ચિત્ત કર્યું અને અમૂલ્ય લોહી વધસ્થંભે વહેવડાવ્યું, કે જેથી આ દુનિયામાં કષ્ટ અને દુઃખના ભારથી આપણે બચી જઈએ. આજે પણ એ જ ઈસુ આપણી મધ્યસ્થી કરે છે. શું હું આટલું ન કરી શકું ?" બાઇ, મનોમન સર્વ સમજી શકી અને લાગણીવશ આભાર આંખો વડે વ્યક્ત કર્યો.

આજે ત્રણ મહિનાં પૂરા થયા હતા. ડોકટરે એના પગના પાટા છોડયા. આભાર દર્શાવતી તે ઊભી થઈ. સર્વેનો ઉપકાર માન્યો. એને આપવામાં આવેલી ઘોડી બગલમાં ઘાલી અને અશ્રુભીની આંખે સૌની વિદાય લીધી. એક પળ પણ રોકાવાને તે તૈયાર નહોતી. અસ્મિતાએ એને ઘણું સમજાવી પણ તે એકની બે ન થઈ.

"બાઈ, તું કયાં જઈશ, અહીં રહેવામાં શો વાંધો છે. ?"

"તમારો આભાર, દુનિયા વિશાળ છે, ઈશ્વર મારી સાથે છે." કહીને ધીમે ધીમે ડગ ભરતી તે દૂર, સુદૂર ચાલી નીકળી. અસ્મિતા

મીટ માંડીને નાંખી નજર પહોંચે ત્યાં સુધી તેને જોઈ રહી. સહસા તેના મુખમાંથી શબ્દો સરી પડ્યા, બિચારી! અનાથ!!!"

આ વાતને ઘણા દિવસો વીતી ગયા. બાઈ ચાલતાં ચાલી ગઈ. પરંતુ અશ્રિતાના દિલમાં ગહેરો ઘાવ કરતી ગઈ. અશ્રિતા એને ભુલવા ઘણો પ્રયત્ન કરતી, પણ જેમ જેમ તે પ્રયત્ન કરતી તેમ તેમ તે વધુ વ્યાકુળ બનતી. આખરે તે ઈન્સાન હતી, એને દિલ હતું અને એ દિલ ઘણું ગહેરું હતું. ઘણી વખત તે વિચાર વમળમાં ગૂંથાઈ જતી. દર્દીની સાથે વાતો કરતાં ઘણાં એવા પ્રસંગો બન્યા હતા કે જે તેને એક પછી એક યાદ આવવા લાગ્યા. પોતાનો ભૂતપૂર્વ ઇતિહાસ તે સારી પેઠે જાણતી હતી. એને થયું આ બાઈ કોણ હશે? વિશેષ, દર્દીના મૌને એને ચિંતાતુર બનાવી દીધી. કદાચ! એ મારું કોઈ ન હોય, તો પછી મને એના માટે આટલું હેત કેમ ઉપજે છે? ગમે તેમ હોય પણ મારે તેને મળવું જ જોઈએ. મળવામાં શો વાંધો!

તે દિવસ પછી તેણે ઘણી તપાસ કરી, પણ એનો પત્તો ન મળ્યો. આખરે તેણે બે મહિનાની રજા કઢાવી. ગામે ગામ–શહેરે શહેર તપાસ કરવી શરૂ કરી. ઘણી શોધ કરવા છતાંયે એ ન મળી. તેથી તે ઘણી નિરાશ થઈ ગઈ. શોધખોળ ચાલુ જ હતી, એવામાં એને બાતમી મળી તેથી તે ખ્રિસ્તી "અપંગાશ્રમ"માં ઉપડી.

બાઇ બિચારી ઘણું રખડી. આખરે આ સંસ્થામાં આવી રહેવા લાગી. અશ્રિતાના છેલ્લાં વચનોએ એના વિચારોનું પાલન કર્યું હતું. હવે તે ઈશ્વરને ઓળખતી થઈ હતી. એની જિંદગીના છેલ્લા દિવસોમાં ઈશ્વર એક માત્ર એનો જીવનસાથી હતો. ઘણા દિવસથી તે બીમાર હતી અને ખાટલે પડી હતી.

અશ્રિતા તેને મળવાને દોડી. હજી તો તેની નજીક તે આવી

નથી, ત્યાં તો બાઈએ તેને દૂરથી જોઈ, ઓળખી અને પોકારી ઊઠી, "બેટા ! તું અહીં ?"

"મા ! મારી મા !" માનો મમતા ભરેલ અવાજ અસ્મિતા ઓળખી ગઈ. અસ્મિતા તેને ભેટી પડી. માદીકરી ભેટયાં. મન ભરીને ભેટયાં. બંનેની આંખમાંથી હર્ષાશ્રુ નીકળી પડયાં. એક બીજાની ઓળખથી અનહદ આનંદ અનુભવ્યો.

તે અસહ્ય ખાંસીથી રિબાતી હતી. અતિ આવેશમાં આવવાથી તેને ખાંસી જોરથી ઉપડી. છાતી ધબકવા લાગી, અશક્ત માને ખાટલામાં સુવડાવી પાણી પાયું પણ ખાંસી શાંત પડી નહીં. ભાવભીની આંખો અસ્મિતા સામે જોઈ રહી. એની ઘડી ભરાઈ ચૂકી હતી. લલાટે લખેલા લેખ પૂરા થતા ન હોય એમ તેને લાગ્યું. "બેટા" બોલતાં બોલતાં પોતાની ડોક ઓશીકા ઉપર નાંખી દીધી. એની આંખો મિંચાઈ ગઈ.

અસ્મિતા ખૂબ રડી. માની માટીનું માળખું કબરમાં મૂકયું અને સ્વહસ્તે માટી વાળી. માને દફનાવી. ભગ્ન હૃદયે અસ્મિતા ઘેર આવી.

---

# વાત્સલ્ય

ચાર વાગ્યાનો સુમાર હશે અને ઊર્મિલાસ પોતાના કાકાને ઘેર આવ્યો. એનું મન ઉદાસ અને ચિંતાતુર હતું. માથે મોટા બોજની ગાંસડી લઈને ફરતો હોય એમ તેને લાગ્યું. એનો બોજ ઉપાડનાર કોઈ નહોતું. એના મનમાં ઘણાં તર્કવિતર્ક આવતા પણ તે કોઈને કહી શકતો નહિ. પાંત્રીસ વર્ષની પોતાની જિંદગી દરમ્યાન એ શું કમાયો અને શું લાવ્યો એ વિચારો હંમેશા એના મનને

ડંખતા હતા. જેમ જેમ એ પોતાની પાછલી જિંદગી વિચારતો તેમ તેમ તેને જણાતું હતું કે તેનું જીવન કેવળ વ્યર્થ અને પોકળતાથી ભરપૂર હતું. કુટુંબને–સમાજને એના જીવનથી કોઈ લાભ નહોતો. આબાદ જીવન બરબાદીને માર્ગે વળી ગયું હતું. વિચારોના થોકેથોક હૃદયમાં ખડકયા હતા તે સળવળતા અને તેને બેચેન બનાવી મૂકતા. એ ઘણે દૂર ચાલ્યો ગયો હતો. બરબાદીમાંથી બચવાને માટે હવે એકે રસ્તો એની નજરે આવતો ન હતો. છેવટે એ નિરાશ થઈ ગયો અને કાકાને ઘેર આવ્યો. તેને લગ્ન કર્યે દશેક વર્ષ થયાં હશે. તેને ત્રણ બાળકો હતાં. મોટી દીકરી આઠ વર્ષની હતી. ઘરકામમાં પોતાની માને ઘણી મદદ કરતી અને ભણવામાં હોંશિયાર હતી. એની સ્ત્રી ગુણિયલ અને સ્વભાવની ઘણી નમ્ર હતી. ઘરની સર્વ વ્યવસ્થા ચોકસાઇપૂર્વક કરતી અને સર્વ કામ પોતે જ ઉપાડી લેતી હતી. ગમે તેવા દિવસોમાં પણ તે નિરાશ ન થતાં, હસતેમુખે પોતાના દિવસો ગુજારતી અને ખુશી–આનંદમાં રહેતી. ઘરમાં કોઈ પણ વસ્તુની તંગી હોય કે મુશ્કેલી હોય છતાં તે પડોશીને કોઈ દિવસ દાદ–ફરિયાદ કરતી નહિ. ઊર્ફીલાસ સાથે લગ્ન થયાં પછી થોડાં વર્ષો ખુશી–આનંદમાં ગુજરી ગયાં. પણ જેમ જેમ કુટુંબ મોટું થતું ગયું અને આવક કંઈ જણાતી નહિ ત્યારે તો વધુ મૂંઝવણ થતી પરંતુ તે બાબત સંબંધી પતિને જણાવી શકતી નહિ. તે એને અત્યંત ચાહતી હતી. અને હંમેશા તેની જરૂરિયાતની નાની મોટી વસ્તુની કાળજી રાખતી. ઘણી વખતે તે ઘેર ઘણો મોડો આવે, તે છતાં તેને કંઈ કહેવાની હિંમત કરતી નહિ, કારણ ઘરમાં મોટાં છોકરાં અને કજિયો થાય તે તેને સારું લાગતું નહિ.

ઊર્ફીલાસે અંગ્રેજી સાતમા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. તે ભણવામાં ઘણો જ હોંશિયાર હતો. તેનાં માતાપિતા એની

વિશેષ કાળજી લેતાં કારણ કે તે કુટુંબમાં સૌથી મોટો હતો. ઉચ્ચ કેળવણી પામી સારી નોકરી કરે તો તેની આવકમાંથી નાનાં ભાઈ-બહેનને પણ મદદ થાય તેવું તેઓ ઇચ્છતાં હતાં. પિતા શિક્ષકનો ધંધો કરતા હતા. તેમને એટલી આવક નહોતી કે તે પોતાનાં છ બાળકોને ઉચ્ચ કેળવણી આપી શકે, તે છતાંય ઊર્ફીલાસમાં હોંશિયારીની સારી નિશાની જણાતાં તેમણે નિશ્ચય કર્યો હતો કે ગમે તે ભોગે પણ તેને કૉલેજ સુધી ભણાવવો.

પરંતુ વિધિના ખેલ નિરાળા હોય છે. માણસ ધારે છે કંઈ અને જીવનમાં બને છે કંઈ! ઘણા ઘણા પ્રયત્નો કરવા છતાં ઊર્ફીલાસ આગળ ન ભણી શક્યો. સાતમા ધોરણથી તેને અન્યત્ર તવંગર છોકરાઓની મૈત્રી થઈ અને તેમની સાથે ભળવાથી તે રખડતો થયો. તેને સિનેમા જોવાનો નાદ લાગ્યો. તે એટલે સુધી કે તેણે અધવચ્ચે પોતાના અભ્યાસને તિલાંજલિ આપી, અને પૈસા કમાવી મોજ કરવાના વિચારે મોટરના કારખાનામાં કામે લાગ્યો. અનેક સ્નેહીઓએ તેને ભણતર ચાલુ રાખવાને સમજાવ્યો પણ તે એકનો બે ન થયો.

મોટર મિકેનિકના કામમાં છ એક મહિનામાં તે પ્રવીણ થઈ ગયો, અને આર્મેચર વાઈન્ડીંગમાં તો તે એકકો ગણાતો. એના કામથી સૌ કોઈ ખુશ થતાં, પણ એને આદત એવી પડી ગઈ હતી, આદત હોય કે પછી તેની પ્રવીણતાનો ગર્વ હોય, ગમે તેમ હોય પણ તે કોઈ પણ જગાએ ટકીને કામ કરતો નહિ. જવાબદારીનું કામ માથે હોય છતાંય બેદરકારીથી કામ પડતું મૂકી, યાર–દોસ્તોની સાથે ફરવા નીકળી જાય. થોડા દિવસ મન દઇ કામ કરે, હાથમાં પૈસા આવે કે પછી પાંચ દિવસ નિરાંત–કામ ઉપર જવાની બાધા. આવા ગુણને લીધે કામ માટે હંમેશા તેને ભટકવું પડતું. કોઈ જગાએ તે વધુ ટકી શકતો જ નહિ. આવી એની ખાસિયતને લઇને એનાં માબાપ અકળાઈ ગયાં હતાં. તેમને હવે લાગ્યું કે જો એને

કામે બેસાડયો હોય તો તે ઠરીને કામ કરશે, નહિતર રખડતો જ રહેશે. એનાં લગ્ન કરવામાં આવે તો તે ખીલે બંધાશે અને પોતાનું જીવન સુધારશે. આવા વિચારથી એક ગરીબ કુટુંબની કન્યા શોધી કાઢી અને તેની સાથે તેનાં લગ્ન કરાવ્યાં.

લગ્ન કરાવ્યા પછી થોડાં વર્ષો સુધી એમનું કૌટુંબિક જીવન સુખાનંદમાં પસાર થયું પણ જેમ જેમ કુટુંબ મોટું થતું ગયું, ખર્ચા વધવા લાગ્યા અને મોંઘવારીએ માઝા મૂકી ત્યારે તેને પૈસાની તાણ પડવા લાગી. એમાં વળી તેને બીજી લપ લાગી. તે શરાબ પીતો થયો. ઘરમાં પૈસા ન હોય તો ચાલે પણ પોતાને શરાબ જોઇએ જ, એવી આદત તેને પડી ગઈ. ઘરના ખર્ચાને પહોંચી વળવા તેમ જ પોતાની આદતોને સંતોષવા તેને પૈસાની જરૂર તો પડે જ! આથી તેને વ્યાજે રૂપિયા લેવા પડતા. થોડા દિવસ સખત મજૂરી કરે, કમાય અને દેવું ભરી દે. પરંતુ પોતાની આદતોને એ વશમાં રાખી શકયો નહિ. દિનપ્રતિદિન એનું જીવન રગશિયું થઇ ગયું. ઉપર આવવા તે ઘણાં ફાંફાં મારતો, પણ તે ઊંડે ને ઊંડે જ ઊતરતો ગયો. તેને માથે દેવાનો બોજ વધતો જ ગયો.

જ્યારે એ શરાબ પીતો અને નશો રહેતો તેટલો વખત તે પોતાનું સર્વ દુઃખ ભૂલી જતો. દુઃખ ભૂલવાને કારણે તે વધુ ને વધુ આદી બની ગયો. અરે! તે ભૂલ્યો કે તે વધુ ભીતરમાં ઊતરતો જાય છે.

દાદુમિયાં એનો ખાસ શરાફ હતો. અધિક વ્યાજથી તે નાણાં ધીરતો. એને ચોપડે લગભગ ત્રણસો રૂપિયાનું દેવું ચઢી ગયું હતું. તે સિવાય બીજે ઠેકાણે પણ ઘણું દેવું થઈ ગયું હતું. દેવામાં છેક ડૂબી ગયો ત્યારે તેને લાગ્યું કે દેવું કેટલું ભયંકર છે! એની આંખો ઊઘડી પ...ણ ઘણી જ મોડી ઊઘડી. ઘણા વખતથી દાદુ-

ઢમિયાંને તે દેવાનો હપ્તો ભરી શકયો નહોતો, કારણ કે તેને કામ નિયમિત મળતું નહિ, બલ્કે કોઈ તેને કામે રાખતું નહિ–એની આદત આડે આવતી.

કુટુંબનો ભાર, દેવાનો ભાર, અને જે લત લાગી હતી તેનો ભાર, ત્રિવેણીભાર એના શિરે ઝઝૂમતો હતો. એમાંથી એ શી રીતે છટકી શકે? એને છટકવાનો આરોજ નહોતો.

આજે દાદુમિયાં ઘણો જ ગુસ્સે ભરાયો હતો. અગે તગે કહી એને ઘણી જ ગાળો આપી. "અબી કે અબી હમકો પૈસા મંગતા, નહિ તો હમ તુમ્હારી છોકરીકો લે જાયેગા." ફ્રીફલાસ કરગરી પડયો, "શેઠ, હું થોડા જ દિવસમાં તમોને પૈસા આપી દઈશ જરા સબૂર કરો!"

પણ પૈસા આપે કયાંથી? એની પાસે તો ઘરમાં કોડીએ નહોતી! વળી, એ કોની પાસે જાય? એને કોણ આપે? માબાપ વિગેરે એની આદત સારી પેઠે જાણતાં હતાં. એમની પાસે શી રીતે જવાય? વિશેષ એને થયું કે જો બે તમાચા માર્યા હોત તો સારું, પણ મારી દીકરી વિશે મને કહ્યું! એની વહાલસોઈ દીકરી વિશેની વાત એના દિલમાં બેસી ગઈ. એના દિલને આઘાત થયો. તે દુ:ખી થયો પણ કરે શું! લાચાર!

નાતાલની રજાઓ પડવાની હતી અને તે રજાઓમાં એની સાળીનાં લગ્ન હતાં તેથી પોતાનાં બાળકોને એક એક જોડ કપડાં સિવડાવી આપ્યાં. પોતાની સ્ત્રીને સુંદર સાડી લાવી આપી. અને તેમને વિદાય કરતાં કહ્યું, "તમે જાવ, હું પછી આવીશ." એના સ્વરમાં માધુર્ય અલોપ થઈ ગયું હતું અને મુખારવિંદ પર ફિકાશ છાઈ હતી. જ્યારે તે એકલો પડયો ત્યારે પોતા ઉપર જે વીતી હતી તેનું ભાન તેને થયું. જેમ જેમ તે વિચારતો ગયો તેમ તેમ તે વધુ ને વધુ ચિંતાતુર થઈ ગયો. દેવા રૂપી ડાકણ તેને ખાવા ધાતી હોય

એમ તેને લાગ્યું ! કિરમજ જેવો શરાબ એની આંખો આગળ તરવરવા લાગ્યો. એને થયું કે તે અગર ઝેર બની જાય તો કેવું સારું ! તે ઘણો જ નિરાશ થઇ ગયો. આખરે પોતાના કાકાને ઘેર આવ્યો. એના કાકાને કંઈ સંતાન ન હતું. તેઓ તેને ચાહતાં હતાં. અને પોતાના દીકરાની માફક ગણી લીધો હતો. તેઓ હંમેશ તેને શિખામણ આપતાં અને મદદ કરતાં હતાં. પોતાના દિલની વાત એ કાકાને કહી શકયો નહિ.

"ભાઈ, તું એકલો જ આવ્યો ? બાળકો કયાં ?" કાકાએ સવાલ કર્યો.

"તેઓ ઘેર ગયાં છે, મારી સાળીનાં લગ્ન છે."

"તું લગ્નમાં ન ગયો ?"

"હું પછી જઈશ."

તે રાત્રે પાસેના મહોલ્લામાં ભજનસભા હતી. સર્વે નાનાં-મોટાં હાજર હતાં. ભજનમંડળીના સભ્યો ગાયન ગાવામાં, વાજિંત્રો વગાડવામાં ઘણા હોંશિયાર હતા. તેઓ એક પછી એક સુંદર, સુમધુર ગીતો, તાલબદ્ધ ગાતા હતા. ઊર્ફીલાસ અને તેમના કાકા આ સભામાં ગયા. ઊર્ફીલાસે નિરાશ વદને એક ખૂણામાં જગા લીધી. તેને જોઈ ને એના મિત્રો એની પાસે આવ્યા અને તેને લઈ જઈને પાસે બેસાડયો. ઘણા આગ્રહ પછી તેણે ગીતો ગવડાવ્યાં. તે ગાવામાં તથા વાજિંત્રો વગાડવામાં ઘણો જ હોંશિયાર હતો. તેને થયું કે આજનો લહાવો લેજો કાલ કોણે દીઠી છે. અને ખૂબ આનંદમાં આવી ગયો હદ મૂકીને ગાયું :

"આજનો લહાવો લેજો રે  કાલ  કોણે  દીઠી છે
નાવિક નાવ લઈ ચાલ્યો રે  કાલ  કોણે  દીઠી છે...ટેક
દુનિયાનો રંગ એને લાગ્યો રે  ,,  ,,  ,,
દારૂનો ચટકો ચાખ્યો રે  ,,  ,,  ,,
સંગત એની ખોટી રે  ,,  ,,  ,,

ભૂલ ભયંકર મોટી રે   કાળ કોણે દીઠી છે
દેવાએ દાટ જ વાળ્યો રે   ,,   ,,   ,,
જિંદગી એણે લૂંટી રે   ,,   ,,   ,,
ભરદરિયે નાવ ફૂટી રે   ,,   ,,   ,,
જીવન–દોર એની તૂટી રે   ,,   ,,   ,,
નાવિક નાવ લઈ ચાલ્યો રે   ,,   ,,   ,,
અને ખૂબ આનંદ અનુભવ્યો.

રાતના બે વાગે સભા વિસર્જન થઈ. સૌ કોઈ પોતપોતાને ઘેર જઈ નિદ્રાદેવીને આધીન થઈ ગયાં. ઊર્મીલાસ ઘેર આવ્યો. પરસાળમાં એનો પલંગ હતો તે પર જઈ પડ્યો પણ ઊંઘ આવે નહિ. દેવું–દારૂ એ મહાન હત્યા એની સામે આવી ઊભાં. તે વિહ્વળ થઈ ગયો. તેને કંપારી છૂટી. પોતાનું જીવન માઠું આવ્યું, પોતાની વહાલી સ્ત્રી અને બાળકો યાદ આવ્યાં. પોતાની દીકરીને યાદ કરતાં એને દાદુમિયાંના શબ્દો યાદ આવ્યા. એને થયું આ શો અવતાર ! એ સાંભળવું તે કરતાં તો મોત સારું ! પોતાના જીવન ઉપર એને નફરત થઈ. એણે આમતેમ જોયું. એક ખૂણામાં ડોલ, દોરડું, દાતરડું પડ્યાં હતાં તે ઉપર તેની નજર ગઈ. તે આવેશમાં આવી ગયો. ઝટ દઈને ઊઠ્યો. ખૂણામાંથી દોરડું લીધું. બારીના ટેકે તે પરસાળના પાટડા ઉપર ચઢ્યો. દોરડું મોભે બાંધ્યું અને ફાંસો ગળામાં નાંખ્યો. 'હે ઈશ્વર !' કહીને ધબ દઈને કૂદી પડ્યો. પડતાંની સાથે જ તેણે કારમી ચીસ પાડી. એની કારમી ચીસ સાંભળતાં જ એના કાકા નિદ્રામાંથી એકદમ સફાળા જાગી ઊઠ્યા. ઝટપટ બારણું ખોલી બહાર આવ્યા. જુએ છે તો ઊર્મીલાસ ! તેઓ બહુ જ ઠરેલ બુદ્ધિના હતા. તરત જ તેને બાથમાં ઘાલી ઊંચો કરી દીધો. પત્નીને બોલાવી અને દોરડું કાપી નાખવા નિર્દેશ કર્યો. દોરડું ઝટપટ કાપી નાંખ્યું, ફાંસો ગળામાંથી કાઢી

નાખ્યો અને ઊંચકીને ખાટલામાં નાખ્યો.

શોરબકોર થવાથી આજુબાજુના લોકો દોડી આવ્યા "શું થયું ? શું થયું ?"

"કાંઈ નહિ, અમારા ઊર્ફીલાસને જરા ચક્કર આવી ગયા" કહીને એને ઘરમાં લઈ ગયા. પોતાના ખાટલામાં સુવાડયો. વૈદકીય વનસ્પતિના તેઓ જાણકાર હતા તેથી ડબ્બામાંથી થોડાં પત્તાં કાઢી ઉકાળો કર્યો અને પાઈ દીધો. તેની પાસે બેઠા. મનોમન ઈશ્વરને કરગરવા લાગ્યા. હે પ્રભુ ! આ શો ગજબ ! હે દયાળુ દેવ ! કૃપા કર ! કૃપા કર ! ઈશ્વરે તેમની હાંક સાંભળી. બેભાન બનેલા ઊર્ફીલાસે આંખો ઊઘાડી. એના જીવમાં જીવ આવ્યો. એક જ પળ મોડું થઈ ગયું હોત તો તે પરલોકમાં પહોંચી ગયો હોત. પરંતુ અગમચેતી કાકાએ તેને મોતના આરેથી ખેંચી કાઢયો.

ઊર્ફીલાસ ભાનમાં આવ્યો અને આમતેમ જોવા લાગ્યો. પોતાની વાતનો ફંદો અફળ ગયો છે એવો વિચાર આવવાથી તે એકદમ ઊભો થઈ ગયો અને નાસવા લાગ્યો. એને એનું કાર્ય પૂરું કરવું જ હતું. એક બાજુ કાકા અને બીજી બાજુ એનાં કાકી કોટે વળગી પડયાં. એમની પકડમાંથી છટકવા એણે ફાંફાં માર્યાં પણ તે છટકી શકયો નહિ. "મને જવા દો, જવા દો, હું મોતને લાયક છું." એના આગ્રહને જોઈને દડદડ આંસુએ રડતા કાકા દરવાજામાં ચત્તાપાટ સૂઈ ગયા અને ગળગળા સ્વરે કહ્યું, "તારે જવું જ છે, તો જા."

તે સ્તબ્ધ થઈ ગયો. એના હોશકોશ ઊડી ગયા હતા. તે એટલો અમાનુષી ન હતો ! એના પગ કેમ ઉપડે ! અને કોના ઉપર ! એનું હૃદય ભરાઈ આવ્યું. ચોધાર આંસુએ બાળકની માફક તે રડી પડયો. હૃદયમાં ભરાયેલો ડુમો બહાર આવ્યો.

"દીકરા, તારે શું દુ:ખ છે? એમ કરવાનું કંઈ પ્રયોજન? તું જરા વિચાર કર! તારી સ્ત્રી-બાળકો?" તે અવાક્ બની ગયો.

"બેટા! તારા આ કૃત્યથી અહીં કેવા સંજોગો ઊભા થઈ ગયા હોત! તારાં માબાપ, નાનાં ભાઈબહેન કોઈનો ખ્યાલ તને ન આવ્યો? તારાં કૃત્યોનો દંડ અમો ભરત, પ...ણ તારે આમ કરવાની કાંઈ જરૂર! બોલ! દીકરા! તારે શું દુ:ખ છે? હું મદદ કરીશ!"

વ્યાકુળ હૃદયના ભાવ અને ઉભરાતું વાત્સલ્ય ઊર્ફીલાસ સહી ન શકયો. એની ભૂલ એને સમજાઈ, તે બોલ્યો.

"હું અભાગી નાલાયક છું; મારે માથે દેવું છે."

"કેટલું?"

"પાંચસો રૂપિયા."

"બસ! દીકરા તું ચિંતા કરીશ મા, હું તારું દેવું ફેડીશ." કાકાએ અભયવચન આપ્યું.

તેઓ ઘણાં ગરીબ હતાં. ઘરમાં રોકડા રૂપિયા નહોતા પણ જૂજ કમાણીમાંથી બનાવેલાં ઘરેણાં હતાં. ઘડપણમાં ઉપયોગી થઈ પડે તેવાં ઘરેણાં વિના વિલંબે કાકીએ કાઢી આપ્યાં. ચોકઠી કરેલી પૂંજી વેચી દીધી. કાકા-ભત્રીજો ગયા અને પાઈ પાઈ દેવું ચૂકવી દીધું. ઊર્ફીલાસ છૂટયો. આભારભીની આંખો કાકા સામે જોઈ રહી. અંતરાઅંતર એને પશ્ચાત્તાપ થયો. પોતાનાં પ્રિયજનો સાથે તે સુખમાં દિવસો ગુજારવા લાગ્યો. એનામાં થયેલું પરિવર્તન એનાં બાળકો તથા સ્ત્રી અનુભવી શક્યાં. ઈશ્વરકૃપાથી ત્રણ દીકરી ઉપર તેને પુત્રદાન મળ્યું. એના આનંદનો પાર ન રહ્યો.

ઘરની બૂઝાઈ ગયેલી વેદી પુનઃ સળગાવી અને ઊર્ફીલાસે અર્ચનાનું ધૂપ ધર્યું.

# પરિવર્તન

સૂરજ ડૂબી ગયો હતો. અંધકાર છવાયો હતો. દિવસની પ્રખર ગરમી અને ઉકળાટ પછી નિર્ગત થયેલ જીવને શીતળ પવનની ધીમી લહેરો પ્રફુલ્લ બનાવી રહી હતી. વાળુ કરી સર્વે બહાર ચોકમાં શીતળ હવાનો આસ્વાદ ચાખી રહ્યાં હતાં. જન–જનાવર સૌ સૌને ઠેકાણે નિર્ભય બેઠાં હતાં. બળદનો વાગોળવાનો અવાજ બંધ થઈ ગયો હતો. તળાવની પાળે, આંબા ઉપર બેઠેલ મોરના ટહુકા બંધ થયા હતા. ચોમેર શાંત-વાતાવરણ પ્રસરી રહ્યું હતું. દિવસભરના શ્રમ તથા ઉકળાટ બાદ સૌ કોઈ નિદ્રાદેવીની મીઠી ગોદમાં સમેટાવા તત્પર હતું.

એવામાં શાંત વાતાવરણને ભેદતા, મઝલલોડના ભડાકા ગામની ભાગોળે સંભળાયા. સારું યે ગામ ખળભળી ઊઠયું. બૂમ પડી કે ભાગોળે બહારવટીઆ આવ્યા છે. સૌના હોશકોશ ઊડી ગયા. નાસભાગ થઈ રહી. જેના હાથમાં જે આવ્યું તે લઈ બાઈઓ સલામત સ્થળે પહોંચી ગઈ. પુરૂષવર્ગ આમતેમ ભરાવાની જગ્યાએ ભરાઈ બેઠાં. સૌ કોઈ ચિંતા અને ભયથી ધ્રુજી ઊઠયાં. આ ગામમાં પૂર્વે ઘણી વખત ધાડ પડી હતી, પણ તે વખતે ગામના મુખી યા વેપારી એનું નિશાન બનતા પણ આજે આ ધાડનું નિશાન થોડે દૂર રહેતા ઉપદેશક તરફ વળ્યું.

બે–ત્રણ ખેતરોનું બનેલું વિશાળ મેદાન લીમડા તથા આંબાના વૃક્ષથી શોભી રહ્યું હતું. ચોતરફ ભાંગી તૂટી વાડ હતી. એક બાજુ નાનું શું દેવળ અને તેની જ સાથે બે ખંડનું ઘર હતું, તેમાં ઉપદેશક રહેતા હતા. થોડે દૂર ચારેક ખ્રિસ્તી લોકોનાં ઘર હતાં તેની બાજુમાં નાળિયું હતું અને નાળિયાને છેડે દેસાઈવગો હતો.

ઝૂંટાં–છવાયાં બારૈયાઓનાં ચાળીસ ઘર હતાં. સર્વ આ વર્ગ દેસાઈ-વગામાં સલામતી માટે ચાલી ગયો હતો. ઉપદેશક અને તેમનો જુવાન દીકરો ઉનાળાની રજા હોવાથી ઘેર આવ્યો હતો. તેઓ બંને ઘરમાંથી નીકળવાની તૈયારીમાં જ હતા, એવામાં ધાડપાડુ આવી પહોંચ્યા.

પંદરથી વીસ પડછંદ પુરુષો માથે મોટાં સફેદ છોગેદાર ફાળિયા, મોઢે બુકાની બાંધેલી, સુરમો આંજેલી મોટી આંખો, જોતાં જ બીક લાગે એવી હાથમાં બે–ત્રણ બંદુક અને ગજ ગજ લાંબા ચકચકાટ ધારિયા જેને જોતા ભલભલા નરપુંગવના પેટનાં પાણી હાલી જાય. જેને મરવું હોય તે જ એમનો સામનો કરી શકે એવી પરિસ્થિતિ. પગમાં જોધપુરી ઢબના દેશી બનાવટના મોટા તળિયાવાળા જોડા, આગળથી વાંકોડિયા અણીદાર અને એની ઉપર મઢેલી ગોળ ટીકડીઓ, અંધારામાં પણ છૂપાઈ શકતી નહોતી. એના ભારે બૂટના પૂરજોશથી ઉપડતા પગોનો અવાજ કાને અથડાયો અને ઉપદેશક ગભરાયા. એમને વિચાર થયો કે આ લોકો આજે આ બાજુ કેમ? શું કંઈ રસ્તો ભૂલ્યા તો નથી? આમ વિચાર કરે છે એવામાં ધડાધડ લાકડીઓ પડી. અવાજ કરે તે પહેલાં મોંમાં કપડાના ડૂચા મારી દીધા. દીકરો ખેંચતાણ કરે તેટલામાં તેને બંને બાહુથી પકડી દોરડા વડે બાંધી દીધો. બંનેને સજ્જડ બાંધ્યા અને ધકેલીને તળાવની પાળે લઈ ગયા. કોણ જાણે કેમ આજે એમથી આવી બની હતી. ન કોઈ દાદ ફરિયાદ. તેમને ગડદાપાટુ કરી માર્યા. ખૂબ માર્યા.

એમના ઘરમાં જે કંઈ થોડો ઘણો સરસામાન હતો તેને બહાર ખેંચી લાવ્યા પવિત્ર પુસ્તકોને બહાર લાવી મેદાનમાં ઢગલો કર્યો. એના ઉપર ઘાસલેટનો ડબ્બો ઊંધો વાળ્યો અને દિવાસળી ચાંપી હોળી સળગાવી.

કોઈ મહાન કૃત્ય કર્યું હોય તેમ મૂછો પર તાલ દઈ, સંતોષ અનુભવતા ચિલઝડપે તેઓ ચાલી ગયા. કલાકોની અંદર આ બધું થઈ ગયું. વંટોળિયો આવ્યો અને બધું ઊથલપાથલ કરી ચાલ્યો ગયો. જતાં પહેલાં ફરી તેઓ બંદુકના ભડાકા કરતા ગયા, તેથી લોકોને લાગ્યું હવે તેઓ ગામમાંથી નીકળી ગયા છે.

ધીમે ધીમે લોકો બહાર આવવા લાગ્યા. ઉપદેશકની ધર્મપત્ની ઘેર આવ્યાં. જુએ છે તો ઘરમાં બધી ભાંગફોડ થયેલી, સામે ચોગાનમાં સામાન ભડભડ સળગી રહ્યો હતો અને તેમના પતિ તથા દીકરાનું નામોનિશાન નહિ. ચિંતાતુર સ્વરે તેમણે બૂમ મારી બોલાવ્યા પણ કોઈ જવાબ નહિ. તેઓ ગભરાયા અને બૂમરાણ મચાવી મૂક્યું. એમની બૂમો સાંભળી બીજા લોકો દોડી આવ્યા. બધાને અજાયબ લાગ્યું કે માસ્તર ક્યાં ગયાં હશે? તેઓ આમતેમ ફરી વળ્યા, ક્યાંય પત્તો નહિ. આખરે તળાવ તરફ ગયા ત્યાં જઈ જુએ છે તો તેઓ દોરડે બાંધેલા હતા અને અસહ્ય મારને કારણે ધીમે ધીમે રાડો નાંખતા હતા. તેઓને ઝટપટ બંધનમુક્ત કર્યા અને ઘેર લાવ્યા. તેમને જોઈને બાઈના જીવમાં જીવ આવ્યો. શરીરે લાગેલા મારા ઉપર ઓસડવેષડ કર્યા. દીકરાને કથોલો માર વાગ્યો હતો, મોઢે ફીણ આવતું હતું. અસહ્ય મારથી તે આંકડિયો લેતો અસ્વસ્થ બેભાનાવસ્થામાં કણસવા લાગ્યો. એની સ્થિતિ ઘણી ગંભીર હતી, સૂર્યનો પ્રકાશ પડે તે પહેલાં તેણે પોતાનો પ્રાણ છોડયો.

એકાએક આવી પડેલ આફત અને દીકરાના દેહાંતથી તેઓ વ્યાકુળ થઈ ગયાં, એમના શોકનો પાર ન રહ્યો. ગમગીન વાતાવરણ છવાઈ ગયું.

જુવાન દીકરાના દુ:ખદ સમાચાર સાંભળી સૌ કોઈ તેમને દિલાસો દેવાને આવ્યું. આ સમાચાર સાંભળી વડા ધર્માધ્યક્ષ તેમને

મળવા આવ્યા. આ બનાવથી ધર્માધ્યક્ષને ઘણો આઘાત લાગ્યો હતો. તેમણે કહ્યું, "ભાઈ, આ લોકોએ તમને ખૂબ દુઃખી કર્યા છે ને રંજાડ્યા છે. તમે હવે અહીં ન રહેશો. હું તમારી બદલી બીજે સ્થળે કરું છું." દુઃખમાં ડૂબેલાં ઉપદેશકને આ વિચાર ન ગમ્યો. તેમણે ધર્માધ્યક્ષનો આભાર માન્યો. આ ગામ છોડવાને તેઓ તૈયાર ન હતા. છેલ્લાં પાંચ વર્ષથી એમણે જે કામ કર્યું હતું તેનો ખ્યાલ તેમને આવ્યો. અહીં એમના કાર્યથી ફેરફાર થયો હતો. ઘણાં લોકો એમની સંગતમાં જોડાયાં હતાં, અને એમની બોધ વાર્તાઓ સાંભળતાં હતાં. એમના અંતરમાં ઈશ્વર પ્રત્યે પ્રેમ જાગ્યો હતો. જુદા જુદા વહેમ અને રીતરિવાજોમાં પરિવર્તન થતું હતું. ઉપદેશકને ગામ છોડીને જવાને દુઃખ થયું. એમને લાગ્યું કે આવી મુસીબતથી ગભરાઈ હું અહીંથી જાઉં અને મારું આત્મોન્નતિ તથા આત્મોજીતનું કાર્ય અધૂરું રહે! મારા સ્વાર્થને ખાતર ઈશ્વરની સેવા કેમ પડતી મુકાય! આવા વિચારથી ધર્માધ્યક્ષને તેમણે કહ્યું, "સાહેબ! મારા દીકરાનું લોહી અહીં રેડાયું છે, એની માટી અહીં પડી છે, અગર! મારી આ માયાવી કાયાની માટી અહીં જ રગદોળાઈ જાય તો શો વાંધો? મારા ઉપર આવી અને એથીયે વધુ મુસીબતો આવી પડે તોયે મારું કાર્ય અધૂરું મૂકી મારાથી ગામ શે છોડાય? સાહેબ! કૃપા કરી મને અહીં જ રહેવા દો. આ મારું કાર્યક્ષેત્ર છે." અલૌકિક આશાબંધ તોડવાનું તેમને ન ગમ્યું.

ઘણું સમજાવ્યા બાદ પણ ઉપદેશક ન માન્યા અને બીજે સ્થળે ન ગયા. આ બનાવ પછી નાસીપાસ ન થતાં અજ્ઞાત, અંધશ્રદ્ધાળુ લોકોમાં પ્રેમ, ભ્રાતૃભાવ, માયા અને મોક્ષ વિશે વધુ ઉત્સાહથી કામ આરંભ્યું. એમના પ્રેમાળ સ્વભાવને લઈને લોકો વધુ આકર્ષાયાં.

થોડા વખત પછી એવું બન્યું કે એક બાઇ જેને ઉપદેશકના બોધથી ઘણી અસર થઈ હતી અને આસ્થામાં આગળ વધો હતી તેનો એકનોએક જુવાન દીકરો માંદો પડ્યો. ઘણાં દવાદારૂ કર્યાં, પણ તેની માંદગીમાં કંઈ ફેર માલૂમ પડ્યો નહિ. ઉપદેશક રોજ તેને ઘેર જતા અને તે બચી જાય તે માટે ઈશ્વરને પ્રાર્થતા હતા. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેની માંદગી વધતી ગઈ. સુધારાની કોઇ આશા ન રહી. આડોશી–પાડોશી સર્વે ચિંતાતુર થઇ ગયાં. ગંભીર માંદગીને લઇને છોકરો અશક્ત થઈ ગયો અને અનાજ પાણી લેવાને શકિત રહી નહીં. એની હાલત ગંભીર થઈ ગઈ. તેણે આંખો ઢાળી દીધી. એની મા આ સ્થિતિ જોઈ ન શકી. તે ઉપદેશક પાસે દોડી ગઇ અને તેમને તેડી લાવી. ઉપદેશક તેને ઘેર ગયા. જુવાનની સ્થિતિ જોઇ તેમનું હૃદય કલકલી ઊઠયું. બીમાર છોકરાના ખાટલા પાસે ઘૂંટણે પડી તેમણે આગ્રહપૂર્વક ઈશ્વરને વિનંતી કરી. “હે ઈશ્વર! અમારા ઉપર દયા કર! અતિ કરુણાળુ અને દયાળુ દેવ! આ બાળક ઉપર તારી રહેમ કર! ચાર દિવસના મૂએલા લાજરસને તેં કબરમાંથી ઉઠાડ્યો છે. હે! પરાક્રમી દેવ! તારું પરાક્રમ અમને બતાવ! અમારા ઉપર દયા કર!

લોકોની ઠઠ જામી હતી. સર્વ અશ્રુભીની આંખો મીટ માંડી જોઈ રહી હતી. ઉપદેશક વ્યાકુળ હૃદયે પોકાર કરતા, “હે દેવ! તારા દાસ ઉપર દયા કર! તારો પરાક્રમી ભૂજ લંબાવ! હે દયાનિધિ! તારી દયાની આજે માંગણી કરું છું. પ્રભુ! દયા કર!”

ઈશ્વરે એમની પ્રાર્થના સાંભળી. જાણે ઊંઘમાંથી ઊઠયો ન હોય તેમ મીચાઈ ગયેલી આંખો તેણે ખોલી. એના જીવમાં જીવ આવ્યો. જુવાન મોતના પંજામાંથી બચી ગયો છે તે જાણી સૌ કોઈ અચંબો પામ્યાં.

દીકરો મોતના મોંમાંથી બચી ગયો. તેના પિતાને આ બનાવથી ઘણું અજાયબ લાગ્યું. એમના હૃદયમાં પશ્ચાત્તાપનો અગ્નિ પ્રગટ્યો અને હૃદય પરિવર્તન થવાથી તેઓ ઉપદેશક પાસે આવી એમના ચરણોમાં શિર ઝૂકાવી દીધું અને કરગરી પડ્યા, " સાહેબ ! મને માફ કરો ! હું અપરાધી છું. તમારા દીકરાનું મોત નિપજાવનાર હું છું. મેં જ બહારવટીયાઓને તમારી વિરુદ્ધ ઉશ્કેર્યા હતા. તમારા દીકરાના મોતનું કારણ હું છું. મને માફ કરો ! આજ લગી હું તમને ઓળખી ન શક્યો. હે ગુરૂદેવ ! મને માફ કરો ! હું કૃતઘ્ની છું. "

ઉપદેશકે તેમને સાંત્વન આપ્યું.

તે બનાવ પછી સારું યે ગામ એમની સંગતમાં જોડાયું અને સર્વ વાતે પરિવર્તન થયું.

---

# દુર્ભાગી

સૈનિક તરીકેની સેવા પૂરી કરી, નિવૃત્ત થઈ, પુરુષોત્તમ પોતાને ઘેર આવ્યો. એનું હૃદય હર્ષથી ઊભરાતું હતું. ફરજ ઉપર હોઇને અલાયદું જીવન ગુજાર્યું હતું. પણ હવે ફારેગ થવાથી એને વખત મળ્યો. સર્વે નાનાં મોટાં સ્નેહીઓને મળ્યો, ખૂબ મજા કરી. સ્વજનોને ભેટ્યો અને આનંદ અનુભવ્યો.

પુરુષોત્તમનાં માબાપ ગરીબ હતાં. એમની પાસે થોડી ઘણી જમીન હતી, તેની ઉપજમાંથી પોતાનો જીવનનિર્વાહ ચલાવતાં હતાં. તે બુદ્ધિશાળી હોવાથી તેના માબાપે તેના વધુ અભ્યાસાર્થે ઘણા પ્રયત્ન કર્યા પણ તે અફળ ગયા. તે ફક્ત અંગ્રેજી આઠ ધોરણ સુધી જ ભણી શક્યો. ભણવાનું પડતું મૂકી તેણે દુકાનમાં નોકરી

સ્વીકારી. દુકાનની નોકરી ન ફાવવાથી તે નોકરી છોડી દીધી અને મિલમાં કામે લાગ્યો તે દરમ્યાનમાં એક સુશિક્ષિત કન્યા સાથે તેનાં લગ્ન થયાં. તેની સ્ત્રી ઘણું ભણેલી હતી તેથી તેણી નગરપાલિકામાં શિક્ષિકાની નોકરી કરવા લાગી. પૈસા બાબતે તેમને કશી તંગી પડતી નહોતી. તેઓ આનંદપ્રમોદમાં પોતાનું જીવન ગુજારતાં હતાં. ઈશ્વરકૃપાએ તેમને પુત્રીનું દાન થયું અને એ પુત્રી એમનો જીવનાનંદ અને આશા બની ગઈ.

પુરુષોત્તમ થોડું ભણેલો હતો પરંતુ તેનું વાંચન વિવિધ પ્રકારનું હતું, ઉત્તમ પુસ્તકવાંચનથી અને પવિત્ર શાસ્ત્રના અધ્યયનથી એની વિમર્શ શક્તિ ઉચ્ચત્તર કેળવાઇ હતી. તે ઉદાત્ત વિચારનો માણસ હતો. ઘણી વખત પોતાના કામ ઉપર દિલ લાગતું નહિ. પોતાનું યંત્રવત જીવન મીલમાં ચાલતા યંત્રો સાથે સરખાવતો. પોતાનું જીવન પણ યંત્રવત્ થઇ ગયું છે એ તેને પસંદ નહોતું. દેશપરદેશમાં ફરવું. વિવિધ પ્રકારનાં માણસો–એમના રિતો–રસમ, જીવનમર્મ જોવાં અને ઈશ્વરયોજીત સૃષ્ટિ સૌંદર્યની લીલા નિહાળવી એવા વિચારો એના મનમાં આવતા, પરંતુ એ વિચારોને સમર્થન મળતું નહિ. અનુકૂળ તકને અભાવે તે કશું કરી શકતો નહિ.

એવામાં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. સૈન્યમાં સશક્ત જુવાનોની જરૂર જણાઈ. એને લાગ્યું કે આ એક ઉત્તમ પ્રસંગ છે. દેશ ખાતર પોતાની સેવા આપી શકાય તો શો વાંધો? વળી દેશપરદેશ ફરવાનું જોવાનું મળે. તે તૈયાર થઈ ગયો અને મિલની નોકરીને તિલાંજલિ આપી.

એના કુટુંબીઓને આ સાહસથી સારૂં ન લાગ્યું. પરંતુ એક બાજુ વહાલા વતનની સેવા અને બીજી બાજુ એનો મક્કમ નિર્ણય આખરે તેમણે સહૃદય એને અનુમોદન આપ્યું અને ભાવ-

બીની વિદાય આપી. તે દહેરાદુન ગયો ત્યાં ઉચ્ચત્તર કવાયતમાં સામેલ થઈ ગયો.

સાહસ અને શિસ્તને લઈને ટૂંક સમયમાં તેણે અધિકારીઓનાં મન જીતી લીધાં. દિનપ્રતિદિન એની બઢતી થવા લાગી. તે અતિ વિશ્વાસુ હોવાથી તેને લશ્કરી સામગ્રી અને ખોરાકના કોઠાર ઉપર નીમવામાં આવ્યો. કોઠારનો અધિકારી હોઈને તેને વારંવાર મોટા વેપારીઓ સાથે સંપર્ક થતો. વેપારીઓ ઘણી વખત તેને લાંચ આપવા પ્રયત્ન કરતા, ખાદ્ય તેમ જ ઘરગથ્થુ વસ્તુઓના ભાવમાં વધારો–ઘટાડો કરી મોટું 'કમિશન' આપવા માટે તેને લલચાવતા. પરંતુ તે એક આદર્શ યુવક હતો અને તેણે ઇસોપદેશ સર્વાંગ માથે ચઢાવ્યો હતો તેથી આવા પ્રપંચોમાં કદી હાથ નાખતો નહીં.

ચીને હિચકારું પગલું ભર્યું અને ભારતની પવિત્ર ભોમ પર અણધાર્યું આક્રમણ કર્યું. હિમાચ્છાદિત હિમાલયના અભેદ્ય પાયા તેણે હચમચાવી મૂકયા. ભારત દેશનું ગૌરવ અને સંરક્ષણ જોખમાયું. ભારતીય લશ્કર તેનો સામનો કરવાને ઉચ્ચ શિખરો ઉપર ધસી ગયું. ખૂનખાર જંગ જામ્યો. પુરુષોત્તમ કોઠારનો અમલદાર હોવાથી તેને ત્યાં જવાનું થયું. શસ્ત્રસરંજામ વિગેરેની વ્યવસ્થા સિવાય અન્ય કામ તે સ્વેચ્છાએ ઉપાડી લેતો. અરસપરસ ગોળીએ વિંધાઈ ઘાયલ થતા સૈનિકોને સલામત સ્થળે લઈ જવા, તેમની જરૂરિયાતો પૂરી પાડવી, મદદ કરવી અને હિંમત આપવાનું કામ તેના માટે અનિવાર્ય થઈ પડયું. પવિત્ર હિમાલય ઉપર રેડાયેલા રક્તથી એનું હૃદય દ્રવી ઊઠતું ! પ્રેમ અને માયાળુપણાથી તે સર્વેની સેવા કરતો અને કોમળ વચનો વડે દુશ્મનોને પણ જીતી લેતો હતો.

ગિરીશૃંગોના રમણીય દૃશ્યો, ઝાડીથી ઘેરાયેલાં ગાઢ જંગલ, ચારે તરફ રંગબેરંગી ફૂલોનો બગીચો, કિલકિલાટ કરતાં પંખીઓ,

નિર્ભય વસતાં વનચર પશુઓ, સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે બરફ ઉપર પડતાં કિરણો અને એનાં પ્રતિબિંબ તે કલાકોના કલાક સુધી જોયા કરતો. મનોહર દશ્યો એની આંખોને ઠારતાં. શીતળ હવા અને શાંત વાતાવરણ ઈશ્વરની યાદ આપતાં. આ બધું જોઈ ને એનું હૃદય નાચી ઊઠતું અને પ્રફુલ્લિત રહેતું. અહીં, વિશેષ પ્રસંગ એ બન્યો કે કોઈ એક સંત-આત્માનો એને ભેટો થઈ ગયો અને એમના સુસંગથી તેને અકળિત ઈશ્વરજ્ઞાન પ્રાપ્ત થયું. આત્મોન્નતિ થઈ અને તે વધુ પ્રઅલિત થયો.

સૈન્યની યશસ્વી કારકિર્દી પૂરી થતાં તેને ફારેગ થવાનો સમય આવ્યો. તે નિવૃત થયો અને પોતાને ગામ આવ્યો.

આ વર્ષો દરમ્યાન ઘણા પ્રસંગો બની ગયા હતા. તેનાં માબાપ ઈશ્વરની ગોદમાં ચાલી ગયાં હતાં. ઘર વેચી દીધું હતું. જમીન ખેડૂતને સોંપી દીધી હતી. ગામ ઉજ્જડ જેવું લાગતું હતું. પોતાની સ્ત્રીનો નિવૃતીનો સમય આવી ગયો હતો. દીકરી ઉંમર લાયક થઈ હતી તેનાં લગ્ન લેવાનાં હતાં. સૌને મળવાથી તેને ઘણો આનંદ થયો. જે ફંડ મળ્યું હતું તેમાંથી જમીન ખરીદી અને નાનું ઘર બંધાવ્યું અને પોતાના પ્રિય કુટુંબ સાથે રહેવા લાગ્યો.

જેઓને તે પોતાનાં સમજતો હતો અને જેઓથી આજ લગી દૂર હતો તેમની સાથે વસવાથી આનંદ થશે એવું એને લાગ્યું પણ અહીં વિપરીત બન્યું. નવીન સ્થળે ઘર બાંધવું, વસાવવું એમાં નાની-મોટી ગરજ પડે જ! આવા પ્રસંગે આડોશી-પાડોશીની સહાય અને સહકારની વિશેષ જરૂર! જે સહકાર આવશ્યક હતો તે તેને ન મળ્યો. લોકો પ્રત્યે પ્રેમાળ વર્તાવ હોવા છતાં કોણ જાણે કેમ લોકો પ્રત્યે અલોણું ન હોય! એમ લોકો એનાથી

અળગાં રહેતાં અને અભાવ દર્શાવતાં. એની સાથે વિના કારણ કજિયો કરતાં અને એને એમ પજવતા પ્રયત્ન કરતાં, એને પરદેશો ગણી એના તરફ જે વર્તણુંક બતાવવામાં આવતી તેથી તેનું દિલ દુભાતું. ઇર્ષ્યા, અદેખાઈ અને વેર મુક્તકંઠે વ્યક્ત કરતાં, પરસ્પર ઝગડતાં એ દૃશ્ય જ્યારે તે જોતો ત્યારે તેને અત્યંત આઘાત થતો.

દૂરથી દેખાતા રમણીય ડુંગર સમાન સમાજ દૂરથી એને લાગ્યો, જ્યારે તે નજીક આવ્યો ત્યારે ખાડા અને ખુંપરાંથી ભરપૂર જણાયો.

દુર્દૈવે એની જિંદગીના પાછલા દિવસોમાં એની પડતી થઈ. એની સ્ત્રી નિવૃત્ત થતાં જ, બીજા વર્ષે બીમાર પડી. એની લાંબી માંદગી દરમ્યાન રહી સહી મૂડી ખર્ચાઈ ગઈ. નાણાં બાબતે એને તંગી પડવા લાગી. એની જુવાન દીકરી, અભ્યાસ પૂરો કરી નોકરી કરવા લાગી. એનો જૂજ આવકમાંથી માની માંદગીનો ખર્ચ નીકળતો હતો. કિંમતી દવાદારૂ પાછળ તેઓ ખર્ચાઈ ગયાં. ઘણી ઘણી દવાઓ કરવા છતાં તે ન બચી, અને આ ફાની દુનિયાને તજી દેહાંત પામી. પુરુષોત્તમ ઘણો ઉદાસ થઈ ગયો. વહાલી પત્નીના જવાથી તેને હૈયે કારમો આઘાત લાગ્યો 'પડતા ઉપર પાટુ' હજી એક ઘા તો રૂઝાયો નથી ત્યાં તો એના ઘરની ભીંત તૂટી પડી. મૂશળધાર વરસાદના કારણે નવીન બંધાયેલા મકાનની દીવાલ પડી ગઇ. એની મરામત કરવી એ એક મોટો પ્રશ્ન થઈ ગયો. દીકરીને પરણાવી એનો સુખી સંસાર જોવાના કોડ અને સુખનાં સપનાં, કલ્પ્યાં હતાં તે ભાંગીને ભસ્મીભૂત થતાં જણાયાં. અતિ કષ્ટ, ઉજાગરા અને આઘાતથી દીકરીની તબીયત લથડી. દિનપ્રતિદિન એને નાણાંની ભીડ પડવા લાગી. દીકરીની માંદગી અને ઘરના ખર્ચાને

પહોંચી વળવા માટે તેણે દેવળના માળીની નોકરી સ્વીકારી. એને થયું કે મેં મારા વહાલા વતનની સેવા માટે પાછીપાની કરેલ નથી. તો પછી મારા દેવ-દેવળના કામમાં શી નાનમ ! વિશ્વાસુપણે તે માળીની નોકરી કરતો અને બીમાર દીકરીની ચાકરી કરતો. સેવામાં કશી ઊણપ આવવા દેતો નહીં

આમ સુખે દુઃખે દિવસો પસાર થતા હતા એવામાં એક દુઃખદ ઘટના બની. દેવળનું મોટું ઘડિયાળ ચોરાયું. તપાસ કરવાથી આગેવાનોને માલૂમ પડ્યું કે એ ઘડિયાળની ચોરી કરનાર બીજું કોઈ નહીં પણ દેવળનો માળી જ હોવો જોઈએ. "એને પૈસાની ઘણી ભીડ છે, છોકરી માંદી છે તેથી એ કામ એનું જ ! અહીં બીજા કયા ચોર આવવાના હતા ?"

સર્વાનુમતે એ સમજુત સાચી જણાઈ. તદુપરાંત ઘરમાંથી, દેવળમાંથી બીજી નાની નાની વસ્તુઓ ઊપડી જતી હતી તે સર્વ માટે એને જવાબદાર ઠરાવ્યો. પરિણામ એ આવ્યું કે તેને નોકરીમાંથી કાઢી મૂકયો. એના જીવનનિર્વાહનું સાધન એકાએક છૂટી ગયું. તેથી તે ઘણો નિરાશ અને દુઃખી થઈ ગયો. એની દાદ-ફરિયાદ ન કોઈએ સાંભળી કે સાચી માની. તેની દીનાવસ્થામાં તેનો ન્યાય ડૂબી ગયો. પોતાના બદનસીબ ઉપર એને ઘણો અફસોસ થયો, છતાં જીવનની હામ ન હારતાં, મરણીયો સૈનિક જાતમહેનત અને મજૂરી કરી, વહાલી દીકરીની માંદગીનો ખર્ચ કમાઈ લેતો. એણે ચોરી કરી છે એવી જાણ થતાં, લોકો તેની સામે ધૃણાની નજરે જોતાં વળી, આ બનાવના પ્રત્યાઘાત દવાખાનામાં પડ્યા. 'માળીની દીકરી' જાણી જે કિંમતી દવાદારૂ અને સારવાર થતી તે બંધ થઈ ગઈ. એના દુઃખનો પાર ન રહ્યો. સૌ કોઈ એને ફેસલાં મારવા લાગ્યાં. જેઓ સુખી હતાં તેઓ, દુર્ભાગી માણસનો તિરસ્કાર કરવા લાગ્યાં. સારી સારવાર

અને દવાને અભાવે, દીકરીની માંદગી ગંભીર બની ગઈ. દિનપ્રતિદિન તેની સ્થિતિ બગડવા લાગી.

એના ભાગ્યનો સૂરજ આથમી ગયો હતો. ઈશ્વર જાણે કોપાયમાન થયો ન હોય! એની એકનીએક વહાલી દીકરીને તેણે ઊંચકી લીધી. એનો દિવસ ફરી ગયો. એક પછી એક દુઃખની પરંપરાથી તે હતાશ થઈ ગયો. હેરાન થઈ ગયો. એનું જે કંઈ હતું તે સર્વનો સત્યાનાશ વળી ગયો. એના જીવનનાં સોનેરી સ્વપ્ન ઊડી ગયાં અને બદ કિસ્મત એનું જીવનસાથી બની ગયું. મગજની સ્થિતિ ગુમાવતાં તે પોતાનું સાન-ભાન ભૂલ્યો! પોતાની જાત ઉપર તેને કંટાળો આવ્યો.

તે નાસીપાસ થઈ ગયો. જે ઈશ્વરની ખરા જીવથી બંદગી કરતો હતો તેના ઉપર તેને ક્રોધ ચઢયો. એને થયું આવા દુઃખના ડુંગરે દબાઈ રિબાવું તે કરતાં તો હું ધસી આવતા બરફના ડુંગરા નીચે દબાઈ મૂઓ હોત તો કેવું સારું? લડાઈના મેદાનમાં દુશ્મનની ગોળીએ વીંધાયો હોત તો શો વાંધો? કોઈ એક હિંસક પ્રાણી મારો કોળિયો કરી ગયું હોત તો કેવું સારું! ન દેખવાનું કે ન દાઝવાનું!

હે ઈશ્વર! મારા ઉપર તને જરાયે દયા ન આવી! મારા કયા ગુનાએ તું આવડો કોપાયમાન થયો છે? આજે મારા મિત્રો અને સ્નેહીઓ મારી વિરુદ્ધ થયા છે. લાજ અને શરમથી મેં મારું મોં જમીનમાં દાટી દીધું છે. સૌની નજરમાંથી હું નીચે પડયો છું. મારું જીવન મશ્કરી અને મહેણાં રૂપ આકરું થઈ ગયું છે. ધરતી મારો ભાર વહેવા માટે તૈયાર નથી. ધરતી માર્ગ આપે ને હું સમાઈ જાઉં તો કેવું સારું!

એણે પોતાની હૃદયવ્યથા ઠાલવવા માંડી. હે જિંદગીના દેનાર! મારી પ્રાર્થનાને કાન ધર! મારી વાણીને સાંભળ! તારી દુનિયા

મેં જોઇ, એનો રંગ જોયો, એનો ઢંગ જોયો. આ તારી દુનિયાથી મારું દિલ હવે ધરાઈ ગયું છે. હું બેકસૂર હોવા છતાં તેં મારી વહાલી પત્ની છીનવી લીધી. મારા હાથમાંથી ખિલતી કળી તે ઝૂંટવી લીધી. આ શો અન્યાય? એથી તું ન ધરાયો અને મારા દુશ્મનો સામે મને ઉઘાડો પાડયો. તેઓ દાંત પીસતા મારા ઉપર ચઢી આવ્યા ને હું હાથ ઘસતો રહી ગયો. મને તેં જીવંત રાખીને મારી જિંદગી છીનવી લીધી છે, આજે, મારી કથની કોને કહું? મારી વાત કોણ સાંભળે? શું તું પણ મારાથી રૂઠી ગયો છે? દયાસાગર દેવ! શું તારી દયા મારે માટે ખૂટી ગઇ છે? હું અભાગી સાગર પાસે જાઉં છું તો સાગર પણ મારે માટે સૂકાઈ જાય છે. મારા હાથમાં સોનું માટી થઇ જાય છે. શું કંગાલોને વાસ્તે મારો આત્મા દિલગીર થતો નહોતો? મસ્તા સૈનિકની મદદ માટે શું મારો આત્મા તડપતો નહોતો? સૂર્યના પ્રકાશની હું શોધ કરું છું ત્યારે અંધારું આવી પડયું. મારી દુર્દશા પર લોકો દાંત કાઢે છે. મારા કાશ્મિરી ગાલીચા ઉપર કુરકુરિયાં આળોટે છે. તેઓ મારા પગ ચાટે છે. તેમને રોટલાનો ટુકડો નાંખવાને મારી પાસે નથી. મારો સંસાર સળગી ઊઠયો છે. હા! મારું ઘર હાલી ઊઠયું છે. એની ભીંત ભોંય સાથે ભળી ગઇ છે. મારું શરીર કષ્ટથી પીડાય છે. મારાં આંતરડાં લાંઘણથી અકળાઈ ગયાં છે. મારા હાથની તાકાત હણાઈ ગઇ છે. મારી આંખો અંતરિક્ષમાં સહાયની રાહ જોતાં નિર્ગત થઈ ગઈ છે. સહાય કયાંથી મળે?

દયાસાગર દેવ! તારા દરિયા મારે માટે સૂકાઇ ગયા છે શું? મારા ઉપર કોઈને દયા ન ઉપજી? અરે! મારે માથે આળનો ટોપલો ચઢાવી મારા પગ લથડતા કરી દીધા છે. કલંકનો કળશ મૂકી મારી સામે ન્યાય ઊંધો વાળ્યો છે? હે દયાનિધિ! તું કોઈ જાદુગર તો નથી કે મારી જિંદગી સાથે ખેલી રહ્યો છે? હે જિંદ-

ગોના દેનાર ! મારાં આંસુ લૂછનાર કોઇ નથી ! મારી પ્રાર્થના સાંભળ ! મારા પોકારને અવાજ દે.

આમ દહાડા દુઃખમાં અને રાત આંસુમાં તે વિતાવવા લાગ્યો. ઘણી વખત અહીંથી દૂર ચાલી જવાને મન થતું, પણ માથે નામોશી લઇને જવું તેને અનુચિત લાગ્યું. એનું હૃદય અતિ વ્યાકુળ થયું અને જ્યારે ભાંગીને ચૂરેચૂરા થઈ ગયું ત્યારે ઇશ્વરનો આત્મા તેની પાસે આવ્યો ને કહ્યું, "શું દેવ ન્યાય ઉલટાવી નાંખે છે ?"

થોડા દિવસ પછી એવું બન્યું કે સરકારી અમલદારે ઓચિંતી ધાડ નાંખી. ઘણી દુકાનોમાં તપાસ ચાલુ થઇ. ઘડિયાળની દુકાનમાં દાણચોરીનો માલ છે એવી બાતમી મળતાં તે દુકાનની ઝડતી લેવામાં આવી. તપાસ વખતે કબાટના એક ખૂણામાં પડેલી ઘડિયાળ તરફ ઇન્સ્પેકટરની નજર ગઈ તેથી તેમણે પૂછયું, "આ ઘડિયાળ કયાંથી આવી ?"

"સાહેબ ઘરાકે વેચેલી છે."

ઇન્સ્પેકટરને થાણાના ચોપડે ચોરી સંબંધી જે નોંધ થઈ હતી તે વાત યાદ આવી તેથી તેમણે પૂછયું. "કયાંથી આવી અને કોણે વેચી ?"

દુકાનદાર શરૂમાં આનાકાની કરવા લાગ્યો, પણ તેને કહ્યા વગર છૂટકો જ નહોતો તેથી તેણે કહ્યું.

"મિશનમાંથી વિલ્સન વેચી ગયો છે."

"હં !" ઇન્સ્પેકટરે માથું ધૂણાવ્યું ને દુકાનની તપાસ ઝટપટ આટોપી લીધી. દુકાનદારને તે ઘડિયાળ લેવા સૂચન કર્યું અને બંને સીધા મિશનમાં પાદરી સાહેબને ઘેર આવ્યા. પાદરી સાહેબ આરામ કરી રહ્યા હતા. તેમને ઇન્સ્પેકટરે બોલાવ્યા અને ઘડિયાળ બતાવતાં કહ્યું, "આ તમારી ઘડિયાળ છે ?"

ઘડિયાળ જોતાં જ પાદરી સાહેબ આનંદમાં આવી ગયા અને કુદ્યા. જેટલો આભાર મનાય તેટલો માન્યો.

"સાહેબ ! વિલ્સન કોણ છે ?" ઇન્સ્પેકટરે સવાલ કર્યો. વિલ્સન નામ સાંભળતાં જ પાદરી સાહેબ જરા ખિસિયાણા પડ્યા. વિ... વિ...વિલ્સન મારા દીકરાનું નામ છે. તેમને ધ્રુજારી છૂટી અને હોઠ ફફડવા લાગ્યા.

"ક્યાં છે એને બોલાવો જોઈએ."

વિલ્સન ખૂણામાં ભરાઈ બેઠો હતો. બૂમ મારવાથી તે બહાર આવ્યો. આવતાંની સાથે જ ઘડિયાળીએ તેના તરફ આંગળી ચીંધતાં કહ્યું : "એ જ સાહેબ !" "આ ઘડિયાળ તેં ચોર્યું છે ?" ઇન્સ્પેકટરે સવાલ કર્યો. "હું કશું જાણતો નથી." વિલ્સને ઝટ જવાબ આપ્યો. "હાં ! કશું જાણતો નથી !" ધડાક દઈને બે તમાચા લગાવી દીધા. "તારી સાથે બીજા કોણ હતા ? જવાબ દે નહિતર ઊંધો લટકાવીશ." ઇન્સ્પેકટર વધુ ક્રોધી બન્યા હતા. વિલ્સનના હાંજા ગગડી ગયા. તે સાચું બોલી ગયો અને કહ્યું "માર્ક અને જોન મારી સાથે હતા."

આમ વાત ચાલે છે એવામાં બે-ત્રણ આગેવાનો ત્યાં આવી પહોંચ્યા. તેમણે બધું દૃશ્ય નિહાળી લીધું. એમને લાગ્યું કે આ તો આબરૂનો સવાલ છે તેથી તેઓ ઇન્સ્પેકટર સાહેબને કરગરી પડ્યા અને કહ્યું, "સાહેબ ! જવા દો, માફ કરો, છોકરાં નાદાન છે !" ઇન્સ્પેકટર સાહેબ સમજદાર હતા. કેસ દબાવી દીધો ને ઘડિયાળ સોંપી રવાના થયા.

ઘડિયાળ મળ્યું તેથી ખુશી થવાને બદલે પાળક દિલગીર થઈ ગયા, કારણ કે તેમાં પોતાનો દીકરો સંડોવાયેલો હતો. વળી એક નિર્દોષને વિના કારણ રંજાડ્યો હતો અને અન્યાય કર્યો હતો.

એમને ચેન ન પડ્યું. કારભારી ભાઈઓને સર્વ વાતથી વાકેફ કર્યા, અને પોતાની દિલસોજી ને પાપનું પ્રાયશ્ચિત્ત કરવાને ખાતર તેમણે એવું નક્કી કર્યું કે "ગરીબ માળીને રૂા. ૨૦૦ની મદદ કરવામાં આવે." સર્વે ભાઈઓને આ વાત ગમી અને દેવળના ખજાનામાંથી રૂપિયા બસો લઈ માળીને ઘેર ગયા.

માળીનાં ઘરની સામે એક વૃદ્ધા રહેતી હતી. તે ઘણી માયાળુ હતી. તેને માળી ઉપર ઘણી જ દયા આવતી અને સવાર સાંજ ખાવાનું આપતી. જે કંઈ ખાવાનું મળે તે અડધું પડધું ખાઈ, ફકીરી હાલતમાં, ઊંડા આત્મચિંતનમાં મગ્ન થઈ બેસી રહેતો. આજે જમ્યા બાદ બપોરના સમયે પરસાળના ઓટલે, નિરાશ વદને બેઠેલો હતો. એને બેઠેલો જોઈ પાળક તેમ જ તેમના સાથીદારો ત્યાં આવી પહોંચ્યા.

રૂપિયાની થેલી આગળ કરતાં પાળક બોલ્યા, "પુરુષોત્તમ ભાઈ! અમે ઘણા દિલગીર છીએ, અને મદદ કરવા ઇચ્છીએ છીએ. લ્યો આ પૈસા."

ગાંડો માણસ હસી કાઢે તેમ પુરુષોત્તમ ખડખડાટ હસ્યો અને કહ્યું, "રૂપિયા! હવે મારે એની શી જરૂર છે? મારે કોને માટે જોઈએ! હવે દુનિયામાં મારું કોણ છે કે જેથી તેની મને જરૂર પડે! દીકરી ચાલી ગઈ, હવે મારે શા કામના? લઈ જાવ, લઈ જાવ. પાછા લઈ જાવ એ દેવના નાણાં મને ન ખપે! દેવના ભંડારના રૂપિયે મારું શું ભલું થવાનું છે?"

પાળક અને સર્વ સભ્ય ભોંઠા પડયા અને વિસ્મય પામ્યા કે આ ખાનગી બાબતની એને કયાંથી ખબર પડી? તેઓ શૂન્યવત્ થઈ ગયા.

માળીએ આગળ ચલાવ્યું, "વિલ્સન અને તેના સાથીદાર કર્યા

છે? જાઓ! ન્યાય ઊંધો ન વાળો! મેં મારા હાથ ધોઈ નાંખ્યા છે. સર્વ દોષ તમારે માથે. સત્તાનો દોર અને ગર્વના ઘમંડથી મુજ જેવા નિર્દોષને તમે રંજાડયો છે. તમારા ઢીલા હાથોને દઢ કરો અને લથડતા ઘૂંટણોને સ્થિર કરો. ત્યારે જ તમારું કલ્યાણ થશે."

આ ઉપદેશ સાંભળી તેઓ અચરજ પામ્યા. આ વાતની અભેદ્ય જાણ એને કયાંથી? એમને લાગ્યું કે આ કોઈ અદ્ભુત પુરુષ હોવો જોઈએ. આવા દુઃખમાં પણ પોતાનું સ્વાસ્થ્ય ગુમાવ્યા વગર આવી મોટી રકમને ઠોકરે ચઢાવે તે મહાન નહિ તો બીજું શું?

શરમિંદા પાળકનું હૃદય વધુ વ્યાકુળ થઈ ગયું. તેમના હૃદયમાં પ્રશ્ચાત્તાપનો અગ્નિ પ્રગટયો, અને વિનાકારણ રંજાડેલા નિર્દોષનો અન્યાય યાદ આવ્યો. તેઓ ગળગળા થઈ ગયા. વધુ વિલંબ કર્યા વગર મોકળે મને તેઓ પુરુષોત્તમના ચરણોમાં માથું નમાવા ઝૂકી પડયા, "ભાઈ! હું દુઃખી છું, મને માફ કરો! મેં અન્યાય કર્યો છે!" આ દૃશ્ય જોઈ સર્વ સભ્યોનાં દિલ પીગળી ગયાં અને તેઓ આ સંતાત્માના ચરણોમાં ઢળી પડયા. "હે! મુરબ્બી! અમને માફ કરો અમે દુઃખી છીએ!" મહાત્માએ સૌને માફી આપી.

બીજે દિવસે મંડળીના આબાલવૃદ્ધ તેને જોવાને ઉમટયાં! પ...ણ એમને એ ન મળ્યો. હે ઈશ્વર! અમારાં નસીબ ફૂટયાં! અમને એનાં દર્શન પણ ન મળ્યાં. અમે કેટલાં દુર્ભાગી!

તે દિવસથી મંડળીનું વાતાવરણ બદલાઈ ગયું. મંદ મંડળી આત્મિક પ્રગતિને પંથે વળી.

યાત્રિક સફરે નીકળી ગયો હતો. તે કોઈનો રોકયો ન રોકાયો અને દૂર સુદૂર ચાલી નીકળ્યો. કદાચ એનાં પ્રાણપ્રિય હિમાચ્છાદિત પવિત્ર શિખરો તરફ એ પ્રયાણ નહિ કરી ગયો હોય!!!

# નાની બહેન

રાતના અગિયાર વાગ્યા હશે. હુ સૂવાની તૈયારીમાં જ હતો, એવામાં દરવાજે ટકોરા પડયા.અત્યારે કોણ હશે ? એવો વિચાર આવ્યો. દરવાજો ખોલું ત્યાં સુધીમાં તો વધુ જોરથી ટકોરા થવા લાગ્યા. ખમીસ પહેરતાં પહેરતાં મેં પૂછ્યું. "કોણ હશે" ? "અમે છીએ, હું સવિતા !" "સવિતા" અત્યારે શું કામ પડયું હશે ? તરત જ મેં દરવાજો ખોલ્યો અને બંનેને ઘરમાં બોલાવી, બેસવાનું કહ્યું, "આ કોણ છે ?" સવિતા એકદમ જવાબ આપી શકી નહિ. મોં નીચે ઘાલી દીધું, શરમનો શેરડો મોં ઉપર ફરી વળ્યો, તેથી મેં તેને પૂછ્યા વગર સીધો જ સવાલ તેની સાથે આવેલ વ્યક્તિને કર્યો "તમારું નામ શું ?" "શરદ" ટૂંકમાં જવાબ આપ્યો.

રાતનો સમય હતો અને અપરિચિત એવું કંઈ ન હોવાથી સવિતાએ, દિલની વાત સંકોચાતા સ્વરે કહેવા માંડી. હું સ્તબ્ધ થઈ ગયો. અને સ્વસ્થપણે વાત સાંભળી લીધી પણ એ બાબતમાં હું કશું કરી શકું તેમ નહોતું, તેથી મેં સલાહ આપી કે આ બાબતમાં પાદરી સાહેબ વધુ ઉપયોગી થઈ પડશે. તેથી તેમને વાત કરીએ તો ! તેઓ સંમત થયાં અને તરત જ અમે પાળકને ઘેર ગયાં.

પાળકને ઊંઘમાંથી ઉઠાડયા, ઓળખાણ કરાવી, અને સર્વ વાતથી વાકેફ કર્યા. આ વાતથી પાળકને ઘણું સારું લાગ્યું અને સર્વેનો આભાર માનવા લાગ્યા. તે સાથે તેમને અભિનંદન દેતા, અભયવચન આપ્યું "બહેન જરાએ ગભરાશો નહિ. ધીરજ રાખો; હું તમને મારી બનતી મદદ કરીશ." પાળકના વચનથી સવિતા અને શરદને આશ્વાસન મળ્યું, અને તેમના મનની મૂંઝવણ દૂર થઈ: સંતોષ અનુભવતાં, આભારની લાગણી વ્યક્ત કરતાં, તેઓ બહારની

અંધારી રાત્રીમાં ઘેર જવા ચાલી નિકળ્યાં. તે વખતે લગભગ બાર વાગ્યા હતા.

આવી વિચિત્ર બાબતથી પાળકને આનંદ થયો. એમની ઊંઘ ઊડી ગઈ. મને રોકી રાખ્યો. પોતે અજાણ હોવાથી સર્વ વાત મારી પાસેથી સ્વસ્થ મને સાંભળી.

સવિતા પાસેના ગામમાં ઘર લઈ એકલી રહેતી અને નોકરી કરતી હતી. તેનાં પિતાજી રેવન્યુ ખાતામાં અવલ કારકુન હતા. પૈસે-ટકે સુખી હતા, અને મંડળીના અગ્રગણ્ય કાર્યકર્તા હતા. સરકારી નોકરી હોવાને લીધે કશી વાતની ફિકર નહોતી. બધી વાતે સારૂં હતું. પરંતુ તેમણે સાતમી આજ્ઞાનો ભંગ કર્યો, અને એ ભૂલ ન સમારવાથી આજે તેમની આડે આવી, મહાન વિક્ષેપ સમ બની ગઇ. એમના દુષ્કર્મને લઇને સમાજે તેમના ઉપર મુકદમો ચલાવ્યો, તેમને શિક્ષાને પાત્ર ઠરાવ્યા અને મંડળીના પવિત્ર પર્વોમાં ભાગ લેવાને નિષેધ કર્યો. જો માફી માગવામાં આવે, પ્રાયશ્ચિત કરે, તો જ એ સહભાગીદાર થઈ શકે એવું સૂચન કરવામાં આવ્યું. પણ સમાજના નમ્ર સૂચનની અવગણના કરતાં તેઓએ વિપરીત માર્ગ પસંદ કર્યો. મિજાજી સ્વભાવ, દિલનો દુરાગ્રહ અને નોકરીના ઘમંડે તેમના દિલને વધુ કઠણ બનાવી દીધું. તેમણે સમાજના સૂચનને ધુતકારી કાઢયું. ગુસ્સે ભરાઈ સૌને અપશબ્દોથી નવાજી નાંખ્યાં, અપમાન કર્યું અને સમાજ સાથેનો પોતાનો પવિત્ર સંબંધ સદાને માટે તોડી નાંખ્યો. બીજે સ્થળે બદલી કરાવી ત્યાંથી ચાલી ગયા. જે જે સ્થળે ગયાં ત્યાં સમાજથી અલાહિદું જીવન ગુજારવા લાગ્યા. આ વાતને વીસ વર્ષ વીતી ગયાં છે. હજી સમાજ સાથે અસહકાર ચાલુ છે. સૌ તરફ ઈર્ષાભરી આંખે જુએ છે. હૃદયમાં પશ્ચાત્તાપનું કોઈ કિરણ પ્રગટે એવી આશા જણાતી નથી.

સમાજથી દૂર રહેવાથી બાળકોમાં ધર્મ અને સમાજ પ્રત્યે માન ઓછું હોય એ સ્વાભાવિક છે. પરંતુ ઈશ્વર કૃપાએ બાળકોમાં એ સ્વભાવ ઊતર્યો નહોતો. જો કે સમાજ સાથે સંબંધ તૂટી ગયો હતો. સભાસ્થાનમાં જવું આવવું સદંતર બંધ હતું. અરસપરસ વ્યવહાર ખોરવાઈ ગયો હતો. છતાં બાળકો ક્વચિત્ દેવળમાં મિત્રો સાથે જતા અને ભાગ લેતા. લગ્ન પ્રસંગ હોય તો તેવે વખતે પણ દેવાલયમાં જતાં. આથી તેમના મનમાં દેવસ્થાન પ્રત્યે માન ઉપજ્યું હતું અને ધર્મની ધગશ કેળવાઈ હતી. સવિતાએ ઘણી વખત શાનદાર લગ્નો જોયાં હતાં, તેથી તેના મનમાં ઊંડી છાપ પડી ગઈ હતી. પોતે ઉંમરલાયક થતાં, પોતાનાં લગ્ન દેવળમાં થાય એવું તે ઇચ્છતી હતી. ઘણી વખત પોતાની મા આગળ મન ખોલીને વાત કરતાં તે કહેતી હતી કે "પાળક હસ્તે થયેલ લગ્ન એ પવિત્ર વિધિ ગણાય છે ને આશીર્વાદિત નિવડે છે. એ લગ્ન કુટુંબની શોભા વધારે છે અને આદર્શ લગ્ન છે. બાકી નોંધણી કારકુન પાસે જઈ નોંધાવી દેવાં તે કંઈ લગ્ન કહેવાય?" એની મા આ વાતને અનુમોદન આપતાં અને તેઓ પણ એ જ મતનાં હતાં. પરંતુ ઘરમાં તેમનું કંઇ ચાલે નહિ. સવિતાનાં લગ્ન કરવાનાં હતાં. બધી જ તૈયારી થઈ ગઈ હતી. દેવળમાં લગ્ન સહેલાઇથી થાય તેમ હતું. પાળક ખુશીથી લગ્ન કરાવી આપે. પણ સવાલ એ છે કે ઘંટડી બાંધે કોણ? સમાજ સાથે વર્ષોથી આડા વેર હતાં. સંબંધ બધો ખોરવાઈ ગયેલ હતો એ સંબંધ તાજો કરવામાં આવે. સમાજ સાથે સમાધાન થાય તો એ બને તેમ હતું. દીકરીનાં લગ્નની વાત એમને મૂંઝવતી હતી. એક દિવસે, દીકરીનાં લગ્નની વાત કરતાં ધણી આગળ સાફ શબ્દોમાં કહી દીધું "મોટીનાં લગ્ન લેવાં જોઈએ, એની મરજી દેવળમાં લગ્ન કરવાની છે. આમ આપણાથી બેસી રહેવું કેમ પાલવે? તમે જઇને પાળકને મળો અને બધું નકકી કરો તો?" "છોકરાં રાજી છે

અને આપણને પણ વાત પસંદ છે, તો પછી વિલંબ કરવાની શી જરૂર ?" વાત તો બરાબર હતી. પરંતુ આ વાતથી કારકુન ચિડાઈ ગયા. પાદરીનું નામ પડતાં તેમને ગુસ્સો ચઢયો અને બોલ્યા. "આજ સુધી નથી ગયો, અને હવે એમની પાસે જાઉં ?" બે ત્રણ ભજનિયાં સુનાવી દીધાં અને કંઇ તમાજ ન હોય તેમ પત્નીને સંભળાવી દીધુ "એમને જેમ કરવું હોય તેમ કરે. હું સમાજ પાંસે જનાર નથી."

આ સ્થળના પ્રતિપાળકની નવી નિમણૂક હતી તેઓ આ કુટુંબને વિશેષ ઓળખતા નહોતા. પરંતુ સવિતાને મદદ કરવાને અર્થે તેમણે આ કુટુંબની મુલાકાત લેવાનું ચાલુ કર્યું. ઘણી વખત તેઓ તેમના ઘેર જાય, વાતો કરે અને એમનાં મન મેળવવા પ્રયત્ન કરે. પરંતુ કારકુનની હઠીલાઈ અને દુરાગ્રહ એમની ઇચ્છાને તોડી પાડે. ઘણી વખત સમજૂતીના રાહ પર લાવવાને આડી અવળી વાતો કરી તે કુટુંબને સમજાવ્યું પણ નિરર્થક. ઉલટાનું આ આવો તે તેવો વિગેરે વાતો કરી સર્વ પ્રયત્નો તોડી પાડે. નિષ્ફળ જવાથી પાળક ઘણા નિરાશ થઈ ગયા. તેઓ લગ્ન કરાવી શકે તેમ હતા. પરંતુ બીજી મુશ્કેલીઓ આડે આવતી અને તેમને તેમ કરતાં રોકી રાખતી. પ્રથા ખોટી પડી જાય, અને સમાજ અવળે માર્ગે વળી જાય. સમાજની શિસ્ત ન જળવાય અને આગળ જતાં અંધાધૂંધી થઈ જાય એ મોટો ભય એમને લાગતો. વળી માબાપની સંમતિ વિના કંઈ કરવા જાય અને કોઇ ઊંધા મગજનો માનવી વચ્ચે વિક્ષેપ નાંખે તો ? ફજેતી થાય ! આવા વિચારોથી તેઓ સવિતાનાં લગ્ન વિશે કશું કરી શકયા નહીં.

ઘરમાં વાતાવરણ બહુ તંગ થઈ ગયુ. મોટી દીકરીનાં લગ્નનો પ્રશ્ન. મા ઘણું સમજાવે પણ પતિ આગળ તેમનું કંઈ ચાલે નહીં.

પતિ પાળક પાસે જવા તૈયાર નહિ. કોઇ કોઈની સાથે બોલે નહિ. કોઈ કામકાજમાં ચેન પડે નહિ. છોકરાં મોટાંજોટાં થએલ તેમને ક્યારે ઠેકાણે પાડવાનાં! આજ સુધી તો ગમે તેમ ચાલ્યું પણ હવે માથે જવાબદારી આવી. કંઇક કર્યા વગર તો છૂટકો જ નહિ! જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ આવા પ્રશ્નો મગજમાં ખડા થતા અને માને વિશેષ મૂંઝવતા. સવિતાના પિતાજીને કંઇ ફિકર નહોતી. તેમને મન...હતું કે ભલેને કોર્ટે જઇ લગ્ન કરે! એમાં શો વાંધો છે! ભલભલા જાય છે, તો એ પણ જાય! શો વાંધો? આવા વિચારથી તેઓ કશી મચક આપે નહિ.

અંધાધૂંધીનું વાતાવરણ જામ્યું હતું તેમાં નવો કોયડો ઊભો થયો. નાની દીકરીને માની સાથે બહુ મેળ. બધા નાનાં મોટાં કામમાં તેમને મદદ કરે. રમતિયાળ, ખુલ્લા બોલા સ્વભાવની હોવાથી માની પાસેથી બધી જ વાત જાણી લે અને પોતાની વાતો પણ કરે. એ ઉંમરલાયક હોવાથી તેણે પોતાનાં લગ્નનો પ્રશ્ન ઉપાડયો. તેણે માને સંભળાવી દીધું. "મા મોટીબહેન ભલે દેવળમાં જાય અને લગ્ન કરે, આપણને એ દેવળ-બેવળ ના જોઇએ. એ શું? દેવળમાં જાઓ–આમ કરો –તેમ કરો એ બધી શી ભાંજગડ! આપણે તો પેલો રસ્તો સારો! કશી ખટખટ કે ડખલ જ નહીં! આપણે તો એ જ નિશ્ચય કર્યો છે."

"શું બકે છે? મશ્કરી કરે છે કે શું?" માને મશ્કરી જેવું લાગ્યું "ના મા, મશ્કરી નથી. હકીકત છે મેં તો બધું જ નકકી કરી દીધું છે. તમોને જરાયે ત્રાસ નહિ આપું. વળી, મારા બાપુજીની મરજી પણ એવી જ છે ને? પછી શો વાંધો?"

"એ ખરું બેટા! પણ કોની સાથે?" માએ સવાલ કર્યો

"છોકરા સાથે!"

"છોકરો તો ખરો પણ કોણ ? એ કહેશે કે નહિ ?" માની ચિંતા વધતી હતી. નાની બહેન જરા વિચારમાં પડી. આજ સુધી તો ટીખળી સ્વભાવને લઇને ગમે તેમ બોલતી હતી, પણ હવે તો ગંભીર પ્રશ્ન હતો. ગમે તેમ કેમ બોલાય ? તેથી તે એકદમ બોલી શકી નહિ અને મોં ઉપર શરમનો શેરડો ફરી વળ્યો.

માને વાત સાચી લાગી. તેમને વિચાર થયો. આજે છોકરાંનું શું ઠેકાણું ? બનવા જોગ છે. આ કળીયુગ બધાનું ઊંધું મારવા બેઠો છે. તેઓ વધુ ગંભીર અને ચિંતાતુર થઈ ગયાં અને ફરી પૂછ્યું, "બેટા ! કોણ છે એ નામ તો કહે ?" "અબ્દુલ્લ" નાનીએ ટૂંકમાં જવાબ આપ્યો.

ચૂલે રસોઈ બળવાથી તેની વાસ આવી તેથી તેઓ વાત પડતી મૂકી રસોડે દોડ્યાં. નાની બહેન બીજા ઓરડામાં જઈ અધૂરું ટેબલ કલોથ ગૂંથવા લાગી. તે સ્વભાવની બહુ ચંચળ અને ચબરાક હતી. મેટ્રિક સિનિયરનો અભ્યાસ કર્યા બાદ તેણી તેજ ગામમાં નોકરી કરતી હતી. બોલવામાં ઉતાવળી અને રમતગમતમાં હોંશિયાર હતી. સ્વમાન એને ઘણું વહાલું હતું. જ્યારે તે બજારમાં થઈને જાય ત્યારે કોઈની હિંમત નહિ કે તેનું નામ લઈ શકે! એક વખત એવું બન્યું કે એક છોકરાએ તેની મશ્કરી કરી. આ મશ્કરીથી તેને ઘણું માઠું લાગ્યું. પોતાનું અપમાન થયું જાણી તે ઘણી ગુસ્સે ભરાઈ, અને ભરબજારમાં ચંપલ કાઢી પેલાં છોકરાને ગાલ ઉપર બે લગાડી દીધાં. ત્યારથી કોઈની હિંમત નહિ કે તેનું નામ લે !

માને મોટી બહેનના લગ્નની ફીકર નહોતી, પણ આ નાનીના લગ્નની વાતથી તેમનું મન ચગડોળે ચઢયું. એ 'અબ્દુલ' કોણ હશે ? વળી આ વાત ખાનગી રખાય કેમ ? હું ખાનગી રાખું અને કંઈ અવળું કરી બેસે તો મારી આવી બને. એ બીકે તેમણે પતિને વાત

કરી અને બોલ્યાં ગમે તેમ થાય પણ આપણે વિવેકથી, સાવચેતીથી કામ લેવું જોઈએ. આજે જમાનો કેવો છે? પેટના છોકરાં ખાડામાં પડે તે સારું કહેવાય?

આ વાત સાંભળી કારકુનનો પિત્તો ચસકી ગયો અને આંખ લાલપીળી કરતાં બોલ્યા "એના ચામડાં ઉતારીશ. એ શું સમજે છે? મારી આબરૂના કાંકરા કરવાના છે? ઘણાંએ છોકરા છે. એ અબ્દુલો !......મવાલી···...એ બને જ કેમ?" એમની રગેરગમાં ગુસ્સો તપી ઊઠયો હતો. નાનીને બોલાવી બેચાર તમાચા લગાવી દીધા. એની મા વચમાં પડયા અને પતિને શાંત પાડયા અને કહ્યું "છોડીઓ ઉંમરલાયક થઇ છે તેમને માટે સારું ઘર ખોળી કાઢો અને ઠેકાણે પાડી દો. નહીંતર આબરૂનું લીલામ થશે." કારકુનને ગળે આ વાત ઊતરી ગઈ. પણ રસ્તો શો? ઉપાય માત્ર એક જ હતો કે પાળક પાસે જવું અને સમાધાન સાધી મોટીનાં લગ્ન પતાવવા, ત્યાર બાદ નાનીના લગ્ન સારી જગ્યાએ કરાવવાં.

તે દિવસ પછી નાનીને નિશાળે જવું આવવું બંધ થઇ ગયું. ઘરની ચાર દીવાલમાં ગોંધાઇ રહેતી અને ઘરનું કામકાજ કરતી.

આ બનાવથી અને નાનીના નિશ્ચયથી પિતાનું મન મૂંઝવણમાં પડયું. રોજબરોજ તેમને આબરૂની કિંમત સમજાઇ. પોતાની દીકરી આમ ખાડામાં–પરનાતમાં પડે અને ફસાઇ જાય એ વાતથી એમને ચિંતા થવા લાગી. આખરે તેમનું મન ફર્યું. અસહકાર અને ગર્વ ઓસરી ગયાં. હૃદયમાં પશ્ચાત્તાપ થયો. પાળક પાસે ગયા અને ખેદ વ્યક્ત કરતાં માફી માગી.

મોટી બહેનનાં લગ્નની પૂર્વ તૈયારી હોવાથી અને વિઘ્ન દૂર થવાથી એમનાં લગ્ન પખવાડિયામાં વાજતે ગાજતે થયાં. આ પ્રસંગ અને સુખદ સમાધાનથી સૌ કોઇ હરખાયાં અને આનંદમાં આવી ગયાં.

મોટીબહેનનાં લગ્ન થવાથી બધું સારું થયું પરંતુ હજી નાનીનો પ્રશ્ન તો ઊભો જ હતો. મોટી બહેનનાં લગ્ન થયાં બાદ થોડા દિવસ પછી, વાળુ કર્યા બાદ સર્વે ઘરમાં બેઠાં હતાં. પ્રસંગ સારો હતો તેથી પિતાજીએ વાત ઉપાડી. "બેટા, ઈશ્વરકૃપાથી બધું સારું થઈ ગયું છે. ફિકર અમને તારી જ છે. એક છોકરો મારા ધ્યાનમાં છે. બધી વાતે સારું છે. જો તું તારી મરજી જણાવે તો!" નાની એક બાજુ ચિંતાતુર વદને બેઠી હતી તેના તરફ જોઈને તેઓ બોલ્યા.

"મારે લગન–બગન ના જોઈએ!" મોઢું નીચે કરી નાનીએ જવાબ આપ્યો.

"એમ કેમ ચાલે? જરા વિચાર કર! અમારી આબરૂનો સવાલ છે!" પિતાજી ઘણા ઢીલા થઈ ગયા હતા. એક બાજુ રજાઈ ઉપર બા તથા મોટી બહેન બેઠાં હતાં. ગંભીર વાતાવરણ છવાયું હતું. મોટી બહેન મનમાં મશરૂક મશરૂક હસી રહી હતી. હોઠ ઉપર હાસ્ય હોવા છતાં એ શરદ ગંભીર થઈ, ભારેખમ બની બેઠો હતો અને પોતાની મર્યાદા સાચવતો હતો.

આખરે મોટી બહેન હસવું ખાળી ન શકી. અને તેનાથી મોટેથી હસી દેવાયું. પિતાજી એની સામે જોઈ રહ્યા અને બાહુક જેમ બની ગયા.

અહીં વાત ઘણી ગંભીર છે અને આમ ખડખડાટ હસે છે. કારણ શું? તેમને કંઈ સમજ પડી નહીં. નાની લગ્ન કરવાનું જ ના કહે છે–વાત શી છે? કંઈ સમજાતું નથી તેઓ વિમાસણમાં પડ્યા.

મોટી બહેનથી ન રહેવાયું તે બોલી ઊઠી, "બાપુજી! એ તો એણે તૂત ઊભું કર્યું હતું." નાનીથી ન રહેવાયું. તે ઝટ બોલી,

"હા વળી, એ ગંદા વાંચીને મેં મારા ચંપલનો સ્વાદ ચખાડયો હતો. તેની સાથે કદી લગ્ન થતાં હશે ?"

"શું કહે છે બેટા ?" પિતાએ આશ્ચર્ય વ્યકત કર્યું.

"હા, બાપુજી સત્ય !"

"સત્ય !"

"હા જી, તદ્દન સત્ય !"

"અરે ! તમે લોકોએ મને બનાવ્યો !" વાહ ! વાહ ! કરતા તેઓ પોતે પણ હસી પડ્યા. સૌ કોઈ ખડખડાટ હસ્યાં.

નવ વાગ્યાનો સુમાર હશે. દેવળનો ઘંટ વાગતો સાંભળી નાની બહેનને પ્રોગ્રામ યાદ આવ્યો. તેઓ સર્વે ઝટપટ તૈયાર થઈ ગયાં અને દેવળે ગયાં. બંને બહેનોએ નાયલૉનની નવી સાડી પહેરી હતી. એમના મોં ઉપર કૌતૂકનું હાસ્ય–અનેરો આનંદ ઉપજાવી પ્રભાવ પાડી રહ્યું હતું.

---

# રતન

હિંદભરમાં મેથોડિસ્ટ મિશનના કાર્યને સો વર્ષ પૂરાં થયે, શાનદાર શતાબ્દી, લખનૌમાં ઊજવવામાં આવનાર હતી. 'જવું કે ન જવું" એ પ્રશ્ન શરૂથી જ મૂંઝવી રહ્યો હતો. આખરે નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય પણ જવું જ. સાથે મિત્રોની કંપની સારી હતી. જીવનમાં આવો પ્રસંગ મળે યા ન મળે. 'જીવવા કરતાં જોયું ભલું" એ ઉક્તિ મુજબ બધી તૈયારી કરી આખરે લખનૌ જવા નીકળ્યો. અંબરનાથથી બીજે જ દિવસે સીધો નડીઆદ ગયો. વહાલાં મા–બાપને મળ્યો. બે–ત્રણ કલાકનો વખત હતો તેથી પેટ ભરી માને મળી લીધું. ખૂબ વાતો કરી. દીકરાને મળવાથી વૃદ્ધ

આને ઘણો આનંદ થયો. શીરો બનાવી દીકરાને ખવડાવ્યો અને કહ્યું, "બેટા ! લખનૌ જાવ પણ મને ભૂલતા ના, ત્યાંની રેવડી ઘણી વખણાય છે મારે માટે જરૂર લાવજો." અને ભાવભીની વિદાય આપી. તે જ વખતે કાચની બત્તીને દીવાલે ખીલા સાથે ગોઠવીને મૂકવા જતાં કાચનો ગોળો જમીન ઉપર પડયો અને ચૂરે ચૂરા થઈ ગયો.

પંદર–વીસ માણસનો કાફલો નડીઆદથી નીકળ્યો. અને વડોદરા આવ્યા, ત્યાંથી દહેરાદુન એકસપ્રેસમાં જવાનું હતું. અમારી ચાર જણની ટુકડી સર્વમાં તરી આવતી હતી. ચારમાંથી એક જે અર્થ-શાસ્ત્રનો અભ્યાસ કરતો હતો તેને ખજાનચી નીમ્યો અને જે કંઈ ખર્ચ થાય તેને માટે સંયુક્ત ખાતું ખોલ્યું. ગાડીમાં બેસતાં પહેલાં જ તાસનાં બે પ્રાકીટ ખરીદ્યાં. ગાડીના ડબ્બાનું રિઝર્વેશન જાણે અમે જ કર્યું હોય તેમ રૂઆબભેર જગા લીધી. જો કે ડબ્બો રિઝર્વ કર્યો નહોતો છતાં ડબ્બામાં દાખલ થનાર મુસાફરને અંદર આવવા ઘણી મુશ્કેલી ઊભી કરતા–બલ્કે કોઈ અંદર આવવા હિંમત કરતું નહિ. અરે ! મથુરામાં પંડયા સાથે ઝઘડો થતાં થતાં રહી ગયો. આમ લાંબી સફર પૂરી કરી, આનંદ અને ઉમળકાભેર દિલ્હી પહોંચ્યા. ત્યાં બે દિવસ રોકાઈ, સર્વ ઐતિહાસિક સ્થળો જોયાં. સ્પેશ્યલ ગાડી કરાવી કુતુબમિનાર ગયા. શરીર પ્રકૃત્તિએ થાક હોવા છતાં એની ટોચે ચઢયા અને દિલ્હીના દર્શન કર્યાં. લખનૌ જવાનું હતું તેથી ત્યાં વધુ ન રોકાતાં રાતની ગાડીએ લખનૌ ગયા.

સ્ટેશન ઉપર અમારું સ્વાગત કરવા માટે સ્વયંસેવકો હાજર હતા. સર્વ સામાન એમને કબજે સોંપી અમો ખાસ બસમાં બેઠા અને ઉતારે ગયા. પાંચેક હજાર માણસની વ્યવસ્થા કરવામાં આવી

હતી. કૉલેજ હોસ્ટેલમાં વ્યવસ્થા મુજબ અમને એક રૂમ મળી. ચારે જણે એમાં ધામો નાંખ્યો.

કૉલેજના વિશાળ પટાંગણમાં, રંગરંગીત પડદાઓથી સુશોભિત ભવ્ય શામિયાનો ઊભો કર્યો હતો. પ્રાંતવાર અલગઅલગ ખંડ પાડવામાં આવ્યા હતા. સુશોભિત વાક્યો અહીંતહીં નજરે આવતાં હતાં. રંગબેરંગી તોરણો અને થાંભલે થાંભલે ટ્યુબલાઈટ સુંદરતામાં ઑર વધારો કરતાં હતાં.

બીજી બાજુ સેંકડો ટેબલો ફૂલો વડે સજાવેલાં હતાં. ત્યાં જમવાની વ્યવસ્થા હતી. કશી વાતની ખામી નહોતી જે કાંઈ જોઈએ તે તૈયાર. કશી વાતની ચિંતા જેવું નહીં. ખુશનુમા વાતાવરણ, આનંદ ઉપજાવે તેવાં કાર્યક્રમો, જ્ઞાન–ગમ્મત અને આનંદ સિવાય બીજી કોઈ વાત ત્યાં જણાય એમ ન હતું.

મધ્ય પ્રદેશના માજી ગવર્નર શ્રીમાન કે. એમ. મુનશીના શુભ હસ્તે શતાબ્દીની ઉદ્ઘાટન વિધિ થઈ. આજે પહેલો જ દિવસ હોવાથી ખાસ કાર્યક્રમ નહોતો. ચોથા દિવસે પ્રત્યેક પ્રાંત પોતાની ખાસ વિશિષ્ઠતા દર્શાવતા મનોરંજક કાર્યક્રમ રજૂ કરનાર હતો. આથી ગુજરાતી ભાઈઓએ વિચાર કર્યો કે આપણે ઘણાં છીએ. બહેનો પણ છે, જો 'ગુજરાતનું ગૌરવ' ગરબો ગોઠવીએ તો ? સર્વે સહમત થયાં અને ગરબાની તૈયારી કરવા લાગ્યાં.

ચાર વાગ્યાનો સુમાર હશે. ચા પીધા પછી વખત હોવાથી બાજુના હોલમાં ગોઠવવામાં આવેલ પ્રદર્શન જોવાં ગયાં. પ્રદર્શનની પ્રત્યેક વસ્તુ બારીકાઈથી જોવાને સમય નહોતો તેથી જેમ તેમ જોતા આગળ વધતા. એવામાં ખ્યાલ આવ્યો કે આપણા 'શની'એ એનાં ચિત્રો પ્રદર્શનમાં મૂક્યાં છે. મેં જોયાં નહોતાં, તેથી તે જોવાનું મન થયું. હું એ મિત્રો શોધી કાઢવાની ફિકરમાં હતો. એટલામાં નવીને બૂમ મારી,

"કાકા, શું કરો છો ? ચાલોને ?"

"મારે શનીનાં ચિત્રો જોવાં છે."

"જોયાં હવે, અહીં આવો" તેણે ફરી મોટે અવાજે કહ્યું. હું જવા તૈયાર નહિ તેથી જણાવ્યું, "આવું છું થોડી વારમાં." નવીનથી ન રહેવાયું તે ચિંતાતુર વદને મારી પાસે આવ્યો હતો. એના હાથમાં તાર હતો. તાર બતાવતાં તેણે કહ્યું.

"જુઓ ! આ તાર આવ્યો છે."

"તાર !" શબ્દ સાંભળતાં જ હું ગભરાઈ ગયો "શું હશે ? હજી અહીં આવતાં આજે પહેલો જ દિ છે ને વાંહે જ તાર ?"

"માની હાલત ગંભીર છે, જલદી આવો."

તાર વાંચ્યો અને હોશકોશ ઊડી ગયા. માને શું થયું હશે ? ચાર દિવસ ઉપર તો તેઓ સાજાં ભલાં હતાં. નખમાં એ રોગ ન હતો અને આજે આમ ઓચિંતો તાર ! વાત માની શકાય તેમ નહોતી. અમારાં ગાત્રો શિથિલ થઈ ગયાં. વિશેષ અમારી ચારની ટોળકીએ આગળથી ઘડી રાખેલ પ્રોગ્રામ ફસકી પડયો. અમારા ઘણા ઘણા મનોરથ હતા તે સર્વ હવે યાદ સુદ્ધાં આવતા નહોતા. શતાબ્દીના સમારંભ પછી આગ્રા જવું ને તાજ જોવો. મથુરા વૃંદાવન જઈ સર્વ ઐતિહાસિક સ્થળો જોવાં, આવો પ્રસંગ વારંવાર આવે નહિ. તેથી જેટલું ફરી શકાય તેટલું ફરવું અને દુનિયાની મજા માણવી. પણ 'તારે' અમારા દિલના તારને ઝણઝણાવી મૂકયા. અને શૂન્યવત્ થઇ ગયા. મુખ પરનું હાસ્ય અલોપ થઈ ગયું ને ગમગીન વાતાવરણ છવાઇ ગયું. એક જ વિચાર મનમાં ઉપડયો. "બસ, ચાલો ઘેર ! મા, બીમાર છે. એમને શું થયું હશે ?"

અમે ડાકખાને પહોંચ્યા ને રૂપિયા ચાળીસ બાનું ટેબલ પર મૂકી

ટ્રંકકોલ કરવા પ્રયત્ન કર્યો પરંતુ સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયા. કમનસીબે લાઈન સંદેશો પહોંચાડી શકે તેમ નહોતું.

આખરે બધું જેમનું તેમ પડતું મૂકી સીધા સ્ટેશને ગયા. દિવાળીનો દિવસ. શહેરમાં રંગરોગાનની રોશની પણ કશામાં દિલ ન ચોંટયું. ગાડીમાં ભારે ભીડ, બીજા વર્ગની ટિકિટ કઢાવી, ત્યાં પણ પગ મૂકવાની જગા નહિ. આવતી વખતે જે રીતે અમે ગાડીમાં આવ્યા તે રીત સદંતર ઓસરી ગઈ હતી અને બૈસાબ-બાપા કરી બેસો જગા માટે કરગરતા કરગરતા એક ખૂણે ઊભા રહ્યા. તે વખતે અમને બીજા મુસાફરોનો ખ્યાલ આવ્યો. અમને પગ મૂકવાની થોડી જગા આપી તે બદલ જાણે આભ જેટલો ઉપકાર કર્યો ન હોય એમ લાગ્યું.

બીજે દિવસે ફરી દિલ્હી આવી પહોંચ્યા. સદ્દેવે ફ્રન્ટીયર મેલ મળ્યો. વડોદરાની ટિકિટ કઢાવી નહોતી તેથી ગાર્ડને વિનંતી કરી ગાડીમાં જગા લીધી. ઊંઘ, ઉજાગરા, થાક, ભૂખ સર્વે અલોપ થઇ ગયાં હતાં, એક માત્ર વિચાર હતો કે વહેલી તકે ઘેર પહોંચવું ને માને મળવું. ફ્રન્ટીયર મેલ પૂર ઝડપે મજલ કાપતો હતો છતાં દિલને લાગતું કે એની ઝડપ ઘણી ધીમી છે. એ કયારે ઘેર પહોંચાડશે !

રાતનો સમય હતો. ચોમેર અંધકાર છવાયો હતો. હજી સવાર થવાને વાર હતી. સર્વે નિદ્રામાં હતાં. અમે ઝટપટ ઘેર આવ્યા. દરવાજે આવતાં જ અવાજ કર્યો, "મા ! મા !" પ્રત્યુત્તર ન મળ્યો.

"મા" પોકારનો પ્રત્યુત્તર આપનારને આજે દુનિયામાં કોઇ નહોતું 'મા' આજે જવાબ નથી ! માની સૌરભથી ભર્યું ઘર ખાલીખમ જણાયું.

સુખ દુઃખ વેઠીને ચાળીસ વર્ષ સુધી ગ્રામસેવા કરી હતી તે કાર્યની શતાબ્દી જોવા અમને લખનૌ મોકલ્યા, અમને પઠાવી પોતે પરલોક ચાલ્યાં ગયાં ! ! !

# શાપિત

"કોણ"! પ્રશ્ન કરતાં ડૉકટરે દરવાજો ખોલ્યો. મધરાતે, કડકડતી ઠંડીમાં ફાટેલો તૂટેલો ધાબળો વિંટાળી, જર્જરિત ડોશીમા ડૉકટરને બંગલે આવી હતી.

"કેમ આવવું પડ્યું ? શું કામ છે ? કોણ છો ?" ડૉકટરે ઉપરા છાપરી સવાલ કર્યા.

"સાહેબ ! હું ખ્રિસ્તી છું." "શું કહ્યું ?" આગ લાગી અને ઝૂંપડાં બળીને ખાખ થઈ ગયાં. બૈરાં–છોકરાં બિચારાં ટાઢમાં ટળવળે છે." ડોશીમા બોલ્યાં.

"કંઈ નુકસાન તો થયું નથીને ?" ડૉકટરે સવાલ કર્યો "ના, સાહેબ, ભગવાનની દયાથી સૌના જાન સલામત છે." ડોશીમા બોલ્યાં.

"વારૂ ! હવે સવાર થયે જોઈશું. હું થાકેલો છું. મને આરામની જરૂર છે કહી ડૉકટરે દરવાજો બંધ કર્યો, અને પલંગ પર પડ્યા.

ડોશીમા લાકડીને ટેકે પગથિયાં ઊતરે છે. એવામાં ડૉકટર બહાર આવ્યા. તેમને લાગ્યું કે આવી ઠંડીમાં એ કયાં જશે ? આમ વિચાર આવવાથી બે-ત્રણ કંતાનના ટુકડા, અને કૂતરાને ઓઢાડવાનો કામળો લઈ તેઓ બહાર આવ્યા. ડોશીમા પગથિયાં ઊતરતી હતી. તેને રોકી અને બોલ્યા. "ડોશીમા, આવી ઠંડીમાં કયાં જશો ? લો, આ અહીં પરસાળમાં પડી રહો."

ડોશીમાને લાગ્યું કે દાકતર કંઈ મદદ કરશે. તેથી આશાસ્પદ વિનંતિ કરતાં બોલ્યાં. "ના, બા, મારાથી શે રહેવાય ! બિચારાં બહાર ટળવળતાં હશે, સાહેબ ! દયા કરો ? ભગવાન તમારું ભલું કરશે !"

શહેરની ભાગળે, ડૉક્ટરે આલેશાન બંગલો બંધાવ્યો હતો. બંગલાની ચોતરફ છૂટી જમીન હતી. તેમાં રંગબેરંગી ફૂલોનો સુંદર બગીચો હતો. ચોતરફ ચાર ફૂટની દીવાલનો ફરતો કોટ હતો. શહેરની અંદર એમનું પોતાનું મોટું દવાખાનું હતું. ધણી ધણીયાણી બંને ડૉક્ટર હોઈને, દવાખાનું ધમધોકાર ચાલતું હતું. આમદાની પુષ્કળ હતી. કામ એટલું બધું આવતું કે સવારથી સાંજ સુધી વાત કરવાની ફુરસદ મળતી ન હતી. વધુ ને વધુ આમદાની થાય તેવું તેઓ ઇચ્છતાં હતાં. પૈસો એમને મન પરમેશ્વર હતો. આજે તેઓ અતિ શ્રમથી થાકી ગયાં હતાં. પત્ની ઘસઘસાટ ઊંઘતાં હતાં. પરંતુ ડૉક્ટર બધો હિસાબ કરી, દવાઓ પેટીમાં મૂકી, મોડી રાત્રે સૂતા હતા. અને મધરાતે જ્યારે ડોશીમા આવ્યાં, ત્યારે તેમની ઊંઘમાં ખલેલ પડવાથી અકળાઈ ગયા અને પોતાના બિછાનામાં જઈને નિશ્ચિંત સૂઈ ગયા. ડોશીમાના શબ્દો એમણે અવગણ્યા.

બે ગાઉ દૂર વગડામાં નહેરનું ખોદકામ ચાલતું હતું. ખોદકામ કરનાર મજૂરો, ત્યાં છાપરાં બાંધીને પોતાના કુટુંબ સાથે રહેતાં હતાં. પુષ્કળ ઠંડી પડતી હતી. જે કંઇ ઓઢવા પાથરવાનું હતું તે લઈ તેઓ તાપણાના શેકે સૂતાં હતાં. આખા દિવસના પરિશ્રમથી તેઓ ભરનિદ્રામાં હતાં. તેમની સાથે એક વયોવૃદ્ધ ડોશીમા હતાં. જ્યારે આ લોકો મજૂરીએ જાય ત્યારે ડોશીમા તેમનાં બાળકોને સંભાળતાં. અને સુખેથી તેમની સાથે જ રહેતાં. તેઓ જ્યાં કાંઈ જાય ત્યાં તે પણ જતાં. કારણ આ લોકો જ તેમનું સર્વસ્વ હતું. એમના ઉપર પોતાનો સર્વ આધાર હતો.

ચાર–પાંચ દિવસથી ડોશીમાને ટાઢિયો તાવ આવતો હતો. તેથી ટૂંટિયું વાળી તાપણા પાસે પડ્યાં હતાં એવામાં ઠંડા પવનનું ઝોલું આવ્યું અને તાપણાનો તણખો ઊડયો. એમના ઝૂંપડાએ

આગ ઝડપી લીધી. ડોશીમાએ જોયું તો આગ લાગી હતી. તેઓ ગભરાઈ ગયાં, અને સફાળાં બહાર નીકળી આવ્યાં, અને આગ, આગ બૂમરાણ મચાવી દીધું. એમની બૂમો સાંભળી સૌ કોઈ ઊઠી ગયાં, અને પોતાનાં બાળબચ્ચાં જે કંઈ હાથમાં આવ્યું તે લઈ બહાર નીકળી ગયા. જોતજોતામાં આગ ચારો તરફ ફેલાઈ ગઈ, અને સર્વ ઝૂંપડાં બળીને ખાખ થઈ ગયાં.

સૌ કોઈ નસીબ કૂટતાં, રડતાં કકડતાં, બહારની ભીષણ ઠંડીમાં પડી રહ્યાં અને આ અણધારી આફતથી દુઃખી થઈ ગયાં.

ડોશીમાને ઘણુંજ ખરાબ લાગ્યું. આગે સર્વનાશ વાળી દીધો. બિચારાં ! સવારે શું ખાશેપીશે એવો વિચાર આવતાં, તેઓ નાદુરસ્ત તબિયત હતી છતાંય, પોતાની લાકડીને ટેકે, અથડાતાં, કુટાતા, બે ગાઉની મજલ કાપી. અસહ્ય ઠંડીમાં ડૉકટર સાહેબને બંગલે આવ્યાં. તેમને આશા હતી કે ડૉકટર સાહેબ કંઈ રાહત આપશે. પરંતુ તેમની આશા ફળી નહિ. આથી ડોશીમા નિરાશ થઈ ગયાં. તેમને પરસાળમાં પડી રહેવું ન ગમ્યું. નિરાશ વદને પગથિયાં ઊતર્યાં, બે-ચાર ડગલાં ભર્યાં હશે ત્યાં તો તેમના પગ લથડવા લાગ્યા. અંગમાં તાવ ભરાયો હતો. પોતાને સ્થળે જવાને ઇંતેજાર હતાં. તેમને વહેલી તકે પોતાનાં વહાલાંની પાસે જવું હતું. પરંતુ પગ, આથડવા લાગ્યા. વય અને માંદગીથી પગ કમજોર બની ગયા હતા. શરીરનો કાબૂ ગુમાવતા તેઓ ભોંય પર ફસકાઈ પડયાં. ઊઠવા ઘણાં ફાંફા માર્યાં, પરંતુ ઊઠી ન શકયાં અને ત્યાં જ ઢગલો થઈ ગયાં. એમનો શ્વાસ ઘૂંટાઈ ગયો. ખાખ થએલ મંજિલે ન પહોંચતાં તેમનો આતમ અકલ્પ્ય મંજિલે પહોંચી ગયો. સવાર થતાં ભીષણ ઠંડીમાં તેમનું અંગ કોકડાઈ ગયું. અંતકાળે પાણીનો ઘૂંટડો આપવાને પાસે કોઈ ન હતું. કદાચ ! ડૉકટરે એની વાત સાંભળી

રહેમ લાવી દવાદારૂ કર્યા હોત તો આવું વિપરીત પરિણામ ન આવત ? હાય ! ભગવાન ! ગરીબનું કોઈ નહિ ! હાયકારો નાંખતાં તરફડિયાં મારતી ડોશીમા સદાને માટે દયાહીન દુનિયાને છોડી ચાલી ગયાં !

ડૉકટર સવારે ઊઠયા, સ્નાનશુદ્ધી કર્યા બાદ અડધા કલાક સુધી પૂજાપાઠ કર્યા. રાતનો પ્રસંગ તેઓ છેક વિસરી ગયા હતા. નાસ્તો કર્યો, ગરમ સુટ પહેર્યું. નેકટાઈ બાંધી અને દવાઓની પેટી લઇ પોતાની કારમાં બેઠા; એવામાં સ્થેટોસ્કોપ યાદ આવવાથી તે લેવા આવ્યા. તે વખતે તેમની નજર બાજુની પરસાળના પગથિયાં તરફ ગઈ. જુએ છે તો ડોશીમા, ત્યાં અર્ધનગ્ન અવસ્થામાં પડી હતી. તેમણે હાંક મારી પત્નીને બોલાવ્યા. પત્નીએ દૂરથી ડોશીમાના મૃતદેહને નિહાળ્યો અને બોલ્યાં, "બિચારી ડોશી ! એને કયાંય જગા ન મળી ? એને વેળાસર વગે કરો. પછી જાવ, ઘણું મોડું થઈ ગયું છે." અને સીધાં સ્નાનગૃહમાં જઈ સ્નાન કર્યું.

"વારૂ" કહી ડૉકટરે કાર હંકારી મૂકી. જયાં આ લોકો રહેતાં હતાં ત્યાં ગયા અને ખબર આપી દવાખાને ગયા.

આ સમાચાર સાંભળી નાનું મોટું સૌ કોઈ દુઃખી થઈ ગયાં, અને ડોશીમાને લેવા દોડયાં. ડોશીમાને ઊંચકી લાવ્યા, નયનોશ્રુ વડે નવડાવ્યાં. તેઓ પોતાનું દુઃખ ભૂલી જઈ વ્યવસ્થા કરવામાં મંડી પડ્યાં અને આઘાત અનુભવવા લાગ્યાં. નહેરની બાજુમાં કબર ખોદી, આગેવાને અંતસમયની પ્રાર્થના ઉચ્ચારી, ડોશીમાને દફનાવ્યાં. માયા અને મમતાની આખરી અંજલી રૂપે, ફૂલ વીણી લાવી, પુષ્પાંજલી અર્પણ કરી અંતકાળે ડોશીમાના માળખાને મૂકવાને માટે ન હતી પેટી કે ન હતા પાળક !

રસ્તે જતો વટેમાર્ગુ અહીં થંભ્યો, આ દૃશ્ય જોયું, તેને અફસોસ થયો, તેની આંખમાંથી આંસુ સરી પડયાં, "હાય રે દુનિયા! તારી બલિહારી!"

વિધિના ખેલ નિરાળા હોય છે. થોડા વખત પછી ડૉકટરની સ્ત્રી દવાખાને ગયાં. તેઓ ઘણાં ખુશી હતાં. એમના આનંદનો પાર નહોતો. તેઓ પૈસેટકે સુખી હતાં, વાડી–ગાડી સૌ કાંઇ હતું, પરંતુ સંતાન ન હોવાથી નિરાશ રહેતાં, પરંતુ આજે એ નિરાશા અલોપ થઈ ગઇ હતી. પોતાને પ્રસવ થશે એ વિચાર માત્રથી તેમનું હૃદય ગૂંજી ઊઠયું હતું. જ્યારે તેમને ખાટલા ઉપર લેવામાં આવ્યાં ત્યારે તેમની સ્થિતિ ગંભીર હતી. પ્રસવ સરળ નહોતો. મામલો એવી અણી ઉપર આવી ગયો કે ઑપરેશન કરવા સિવાય છૂટકો જ નહિ! ડૉકટરની ઇચ્છા ન હોવા છતાંય ઑપરેશન કરવાની ફરજ પડી. ઘણી જ કાળજીપૂર્વક ઑપરેશન કરવામાં આવ્યું. બાળક પુત્રને જોઇને ડૉકટર ખુશ ખુશ થઇ ગયા અને વહાલથી વધાવી લીધો. ઑપરેશન થયા બાદ થોડા સમયે તેમને શુદ્ધી આવી, બાળકને પડખે લીધું અને ઘણું જ વહાલ કર્યું. મુખ ઉપરનું હાસ્ય અને આનંદ અલોપ થઇ ગયાં હતાં. સુખના દિવસો સાવ ભૂલી ગયાં હતાં. પોતે જુજ દિવસનાં મહેમાન ન હોય તેમ વહાલા પતિ, સુંદર બાળક તરફ એક નજરે જુએ અને નિરાશા અનુભવતાં ઊંડા નિશ્વાસ નાંખતાં.

દિનપ્રતિદિન એમની તબિયત બગડવા લાગી. ડૉકટરની ચિંતા વધવા લાગી, અનેક ઉપચારો કર્યા પણ સુધારો ન થયો અને ઑપરેશન પછી પત્નીનું એકાએક અવસાન થયું. પત્નીના અવસાનથી ડૉકટર શોકમાં ઘેરાઈ ગયા. એમના દુઃખનો પાર ન રહ્યો. પત્નીના મરણ બાદ પોતાના નાના બાળકમાં જીવ પરોવાયો અને ખૂબ કાળજીપૂર્વક ઉછેરવામાં આવ્યું. પરંતુ દૈવયોગે દસ દિવસ પછી તે મરણ પામ્યું.

આમ, એક પછી એક અણધાર્યા બનાવથી તેમનું જીવન દુઃખી થઈ ગયું અને સર્વ સુખ શૂન્યમાં પરિણમ્યું. જીવન આકરૂં થઈ પડયું. જીવનની આશાનો એક માત્ર તાંતણો તૂટી જતાં તેમનું હૃદય ભાંગી ગયું. અસહ્ય વેદના સહિત બાળકની અંતિમક્રિયા કરી ઘેર આવ્યા.

અરૂણાસ્ત થઈ ગયો હતો. સર્વત્ર અંધકાર છવાયો હતો. ભારે હૈયે પોતાના દીવાનખાનામાં પગ મૂકયા. દીવાનખાનાની પ્રત્યેક આકર્ષક વસ્તુઓ જોતાં તેમને ચીડ ચઢી અને પોતાના જીવન ઉપર નફરત થઇ, મનને કાબૂમાં લઇ, શાંત સ્વસ્થ કરી, શ્રમિત શરીરને આરામ આપવા પલંગ પર પડયા, પરંતુ આંખની ઊંઘ અલોપ થઇ. ઘર જાણે ખાવા ધાતું ન હોય તેમ લાગ્યું. તગતગતી આંખો ચારેકોર ફરવા લાગી અને ચિત્ત ચગડોળે ચઢયું. સૂના ઘરમાં ભણકારા થવા લાગ્યા. જ્યાં નજર નાંખે ત્યાં જર્જરિત ડોશીમાની પ્રતિછાયા આંખોમાં પડે. કાનમાં જોર–શોરથી પડઘા પડવા લાગ્યા. "ભગવાન તમારું ભલું કરે! ભગવાન ભલું કરે!" એ આખરી શબ્દોએ એમના મગજના તાર ઝણઝણાવી દીધા. મનની સ્થિરતા ગુમાવતાં તેઓ પલંગ પરથી કૂદ્યા, અને પોકારી ઊઠયા, "ભગવાન ભલું કરે! ભગવાન ભલું કરે! ભગવાન ભલું કરે!!!" ભગવાન......ભગવાન......ભગવાન....., ના.........ના.........નહિ.........નહિ.........ભગવાન! ના... ના.........નહિ.........નહિ.........!!!

# નારીનું મૂલ્ય

ઠંડા પવનની લહેરો વાતી હતી. વૃક્ષ માત્રનાં જૂનાં પત્રો ખરી જઈ ને નવીન પત્ર આવ્યાં હતાં. રંગબેરંગી ફૂલોની સુગંધ ચોમેર પ્રસરતી હતી. કેસૂડાના કેસરી ફૂલો પર જાણે સારીયે વસંત

ઋતુ ઊતરી પડી ન હોય ! ફૂલો મરક મરક મહેકી રહ્યાં હતાં. જોનારની આંખને ઠારતાં અમે અનેરો-આનંદ ઉપજાવતાં હતાં. પૂર્વ દિશાથી ઊગતા રવિના પ્રતિબિંબ પ્રાતઃકાળના વન, ઉપવન તથા સરોવરના પાણીમાં ખીલેલાં કમળો ઉપર પોતાનું તેજ ફેંકી રૂપેરી રંગ ઉપજાવતાં હતાં. આમ્રવૃક્ષની ઘટામાંથી નીકળતા કોયલના સૂર કર્ણને આલ્હાદક આનંદ આપતા હતા. ચોતરફ નજર નાંખતાં હરેક વસ્તુમાં વસંતઋતુએ નવું જ્યોત ધારણ કર્યું હોય એમ ભાસતું હતું.

એક યુગલ હવાફેર માટે આવી, સરોવર કિનારે, આમ્રવૃક્ષની છાયા નીચે બેઠું હતું. દુનિયાથી પળભર નિરાળા થઈ ને સૃષ્ટિ સૌંદર્યનું પાન કરી રહ્યું હતું. કોઈ ગંભીર ઊંડા વિચારમાં ગરક થઇ ગયું. સાદાં વસ્ત્રોમાં પરિધાન, મજબૂત બાંધાની, ખીધર્મમાં કુલીન, પ્રવીણ, ઉત્સાહી, ઉચ્ચ રસથી ઊભરાતી ખ્રિસ્તાભિમાની સુલક્ષણા મધુર સ્વરે ન છૂટકે બોલી, "વસંત ! શું ! બે નિર્જીવ સંતાન કુદરત અને શક્તિ આ સારાયે બ્રહ્માંડને ઉપજાવે એ કદી શક્ય છે ?"

મોટાં શહેરમાં વસનાર, રંગ-રાસના શોખીન તેમ જ ઉચ્ચ શિક્ષણ મેળવનાર મનુષ્યો ક્વચિત ઈશ્વરમાં માનતા હોય છે. ઈશ્વર પરની શ્રદ્ધા માત્ર નામની હોય છે. જે કંઈ થાય તે 'એવાં નસીબ' એ તો 'કુદરત' એવું માનનાર આજે લાખો મનુષ્યો છે. એવું એક સુશિક્ષિત, સુધારામાં આગળ વધેલું એક કુટુંબ કલકત્તા શહેરમાં રહેતું હતું. કુટુંબમાં ફક્ત ત્રણ માણસો. પૈસેટકે સુખી, ધીરધારનો ધંધો ધમધોકાર ચાલતો એટલે ઘરમાં નાણાંની ઉણપ નહીં. વળી, કુટુંબમાં એકનોએક પુત્ર હોવાથી, પુત્રને અનહદ લાડ લડાવવામાં આવતાં હતાં. પુત્રનું નામ ફોઈએ વસુકાંત પાડ્યું હતું, પણ

લાડમાં તેને સૌ વસંત કહીને બોલાવતાં હતાં. બાપ ધંધામાં રચ્યો પચ્યો રહે એટલે દેવસ્થાનમાં નિયમિત જવું જ એવો ખાસ નિયમ નહોતો. મા આડા દિવસોએ આમતેમ બેસવા જાય અને શેખીની વાતો કરે. રવિવારને દિવસે ફુરસદે બજારમાં જઈ મેવા-મીઠાઇ લઈ આવે અને બીજો વખત ઉત્કૃષ્ટ ભોજન બનાવવામાં મશગૂલ રહે. પતિ-પુત્રને મિષ્ટાન ખવડાવવાં એ એના હૃદયનો આનંદ હતો. વસંત રવિવારને દિવસે માની પાસેથી પાંચનું અડધિયું ખિસ્સામાં નાંખી દોસ્તો સાથે ઉપડી જતો.

વસંત ભણવામાં બહુ હોશિયાર હતો. જોતજોતામાં તેણે અભ્યાસ પૂરો કરી, કૉલેજના ચાર વર્ષ પણ સહેલાઈથી પસાર કરી ગ્રેજ્યુએટ થયો. બીજે જ વર્ષે તેનાં લગ્ન એક ધાર્મિક કુટું-બની કન્યા સાથે લેવડાવ્યાં. કન્યા ગુણમાં જાય એમ નહોતી. જેવું તેનું નામ તેવા જ તેના ગુણ હતા. સ્હેજ સ્હેજ બાબતમાં તેનો ગરીબ અને નમ્ર સ્વભાવ તરી આવતો હતો. પતિસેવા એ સ્ત્રીઓની મોટામાં મોટી ફરજ છે એવું તે માનતી હતી. વળી, ધર્મ પ્રત્યે તેને અપૂર્વ અભિમાન હતું. નિયમિત ઈશ્વર સ્તવન કરવું, પોતાનાંને પહેલાં ધાર્મિક માર્ગે દોરવાં, બાળકોને ઉત્તમ ચારિત્રમાં કેળવવાં એ દરેક સ્ત્રીની અનિવાર્ય ફરજ છે, એવી ઊંડી છાપ તેના પિતાજીના ઘેરથી જ પડેલી હતી. પરણીને બીજે ઘેર આવ્યા પછી પણ પોતાના અસલ સંસ્કાર અચળ રહ્યા હતા. વાળુ કર્યા બાદ થતી કૌટુંબિક પ્રાર્થના તેને અહીં જોવા ન મળી. આથી તેને દુઃખ લાગતું. પરંતુ તેના પ્રયત્ને આ નિત્યક્રમ ચાલુ થએલ. મનેકમને સાસુ તથા વસંત તેમાં ભાગ લેતાં, સસરાજી વિહ્વ-ળતાથી બેસતા, ક્વચિત ચિડાઇ પણ જતા, પરંતુ પુત્રવધૂને ઓછું ન આવે માટે તેમાં ભાગ લેતા. એમનું મુખ્ય કામ એ હતું કે દરરોજ પોતાના ચોપડા કાઢી, મોડી રાત સુધી હિસાબ ગણ્યો

અને રોજનું સરવૈયું બેસાડવું.

કાળ પાણીના પ્રવાહની માફક વહી જાય છે. દિવસ પછી રાત, તડકો પછી છાંયડો એમ કુદરતી ક્રમનાં ચક્રો ચાલ્યા જ કરે છે. એક વરસ, બે વરસ એમ કરતાં પાંચ વર્ષો વીતી ગયાં. જ્યાં માબાપમાં ધર્મનો છાંટો યે ન હોય, ત્યાં વસંતને વળી ધર્મ શો અને ટેવ શું ? બાપની સાથે ધંધામાં પડવાથી રહીસહી અસર પણ નષ્ટ થઈ ગઇ. પોતાની પ્રિય પત્નીના પ્રયત્નો કંઈ કામ ન આવ્યા ! અવનવા મિત્રોની સંગત થઇ. તેમાં સટ્ટો, જુગાર રમનાર મિત્રો પણ હતા. એમના તરફથી એને સટ્ટો રમવાની ટેવ પડી. પોતાની હોશિયારીને લઈ ને વેપારધંધામાં તથા સટ્ટામાં ઘણા પૈસા કમાવા લાગ્યો. દિવસે દિવસે તે પૈસાની નજીક અને પરમેશ્વરથી દૂર દૂર થતો ગયો. ખરેખર ! સુખના દિવસોમાં ઘણા મનુષ્યોને ઈશ્વર યાદ આવતો જ નથી ! કહ્યું છે કે, " સુખમાં સોની, દુઃખમાં રામ. "

થોડા વખત પછી એવું બન્યું કે વસંતના પિતાજી અઢળક ધન મૂકી સ્વર્ગવાસ થયા. તેમના મરણ બાદ માતાજીને ઘણો આઘાત લાગ્યો. તેમની તબિયત બગડી અને બે વર્ષને અંતે દેવલોક પામ્યાં. આમ એક પછી એક મોટી ખોટ પડી, પરંતુ અઢળક ધનથી મદમસ્ત બનેલ મનને ખાસ ખોટ જણાઇ નહિ. ફિલોસોફી અને બુદ્ધિમત્તાનો મદાર બાંધી બેઠેલા આ યુવકને મૃત્યુ, માત્ર રાસાયણિક વિકાર થયો હોય એમ લાગ્યું. પિતાજીના મરણ પછી લેવડદેવડનો ધંધો કંટાળાભરેલો લાગવાથી તેણે સટ્ટામાં સંપૂર્ણ રીતે ઝંપલાવ્યું. કદીક તે કમાતો તો કદીક તે ગુમાવતો. તેનાં સોગટાં સીધાં પડતાં આથી એને વિચાર આવ્યો કે બધી જ મૂડી રોકી દઉં તો હું કરોડાધિપતિ ! આમ કરોડાધિપતિ બનવાની આશાએ તેણે સઘળી

મૂડી રોકી દીધી. સર્વ મૂડી રોકયા બાદ તેને વિચાર આવ્યો કે લાવ થોડા પૈસા પાછા ઉપાડી લઉં ! પણ શું ? તે તો ક્યારનાયે ભરાઈ ચૂકયા હતા, કરોડાધિપતિ થવાના આનંદમાં તે ઘેર આવ્યો. વહાલી પત્ની સાથે વાતો કરી. મનમાં તર્કવિતર્ક કરવા લાગ્યો. નિંદ્રાદેવીને ખોળે વિસામો લેવા જાય તે પહેલાં બંદગી કરવાનું સુલક્ષણાએ જણાવ્યું અને કહ્યું, "વસંત ! આપણને સુખનાં સર્વ વાનાં પૂરાં પાડે છે, તેનું નામ અવશ્ય લેવું જ જોઈએ !" આવેશમાં આંધળોભીંત થયેલ, કોઈના દુઃખની પરવા કર્યા સિવાય બોલ્યો, "એમ હોય તો કહે તારા પ્રભુને કે તે અહીં રૂપિયાનો વરસાદ વરસાવે ! જો, સવારમાં તું રૂપિયાનો ઢગલો ન જો તો મારું નામ વસંત નહીં." એની હોશિયારીની હિંમત અને અર્થનો ગર્વ તથા ઉદ્ધતાઈ તેના અવાજમાં સ્પષ્ટ તરવરતાં હતાં.

'માણસ ધારે છે કંઈ અને ઈશ્વર કરે છે કંઈ' બીજે દિવસે વસંત વહેલો તૈયાર થઈ સ્ટેશને ગયો. પેપર વાંચ્યું અને તે એકદમ નિરાશ થઈ ગયો. તેણે જોયું તો તે જુગારમાં હારી ગયો હતો. એને આઘાત લાગ્યો. એનું મોં લેવાઈ ગયું. સર્વ આશા ઊડી ગઈ અને સ્વપ્નો ભાંગીને ભૂકો થઈ ગયાં. રાતનો પ્રસંગ તેને યાદ આવ્યો. તેનું મગજ ચગડોળે ચડ્યું. તેની સર્વ સંપત્તિ ચાલી ગઈ હતી. ગઈકાલનો લક્ષાધિપતિ આજે ગરીબ વસંત બની ગયો. એને શરમ લાગી. એને થયું હવે સ્ત્રીને શું મોં બતાવીશ ? વડીલાં માતપિતા યાદ આવ્યાં. તેનું હૃદય ચિંતાઓથી ઘેરાઈ ગયું. સુલક્ષણાને આ વાતની જરાએ જાણ ન થાય એવી સાવચેતીથી ઘેર આવી ગયો. દિવસે દિવસે ભોજન ભાવવિનાનાં થઈ પડયાં. ધંધો પડી ભાંગ્યો. પરિણામ એ આવ્યું કે તેની તબિયત બગડી અને આખરે તે ભયંકર માંદગીમાં સપડાયો. પત્નીએ પોતાની બનતી કોશિશે સેવાચાકરી કરી, દવાદારૂ પાયાં અને વસંતની તંદુરસ્તીને માટે પરમેશ્વરને પ્રાર્થના કરવા લાગી.

આજે વસંત ખાટલામાં અર્ધજાગ્રત સૂતેલો હતો. પડખે સુલક્ષણા તેના કપોલ પર મૃદુ હાથ ફેરવતી હતી. તેની સ્થિતિ ગંભીર હતી. તેના હૃદયમાં એક વિચાર ઘોળાયા કરતો હતો, "શું! પ્રભુ! સુખનાં વાનાં તું પૂરાં પાડે છે!" એ વિચાર સહસા તેના ઓષ્ઠ ઉપર આવ્યો અને ઓષ્ઠ ફરફરવા લાગ્યા. આ શબ્દો સાંભળી ગુણિયલ ચમકી, પોતાના પતિને અંત સમયે સમજાવવા લાગી અને મૃદુ સ્વરે કહ્યું "સ્વામી! માત્ર વિશ્વાસ કરો અને તે જરૂર તમને બચાવશે."

પ...ણ તેના શબ્દો સાંભળવાને કોણ તૈયાર હતું? જીવાત્મા વસંતના સ્થૂળ દેહને ત્યજીને ચાલ્યો ગયો હતો. પિંજરું ખાલી પડયું. સુલક્ષણા પતિના અવસાનથી અવાક્ થઈ ગઈ. વહાલા પતિના મૃત દેહ પર ઢગલો થઈને ચતાપાટ પડી. માથું કૂટતી, હૈયાફાટ વલોપાત કરવા લાગી. ચુંબનો તથા નયનોશ્રુઓથી નવાજ્યો. નારી હૃદય છલકાવા લાગ્યું અને સ્વામીભક્તિ પરાકાષ્ઠાએ પહોંચી.

દૈવયોગે એવું બન્યું કે ઠંડા પડી ગયેલા શરીરમાં ઉષ્મા દાખલ થઈ. સ્થગિત યંત્રોએ હલનચલન શરૂ કર્યું. વસંતને ભાન આવ્યું. તેણે આંખો ઉઘાડી. શ્રદ્ધા અને સ્નેહથી કરેલા પ્રાર્થના ઇશ્વરે સાંભળી. વસંતને નવો જન્મ મળ્યો એના જીવનનું બદ-લાણ થયું અને ઇશ્વરની ઓળખ થઈ.

દિવસે દિવસે વસંત તંદુરસ્ત થતો ગયો. પ્રભુનો તેમ જ પત્નીનો અંતઃકરણથી આભાર માન્યો. સુખે દુઃખે તેઓ પોતાના દિવસો વ્યતિત કરવા લાગ્યા. દૈવની અઢળક દયાથી તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. પોતાના નાના બાળકની સાથે આજે પણ તેઓ એ જ આમ્રવૃક્ષોની છાયામાં બેસી આનંદ કરે છે. અને ઇશ્વરની અકળિત કળાનું દર્શન કરતાં આશ્ચર્યમાં ગરક થઈ જાય છે.

---

# ભૂલનો ભોગ

"ઓહ ! મા ! ઓહ ! મા ! કોઈ બચાવો !" એવી હૃદય-ભેદક ચીસો નિર્મળાએ પાડી. તેની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી. એના કંઠમાં ગંભીર રુદન હતું. એને હૈયે આગ ભભૂકતી હતી. તેની જીભ કંઈ કહેવા ઉત્સુક હતી પણ તે મોંની બખોલમાં લપાઇ જતી. નિર્દય મારથી પોતાનું સંરક્ષણ કરવા તેના હાથ આમતેમ પ્રસરતા હતા. તેના ધણીની નિર્દયતા એનાથી સહન ન થઈ. અમાનુષી માર તે સાંખી ન શકી તેથી તેણે બૂમરાણ મચાવ્યું, "કોઈ બચાવો !" તેના કંઠમાંથી સોનાનો હાર ખેંચી કાઢી મનસુખ ચાલતો થયો. તે ગયો. સદાને માટે તેણે ઘરનો, પત્નીનો અને બે માસૂમ બાળકોનો ત્યાગ કર્યો. શેતાન અને શરાબ તેના ઉપર અસવાર થઇ તેને દૂર સુદૂર લઈ ગયા.

ઇંગિતપુર ગામે એક સુખી કુટુંબ પોતાનું જીવન અત્યાનંદમાં ગુજારતું હતું. તેમના જીવનમાં કોઇ રાહ કે તકરાર ન હતી. એકધારું જીવન વહેતું હતું. શરાબે મનસુખના હૃદયમાં ઘર કર્યું. એક બે વખત તેણે મદ્યાર્ક ચાખ્યો હતો. મિત્રોની સાથે આનંદ અનુભવતો હતો. તેને ઘણી લહેજત આવતી અને ત્યારથી જ દારૂ પીવામાં કંઈ પાપ નથી એવો તેનો ખ્યાલ બંધાઈ ગયો હતો. રોજબરોજ પીઠે જતો અને એકાદ બે પ્યાલી ગટગટાવતો. તે સમજતો હતો કે જેના જીવનમાં 'પ્યાલી' નથી તેનું જીવન નથી. જ્યારે તેની સામે પ્યાલી આવતી ત્યારે તેની આંખો નાચી ઊઠતી, અને તે એટલો બધો મસ્ત થઇ જતો કે તે પોતાના વહાલાં બાલુડાં તથા પત્નીને ભૂલી જતો. ઘણી વખત તે ગામમાં રહેતી એક વેશ્યાને ત્યાં જતો અને પોતાનો વખત ગુજારતો.

ધીમે ધીમે શેતાન એની મીઠી જાળમાં મનસુખને અજાયબ રીતે ફસાવતો હતો. એક દિવસ એવો આવ્યો કે તે પૂરેપૂરો આધીન થઇ ગયો. શરૂમાં તે પોતાનો પગાર વાપરી નાંખતો, એથી તૃપ્ત ન થતાં, ઘરના, બેંકના પૈસા છાની રીતે ઊડાડવા લાગ્યો. ભોળી સ્રીને આ વાતની ખબર ન હતી. કવચિત્ તે પૂછે તો આડીઅવળી વાતો બનાવી તેને છેતરતો અને વાત ઊડાવી દેતો. પત્નીને તેના ઉપર વહેમ તથા અણગમો ઉત્પન્ન થયો અને ઘરમાં કલહની શરૂઆત થઇ. એની ઘર પ્રત્યેની બેદરકારી ચાલવા લ.ગી. તે તેની સાથે વઢતી પણ તેનું કંઈ ચાલતું નહિ. દિવસે દિવસે તેની બદી વધતી ગઈ અને પૈસા ખૂટતા ગયા. એક દિવસ એવો આવ્યો કે કોઇ કારણસર તેની નોકરી છૂટી ગઇ. ઘરમાં પૈસાની તાણ વધી પડી. ઘરનો ખર્ચો કેમ પૂરો કરવો તે એક પ્રશ્ન થઈ પડયો. કોઈ બારી ન હોવાથી નિર્મળાને નોકરી કરવા માટે ફરજ પડી. શિક્ષિકાના કામમાં જે જૂજ પગાર આવે તેમાંથી તે ઘર–ખર્ચ નિભાવતી અને કરકસરથી પૈસા સંઘરતી હતી. મનસુખ તેની પાસેથી પૈસા માગી લેતો અને સ્વેચ્છાને પોષતો.

ઘણો સમય થયો પરંતુ મનસુખને કોઇ નોકરી મળી નહીં. આથી તે ઘણો વ્યાકુળ થઈ ગયો. પૈસાની જરૂર તેને જણાઈ. હવે કરવું શું ? તેને સમજ પડી નહીં. તેણે નિશ્ચય કર્યો કે હવે તે કોઈ મોટા શહેરમાં જઈ ત્યાં નોકરી કરવી અને અભિલાષા તૃપ્ત કરવી. પરંતુ તેની પાસે પરદેશ જવા માટે તથા ખર્ચા માટે પૈસા નહોતા. તેની નજર પત્નીના ગળામાં નાંખેલા હાર ઉપર ગઈ.

તે પત્ની પાસે ગયો અને ઘણા ડહાપણ સાથે વાત કરી અને સર્વ પરિસ્થિતિથી વાકેફ કરી. પરંતુ પત્નીએ તેની વાતો માની નહિ કારણ કે તેની બદચાલ તથા વ્યસન વિશે તે સારી પેઠે માહિત-

ગાર હતી. તેણે કહ્યું "બીજે જવાની કંઈ જરૂર નથી. કામધંધો તો અહીં પણ મળી રહે!" છતાં મનસુખ પોતાની માંગ પૂરી કરવા અતિ નમ્ર થઈ ગયો અને આગળ ચલાવ્યું. નિર્મળાને લાગ્યું કે આજે એનામાં કંઈ ફેરફાર થયો છે, અને એની આંખો ઉઘડી છે. જેમજેમ નિર્મળા વધુ શીખં આપે તેમ તેમ શેતાન, મનસુખના મગજમાં વધુ પ્રેરણા પ્રેરતો જાય. તેનો દેહ પત્ની સામે હતો પરંતુ મન મદ અને માયાથી ભરેલ સુંદર સુશોભિત ઓરડામાં ભમતું હતું. તેની આંખો વધારે ઘેનમાં ભરાઈ. શેતાન તેના બાહુબળમાં જોમ પૂરતો ગયો. તે એકનો બે ન થયો. ઓની વાતો તેણે તુચ્છકારી કાઢી. ધીમે ધીમે શેતાનિયત બહાર નીકળવા લાગી. મનસુખ પોતાનું ભાન ભૂલ્યો અને તેણે ગળામાંનો હાર લેવા હાથ લંબાવ્યા. ડોળા કાઢી ડરાવવા લાગ્યો. કંઠનો બચાવ કરવા ગઇ કે તરત જ ઉપરથી ધડાધડ મજબૂત હાથ ગમેતેમ પડવા લાગ્યા. તે ગભરાઇ ગઈ. તેણે સહાય માગી પણ તેને બચાવે કોણ? બાળકો બાજુમાં રડતાં પડયાં રહ્યાં અને મનસુખ કંઠમાંથી હાર ખેંચી કાઢી ચાલતો થયો.

એક પછી એક દિવસ પસાર થતાં પાંચ પાંચ વર્ષ વીતી ગયાં. નિર્મળાએ એની આશા છોડી દીધી. જે કંઈ કમાતી તેમાંથી પોતાનું ગુજરાન ચલાવવા લાગી. પોતાનાં વહાલાં બાળકોને સદ્દમાર્ગે દોરવા પ્રયત્ન કરતી અને હંમેશાં ઈશ્વરની સહાય માગતી.

અફસોસ! મનસુખે સદાને માટે ઘર છોડયું. ન તો તે બીજે ગામ ગયો કે ન કોઈ સારો વિચાર આવ્યો. તે સીધો શરાફને ઘેર ગયો. હાર આપી રૂપિયા લીધા. રૂપિયા હાથમાં આવવાથી આનંદમાં આવી ગયો. મન મૂકીને શરાબ પીધો અને જુગારને અડ્ડે ગયો. જુગાર રમવા બેઠો. વાતવાતમાં તેના જોડીદાર સાથે બોલાચાલી થઈ. વાત વધી ગઈ અને મારામારી પર આવી ગયા. બંને

આવેશમાં આવી ગયા. તેના જોડીદારે ખિસ્સામાંથી રામપૂરી ચાકુ કાઢ્યું અને લાગલું જ તેના પેટમાં ભોંકી દીધું. તે ભોંય ભેગો થઈ ગયો. તેના રામ રમી ગયા. હાથના કર્યાં હૈયે વાગ્યાં તે પુનઃ ઘેર જઈ શક્યો જ નહિ અને ભૂલનો ભોગ બન્યો.

---

# કુળ–લજાવ

આઠ આઠ દિવસથી કોર્ટ ચિક્કાર ભરાયેલ છે. વિવિધ પક્ષની વ્યક્તિ ઊલટસુલટ તપાસને અંગે હાજર છે. પાંચમો કતાર-ના સંરક્ષણ ખાતાના અને છૂપી તપાસ કરનાર સર્વ અમલદારો પગભર થઈ ચોગમ તપાસ ચલાવી રહેલ છે. અનેક નાની મોટી વ્યક્તિ મંત્રીથી માંડીને એલચી–અરે! મુખ્ય પ્રધાન એવા અનેક સંડોવાયેલ છે. આમસભાથી માંડીને મોટા મોટા ધારાસભ્યોમાં ઉહાપોહ જાગ્યો છે. ચૌટે અને ચકલે ખળભળાટ મચ્યો છે, અને એ જ ચર્ચાનો વિષય થઈ પડ્યો છે. જ્યાં જુઓ ત્યાં બસ એ જ પ્રકરણ અને એ જ વાયકા, સ્વદેશમાં તો શું પણ સારીયે આલમમાં સનસનાટી ફૂંકાઈ ગયો છે. સૌ કોઈ સીટ માંડીને બેઠા છે કે હવે શું થશે?

દિનપ્રતિદિન ચોંકાવનારી વિગતો બહાર પડે છે. હિચકારી, બિભત્સ, અત્યંત ભ્રષ્ટાચારથી ભરપૂર વિગતો બહાર આવે છે, અને લોકો ચોંકી ઊઠે છે. બેહદ અધમ! એટલી બધી અધમ કે કેટલાક ધંધાદારી અખબાર નવાજોએ પણ આ બાબત પ્રગટ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

આ હિચકારી ઘટના, એનો નાયક અને એનું સર્વ મિત્રમંડળ આજે અપમાન અને લજ્જાથી ભયભીત છે. પોતાનું નામ અને

કામ બહાર પડે એ ભીતિ સર્વને છે. કદાચ ! બીજા કોઈ દેશમાં હોય તો બંધબારણે કેસ ચલાવવામાં આવત, પરંતુ આ પ્રજાસત્તાક દેશમા, ઉઘાડે છોગ, જેમ બીજા ચુકાદા ચૂકવાય છે તે જ પ્રમાણે આ ન્યાય ચૂકવવામાં આવે છે. આમજનતામાં ભારે કૂતુહલતા પ્રવર્તી રહી છે કે હવે શું થશે ?

પણ શું થાય ? પોતે કરેલાં કાળકૂટ કૃત્યોનો આજે હિસાબ ચૂકવવાનો છે. એ હિસાબ ચૂકવ્યા સિવાય છૂટકો જ નથી. એના દિવસો ભરાઈ ગયા છે. હદદોરી અંકાઈ ગઈ છે.

હૃદયરોગનો નિષ્ણાત, અદ્દભુત કલાકાર પોતાની અદ્દભુત કલાથી મિનિટોમાં હુબહુ ચિત્ર દોરી કાઢનાર, પોતાનું ચિત્ર દોરી ન શક્યો ! પચાસ પચાસ વર્ષનાં વહાણાં વાયાં પરંતુ એ વિચાર એને ન સ્ફૂર્યો ! અરે ! એ ચૂક્યો પોતાના સરજનહારને !

આજે એ પચાસ વર્ષનો જુવાન કોર્ટમાં હાજર છે. એને ખાતરી થઈ ચૂકી છે કે એના પરમ મિત્રો કે જેમની સાથે તેણે જીવનની મહેફિલ-મોજ લૂંટી હતી તે એને તરછોડીને ચાલ્યા ગયા છે. "જેણે મૂકી લાજ, એનું નાનું શું રાજ" એ રાજની તરફેણમાં આજે કોઈ નથી. એનાં સર્વ પાસાં અવળાં પડયાં છે. શરમ અને લજ્જાથી એનું મોં લેવાઈ ગયું છે. ઘણાં ફાંફાં મારે છે પણ કોઈ રસ્તો સૂઝતો નથી. હવે શું થાય ?

ન્યાયમૂર્તિએ એને ગુનેગાર ઠરાવ્યો. અનીતિનો નાયક એને શિક્ષા થવી જ જોઇએ. એ શિક્ષામાંથી છૂટી શકે જ નહિ. બીજે દિવસે એનો ચુકાદો બહાર પડવાનો હતો. કદાચ ! ફાંસીને માંચડે લટકાવવામાં આવત ?

એને મોતની પરવા હોય કે ન હોય ! તેણે ન્યાયમૂર્તિને પોતાનો અંગૂઠો બતાવ્યો. ન્યાયથી એ છટકવા માંગતો હતો. તે

રાત્રે તેણે પોતાનાં સર્વ કૃત્યોનું સરવૈયું કાઢ્યું. હિસાબ ચૂકવ્યા સિવાય એને છૂટકો જ નહોતો. એણે ઝેરની પ્યાલી લીધી અને ગટગટાવી ગયો. આત્મહત્યા કરી અને અણમોલ જીવનનો કરૂણ અંત આણ્યો. દુન્યવી કચેરીમાંથી તે છટક્યો! પ.. ણ ન્યાયકાળે ઈશ્વરના દરબારમાં એ છટકી શકશે શું? એને હિસાબ આપવો જ પડશે. એ હતો આધુનિક કુલ–લજન પાળકપુત્ર સ્તેફન વોર્ડ.

# સિવિલ–મેરેજ

વૉરંટ! શબ્દ કાને પડતાં હું ગભરાયો. ચાર વાગ્યાનો સુમાર હશે. અમો ઘરમાં ચા પી રહ્યાં હતાં. એવામાં સાંભળ્યું કે બાજુમાં રહેતા વડીલ સાહેબને ઘેર પોલીસ વૉરંટ લઈને આવી છે. કુતૂહલ અને વિચિત્ર બાબત બનતી હોય એમ લાગ્યું. વડીલ સાહેબ બિચારા ખુદાની ગાય અને એમને ઘેર પોલીસ! તે વળી વૉરંટ સાથે? એમનો કોઈ દીકરો વૉરમાં નથી, કે જે ભાગી આવ્યો હોય અને વૉરંટ આવે, યા તો કોઈ ચોરી યા એવા કોઈ કારણસર ધરપકડ થાય, પણ એમના ઘરમાં એવું તો કોઈ નથી, તો પછી આ વૉરંટ શાનું? અમે બધાં બહુ વિચારમાં પડી ગયાં. અગર અણધારી આફત વડીલ સાહેબ ઉપર આવી પડી હોય તો, તેવે વખતે આપણી ફરજ છે કે તેમની કુમકે ઊભા રહેવું અને બને તે મદદ કરવી. આવા વિચારથી અમો ચા પીધી ન પીધી અને એમના ઘેર ગયા.

પગસાળનું બારણું વાસેલું હતું. જૂના વાંસની પટ્ટીઓની જાળી મારેલી હતી. બહારથી જ બધો ચિતાર સ્પષ્ટ નજરે આવે તેમ હતું. તે છતાંય વિવેક ખાતર બારણું ખોલી અમે અંદર પ્રવેશ્યાં, કંઈ ભૂલ તો થતી નથી એવા વિચારથી આવ્યા, પણ ત્યાં તો

એક બાજુ એક જુવાન અપરિચિત માણસ ઊભેલો હતો, અને તેની સાથે બે સિપાઈઓ પકડ વૉરંટ લઇને ઊભા હતા. એક નજરે બધી પરિસ્થિતિ પારખી લીધી. પોલીસવાળા પોતાની ફરજ ઉપર હોઇને જવાબ આપવા પણ તૈયાર નહીં. આંખો ફાડીને આમ જુએ તેમ જુએ અને પોતાનું કાર્ય કોઈ પણ રીતે ઝટ આટોપી લેવા તત્પર જણાયા. બીજી બાજુ વડીલ સાહેબ શરમ અને ગ્લાનીથી ભરપૂર ઊંડા નિસાસા નાંખતા હતા, અને આવા અકલ્પિત પ્રસંગથી ગભરાઈ ગયેલ હતા. તેમનાં ધર્મપત્ની બારણાની બારસાખ ઉપર બેસી પડયાં અને ખોળામાં માથું નાંખી છૂપો વલોપાત કરતાં હતાં. ન કલ્પી શકાય એવો પ્રસંગ, પરંતુ અમે જરા હિંમત રાખી વડીલ સાહેબને બાથમાં લીધા, ઘરમાં લઈ ગયા અને ખાનગીમાં પૂછ્યું, "સાહેબ શું છે? વાત તો કરો, અમે કંઈ કરી શકીએ એમ હોય તો......"

" શું કહું? મારું કપાળ? હોઠ ઊપડે શી રીતે?" બોલતાં પહેલાં જીભ કપાઈ જાય તો સારું એવું વડીલ સાહેબને થયું. પરંતુ લાચાર!!!

તેઓ બોલ્યા " આ લોકો આવ્યા છે મારી શાલિનીને લેવા!" " શાલિની?" અમે વાતનો મર્મ સમજી ગયા તે સાથે જરા કુતૂહલ પણ થયું. કારણ સિવિલ મેરેજ કરવા માટે ઘરમાંથી છોડી નાસી જાય છે, ત્યારે અહીં સિવિલ મેરેજ પછી છોકરી ઘરમાં આવે. જરા વિચિત્ર તો ખરું જ! ગમે તેમ હોય પણ આ પ્રસંગથી અમો શરમાઇ ગયા અને આજીજી તથા કાલાવાલા સિવાય બીજું કંઈ જ કરી ન શકયા.

નાનાશા ગામમાં ગણ્યાં-ગાંઠયાં કુટુંબો રહેતાં હતાં. આમતેમ નોકરીધંધો કરતાં અને વખત મળે યા ન મળે છતાંય મુશ્કેલી

તથા માંદગી જેવા પ્રસંગે એકદમ દોડી આવી એકબીજાને મદદ કરતાં. ભ્રાતૃભાવ, પ્રેમ અને સંપ અનોખો હતો. આવા નાના સમાજમાં સંપ અથવા પ્રેમનું કેન્દ્ર તો વકીલ સાહેબ હતા. ગમે તે મુશ્કેલી ઊભી થાય તો તેનું નિરાકરણ વકીલ સાહેબ કરતા. કોઈને ઘેર સારા-માઠા પ્રસંગે એમની હાજરી હોય જ.

સૌમાં એમનું માનપાન પણ એવું જ. એવા એમના મળતાવડા સ્વભાવ અને સેવાને લીધે સૌ કોઈ એમને વકીલ કહીને જ બોલાવતા-ઓળખાતા. એમનો સંસાર સુખી હતો. સંતાનમાં એમને બે દીકરીઓ અને એક દીકરો હતાં. દીકરા તથા દીકરીનાં લગ્ન થઈ ગયાં હતાં અને તેઓ શહેરમાં રહેતાં હતાં. વકીલને કોઈ વાતનું દુઃખ નહોતું, આજે એમના ઉપર અણધારી આફત આવી પડી. એમની દીકરી પરિચારિકાનો અભ્યાસ પૂરો કરી, દાહોદમાં સિવિલ ઈસ્પિતાલમાં નોકરી કરતી હતી, 'જનસેવા એ પ્રભુ સેવા'એ સૂત્ર એણે અપનાવ્યું હતું. અને એ રીતે પોતાના તન તથા મનથી દર્દીઓની સેવાચાકરી કરતી. પોતાની સેવાને કારણે સૌનો પ્રેમ સંપાદન કરતી. આમ નિર્દોષ સેવા કરતાં તે કોઈ હિન્દુ માણસના સંપર્કમાં વધુ ને વધુ આવી અને આખરે તેની સાથે ગાઢ સંબંધ થઈ ગયો. પોતે પૈસાપાત્ર હોઈને આ સુંદર કુમારિકા પાછળ પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દીધું. શાલિની એના પાશમાં સપડાઈ અને કંઈ જ સમજી શકી નહિ. આખરે તેઓ બંને સિવિલ મેરેજથી જોડાયાં. આ વાતની કોઈને ગંધ સુદ્ધાં આવી નહિ.

ઘર ન મળે એ મુશ્કેલી, અને રૂઢિચુસ્ત પરનાતના કુટુંબમાં જઈ રહેવું એ અશકય હતું. આથી તેણે મેરેજ કર્યું હોવા છતાં હોસ્ટેલમાં જ રહેતી અને પોતાનું ખાનગી જીવન ચૂપચાપ ચલાવતી. આજે એનાથી ન જ રહેવાયું. એને થયું કે આવું

ખાનગી જીવન કયાં સુધી ચલાવવું ? આજે ગમે તેમ થાય પણ મારે 'એમના' ઘેર જવું જ. જો મારો આવકાર થશે તો હું ત્યાં જ સુખેથી રહીશ અને નહીં થાય તો અલગ ઘર લઈ ને રહીશું, પણ આ વાતનો ફેંસલો આજે લાવી જ દેવો જોઇએ. પોતાનો મક્કમ નિશ્ચય તેણે પતિને દર્શાવ્યો : "આજે ગમે તેમ થાય, હું તમારી સાથે જ ઘેર આવીશ, મને માન–અપમાનની કશી જ ફિકર નથી."

પતિ એને પોતાને ઘેર લઈ જવા માંગતો ન હતો, તેથી આડીઅવળી વાતો કરી, વાત ઉડાવી દેતો, પણ આજે તેનું કંઇ ચાલે તેમ નહોતું. એને એ ભય હતો કે આજ સુધી સાચવી રાખેલો ભાંડો હવે ફૂટી જશે તો ? અને થયું પણ એમ જ.

બંને ઘેર ગયાં શાલિનીનું મન ખુશ હતું, કારણ કે તે પોતાનાં સાસુ–સસરા વિગેરેને મળવાની હતી. આવકાર–અપમાન વિગેરે ખ્યાલો તેના મનમાં આવતા અને અલોપ થઈ જતા.

પરંતુ વિધિના ખેલ નિરાળા હોય છે. એણે ધાર્યું હતું કંઇ અને નીકળ્યું કંઇ. ઘરમાં આવે છે તો સાસુ સસરાનું નહિ નામ યા નિશાન.

"આવો બહેન" કહીને બારણે બાઈ લેવા આવી અને ઘરમાં લઈ ગઈ. પાથરણું બેસવા માટે પાથરી દીધું. "બેસો બહેન, ચા લાવું." કહીને વહેલી વહેલી ચા બનાવવા માટે ગઈ. તે સમજી કે આ 'બહેન' એમની સાથે કામ કરનાર 'બહેન' હશે.

શાલિની વિચારમાં પડી ગઈ. આ બાઇ ? અને આ ત્રણ નાનાં નાનાં બાળકો ? આ હું શું જોઉં છું ? કંઇ સ્વપ્ન તો નથી ! તે બેબાકળી બની ગઈ. તેણે ધાર્યું હતું શું અને અહીં નીકળ્યું શું ? એના કોમળ હૃદયને આંચકો લાગ્યો અને આઘાતથી તે ધ્રૂજી

ઊઠી, 'હે ઈશ્વર ! આ માણસે મને દગો કર્યો !'

તે રાત્રે શાલિની હૉસ્ટેલમાં ગઈ. પોતાનું મન મનાવવા એણે ઘણો પ્રયત્ન કર્યો પરંતુ એને ચેન પડયું નહીં. ત્રણ કિશોર બાળકો એમની માતા અને એ બધો સંસાર જે પ્રત્યક્ષ જોયો હતો તે સર્વ ચિત્રપટની માફક તેની સ્મરણપટ્ટીમાં સાંગોપાંગ ઊતર્યો હતો. આ બધું ભૂલવા તે ઘણો પ્રયત્ન કરતી છતાં તે તેની સમક્ષતાથી દૂર કરી શકી નહીં. તેનું મન ચગડોળે ચઢયું અને તે બેકાબૂ-બેચેન બની ગઈ. તેને કેમે કરીને ઊંઘ ન આવી. એક લાંબો પત્ર તેણે લખ્યો. માણસજાત પ્રત્યે તેને ધિક્કાર થયો અને પોતાના જીવન માટે અફસોસ થયો. પોતાનાં વહાલાં મા-બાપ, ભાઈ-બહેન, મિત્ર-મંડળ અને પોતાના ભૂતપૂર્વના સુખી દિવસોની યાદ તેને આવી. એના ભવિષ્યના દિવસોને જેમ જેમ તે વિચારતી ગઈ તેમ તેમ તેને લાગ્યું કે ખરેખર ! નિરાશા ! નિરાશા સિવાય કાંઈ જ નથી આવા દુઃખના હેડમાં હોમાવું તે કરતાં એનાથી દૂર સુદૂર ભાગી જવું તે વિશેષ સારું છે. તેને વિચાર થયો કે હવે વહેલામાં વહેલી તકે મારે મારા ઘેર જવું જોઈએ.

બીજે દિવસે સવારની પહેલી જ ગાડીએ તે પોતાનાં વહાલાં મા-બાપને ઘેર આવી. માવતરને મળવાથી એને અનેરો આનંદ થયો. પોતાનું સર્વ દુઃખ તેણે દાબી રાખ્યું અને જેટલો આનંદ થયો તેટલો આનંદ માણવા તે ઉત્સુક બની "મા, આજે સરસ ખાવાનું બનાવો મને ભૂખ લાગી છે. મા, હું ફક્ત મળવા જ આવી છું, પાછી ચાલી જઈશ."

માને લાગ્યું કે દીકરી આજે કંઈ ઓર આનંદમાં છે તેથી તેને પૂછી પણ જોયું કે "બેટા, તારે માટે કંઈ વાત કરીએ તો ?"

પ્રત્યુત્તરમાં તે એટલું જ બોલી કે, "ના મા, હવે કાંઈ જ નહીં."

માને કંઈ સમજ પડી નહીં. તે દિવસે બધાં સાથે બેસીને ખૂબ આનંદથી જમ્યાં, ખૂબ વાતો કરી.

"મા, મારો વખત થયો છે. હવે હું જાઉં છું."

"બેટા, આજનો દિવસ રોકાઈ જા, કાલે જજે."

"ના મા, હવે મારાથી રોકાવાય તેમ નથી. હું તમને મળવા જ આવી હતી. મા–બાપા, હું જઈશ, હું જાઉં છું."

"બેટા! હું સ્ટેશન સુધી મૂકવા આવું?"

"ના. બાપુજી, કંઈ જ જરૂર નથી, તમો કશી જ ફિકર ચિંતા કરશો નહીં, હું જઈશ." કહીને તે ઘરમાંથી નીકળી.

બીજે દિવસે ખબર મળી કે કોઈ બાઈ કૂવામાં પડી છે. સર્વ કોઈ ચિંતા અને દુઃખમાં તો હતાં જ અને આવા સમાચાર સાંભળ્યા, સૌ કોઈ તે સ્થળે ઉપડયાં! કોણ હશે? ત્યાં જઈને જોયું તો એક કિશોરી અબળા પોતાનાં વહાલાં મા–બાપ, સ્નેહીઓ અને પ્રિય સમાજને ત્યજીને...મોતને વરેલી......શાલિની. એના જીવનનો કરૂણ અંત અને ભૂલના ભયંકર ભોગથી, અમો શોક અને શરમની છાયામાં ડૂબી ગયા. નાનાશા ગામમાં ગમગીન વાતાવરણનું મોજું ફરી વળ્યું. વોરંટવાળા વીલે મોઢે પાછા ફર્યા. વૃદ્ધાએ નિસાસા નાંખ્યા, "હે ઈશ્વર! તારાં બાળકોના આ હાલ? હે ભગવાન! તું જ એમનો રખેવાળ છે. આવા હાલ કોઈના ના થજો. શાલિની.........શાલિની! બેટા, શાલિની.........આ શું કર્યું?"

શાલિનીએ પોતાના જીવનનો કરૂણ અંત આણ્યો. તે રાત્રે તેને ઊંઘ ન આવી અને ન આવે તે સ્વાભાવિક છે. એના જીવનનો અંત આવે તે એને આવશ્યક અને જરૂરી લાગ્યું. ભવિષ્યમાં થનાર પ્રસંગોની પ્રતિછાયા તેને દેખાઈ. એ માણુસ કેટલો નિર્લજ્જ

અને ક્રૂર હતો કે કોઈપણ જાતનો વિચાર કર્યા સિવાય તાબડતોબ વૉરંટ લઈને શાલિનીની પાછળ પડ્યો. તે સારી પેઠે જાણતો હતો કે નબળું પાત્ર ઈજ્જત અને આબરૂનું માર્યું, મારી ધાકધમકીને આધીન થઈને મારી સાથે આવશે જ. વળી મારી પાસે રજીસ્ટર્ડ લગ્નનો પુરાવો છે. તેનાં મા–બાપ શું કરી શકવાનાં છે? એટલી એની છાતી! શાલિની આ બધું સારી પેઠે સમજી શકી હતી. તેને મન પોતાના જીવનનો અંત લાવ્યા સિવાય બીજો કોઇ રસ્તો જ નહોતો. જો એ એમ ન કરે તો આ માણસ તરફથી પજવણી હતી જ. કુટુંબમાં તેના કાર્યનો કળશ ચઢ્યો હતો, સમાજ કદાચ તેને અપનાવે અને ઘૃણાની દૃષ્ટિએ નિહાળે. આ બધી બાબતોની તેણે અતિ ચોકસાઈપૂર્વક ચકાસણી કરી હતી. તે રાત્રે તેની આંખોમાંથી ઊંઘ ઊડી ગઇ. ત્યારે આ બધા જ વિચારો દર્શાવતો એક લાંબો અથથી ઇતિ ઇતિહાસ પત્રમાં લખ્યો. એના મરણ બાદ એ પત્ર મળી આવ્યો. એ પત્ર દ્વારા સ્પષ્ટ થતું તેનું મનોમંથન અતિ માર્મિક, ચેતવણીરૂપ અને લાલબત્તી સમાન હોઈ અહીં રજૂ કરવું અસ્થાને નહીં જ ગણાય. જો કે આપણી દષ્ટિએ એનો આપઘાત અકુદરતી અને અયોગ્ય લાગે છે, પણ એની પોતાની દૃષ્ટિમાં તે તેને યોગ્ય લાગ્યું.

તેના પત્રમાં તે જણાવે છે કે તે અતિ પાપી છે, તેણે મા બાપ, સમાજ અને ઈશ્વરની સામે પાપ કર્યું છે. કદાચ, માબાપ યા સમાજ મારા આ કૃત્યને અપનાવે અને મને માફી આપે, પણ ઈશ્વર! મારો પ્રભુ! તે મને માફ કરશે? આવા વિચારોથી તેનું મન બેચેન બન્યું. દુઃખના પ્રસંગમાં તેને ઈશ્વરની યાદ આવી. તેણે પોતાનું પવિત્ર શાસ્ત્ર ખોલ્યું અને માત્થીનો ૨૭મો અધ્યાય તેની સામે આવ્યો. એક વખત વાંચ્યો, બે વખત વાંચ્યો, જેમ જેમ તે વાંચવા લાગી તેમ તેમ તેને વધુ ને વધુ નિરાશા હૃદયમાં શાંતિનો સંચય

થવા લાગ્યો. એ અધ્યાય એને અતિ પ્રિય થઈ પડ્યો. ક્ષણભર તે સર્વ કંઈ ભૂલી ગઈ. તેના સર્વ વિચારો, નિરપરાધી લોહી વહેવડાવનાર ઈસુમાં પરોવાયા. બીજી પળે તેને યહુદાહના આપઘાતના વિચારો આવ્યા તેથી થયું કે હું શા માટે નહિ? આમ તેના હૃદયમાં દ્વંદ્વયુદ્ધ જામ્યું. એને યાદ આવ્યું કે, "ઓ ભારથી લદાએલા સર્વે મારી પાસે આવો અને હું તમને વિસામો આપીશ."

એક તરફ દેવત્વ અને બીજી તરફ શૈતાનીય પ્રપંચોની સાઠમારી ચાલી. જાણે પવિત્ર દૂતોની ફોજ તેને આવકારવા તૈયાર ન હોય! એની સમસ્ત દષ્ટિ ઈસુના સ્વર્ગારોહણ તરફ વળી. એ જોઇ શકી કે પવિત્રોની સાથે પ્રભુ ઈસુ વાદળાંમાં અલોપ થઈ જાય છે અને ઉપર ને ઉપર જાય છે. જાણે તેને આહ્‌વાન દેતા ન હોય! કોઇ અકલ્પ્ય સંદર્શનીય આત્માનો સંચય તેના ભંગીત હૃદયમાં થયો હોય તેમ એને લાગ્યું. એની ઓરડીમાં એને નિર્દોષ પ્રભુ પરસ્વાધીન કરાય છે, બાંધીને લઈ જાય છે, મશ્કરી કરતાં, કોરડાનો અસહ્ય માર મારતા મારતા લઈ જાય છે એ કરૂણ દશ્ય ખડું થયું.

ઈસુ, ગલગથાની ટેકરી ઉપર જાય છે ત્યાં એના હાથ તથા પગોને ખીલા ઠોકવામાં આવે છે, એ સર્વ તે જુએ છે ત્યારે તેના નિર્બળ હૃદયના ચૂરેચૂરા થઈ જાય છે. તેણે નજર કરી તો એક બાજુ એક ચોર અને બીજી બાજુ બીજો, બંનેને માંચડે ટીંગાડેલા છે અને મધ્યમાં પ્રભુ ઈસુ પોતાના લોહીયાળ હાથ પ્રસારીને તેને પોતાની ગોદમાં જાણે બોલાવતા ન હોય!

કુમળું, બિનઅનુભવી હૃદય નાનપણથી ખ્રિસ્તી ઘરમાં ઉછરેલું શિક્ષણ-સંરક્ષણ પામેલું, આ બધા દ્રશ્યથી કેમ દ્રવી ન ઊઠે! ભલભલા રથી-મહારથી તેની આગળ નમી પડયા છે તો એ કોણ? અહીં તેના જીવન-મરણનો પ્રશ્ન હતો, એની નજર છેલ્લી

ઘડીએ પાપની કબૂલાત કરનાર ચોર તરફ વળી અને ઈશ્વર તેને અભય વચન આપતા જણાયા કે, "આજે જ તું મારી સાથે પારાદેશમાં હોઈશ." એનાથી ન રહેવાયું. તે આગળ વધી. ઓ સ્વામી ! મને માફ કર ! મને માફ કર, તે જ વખતે તેના મગજમાં નિત્ય ગવાતા સુમધુર ગાયનના પડઘા પડયા.

ઓ ખ્રિસ્ત, તુજ સ્વર મધુર મુજને બોલાવે છે;
તે સૂણી આવું શુદ્ધ થવા તુજ રક્તની મારફતે.
લાચાર ને છેક અશુદ્ધ, પુણ્ય વગર આવું છું;
સૌ દોષ તું પૂરણ કાઢે છે કે વગર ડાઘ હું થાઉં.
આવું છું તુજ પાસ, આવું આ પળે;
રક્તે મને ધોઈ નાખ, જે કૂખથી નીકળે...

એના હૃદયના તાર ઝણઝણી ઊઠયા. અંતરપટ અલગ થઈ ગયું, તે થંભની સામે આગળ વધી અને તેણે આક્રંદ અને ઉત્સાહપૂર્વક પોતાનું હૃદય ઠાલવ્યું. હે મારા દેવ !

ઈશ્વરે એની પ્રાર્થના સાંભળી. આમ રૂદનની રાત હર્ષમાં ફેરવાઈ ગઈ. તેના આત્માને સાંત્વન મળ્યું. ક્ષમાસાગર દેવની દયાદૃષ્ટિ એના ઉપર થઈ એના પોકાર પરમેશ્વરે સાંભળ્યા. એના જીવનના પુસ્તકમાં લખાએલા સર્વ કૃત્યો ભૂંસાઈ ગયા અને તેને નવીન જીવન મળ્યું. એનાં હૃદયને નવો આનંદ મળ્યો.

એ અવાચ્ય આનંદ લઈને તે ઘેર આવી. દુનિયાના અકળિત પ્રપંચોમાં પોતે ફસાઈ ગઈ. ભોળી અને નિસ્વાર્થ સેવાનું વિપરીત પરિણામ આવ્યું. તે સર્વ બાબત તે સારી પેઠે સમજી શકી અને પત્રમાં લખ્યું. આવા પ્રપંચોમાં ભવિષ્યમાં કોઈ ઠોકર ન ખાય એ માટે પોતાના જેવી અભાગી ભગિનીઓની સમક્ષ જીવંત નમૂનો

આપવાને ખાતર, પોતાના જાનની પરવા ન કરતાં, પોતાની જાતને સિવિલ-મેરેજની વેદી ઉપર હોમી દીધી અને અમૂલ્ય બલિદાન આપ્યું.

વહાલા વાચક ! શાલિની નિર્દોષ છે અને આજે તે ઈશ્વર પિતાની ગોદમાં સદાનો વિસામો લે છે. આજે એ સમાજ સમક્ષ જીવંત સાક્ષી મૂકી ગઈ છે. વિજયવંત શાલિની દેહથી અને આત્માથી સંપૂર્ણપણે ઈશ્વરને સોંપાઈ ગઈ. જોકે તે સ્થૂળ દેહમાં મરેલ હોવા છતાં, અમર છે. આજે પણ લોકો એનો આ માર્મિક છેલ્લો પત્ર મુક્ત કંઠે વાંચે છે અને આત્મસંતોષ અનુભવે છે.

---

# અર્થ અનર્થનું મૂળ

શનિવાર તારીખ ૨૭મી લગ્નની તારીખ ઠરાવી. ઉભય પક્ષોએ બનતી ઝીણવટથી, અતિ સાવચેતીથી નાનામાં નાની બાબતથી માંડીને મોટામાં મોટી બાબતોની ચકાસણી કરી, લગ્નના સર્વ કરારનો એકરાર કર્યો. કન્યાપક્ષને માથે બધી જવાબદારી, જવાબદારીનો બોજ, મૂંઝવણ સર્વ કંઈ હોવા છતાં તે વધુ પ્રબળ હતો, કારણ કે પોતાના નાના મોટા પ્રસ્તાવ એક પછી એક પસાર થયા હોવાથી સંતોષની લાગણી અનુભવતો હતો. પોતાની એકની એક વહાલસોઈ દીકરીનાં લગ્ન અતિ ધામધૂમથી થશે એવા વિચારોનો પ્રત્યાઘાત દરેકના મોં પર સ્પષ્ટ જણાઈ આવતો હતો.

નીલુબહેનના આનંદનો પાર ન હતો, કારણ કે પોતાની પસંદ કરેલ વ્યક્તિ સાથે તેનાં લગ્ન થવાનાં હતાં. એનાં સ્વપ્ન આકાર લેતાં જણાયાં. વિના વિઘ્ને, અતિ ધામધૂમથી પોતાનાં લગ્ન થાય એ વિચારમાત્રથી એનું હૃદય ગૂંજી ઊઠયું હતું. પોતાનો અભ્યાસ પૂરો કરી, સ્વાભિમાન અને મર્યાદા સહિત શાળામાં

શિક્ષિકાની નોકરી કરતી હતી. પોતાના અખંડ ચારિત્ર્યનો એને ગર્વ હતો. પોતાનું અપમાન તે કુટુંબનું, સમાજનું અને પવિત્ર ધર્મનું અપમાન તે તે સારી પેઠે સમજતી હતી. કોકાળે પણ અવિચારી પગલું ન ભરવું તે એનો મુદ્રાલેખ હતો. આવા આદર્શ વિચારોથી જેનું જીવન ભરપૂર હોય તેને કુટુંબમાં તો શું પણ સમાજમાં માન કેમ ન હોય! નીલુબહેન સમાજનાં કોઈપણ કાર્ય અતિ ઉત્સાહથી ઉપાડી લે અને એમ કરવાથી સૌ કોઈનો પ્રેમ અને માન સંપાદન કર્યાં હતાં. સૌ કોઈ તેને માનથી 'નીલુબહેન' કહીને જ બોલાવતાં.

નીલુબહેનના પિતાજી એક પ્રતિષ્ઠિત પાળક હતા. મોટા શહેરની મોટી મંડળીની જવાબદારી તેમને શિર હતી. મંડળીનાં નાનાંમોટાં કામ તેઓ કુનેહથી પાર પાડતા. ભવ્ય મુખમુદ્રા અને પડછંદ કાયા પૂલપીટને શોભાવતી. એમનાં બોધભાષણો અતિ માર્મિક હોવાને કારણે રવિવારને દિવસે મંદિર ખીચોખીચ ભરાઈ જતું. એમના જીવનમાં વેર, ઈર્ષ્યાને કોઈ સ્થાન નહોતું, પ્રેમમાત્રથી તેમણે સૌનો પ્રેમ સંપાદન કર્યો હતો. આજે એમને પોતાની એકનીએક વહાલસોઈ દીકરી નલીનીનાં લગ્નની જવાબદારીનો ભાર માથે હતો. પણ એ સર્વ ભાર એમણે કુનેહથી પાર પાડયો હતો. મંડળીના કારભારી ધનજીભાઈ એમના પરમ સ્નેહી હતા અને એમની કૌટુંબિક સર્વ ખાનગી બાબતોના જાણકાર હતા. એમના ઉપર પાળકને સંપૂર્ણ વિશ્વાસ હતો.

વિદ્યાવિલાસ અતિ વિદ્વાન હોઈને તેનો નિમણૂક વિદ્યાધિકારી તરીકે થઈ હતી. પોતે ગરીબ માબાપનો છોકરો હોવા છતાં, તનતોડ મહેનત કરી ઉચ્ચ વિદ્યા સંપાદન કરી હતી. થોડા સમયથી તે નલિનીના સંપર્કમાં આવ્યો અને ટૂંક સમયમાં તેઓ બંનેએ

એકબીજાને લગ્નનો વિચાર જાહેર કર્યો હતો. તેનાં માબાપ દશેક માઇલ દૂર ગામડે પરામાં રહેતાં હતાં. એમને થોડી ઘણી જમીન હતી, તેની ઉપજીવીકામાંથી પોતાનો નિર્વાહ ચલાવતાં હતાં.

મોટા પ્રતિષ્ઠિત કુટુંબમાં જઈ વાત કેમ કરવી તે એમને મનઃ મૂંઝવણ હતી. વિદ્યાવિલાસના કાકા હોશિયાર અને પૈસાપાત્ર હતા. પરામાં આગેવાની ભર્યો ભાગ ભજવતા અને ધાર્મિક કાર્યોમાં ઉદાર હાથે દાન આપતા. કોઇપણ કામને પહોંચી વળવાની એમનામાં હિંમત હતી. છોકરા-છોકરી રાજી હોય તો પછી આપણે વાત કરવામાં શો વાંધો ? વાત આપણે જ કરવી પડે, એવો દૃઢ નિશ્ચય તેમણે બતાવ્યો અને સર્વ મૂંઝવણ દૂર કરી.

બંદોબસ્ત પાકો કરવાને, બંધ બારણે બેઠક મળી. વરપક્ષ અને કન્યાપક્ષ મોઢામોઢ વાતો કરવા માટે એકઠા મળ્યા. વરપક્ષે જે અંતર કલ્પ્યું હતું તે દૂર થઇ ગયું અને ઉભય પક્ષે, ગાઢ સ્નેહી સંબંધથી એકબીજાની વધુ નજદીક આવ્યા.

કન્યાને માટે નાની પાલ્લવ પીનથી માંડીને નાના મોટા સર્વ દાગીનાની વાતચીત થઈ ગઈ. દાગીના ચૌદ કેરેટના નહીં પરંતુ શુદ્ધ સોનાના બનાવવા એવું નક્કી કર્યું. પાદરી સાહેબ અતિ મૂંઝવણમાં હતાં કે વાત કેમ કરવી પણ તેમની સહાયે ધનજીભાઇ આવ્યા. તેમણે સંકેત મુજબ વાતનો આરંભ કરતાં કહ્યું, "આપણે બધી બાબતો નક્કી કરી પણ મુદ્દો તો રહી જાય છે." વરપક્ષ આ મુદ્દાથી વાકેફ હતો જ એટલે આ સાંભળતાં જ તેમના કાન સળવળવા લાગ્યા. વરના કાકાને લાગ્યું કે "આંકડો" હશે અને તે પાંચસોથી સાતસોનો–એટલું તો હોય ! એમાં કંઈ મોટી વાત છે ! એટલે તેઓ ઝટ દઈ ને બોલ્યા "બોલો ને ધનજીભાઈ, શું છે ? અમને જણાવો તો ખબર પડે ને ?" ધનજીભાઈ પારંગત અને

આવી બાબતોના અનુભવી હતા, તેથી તેમણે ઠાવકું મોં કરીને આજુબાજુ જોયું અને ધીમે રહીને બોલ્યા, "રૂપિયા અઢી હજાર આપવા પડશે."

આ સાંભળતાં જ વર પક્ષ ખિસિયાણો પડી ગયો. ડાયરો ભરાયો હોય, બેઠક બેઠી હોય અને એમ ખિસિયાણા પડી જવું પાલવે ? વરના બાપાને હૃદયે આંચકો લાગ્યો, પણ તેઓએ હિંમત એકઠી કરી, પાળક તરફ જોયું અને બોલ્યા, "સાહેબ, સંમેલનનો કાયદો તો......" વાક્ય પૂરું કરે તે પહેલાં જ પાદરી સાહેબ બોલ્યા...." જુઓ વેવાઈ, ૧૯૨૫ની સાલમાં હું સંમેલનમાં ગયો હતો ત્યારે એ ખરડો પસાર થયો હતો. આજે જમાનો કેવો છે ? મોંઘવારીએ તો માઝા મૂકી છે. ભાષણ હાંકયે જ રાખ્યું "સંમેલનમાં કાયદાને માન કયાં છે ? આજે તો સંમેલન એક શંભુમેળા જેવું છે. જુઓ ને ! આપણી સરકારે સમાજ–સુધારા તેમ જ માનવ ઉત્કર્ષ માટે દારૂબંધીથી માંડીને તે જર, જમીન, જોરુ, છોરૂ અરે ! હવે તો ચાંદી, સોનું વિગેરે સર્વ બાબત પર સીધી યા આડકતરી રીતે કાયદા મૂકયા છે કે જેથી સારીયે આમજનતાને આર્થિક બાબતે સુધારો થાય અને લાભ મળે. આપણા સમાજમાં દિનપ્રતિદિન દૂષણો ઘૂસતાં જાય છે અને તે બાબતે આપણા આગેવાનો દુર્લક્ષ રાખે છે, આથી મારું હૃદય દુઃખ અનુભવે છે !" આમ દુઃખ અનુભવતી, છાતી આગળ કાઢી અને ઠસ્સાથી આગળ ચલાવ્યું. "આટલાં વર્ષોથી ભેગા મળે છે, પણ કોઈ સુધારો–વધારો કર્યો, કોઈએ જાણ્યો છે ?" ધનજીભાઈ તેમને ટેકો આપતાં વહારે ધસ્યા અને બોલ્યા, "સાહેબ ! પેલા વર્ષે હું સંમેલનમાં ગયો હતો, ત્યાં ચૂંટણીજંગ માત્ર બરાબર જામે છે."

વરના કાકા બધું ભાષણ ધ્યાનપૂર્વક સાંભળતા હતા. તેઓ વિચારપૂર્વક બોલ્યા, "સાહેબ ! સંમેલન બિચારું શું કરે ?

આપણે એના કાયદાઓ તરફ દુર્લક્ષ રાખ્યું છે, અને એ બાબતો અમલમાં મૂકતા નથી. વળી એકબીજા સામે આંગળી ચીંધીએ છીએ. આપણા સમાજના સળગતા પ્રશ્નો આપણે જ હોલવવા જોઈએ, અને કોઈપણ આગળ વધતી એબ ત્યાં જ અટકાવવી જોઈએ."

વિદ્યાવિલાસના પિતા આ વાર્તાલાપથી દંગ થઈ ગયા. તેમના મનમાં ઘણા કિસ્સા તાજા થયા. વધુ પડતાં નાણાં આપવાને અસમર્થ હોવાને કારણે ઘણાં કુટુંબોના પવિત્ર સંબંધ પરસ્પર તૂટી ગયા છે. ઘણાં આવા દાખલા તેમણે જોયા હતા કે જેમાં માબાપ છેડાઈને કિન્નાખોરીથી પોતાનાં છોકરાંને આવી શિખામણ આપે છે અને તેઓ અવળે માર્ગે વળી જાય છે. નકલી પાદરીના લેબાશમાં સમાજ વચ્ચે વસતા ધર્મદ્રોહી અને સમાજના દુશ્મન, આવાં યુગલોને ઉત્તેજન આપી, બંધ બારણે, સૂર્યાસ્ત વિત્યા બાદ લગ્ન કરાવી આપે છે અને એમ ભ્રષ્ટતાનો ફેલાવો કરે છે અને અનેકને ઉશ્કેરે છે પરંતુ તેઓ આવા કોઈપણ કાર્ય ધિક્કારતા હતા. આર્થિક દૃષ્ટિએ આ પ્રશ્ન તેઓને મૂંઝવતો હતો, પણ તેમણે ધાર્યું કે કંઈ નહીં, જરા વધુ મહેનત-મજૂરી કરીશું. આવા ડાયરામાં પૈસા ખાતર આપણી આબરૂનું પાણી થાય અને કલંકનો કળશ માથે ચઢે તે સારું નહીં. વળી, તે એક કાયરતાની નિશાની છે. આમ વિચારી તેમણે પૈસાની પરવા ન કરી

પાદરી સાહેબને લાગ્યું કે મુદ્દો બાજુ પર રહી જાય છે અને આપણે બીજા વિષય ઉપર ઊતરી પડ્યા એટલે એવો વિચાર આવતાં ઝટ દઈને બોલ્યા, "વેવાઈ, એમાં શોભા તમારી છે. જુઓને ! હું એક પ્રતિષ્ઠિત પાળક, મારે સારાએ સમાજનું જમણ કરવાનું. કેટલો બધો ખર્ચ ! વળી, નીલુબહેનનાં લગ્ન

વાજાં વગડાવ્યા સિવાય શોભે ? એમાં શોભા તમારી જ છે ને !"

"એ ખરું પાદરી સાહેબ, પણ 'આંકડો' જરા વધુ પડતો છે. છોકરો દેવામાં ડૂબી જશે. જરા વિચાર કરો તો સારું." વરના કાકા બોલ્યા.

આમ હા-ના કરતાં 'આંકડો' બે હજારનો નક્કી કર્યો.

દિવસો વીતતાં વાર લાગે છે ! જોતજોતામાં લગ્નનો દિવસ આવી પહોંચ્યો. ધનજીભાઈ અને એમના જુવાન ટોળાએ બધી જ વ્યવસ્થા કરી હતી. શનિવારે લગ્ન હતા, તેથી શુક્રવારે સાંજે જાન વાજતાં ગાજતાં આવી પહોંચી. ઉતારાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી.

મંડળીના નાનાં-મોટાં સૌ માંડવા નીચે મહાલતાં હતાં. સર્વત્ર આનંદ છવાયો હતો. આજે ગાવાનો છેલ્લો દિવસ હતો. ગાનાર શોખીન બાઈઓ મધુર અને સુરીલા રાગે ગીતો ગાતા અને ગવડાવતાં હતાં, વચ્ચે વચ્ચે જુવાન છોડીઓ પણ આધુનિક ગીતો ગાતી હતી. ડાહીબાઈને ગીતોનો બહુ શોખ, તેઓ છીંકણીના સડાકા લેતાં જાય અને ગીત ગવડાવતાં જાય.

"ડંકો વાગ્યો ને લશ્કર ઉપડયું ઝરમરિયા ઝાલાં–" "લશ્કર" શબ્દ આવે ત્યારે તેઓ છીંકણીનો સડાકો મારે તેથી 'લશ્કર'ને બદલે 'લસપસ' થઈ જાય. રમૂજ થવાથી બધાં હસે પણ ગીત ચાલુ જ રહે, થોડે અંતરે જુવાનોનું ટોળું ખાટલો, બાંકડો જ્યાં જગા મળી ત્યાં ભરાઈ બેઠું હતું. તેમને પણ રંગમાં રંગ જામ્યો હતો. આમ સર્વત્ર આનંદ આનંદ પ્રવર્તતો હતો. કારણ કાલ નીલુબહેનનાં લગ્ન છે. ગીતની રમઝટ જામી હતી. પાદરી સાહેબ પોતાની ધમાલમાં હતા. તેઓ મૂંઝાતા હતા. તેમણે ધીમે રહીને ધનજીભાઈને એકાંતમાં બોલાવ્યા અને કાનમાં વાત કરી.

ધનજીભાઈ ઉતારે ગયા અને વર પક્ષના આગેવાનોને બોલાવી લાવ્યા. બંધબારણે બેઠા. ચાની પ્યાલીઓ આવી. ચા પીધી અને રૂપિયા બે હજાર વરના કાકાએ ધનજીભાઈને ગણી આપ્યા.

દસનો સુમાર થયો હશે. પાદરી સાહેબે ધનજીભાઈ પાસેથી રૂપિયા બે હજાર લીધા, પરંતુ તેમના હાથ ધ્રૂજવા લાગ્યા. બધા ખર્ચાને પહોંચી વળવાનું છે એટલે કંઈ વાંધો નહીં, એમ કરીને તેમણે પોતાનું મન મનાવવા ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ મન માને નહીં, એમના અભ્યંતરમાં ઊંડે ઊંડાણમાં, કોઈ અકલ્પિત બાબત બની હોય એવા પડઘા પડવા લાગ્યા. એમનું મન બેચેન બન્યું. બેચેની વધવાથી હૃદયમાં ધ્રાસકો પડયો, હૃદય ગભરાવા લાગ્યું. તેમનું હૃદય નબળું હતું. જ્યારે તેઓ અતિ આવેશમાં આવી જાય ત્યારે હૃદય પર હુમલો થતો. નીલુબહેનનાં લગ્નની જવાબદારી, અને એમાં આ દુઃખ ઊપડયું તેથી તેઓ વધુ ચિંતાતુર થઈ ગયા અને ગભરાવા લાગ્યા. તેઓ પોતાની છાતી ઉપર હાથ દઈ ચૂપચાપ શયનગૃહમાં ગયા અને બિછાના પર પડયા. માંડવે ગવાતા ગીતોનો ઘોંઘાટ એમને ન ગમ્યો. એમણે પત્નીને બોલાવ્યા અને કહ્યું કે, "ધનજીભાઈને કહો કે પ્રાર્થના કરાવે અને સર્વને વિદાય કરે, જે કંઈ વહેંચવાનું હોય તે વહેંચી જલદી પતાવો."

આજે એમને ભારે હુમલો થયો હતો. પોતાની પાસે ગોળી હતી તે લીધી, પણ તેનાથી કંઈ આરામ થયો નહીં. ન છૂટકે તેમણે ડૉકટરને બોલાવ્યા, ડૉકટર આવ્યા, તેમને તપાસ્યા, દવા આપી અને કહ્યું "સાહેબ ગભરાશો નહીં, સારું થઈ જશે. હિંમત રાખો. જો ઊંઘ ન આવે તો આ ગોળી લેશો. આરામથી સૂઈ જાઓ. કશી ચિંતા કરશો નહિ."

ઘરનાં સૌ કોઈ ચિંતામાં પડયા અને ખાટલાની ચારે બાજુ

વિંટળાઈ વળ્યા. પાદરી સાહેબને જરા આરામ જેવું લાગ્યું, પરંતુ તેમને ઊંઘ આવે નહીં. ધર્મપત્નીને પાસે બોલાવ્યા અને કહ્યું, "તમો બધાં શ્રમથી થાકેલાં છો, હવે જાવ, મને સારું છે. કશી ચિંતા કરશો નહીં." એટલું બોલી ઊંઘની ગોળી લીધી અને ઊંઘી ગયા. તેઓ ઊંઘ્યા બાદ સૌ કોઈ પોતપોતાના બિછાનામાં જઈને સૂઈ ગયા. પાદરી સાહેબ ઊંઘી ગયા. ઊંઘમાં ને ઊંઘમાં જ એમનું હૃદય રૂપી ઘડિયાળ બંધ પડયું. આ વાતની કોઈને ખબર સુદ્ધાં પડી નહીં, કારણ સૌ કોઈ થાકને કારણે ભરનિદ્રામાં હતાં.

પરોઢિયે પાંચ વાગે ધનજીભાઈ ઊઠયા, અને બધાંને ઊઠાડયાં. પાદરી સાહેબ પાસે ગયા. જઈને જુએ છે તો સાહેબ સદાનો વિસામો લેતા સ્વસ્થ શાંત ઊંઘી ગયા હતા. તેમનું પ્રાણ પંખેરું પિંજર છોડીને ઊડી ગયું હતું. સર્વત્ર હાહાકાર થઈ રહ્યો. આનંદનો દિવસ શોકમાં પરિણમ્યો. સર્વ આંખો અશ્રુભીની થઈ ગઈ. શોક અને ગ્લાનિનું વાતાવરણ છવાઈ ગયું. ઈશ્વરના ઘરનો ડંકો વાગ્યો અને સાહેબનો જનાજો સ્મશાન યાત્રાએ નીકળ્યો. નીલુબહેનનાં સોનેરી સ્વપ્ન તૂટી પડયાં, તેમને માથે પિતૃછાયા છત્ર હતું તે ખસી ગયું. આનંદ અને ઉમળકાથી ઊભરાતો પોખરાજ જેવો ચહેરો શોક અને ચિંતાથી લેવાઈ ગયો. ખીલતું કમળ કરમાઈ ગયું અને આક્રંદનો પાર ન રહ્યો. વિદ્યાવિલાસ સાંખી ન શકયો. તે ઊઠયો. નલિની પાસે ગયો, તેને બાથમાં લીધી અને આશ્વાસન આપ્યું. એના મૃદુ વચનોએ નલિનીના કારી ઘાને રૂઝવવા પ્રયત્ન કર્યો.

પાદરી સાહેબનું અચાનક મરણ થવાથી લગ્ન અટકી પડયાં, બધી જ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ. એ પ્રસંગ એવો હતો કે સૌની આંખમાંથી આંસુ પડયાં અને માંડવે મહાલવાને બદલે સૌ

કોઈ દિલાસો દેવા આવ્યાં. અતિ દબદબાથી પાળક સાહેબની અંતિમ ક્રિયા થઈ.

વિદ્યાવિલાસ અને એના કુટુંબનાં સર્વે દુઃખમાં ડૂબી ગયાં. વિદ્યાવિલાસની મા, જે જૂના વિચારનાં હતાં તેમને આ પ્રસંગ ન ગમ્યો, કારણ કે અતિ ઉમળકાભેર વરને પરણાવવા નીકળ્યાં હતાં તે વિલે મોઢે પાછાં આવ્યાં. તેમને ઘણું જ ખરાબ લાગ્યું. ગામમાં વાતો થતી તે તેમના સાંભળવામાં આવી.

'પાશેરામાં પહેલી જ પૂણી' અને આ શી શરૂઆત! કેટલું ખરાબ! એમને સ્વપ્ને ય ખ્યાલ નહોતો કે કષ્ટ વેઠીને સુખમાં ઉછરેલા પુત્રના લગ્ન આમ કથળી જશે. પોતે ચુસ્ત હોવાં છતાં તેમના દિલમાં આ પ્રસંગથી આશંકા–કુશંકા ઉત્પન્ન થઈ. કદાચ ઈશ્વરની મરજી આ લગ્નમાં નહીં હોય! એવો વિચાર આવતાં તેઓ લગ્ન તોડી નાંખવાની પેરવીમાં પડયાં.

વિદ્યાવિલાસના બાપા ચિંતામાં ગરક થઈ ગયા. અતિ ધામધૂમથી થનાર લગ્ન એકાએક ફસકાઈ પડયું, તે તેઓ સહન કરી ન શકયા. તદુપરાંત કષ્ટ વેઠીને ઊભાં કરેલાં નાણાં અનિચ્છાએ તથા મજબૂરીથી ગણવા પડયાં હતાં તે વાતનો ખટકો તેમના દિલમાં ચર્યો. નાણાંની તો તેમને પરવા નહોતી પરંતુ બીજી ઘણી ઘણી સારી વાતો તેમના કાને આવી હતી તેથી તેમનું મન આ લગ્ન ઉપરથી ઊંચું થઈ ગયું. હજી સગાઈ વિગેરે કંઈ જ થયું નથી તો પછી આ વાત તોડી નાંખવામાં શો વાંધો? આવા આવા વિચારોથી તેઓ ચિંતાતુર બન્યા હતા.

લોકલાજને કારણે હોય કે પછી ગમે તેમ હોય પણ વિદ્યાવિલાસની મા તેમ જ બીજી બાઈઓ, થોડા દિવસ પછી નલિનીની માને મળવા, દિલાસો દેવા આવ્યાં. આવા દુઃખના સમયમાં બીજી

કશી વાત તો થઈ શકે નહીં પરંતુ તેમના બોલવામાં કે વર્તનમાં કોઈ પણ જાતની લાગણી કે ભાવના તેઓ પ્રગટ કરી શક્યાં નહીં. તદુપરાંત નલિની સાથે એક શબ્દની વાત સુદ્ધાં ન કરી. એમના મોંના ભાવ સ્પષ્ટ તરી આવતા હતા કે તેઓ જાણે કોઈ છૂપી તપાસમાં આવ્યાં ન હોય!

નલિની આ બધું કળી ગઈ. પોતાના લગ્નના દુઃખ કરતાં વિશેષ દુઃખ અને ફટકો તેના હૃદયને લાગ્યો હતો તે એ કે આજે પોતાના વહાલાં પિતા સિવાય ઘર સૂનું સૂનું લાગતું હતું. પ્રત્યેક બાબતમાં તેમની ખોટ જણાતી હતી, અમનચમનમાં દિવસો ગુજાર્યા હતા, આજે તે ઓશિયાળા બની ગયાં હતાં. એમના કારી ઘાનું ઓષડ કંઈ નહોતું. એનાં થનાર સાસુ તરફથી બે દિલાસાના બોલની આશા રાખી હતી તે ન ફળવાથી તેને ખરાબ લાગ્યું. એક તો ઘા હતો જ તેમાં આ બીજો નવો ઘા લાગ્યો. તેની હૃદય વ્યથા કોઈને કહી ન શકી.

આમ માથે લગ્નનો ભાર અને દિલમાં દુઃખ એ દ્વિતીય બોજ સહિત તેઓ પોતાના દિવસો ગુજારતાં હતાં. થોડા વખત પછી તેમણે આ વિશાળ મકાન ખાલી કર્યું અને અકથનીય દુઃખ સાથે બીજા નાના ઘરમાં જઈ રહેવા લાગ્યાં.

ધનજીભાઈ એમના પરમ સ્નેહી હતા અને સુખદુઃખના પ્રસંગે હાજર રહેતા તે હવે ક્વચિત્ જ તેમની મુલાકાત લેતા. ધનજીભાઈ અનુભવી હોવાથી સારી પેઠે સમજી શક્યા હતા કે પાદરી સાહેબના મોતનું કારણ! રૂપિયા! એમના પેટની વાત એમણે એકને કરી, એકે બીજાને, એમ વાત વાયરે ચાલી. જેના કાને આ વાત આવી તે સર્વ દિલગીર થતાં અને અફસોસના નિસાસા નાખતાં. આ વાત બહાર પડયા પછી એવું બન્યું કે

જેઓ નલિની તથા તેની માને મળવા–દિલાસો દેવા જતાં તેઓ ખરો દિલાસો આપી શકતાં નહીં, પરંતુ કોઇ અસ્પષ્ટ મનોભાવ વ્યક્ત કરતાં. આવા ભાવનાહીન, અસ્પષ્ટ મનોભાવ દેખીને નલિની તેમ જ તેની માને અત્યંત દુઃખ થતું, પણ તેઓ આ બાબત સમજી શકતાં નહોતાં.

આમ ને આમ લગભગ છએક મહિના વીત્યા હશે. આજે ધનજીભાઈ એમની મુલાકાતે આવ્યા. આડી–અવળી ઘણી વાતો કરી. એમની જીભને ટેરવે વાત આવે અને એમને એમ સમાઈ જાય. એમને મન ચિંતા હતી કે, લગ્નનો નિવેડો આવતો નથી અને આમ બેસી રહીએ તે કેમ પાલવે ? છ છ મહિના વીતી ગયા પણ સામેવાળા કોઈ ફરકતા નથી. કારણ શું ? વિગેરે વિચારો આવતા પણ તેઓ બોલી શકતા નહીં. આજે નલિની તેમ જ તેની મા ખુશમિજાજમાં હતાં આથી ધનજીભાઈએ ધાર્યું કે કંઈ વાત કરીએ તો સારું. તેઓ અતિ ગંભીર સ્વરે બોલ્યા, "પાળક સાહેબ તો બહુ આનંદમાં હતા અને કશી ફિકર નહોતી, તો પછી તેમને હૃદયે શાનો ખટકો લાગ્યો ?"

"ભાઈ એ જ અમારી સમજમાં નથી આવતું કે એવું કેમ બન્યું ?" નલિનીની મા બોલ્યાં.

ધનજીભાઈને લાગ્યું કે હવે વાત કરવામાં વાંધો નથી, તેથી તેઓ આગળ વધ્યા અને કહ્યું, "મને લાગે છે કે પાદરી સાહેબની મરજી નહોતી છતાંય એમને રૂપિયા લેવા પડ્યા તે ખરાબ લાગ્યું, કારણ કે જ્યારે મેં તે આપ્યા ત્યારે તેમણે તે ધ્રૂજતે હાથે લીધા હતા."

"હા ! બરાબર છે." બન્ને મા–દીકરી એકમતે અને એકચિત્તે થઈ ગયાં, અને આ વાતને અનુમોદન આપ્યું. પરંતુ બીજી જ

પળે તેમના મોં વિલાં થઈ ગયાં અને આંખમાંથી સર્ સર્ સર્ આંસુ સરી પડયાં. ધનજીભાઈ કંઈ સમજી શક્યા નહીં.

"ભાઈ? એમનું મોત નિપજાવનાર એ રૂપિયા નથી, પરંતુ અમો છીએ." નલિનીની માના મુખથી ઉદ્દગાર નીકળી પડયાં. "સર્વે નાની-મોટી બાબતોને માટે અમે જ એમને ટકોર કરતાં હતાં અને લગ્ન ધામધૂમથી થાય એવો આગ્રહ અમારો જ હતો. તે બિચારા અમારા આગ્રહને વશ થઈને જેમ કહીએ તે પ્રમાણે કરતા અને એનું પરિણામ આજે અમે જ ભોગવીએ છીએ." એમ કહેતાં બંને ચોધાર આંસુ-રડીએ પડયાં.

નલિનીને હવે ખાતરી થઈ ચૂકી હતી કે એના પિતાનું મોત નિપજાવનાર એ રૂપિયા હતા. એ ગોઝારા રૂપિયા પર તેને તિરસ્કાર આવ્યો. એને લાગ્યું કે ખરેખર! આજ એક કારણ અમારી વચ્ચે આડભીંત છે કે જેથી સર્વ કોઈ અમારી સામે ધૃણાની દૃષ્ટિથી જુએ છે. કદાચ! એ જ રૂપિયા મારાં સાસુ તથા સસરાને કોરતા હશે એવો આભાસ એને થયો. તે પોતે સુશિક્ષિત અને આદર્શ યુવતી હતી. તેને લાગ્યું કે એ રૂપિયાનો ફેંસલો લાવવો જ જોઈએ અને વહેલી તકે વિદ્યાવિલાસને ઘેર રવાના કરવા જોઈએ. એ ગોઝારા રૂપિયા આપણાથી રખાય જ કેમ? તેણે પોતાના મન સાથે મનસૂબો કર્યો કે પોતાના લગ્ન કોઈ પણ જાતના દબદબા વગર, સાદાઈથી જ કરવાં કે જેથી ઉભય પક્ષો વચ્ચે પડેલો ખટકો દૂર થાય અને સર્વના દિલનું સમાધાન થાય. તે દિવસનું તેની સાસુનું વર્તન તથા ભાવનું કારણ તે સ્પષ્ટ સમજી શકી.

બીજે જ દિવસે ધનજીભાઈને બોલાવ્યા, અને તેમના હાથમાં રૂપિયાની થેલી આપતાં કહ્યું, "આજે જ આ રૂપિયા વિદ્યાવિલાસના બાપાને પરત કરો, અમારે આ ઘરમાં તે ન જોઈએ." ધનજીભાઈ

ચોંકી ઊઠયા. એમને થયું કે આ લોકો ગાંડા તો થયાં નથી ?

"બહેન, એમ એ રૂપિયા પાછા અપાય ? અને એ લોકો લે ખરા ?"

"એ ગમે તેમ હોય પણ અમને એ ન ખપે, વહેલી જ તકે એ પરતાં કરવા જોઈએ."

આમ બંનેનો મક્કમ નિશ્ચય જોઈ, ધનજીભાઈ ખિસિયાણા પડયા અને એમણે તાબડતોબ વિદ્યાવિલાસ, તેના બાપા વિગેરેને કાગળ લખી પોતાને ઘેર બોલાવ્યા.

જ્યારે તેઓ આવ્યા ત્યારે તેમણે રૂપિયા બે હજારની થેલી તેમના હાથમાં ધરી.

આ લોકો બિચારા શરમાઈ ગયાં. શી વાત છે તે કંઈ સમજી શકયા નહીં. વરના કાકા જો કે ગામડે રહેલા, સીધા સાદા દેખાતા પરંતુ એમ એ રૂપિયાને હાથ લગાડે એવા નહોતા. એમને લિસ્-પત જેવું લાગ્યું તેથી બોલ્યા, "ધનજીભાઈ, ગમે તેમ થઈ જાય પણ આપેલા રૂપિયા પાછા લેવાતા હશે ? એ તો અમે લગ્નના ખર્ચા પેટે આપ્યા છે, પાછા કેમ લેવાય ?" વરના બાપે ટાપશી પૂરી. "અરે ! હોય હોય મારા ભાઈ ! આ શું બોલ્યા તમો ? એમ તે હોય ?" વરપક્ષ જોરમાં આવતો જણાયો.

ધનજીભાઈ વચમાં વલોપાત કરવા લાગ્યા. "તો હવે કરવું શું ? નલિની તથા તેની મા આ રૂપિયાને હવે હાથ નહીં લગાડે. તમે લોકો તો લેવાની ના પાડો છો, તો એનું કરવું શું ?"

આમ મડાગાંઠ ઊભી થતાં એનું નિરાકરણ કરવા તેઓ નલિ-નીને ઘેર ગયા. ઘણી માથાકૂટ કરવા છતાં ફેંસલો ન આવ્યો. બંને પક્ષ વટ ઉપર આવી ગયા હતા. બેમાંથી એકેય રૂપિયાને હાથ

અડકાવવા તૈયાર નહીં. ધનજીભાઈ હાથમાં થેલી લઈ ઠૂંઠા સમાન બાહુક બની ગયા હતા. આખરે તેમણે વચલો માર્ગ કાઢયો. "એ રૂપિયા સમાજનાં ગરીબ, વિધવા તથા અનાથને વહેંચી આપીએ તો ?"

બંને પક્ષને આ માર્ગ અત્યુત્તમ લાગ્યો. બંને કુટુંબ વચ્ચે પડેલી આડખીલી રૂપ આ શિલા તેમણે સરકાવી દીધી. સૌનાં મન મોકળાં થયાં. રૂપિયા સમાજને સુપ્રત કર્યા અને બરાબર છ મહિને શનિવાર તારીખ ૨૦મીએ લગ્ન નક્કી કર્યાં.

કોઈપણ જાતના અલંકાર વગર, સાદાઈથી ખ્રિસ્તી લગ્નને શોભે એ પ્રમાણે વિદ્યાવિલાસ તથા નલિનીનાં લગ્ન થયાં.

એમનું આ કૃત્ય જોઈ સૌ કોઈ ખુશ થયાં અને આશિષ તથા ધન્યવાદથી આવકાર્યાં. તે દિવસે એમને એટલી બધી ભેટ મળી કે તેનો અંદાજ કાઢતાં માલૂમ પડયું કે તે બે હજારથી પણ વધુ હતી. નલિનીએ ખોએલો આનંદ, ઈજ્જત અને માન પાછાં મળ્યાં. સૌ કોઈએ તેમને પ્રેમથી વધાવી લીધાં.

આ પ્રસંગથી સમાજ એકમત્તો થયો અને નક્કી કર્યું કે હવે પછી કોઈએ વધુ પડતાં નાણાં લેવાં કે દેવાં નહીં. આમ નીતિમત્તો અને આર્થિક બાબતે સમાજ વૃદ્ધિ પામતો ગયો.

---

# પશ્ચાત્તાપ

એક વખતનાં બંને સ્નેહી કુટુંબો વચ્ચે વેર બંધાયું અને એ વેરનું મુખ્ય કારણ એક મામૂલી ઝાડ લામડો બની ગયું.

આજે વિલ્સન ઘણો ક્રોધે ભરાયો હતો. બે ચાર અપશબ્દો બોલી તે ઘરમાં ગયો અને કુહાડો લઈ આવ્યો. એ પ્લેટોની હદમાં

આ લીમડો ઊગ્યો હતો. ગુસ્સામાં ને ગુસ્સામાં તે લીમડા પાસે આવ્યો અને થડને કાપવા લાગ્યો. જોતજોતામાં તો તેણે ઘણાં છોડિયા પાડી દીધાં. એની પડોશમાં રહેતા, પચાસ વર્ષની ઉંમરના તેના કાકા દોડી આવ્યા. તેમણે વિલ્સનને રોકતાં કહ્યું, "વિલ્સન! તું આ શું કરે છે? આ ઝાડ કેટલું સુંદર છે! છાંયો આપે છે, નાહક શા માટે કાપી નાંખે છે? મેં રોજબરોજ એને પાણી પાયું. આજે એ મોટું ઝાડ થયું છે. એને કાપી નાખવાથી શો ફાયદો? એ તારું શું નુકસાન કરે છે?"

વિલ્સન સ્વભાવે ઉદ્ધત અને તોછડો હતો. કોઈની શે'શિખામણ માને એમ નહોતો. તેણે એમની વાત ન માની.

"વિલ્સન, તું જાણે છે? આ બધી જમીન મેં રાખી હતી. તારા પિતાજી મારા પરમ મિત્ર હોવાથી આ જમીન મેં તેમને આપી હતી. જ્યારે અમે હદ કરી ત્યારે અમારી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ નહોતો. એ બાબતમાં અમે કોઈ દિ' ઝઘડયા નથી. અમારી બંનેની હદ વચ્ચે એ લીમડો હતો, અમે રાજીખુશીથી એને વધવા દીધો. એ આપણને શું નુકસાન કરે છે? હું એને નહીં કાપવા દઉં, તારા પિતાજી અને મારી વચ્ચે એ લીમડો મિત્રતાની યાદગાર કડીરૂપ છે હું એને નહીં કાપવા દઉં!"

"એ કડીને આજે હું જુદી પાડીશ." વિલ્સને પોતાનો નિશ્ચય બતાવ્યો. તે ઘણો તુમાખી અને જક્કી હતો. તેણે એમની શિખામણ ન માની. એના પિતાના મૃત્યુ બાદ તે વધુ સ્વછંદી બની ગયો હતો. ઘણું સમજાવવા છતાં તે ન માન્યો. આખરે આધેડ કાકાએ એનો હાથ પકડી લીધો.

"હેં! નહીં કાપવા દો?" એમ કહી તેણે જોરથી કુહાડો આંચકી લીધો. અને તાકાતના જોરે ઊંચો કર્યો. એના હાથ લીમ-

ડાના થડે વળવાના બદલે એમના શિર તરફ વળ્યા અને એક જ ફટકો. જાણે વિલ્સન લીમડાનું છોડિયું કાઢતો ન હોય તેમ ઘા કર્યો. એક જ જીવલેણ ફટકો ! ! !

"વિલ્સન ! ! ! વિલ્સન ! ! ! હે ઈશ્વર ! બોલતાં બોલતાં તેઓ ઢગલો થઈને ઢળી પડયા. તગતગતું લોહી જમીન ઉપર ફેલાઈ અને ખાબોચિયું બની ગયું. વિલ્સનનાં કપડાં ઉપર રક્તના છાંટા ઊડયા હતા. કુહાડા પરથી રક્ત નીતરતું હતું. જ્યારે તેણે આ દૃશ્ય જોયું ત્યારે તે થરથરી ઊઠયો. એના હાથમાંથી કુહાડો આપોઆપ સરી પડયો, એને કંપારી છૂટી. થોડી પળોમાં એનો ગુસ્સો ઊતરી ગયો. એની આંખો ફાટી ગઈ. એને ભાન થયું કે તે ખૂન કરી બેઠો છે. હવે શું ? ઝટપટ તે ઘરમાં દોડયો, લોહીયાળાં કપડાં બદલી લીધાં અને પોલીસ આવે તે પહેલાં તે ત્યાંથી નાઠો. સારાએ ગામમાં સનસનાટો ફેલાઇ ગયો. પોતાના સારાએ કુટુંબ પર થયેલ અહેસાન અને પ્રેમના પ્રતીકનું જડ કાઢી નાંખતાં, કડવું બીજ રોપ્યું.

પોલીસે ઘણી ઘણી તપાસ કરી છતાં તેને પત્તો ન મળ્યો.

તે મુંબઈ આવ્યો. પોતાનું મૂળ નામ-ઠામ બદલી નાંખ્યું. હવે તે શ્યામસુંદર નામે ઓળખાતો હતો. આમતેમ લપાતાં, છૂપાતાં ઘણા દિવસો ગુજરી ગયા. એને ડોકયાર્ડમાં સારી નોકરી મળી. એનો ગુસ્સો સાવ ઓસરી ગયો હતો. એનો મૂળ સ્વભાવ સદંતર ચાલી ગયો હતો. અને આધુનિક-અકુદરતી ડોળ સર્વાંગ ધારણ કર્યો હતો. એક વખતનો બહાદુર, કાયર થઈ ગયો હતો. કદીક પવનથી પાંદડું હાલે તોયે તે ગભરાઈ જતો હતો.

કદાચ, જો કોઈ એને થપ્પડ લગાવે તો તેના સામે જવાબ આપવાની હિંમત એનામાં રહી ન હતી. તે રસ્તાની કોરે ચાલતો

હોય અને કોઈ સિપાઈ પાછળ આવતો નજરે પડે તો તે ફફડી જતો. એને થતું, કદાચ, મારી પાછળ તો નહીં આવતો હોય!

મિત્રની મદદથી ગીચ વસ્તીવાળા એક લતામાં ૭ માળના મેન્શનના દાદરા નજીકની એક નાની રૂમ એને રહેવાને મળી, તેમાં તે રહેતો. તે કયારે બહાર જતો અને અંદર આવતો તેની કોઈ ને ખબર પડતી નહીં.

સદંતર બદલાઈ ગયેલ સ્વભાવને લઈને સૌ કોઇ તેને સજ્જન પુરુષ સમજતાં. કદાપિ પણ પોતાની પોલ બહાર ન પડે તેની તે વિશેષ કાળજી લેતો, અને તેથી ભૂલેચૂકે કોઇપણ ભાંજગડમાં ઊભો રહેતો જ નહીં. જાણે કોઈ સદ્‌ગૃહસ્થ ન હોય!

એ બિલ્ડીંગમાં એક મદ્રાસી સદ્‌ગૃહસ્થ, સ્વામીનાથન રહેતા હતા અને ડૉકમાં નોકરી કરતા હતા. તેમને ઘણી વખત મનમાં વિચાર આવતો કે શ્યામસુંદર મદ્રાસી છે તેથી તેની સાથે પરિચય કરવા પ્રયત્ન કરતા, પરંતુ શ્યામસુંદર આવા પરિચયને હંમેશા ટાળતો. એક દિવસ અચાનક કેન્ટીનમાં તેઓ બંને એક ટેબલ પર ભેગા મળી ગયા. વાતવાતમાં સ્વામીનાથનને માલૂમ પડયું તેથી તેઓ ઝટ બોલી ઊઠયા, "મને વહેમ હતો જ કે તમો ખ્રિસ્તી છો, ઘણી ખુશીની વાત." શ્રી સ્વામીનાથન વધુ ને વધુ પરિચયમાં આવવા પ્રયત્ન કરતા. એમના પ્રયત્નોથી પરિચય વધતો ગયો. પરિચય વધવાથી શ્યામસુંદરના મનની શંકા દૂર થઈ, અને આ કુટુંબ સાથે ગાઢ સંબંધમાં આવી ગયો.

સ્વામીનાથનનું કુટુંબ મોટું હતું. તેમને ૭ બાળકો હતાં. બાળકોમાં સૌથી મોટી દીકરી હતી. તેણે મેટ્રિક સુધી અભ્યાસ કર્યો હતો. શ્યામસુંદર વિશ્વાસપાત્ર જણાવાથી તેમણે તેમની દીકરીનાં લગ્ન શ્યામસુંદર સાથે કરાવ્યાં. શ્યામસુંદરના દિલમાં જે લગ્ન

હતો તે દિન-પ્રતિદિન ઓછો થયો હતો. મનેકમને તેણે આ લગ્ન સ્વીકારી લીધાં હતાં. આ ભાવિક કુટુંબ સંબંધ જોડાવાથી એના હૃદયમાં ભાવના જાગી અને એણે ધારણ કરેલો અકુદરતી સ્વભાવ હવે ટેવાઈ ગયો હતો.

નોકરી સારી હતી. સદ્‌ભાગ્યે સ્ત્રી સારી મળી અને ઈશ્વર કૃપાએ તેને ત્રણ બાળકો થયાં. તે પોતાના દિવસો અમનચમનમાં ગુજારતો હતો. એક પછી એક વર્ષ વીતતાં વીસ વર્ષનાં વહાણાં વહી ગયાં. પોતાના ભૂતપૂર્વે થયેલ ગુનાને માટે તે બેફિકર હતો, કારણ ઘણાં વર્ષો વીતી ગયાં હતાં. પોલીસની બીક દૂર થઈ હતી, પરંતુ એના હૃદયના અભ્યંતરમાં છૂપાઈ બેઠેલો એક કીટ હંમેશા હૃદયને કોરતો હતો. કેન્સરથી સડી ગએલા કોઈ પણ ભાગની માફક આ કૃત્યથી એનું હૃદય સડી ગયું હતું, એ ગુપ્ત રોગ એ પોતે અને ઈશ્વર માત્ર જાણતા હતા. બીજા કોઈને એ વાતની ખબર નહોતી તે તે સારી પેઠે જાણતો હતો.

દેવળ ચિક્કાર ભરાઈ ગયું હતું. દેવભક્તે બોધ શરૂ કર્યો. પાપરૂપી કીટ મનુષ્યના હૃદયને કેવું કોરી ખાય છે અને સડો ઉપજાવે છે એ વિષય પર તેમણે માર્મિક પ્રવચન કર્યું. શ્યામસુંદરને આ બોધ પોતાને જ લાગુ પડતો હોય તેમ લાગ્યું. એનું હૃદય વિહ્વળ થઈ ગયું. વીસ વર્ષ પૂર્વે પોતે બિનાકરણ વહેવડાવેલ રક્તનો ચિતાર નજર સમક્ષ ખડો થયો. એ રક્ત એને ભૂમિમાંથી હાંક મારતું હોય એમ લાગ્યું. લોહીમાં તરબોળ; ઢગ થઈ પડેલ કાકાની કાયા ભોંય ઉપર પડેલી જણાઈ, એમનાં વચનો એને યાદ આવ્યાં.

બંને કુટુંબો વચ્ચે પ્રેમભરી મૈત્રીની કડી એણે જુદી પાડી હતી તે યાદ આવ્યું. એને પોતાનાં અપકૃત્યનું ભાન થયું. આજ-

દિને લગી દિલમાં છૂપાવી રાખેલ પાપ એને પોકારવા લાગ્યું. તે બેકાબૂ બની ગયો. એના હૃદયને કોરતા કીડાને બહાર લાવવા જાણે પોતાના બાહુબળે હૃદય ચીરતો ન હોય ! એમ એને લાગ્યું. એ રડયો. હૃદયમાં પશ્ચાત્તાપાગ્નિ પ્રજવળી ઊઠયો. હૃદય પર આચ્છાદિત અંધકારાવરણ દૂર થયું, અંતરપટ ખુલ્યું અને પ્રકાશ ઝબૂકયો. ક્ષમાસાગર દેવના ચરણોમાં તે ઢળી પડયો.

તે રાત્રે તેને ઊંઘ ન આવી. પોતાના બિછાનામાં સહજ બેઠો થઈ ગયો. એનું કાયરપણું દૂર થઈ ગયું. એને લાગ્યું કે માત્ર પાપની કબૂલાતથી મને જય મળશે નહીં, મારે પુરુષાર્થ દાખવવો જોઈએ. એક પળમાં તેણે નિશ્ચય કરી લીધો.

પોતાની વહાલી સ્ત્રી અને વહાલસોયાં બાળકોને એક નજરે જોઈ લીધાં, અને બીજી જ પળે તે ઘરમાંથી નીકળી ગયો.

બીજે દિવસે સવાર થતાં તે પોલીસ ચોકીએ પહોંચી ગયો. થાણેદાર સમક્ષ હાજર થતાં, તેણે પોતાના બંને હાથ લાંબા કર્યા અને કહ્યું, "સાહેબ ! આ પાપી હાથે, પહેરાવો બેડી." ઈન્સ્પેકટર એની સામે જોઈ રહ્યા. શું કોઈ ગાંડો માણસ તો નથી ?

"સાહેબ ! વીસ વર્ષ પહેલાં મેં મારા કાકાનું ખૂન કર્યું હતું. આજદિન લગી હું છૂપાઈ ગયો હતો. હવે મને ભાન થયું છે." વિલ્સને આર્દ્ર સ્વરે પોતાની હકીકત જણાવી.

વિલ્સનના માથે ફાંસીની સજા હતી. પરંતુ તેની કબૂલાતના કારણે, ન્યાયમૂર્તિએ તેની શિક્ષા ઓછી કરી અને જન્મટીપની સજા કરી.

વિલ્સન સ્વેચ્છાએ કેદખાનામાં દાખલ થયો. કેદખાનામાં એ આઝાદ થયો. કેદખાનું એને સ્વર્ગ સમ લાગ્યું.

થોડા દિવસ પછી એનાં બાળકો તથા સ્નેહીઓ એને મળવા

આવ્યાં ત્યારે તે ઘણો ખુશ જણાતો હતો. એના મુખારવિંદ પર અનેરો આનંદ છાયો હતો.

જેલમાં એનું જીવન નિરાળું હતું. જે દિવ્ય પ્રકાશ અને અવાચ્ય આનંદ એને મળ્યો હતો તેનો લાભ તે સર્વ કેદીઓને આપતો. પોતાનું પહેલાંનું પશુવત જીવન તે સૌની સમક્ષ કહી સંભળાવતો અને ઔદાર્ય નિર્મળ જીવનની પવિત્ર ભાવના હૃદયમાં પ્રેરતો હતો. હૃદયમાં ઉત્પન્ન થયેલી નવીન ભાવનાઓથી તે પ્રફુલ્લિત રહેતો અને એ ઉત્તમ ભાવનાઓનો અમલ રોજિંદા જીવનમાં તે ઉતારતો. દયા, પ્રેમ અને માયાળુપણે તે સર્વની સાથે વર્તતો. એના આવા વર્તનથી કેદખાનામાં આવેલા અનેકવિધ આરોપીઓ પોતાના જીવનનું સિંહાવલોકન કરતા અને એમ ટૂંક સમયમાં સારીયે જેલનું વાતાવરણ બદલાઈ ગયું. અનેકના દિલમાં અજાયબ પરિવર્તન થયું. જેલના અધિકારીઓને આ પરિવર્તનની જાણ થઈ. એમને ઘણી અજાયબી લાગી. તપાસ કરતાં માલૂમ પડયું કે આમ થવાનું પરિણામ નવીન આવનાર કેદીને આભારી છે.

પાંચ વર્ષની મુદતમાં પોતાના નમૂનેદાયક જીવનથી અમલદારોના મનમાં ઘણી ઊંડી છાપ પડી હતી. પરિણામ એ આવ્યું કે તેને બીજા કેદીઓના નૈતિક શિક્ષણાર્થે નીમવામાં આવ્યો.

વર્ષો વીતતાં, તેની વિશ્વાસુ કામગીરીને ધ્યાનમાં લઇ, તેની માગણી મુજબ પોતાના સ્નેહી કુટુંબ સાથે રહેવાને તેને પરવાનગી આપવામાં આવી. કેદખાનાની બાજુમાં ઓરડી લઈ તે રહેવા લાગ્યો.

એના ફુરસદના સમયમાં તે શેતરંજી વણવાનું કામ કરતો અને આજીવિકાનું સાધન પેદા કરતો.

આમ પોતાના કુટુંબ સાથે નિર્ભય રહેતો. અને પોતાના બદલાયેલ સ્વભાવ માટે ઈશ્વરનો આભાર માનતો તે ખરેખર સદ્‌ગૃહસ્થ બની ગયો હતો.

પશ્ચાતાપે પરિવર્તન—પરિવર્તને નવજીવન.

# તો શો લાભ....?

વર્ષાઋતુની પૂર્ણાહુતિ પછી, આશ્વિનમાસની ગરમી વરસી રહી હતી. નાંખી નજર ન પહોંચે ત્યાં સુધી, સર્વ કયારડાં લીલીછમ ડાંગરથી ભરચક જણાતાં હતાં. પાણીથી ભરેલા કયારડામાં ડાંગર બેફામ ખીલી ઊઠી હતી. મસ્તીભરી જુવાનીનો કાળ વિતાવતી, આધેડ અવસ્થાએ પહોંચી હતી. પ્રત્યેક છોડ પર ભરાવદાર કણસલાં ફૂટી નીકળ્યાં હતાં. પવનનાં ઝોકા સાથે આછાં, પીળાં પાન ફર ફર ઊડતાં અને કણસલાં એક બાજુ ઝૂકી પડતાં ત્યારે જોનારની આંખને એ દૃષ્ય અતિ રમણીય લાગતું, જાણે ઉત્પન્નકર્તાને છેલ્લાં નમસ્કાર કરી ન રહ્યાં હોય! એવો ભાવ ઉપજાવતાં!

હજી એક વખત પાણીની જરૂર હતી. તેથી ડાંગરમાં ચારેકોર ઘૂમતો અને કયારડે કયારડે પાણી વાળતો ખેડૂત મોતી પાણી વાળી રહ્યો હતો. એનું મન આજે મગ્ન હતું. ભરાવદાર ડાંગર જોઈને એનું મન ભરાયું હતું. સંતોષથી પ્રફુલ્લિત વદને મનોમન ઈશ્વરને આભાર પ્રદર્શિત કરતો ન હોય! એમ અંતરોર્મિ કાલવી, રાસડાની લહેરો મુક્ત કંઠે છોડતો હતો.

વર્ષોથી તે આ જમીનને ખેડતો, પરંતુ ઓણ સાલનો આવો ભરપૂર પાક એણે કદીયે જોયો નહોતો, પોતાની મહેનત ફળી છે, ઈશ્વરે રહેમ કરી છે, બૈરી-છોકરાં બારે માસ નિરાંતે ધાન ખાશે એ વિચારથી તે અત્યંત ખુશ હતો. નિંઘરેલી ડાંગર હવાના ઝોકમાં લહેરાતી તે સાથે તેનું મન પણ લહેરાઈ રહ્યું હતું.

મંગળપુર ગામથી થોડે દૂર, ચાળીસેક એકરની કસદાર ચીકણી જમીન આવેલી હતી. તેમાં વિશેષ ડાંગરનો પાક થતો. આ વર્ષે ખાસ એમોનિયમ સલ્ફેટ તથા સુપર ફૉસ્ફેટના ખાસ સરકારી

ખાતરની જોગવાઈને કારણે જમીનને પુષ્કળ કસ મળ્યો હતો. પાક ચારગણો ઊતરે એવી ડાંગર પાકી હતી.

મોતીના બાપદાદાએ આ જમીનને ખેડી હતી, એ જ જમીન હવે મોતી ખેડતો હતો. જાણે વંશપરંપરાનો વારસો ન હોય !

એ ધરતીમાતાને ખોળે મોતી ઊછર્યો હતો. બાળપણ ગાળ્યું હતું. પિતાના અવસાન બાદ એ જમીનનો બધો જ વહીવટ એને માથે આવી પડયો હતો. એ જમીનને વાવતાં વાવતાં એને પણ પચ્ચીસ વર્ષ વહી ગયાં. જમીન કસદાર બની હતી, પરંતુ એના જીવનમાં કસ નહોતો. જાત નિચોવી જમીન કસદાર બનાવી હતી. શરીરની સર્વ શક્તિ ખર્ચાઈ હતી. હજી એવો દહાડો આવ્યો નહોતો કે જેથી જીવનમાં કસ આવે. અનેક હાડમારીઓમાં ભીંસાઈને જીવન નિર્જીવ બની ગયું હતું, છતાં, જીવન-નિર્વાહને કારણે, હજીયે તનમાં રહેલી તાકાતને તે ખેતીમાં ખર્ચી રહ્યો હતો.

કુટુંબમાં એને નાનાં-મોટાં છ બાળકો હતાં. આમ તો બધી ખેતી એકલે હાથે ઉપાડતો, પરંતુ જ્યારે ખેડવાનું, નીંદવાનું વગેરે કામનો બોજો વધી પડે ત્યારે કુટુંબનાં સર્વે નાનાં-મોટાં કામે વળગી પડે અને સૌ કામ આટોપી લે.

જમીન, ગામના મુખી સોમા પટેલની હતી, પરંતુ વર્ષો જૂનો ખેડૂત મોતી અર્ધભાગે એ વાવતો. મોતી અતિ કર્તવ્યપરાયણ અને વિશ્વાસુ હતો તેથી બંને વચ્ચે ઘર જેવો સંબંધ હતો. તનતોડ મહેનત અને વધુમાં વધુ પાક ઊતરે એવો હતો. મોતીનો આગ્રહ આવા ગુણના કારણે સોમા પટેલ તેને ચાહતા અને સારાં-નરસાં વર્ષોમાં એને મદદ કરતા. અરસ-પરસ સ્નેહ તથા સંપની સાંકળથી બંધાયેલ બંને, માંદેસાજે વિપરીત પરિસ્થિતિમાં એક હતા.

કાળાંતરે જમાનો પલટાયો. મોંઘવારીએ માઝા મૂકી અને શહેરી, રંગીલો, કરપીણ વંટોળ મંગળપુર ગામ તરફ ફૂંકાયો, અને પટેલ સોમાભાઈના કાન સળવર્યાં. જ્યારે તેઓ શહેરમાં કામકાજ અર્થે આવતા અને શહેરનું વાતાવરણ જોતા ત્યારે તેમનું મન પણ લોભાઈ જતું. વેપારીઓ કાળાબજાર કરી અઢળક ધન સંચય કરતાં અને મોટરગાડીઓમાં ફરતા એ એમણે જોયું. આધુનિક ઢબે આકાશને ચુમતાં અસંખ્ય બિલ્ડીંગો ઊભાં થતાં તે જોઈ ને તેમની બુદ્ધિ બહેર મારી જતી, અને કંઈક મહેલાતો ઊભી કરી દેવાની તમન્ના જાગતી. અરે ! જમાના ! તારી કરામત કેટલી ન્યારી છે ! ધર્મપિપાસુ, પીઢ માનવોને પણ તારો રંગ સ્પર્શી જાય છે ! તારો રંગ જેને લાગ્યો તે વિના વિલંબે અનીતિને આરોગી જાય છે.

એમને મન ઘણીવાર અફસોસ થતો, સારી યે જિંદગી જમીન ખૂંદતાં ખૂંદતાં વહી ગઈ. પણ લક્ષ્મી ન વરી. આપણાં નસીબ કે લક્ષ્મીદેવી આપણાથી બાર ગાઉ દૂર રહે છે. લક્ષ્મીદેવીને મનાવવી પણ શી રીતે ? એને રીઝવવા કંઈક તો કરવું પડે, એવા એવા વિચાર એમના મનમાં આવતા અને એમ જ સરી જતા. ધનપ્રાપ્તિ એમનો જીવનમંત્ર બની ગયો હતો. તેઓ તેને માટે ઝંખતા હતા.

પોતે પૈસેટકે સુખી હતા. જમીન પુષ્કળ હતી. આમદાની ઘણી હતી. ઢોરઢાંક પણ એ જ પ્રમાણમાં રાખતા. તેથી ખાધેપીધે કોઈ જાતની ઊણપ નહોતી. અતિથિ સત્કારમાં તેઓ કદી પાછા પડતા નહિ. ગામમાં એમનું સુખીપણું વખણાતું. બાહોશીથી ગામના નાના–મોટા ઝઘડા પતાવતા અને સૌનું સમાધાન રાખતા. પડછંદ કાયા, એક જ અવાજે ગમે તેવા નરપુંગવને ડામી દે એવો એમનો પ્રભાવ અને શાખ હતાં. એમના સારા સ્વભાવને કારણે સૌ

કોઇ તેમને માનની દષ્ટિએ જોતા અને એમનો નાખેલો બોલ ઉથાપવા કદી પાછીપાની ન કરતાં. તેમનાં ધર્મપત્ની મંગુબાઈ, આધેડ ઉંમરને ઉંબરે પહોંચેલા હોઈ, સર્વ કામકાજમાં, આગતા–સ્વાગતામાં પટેલને પૂરો સાથ આપતાં. એમના મિલનસાર સ્વભાવના સૌ કોઇ જાણકાર હતાં. ગામનાં ગરીબ–ગુરબાંને ટાણે–કટાણે મદદ કરતાં. વિશેષ ખેતરનાં દાહ્ડિયાનો અન્યાય તેઓ સાંખી શકતા નહિ. તેઓ સારી પેઠે સમજતા હતા કે મજૂરોની મહેનત એ જ આપણી બરકત છે.

તેમને બે દીકરા અને ત્રણ દીકરીઓ હતી. દીકરા મોટા થતાં કૉલેજના અભ્યાસાર્થે શહેરમાં રહેતા હતા. બહોળું કુટુંબ અને અનેકવિધ ખર્ચાને કારણે કુટુંબનો આર્થિક પ્રશ્ન, વખત જતાં ગૂઢ બની ગયો હતો. કદીક કદીક તેઓ આર્થિક ભીંસમાં સપડાઈ જતા. વળી દીકરીઓ પરણાવવાનો પ્રશ્ન આગળ જ હતો છતાં જમાનાની સાથોસાથ જિંદગી સરબસર કરવાનું શીખ્યા હતાં પરંતુ એમનાં નિખાલસ જીવન, રંગીન જમાનાના રંગથી વંચિત ન રહી શકયાં.

શહેરમાં રહેતા, શેઠ સાંકળચંદ મુખીના લંગોટિયા ભાઈબંધ હતા. જ્યારે તેઓ ભેગા મળે ત્યારે અલકમલકની વાતો કરે. એમના વાર્તાલાપમાં, લોકસભામાં ચર્ચાતા પ્રશ્નોથી માંડીને પંજાબના મુખ્ય પ્રધાનની બહાર આવેલી અઢળક નાણાંની તફડંચી હોય કે પછી જાણીતા નગરપતિ શેઠશ્રી ગોકળદાસે કરેલી ગોળની જમાવટથી ઉપજાવેલાં કાળા–બજારનાં નાણાં કે પછી સાકર ભરેલી સાત લોરીઓની મુંબઈના માર્ગ પર પોલીસે કરેલી ધરપકડ.

સાંકળચંદ શેઠ શહેરના જાણીતા વહેપારી હતા. સીઝનમાં એમની પાંચ ચોખાની મીલો ધમધોકાર ચાલતી અને એક પ્રાંતથી

બીજા પ્રાંતમાં રોજની હજારો મણ ચોખાની ગુણોની હેરફેર થતી. ચોખાના વેપારમાં ઘણી આસાનીથી તેઓ ધૂમ નાણાં ફાજલ પાડી, ટૂંક મુદતમાં લક્ષાધિપતિ બની ગયા હતા. રાતોરાતમાં ધનાઢ્ય બની જવાનો આ અજબ કીમિયો તેમણે સોમા પટેલને બતાવ્યો. સોમા પટેલનું ચિત્ત ચગડોળે ચઢ્યું. વર્ષો જૂની શાહુકારી, જીવનમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરી બેઠી હતી તે અલોપ થઈ અને સ્વાર્થાંધતા આરૂઢ થઈ લક્ષ્મીદેવીની ચંચળતા, પટેલના હૃદયને સ્પર્શી ગઈ અને બુદ્ધિ ચંચળ બની પવનવેગે ઊડવા લાગી.

ડાંગર પરિપકવ થઈ હતી અને હવાના ઝોકે ઝૂલતી હતી. જોતજોતામાં દાઢિયાનાં કરપીણ દાતરડાના ઘસરકામાં આવી કપાઈ ગઈ. પૂળીઓ બંધાઈ અને વિશાળ ખળામાં એક મોટા ઢગમાં સમાઈ ગઈ.

સોમા પટેલનું હૃદય આ ઢગને જોઇને આનંદથી ઊછળી રહ્યું હતું. મોતી આનંદમાં આવી ઉમળકાથી ડાંગર સંકેરી રહ્યો હતો અને માલિકને ખુશ જોઇને પોતે ખુશ થતો હતો.

અઢળક ડાંગર જોઈને પટેલની આંખ ફાટી. સાંકળચંદ શેઠે કરેલી બધી વાત યાદ આવી અને તેઓ ડાંગરને વહેલી તકે કાળાબજાર સંકેલવા તત્પર થઈ ગયા.

વર્ષો જૂનો વિશ્વાસુ ખેડૂત મોતીની હસ્તી તેમને ખૂંચવા લાગી.

સંધ્યા છાઈ હતી. ક્ષિતિજમાં સૂર્ય ડૂબવાની તૈયારીમાં હતો. વાતાવરણ શાંત થઈ ગયું હતું. ખેડૂતો કાપણીનું કાર્ય આટોપી ગામ તરફ પ્રયાણ કરી રહ્યા હતા.

"અલ્યા મોતીયા, લે આ તારો ભાગ, અહીં આવ, ઝટ કર."

પટેલની અધીરાઇ ઉછાળા મારી રહી હતી અને અનીતિ જાગૃત થઈ જીવ્હા પર આવી બોલી ઊઠી. સોમા પટેલનું આવું

ઓચિંતુ વર્તન જોઈ, મોતી ડઘાઈ ગયો અને બોલ્યો.

"શેઠ! શી ઉતાવળ છે? બધી ડાંગર ગાડે ભરી ઠામ પાડેશું પછી હવે ક્યાં જવાની છે?" નિશ્ચિત સ્વરે મોતીએ જવાબ આપ્યો. ખેડૂત નિખાલસ હતો. પટેલ એમની વેતરણમાં હતા. લારીઓ આવે તે પહેલાં તેઓ મોતીને ત્યાંથી કાઢવા માંગતા હતા તેથી દશેક મણ ડાંગર બાજુ પર કાઢી અને મોતીને આપી વિદાય કરવા તત્પર થઈ રહ્યા હતા.

હજારો મણ ડાંગરના ઢગમાંથી મોતીને એની મજૂરી પેટે અર્ધભાગ આપવાના બદલે દસ મણ ડાંગર લેવી પાલવી નહિ. વિશેષ, ગર્વ અને ઉદ્ધતાઈભર્યો અવાજ ભાળી રૂપિયાના રણકારથી રણકી રહ્યો હતો અને પટેલની આંખોને ચમકાવી રહ્યો હતો, તે મોતીએ જોયું. "શેઠ! દહ મણ ડાંગર હું થાય? મારે જમનીનાં લગન લેવાં છ, ડાંગર વેંચી એનાં લગન લેવડાવું. બાર મહિના ખપે એટલું ધાન આપશો કે નહિ ભૈસાબ!" કરૂણ સ્વરે મોતી ગણગણી રહ્યો.

"એ કાંઈ નહિ, પછી જોઈ શું? હમણાં લઈ જા અહીંથી. મારી ડાંગર સરકારમાં ભરવાની છે. વધુ જોઈએ તો સરકાર પાસે માંગજે?" કાળામજારની છૂપી કડવાશ ગર્જી ઊઠી.

"મુખી દયા કરો! છોકરાં ભૂખે મરશે! આટલા દાણા હું ચેઈ કોઠીમાં નાખેસ! આમ સા હારૂ કરો છો શેઠ! નેહાકો લાગશે! પ્રભુ તમને વા'લા થાવ!" જિંદગીભર જાત નિચોવી લોહીનું પાણી કરી, તાપ તડકો વેઠી રહેલી જીર્ણ શક્તિ આર્દ્ર સ્વરે કરગરી રહી હતી.

મુખીએ એની આજીજીની અવગણના કરી. એ ન માન્યા.

મોતીને હિણુપત જેવું લાગ્યું. તે દુઃખી થઈ ગયો અને ડાંગર લીધા વગર નિસાસા નાંખતો, નસીબ કુટતો ત્યાંથી ઘેર આવ્યો.

ઘેર આવ્યો પણ એને ચેન પડયું નહિ. બટકું રોટલો ખાધો ન ખાધો અને તે નિદ્રાદેવીને ખોળે પડયો પરંતુ નીંદ આવે ત્યારે ને? પસીનો પાડી ડાંગર પકવી હતી. હવે શરીરમાં પરસ્વેદ પણ ખૂટી ગયો હતો. રહ્યો સહ્યો પરસ્વેદ કપાળ પર છાઈ ગયો. એની મહેનત સામે માંડેલી દુષ્ટાઈથી તે ડામી ગયો અને ક્રોધે ભરાયો. આમ તો એ નિખાલસ ખેડૂત હતો, પરંતુ ઠાકોર ભાયડો, દોરડી બળે પણ વળ ન જાય એવો એનો સ્વભાવ. આવું ઉઘાડું અપમાન સાંખે! તે ઊભો થયો, ખભે પાણીદાર, ચકચકિત ધારિયું નાખ્યું અને ઉપડયો ખેતરમાં. આવેશમાં એ આંધળો ભીંત બની ગયો હતો. અન્યાય તથા અપમાનની વ્યથા હૃદયને કોરી રહી હતી. હૃદયની નિખાલસતા અને સહનશીલતા અદૃશ્ય થઈ અને વંશ-પરંપરાથી જાળવી રાખેલ વિશ્વાસ ડગમગી ગયો. બૈરી-છોકરાં ભૂખે ટળવળશે? એ કોને બારણે જશે? એ વિચાર માત્રથી તે શમશમી ઊઠયો! અથાગ પરિશ્રમ પછી જે આશા સેવી હતી, તે ન ફળી! જે ભોંય પર પોતાની જાતને નિચોવી હતી તે ભોંયે એને પડકાર કર્યો, એના પગમાં જોમ આવ્યું. તે વધુ ઝડપથી ઉપડવા લાગ્યા. એને થયું કોઈના ઉંબરે જઈ ભીખ માંગવી તે કરતાં, જેલ ભલી. ગમે તેમ થાય! એ અન્યાય શી રીતે સાંખી શકાય!

નીરવ રાત્રિ છાઈ હતી. ઘોર અંધારી રાત્રિમાં તે ચાલી નીકળ્યો. એના અડગ નિશ્ચયને કોઈ વિક્ષેપ નહોતો. તે સીધો ખેતરમાં ગયો. ત્યાં જઈ જુએ છે તો, ઢગલાની બાજુમાં પટેલ ઊંધે મોઢે જમીન પર લાંબાછટ પડયા હતા. મોતી નામર્દ નહોતો કે પાછળથી ઘા કરે! એણે લાગલો જ પટેલનો ખભો ઝાલી ઢંઢોળ્યા, "મુખી!

સાબદા થાવ ! હિસાબ ચૂકવવો છે" મોતીએ પડકાર કર્યો.

મુખી ન હાલે કે ચાલે. એણે જોરથી ખભો હલાવ્યો. યતા કર્યા, પણ મુખી બોલે તો ને ?

મુખીની પરિસ્થિતિ જોઈ, મોતીની આંખોને ચઢેલું ઘેન ઊતરી ગયું. ગુસ્સો ઓસરી ગયો અને હાથમાંથી ધારિયું સરી પડયું તે બેબાકળો થઈ ગયો.

"હેં ! શેઠ ! આ હું થયું !" એની આંખે અંધારાં આવ્યાં તે માની શકી નહિ. એણે જોયું તો મુખી ઢગલાની પાસે બેભાન પડયા હતા. કારણ ! એમના નબળા હૃદયને આંચકો લાગ્યો હતો. "આટલા બધા રૂપિયા !" અતિ આવેશથી હૃદયને હુમલો થયો હતો. તેમની સ્થિતિ ગંભીર બની ગઈ હતી.

---

# બલિદાન

સાંજનો વળતો પહોર હતો. સર્વત્ર સ્મશાનસમ શાંતિ પ્રસરી રહી હતી. ચોતરફ ઘનઘોર વાદળાં છવાઈ ગયાં હતાં, અને તે એકબીજા સાથે અથડાઈ અંતરિક્ષમાં ભયંકર અવાજ ઉપજાવતાં હતાં. ભલભલાને ધ્રુજાવી દે એવા ગાજવીજના કડાકા એના પ્રતિધ્વનિ સારાએ બ્રહ્માંડને હચમચાવતા હતા. સૂર્ય છુપાઈ ગયો હતો. એનું તેજ અલોપ થયું હતું. ગગનવિહારી પક્ષીઓ આજે ઊડતાં બંધ થઈ ગયાં હતાં. જન–જનાવર શાંત થઈ ગયાં હતાં. પક્ષીઓનો કિલકિલાટ બંધ થઈ ગયો હતો. ભયાવહ વાતાવરણ પ્રસરી રહ્યું હતું. ઠંડા પવનની લહેરો મનુષ્યોના અંગમાં ધ્રુજારી ઉપજાવી રહી હતી. તેમનો મુખમુદ્રા શોકગ્રસ્ત અને ભયભીત બની ગઈ હતી. વૃક્ષો, લતામંડપો તથા રંગબેરંગી પુષ્પો ઉપર

કરચલીની છાયા ફરી વળી હતી, તેમને જાણે આ બનાવથી આઘાત થયો ન હોય તેમ નમી પડ્યાં હતાં. સમાચારપત્રોમાં એ મુખ્ય સમાચાર બની ગયો હતો. ઘેરઘેર, ગલીએ ગલીએ, ચૌટે તથા ચકલે તેના ન્યાયના નાટકની વાતો થઈ રહી હતી. દુષ્ટ લોકો હરખાતા હતા. અને ન્યાયી મનુષ્યો તથા ભાવિક સ્ત્રીઓ વાતો સાંભળી અરે રે ! ની લાગણી પ્રદર્શિત કરતાં હતાં. તેમના મુખથી સહસા અફસોસના શબ્દો નીકળતા " ગજબ થઈ ગયો ! આવી ક્રરતા તો કયાંય જોઈ નથી ? બિચારો ! વગર વાંકે માર્યો ગયો ! એનો વાંક શો ? એણે શો ગુનો કર્યો હતો ?" કેટલીક સ્ત્રીઓ જોયું ન જવાથી અડધે રસ્તે પાછી વળી ગઈ. જેઓએ હૃદય કઠણ કરીં જે કંઈ જોયું તે સંભારી સંભારી આંસુ સાર્યાં. હાય હાય ! ની આગ તેમના હૃદયમાં સળગી ઊઠી અને એમ જ સમાઈ ગઈ, કારણ ક્રૂર પતિ સામે શબ્દ ઉચ્ચારી શકાય નહીં એવી પરિસ્થિતિ !

જ્યારે તે ન્યાયની અદાલતમાંથી નીકળ્યો ત્યારે લોકોના ટોળે-ટોળા તેને નિહાળવાને નીકળી પડયાં. કેટલાકે તેને મહાન રાજા બનાવી તેની મશ્કરી અને મજાક ઉડાવી, ઠેકડી કરતા આનંદમાં આવી ગયાં. તેને પુષ્પમાળાઓથી વધાવી લેવાને બદલે તેના માથે કંટક–મુગટ મૂકયો. ખુશબોદાર અત્તરના છંટકાવને બદલે તેના અંગ પર અસ્પૃશ્ય થૂંકનો છંટકાવ કીધો. ફૂલફેદાર ઝમરોથી વા નાંખવાને બદલે તેના ઉપર થાપટો અને મુકકીઓનો માર વરસાવ્યો. સુંદર રત્ન–જડીત રાજદ્વારી પોષાકને બદલે તેને જાંબુડી ઝભ્ભો પહેરાવ્યો અને ઘસડી જવામાં આવ્યો. એના નામની છડી પોકાર-વાને બદલે "રાજા–અમારો રાજા"ના ગગનભેદી અવાજથી તેને નવાજ્યો અને તેની આબરુનું લિલામ કર્યું ! તેને ધૂંટણે પડી સલામો ભરવા લાગ્યા. એથી સંતોષ ન મળતાં એના કોમળ શરીર

પર કોરડાનો માર વર્ષાવ્યો. મારના છિદ્રોમાંથી રક્તની ધારાઓ છૂટી. એ ધારાઓને મલમપટ્ટી કરનાર કે લૂછનાર કોઈ ન હતું ! માર, ભૂખ, તૃષા અને અપમાનથી એ પૂરો પરેશાન હતો. એટલેથી અંત ન હતો. ઊભા અને આડા લાકડાનો વજનદાર થંભ તેને વહેવાનો હતો. શ્રમિત શરીરે આ અસહ્ય ભાર ઉઠાવતો, ચાલતો, વળી અડબડિયું આવતાં પડી જતો—વળી પાછો ઊઠતો અને આગળ-વધતો. જ્યારે તે પડી જતો ત્યારે તેને ઉઠાવવાને ચાબુકના મારથી લોકોના હૈયાં હચમચી ઊઠતાં, પરંતુ કોઇની હિંમત નહીં કે શબ્દ પણ ઉચ્ચારી શકે ? જે બોલે એના બાર વાગી જાય !

આખરે એ બધું સહન કરતા તે ધારેલે સ્થળે આવી પહોંચ્યો. હજી એના દુઃખનો અંત આવ્યો નહોતો, તેના જીવતાજીવ ઘાતકી અને ક્રૂર લોકોએ થંભ પર સુવાડયો અને હાથે તથા પગે લોખંડી ખીલા મારી તેને લાકડા સાથે જડી દીધો. દુઃખિત પુરુષ અને દર્દનો અનુભવી ! અનાથ, નિરાશ્રિત, મામૂલી મનુષ્યની માફક તાપમાં તપતો લટકાઈ રહ્યો.

મોત આવે તો સારું એવી ઊર્મિઓ અંતરમાં જાગી. દ્વેષ અને મદથી ભરેલ આંખોની તૃષા હજી છીપી ન હતી. એકે તેની કૂંખમાં ભાલો ભોંકી દીધો. રક્તની ધારા ધરતી પર વહી રહી. આથી વધુ કપરી શિક્ષા બીજી કઈ હશે ?

છતાંય તેના મુખમાંથી શબ્દો સરે છે, " પિતાજી ! તેઓને ક્ષમા આપ."

તૃષાથી કંઠ સુકાઈ ગયો છે. નસો ખેંચાઈ ગઈ છે. અંગ શિથિલ થઈ ગયું છે. મસ્તક નમી પડયું. નભોમંડળનાં નક્ષત્રો સ્તબ્ધ થઈ ગયાં. ગ્રહો, ઉપગ્રહો અરે ! ચંદ્ર તથા સૂરજ પણ ક્ષણભર થંભી ગયા. કડડભૂસ વીજ પડી અને આ દૃશ્યથી હેબતાઈ ગઈ, ધરતી ચીરતી ક્યાંય છૂપાઈ ગઈ. આકાશમાંના પરાક્રમો હાલી ઊઠયાં,

સર્વત્ર અંધકાર ઘેરાઈ ગયો. સાંજનો વળતો પહોર હતો અને તે જ ક્ષણે મોટો પોકાર કર્યો "હે પિતાજી! આ આત્મા તારે હવાલે સોંપું છું." એણે પ્રાણ છોડયો. આંખો ચિરાઈ ગઈ.

હસનાર હસતાં હતાં. સ્નેહીઓ ચોધાર આંસુએ રડતાં હૈયાફાટ કલ્પાંત કરતાં હતાં. આખરે ન્યાયનું નાટક પૂરું થયું.

બે હજાર વર્ષ પૂર્વે આ હતું અવિચળ પ્રેમનું બલિદાન. હજારો લોકોએ એ ગાથા ગાઈ અને ગાશે. એ ગાથા ગાવાને અસમર્થ પામર–પ્રાણી હું, હે! વિભૂ! વંદના! હજારોહજાર વાર વંદના!!!

---

# રેનોલ્ડ અને રોઝલીના

કૉલેજનો વાર્ષિક મહોત્સવ ઉજવવાનો હતો. પ્રત્યેક પ્રવૃતિના ચૂંટાયેલ સભ્યો, આકર્ષક અને મનોરંજન કાર્યક્રમ રજૂ કરવા તનતોડ મહેનત લઈ રહ્યા હતા. રંગબેરંગી તોરણો તથા ધજા–પતાકાઓથી સારું યે કૉલેજ કમ્પાઉન્ડ તથા ત્યાં ઊભો કરવામાં આવેલ શામિયાનો સુંદર રીતે શણગાર્યો હતો. સર્વત્ર આનંદ છવાયો હતો. "અનોખી અદા" નાટકનું એક દશ્ય ભજવવાનું હતું. તેનું સુકાન રેનોલ્ડના હાથમાં હતું, તે નાટક હૂબહૂ ભજવી બતાવવામાં આવે તેવું તે અંતરમાં ઇચ્છતો હતો અને તે માટે પુષ્કળ જહેમત ઉઠાવી રહ્યો હતો. સ્ત્રી પાત્ર તરીકે રોઝલીનાને પસંદ કરવામાં આવી હતી. નાયકનું પાત્ર રેનોલ્ડે પોતે જ લીધું હતું. અને પૂરા ભાવથી ભજવવા માંગતો હતો, અને તેથી એ ખાસ ઇચ્છતો હતો કે સામેનું પાત્ર પણ એવી જ અદાથી કામ કરે તો કેવું સારું! પૂર્વે ઘણાં નાટકો ભજવ્યાં હતાં અને તેથી બંનેને

સારો પરિચય હતો તે સાથે એકબીજા પ્રત્યે સહાનુભૂતિ અને લાગણી હતી. બંનેનો સુમેળ થવાથી નાટક ઉત્તમ રીતે ભજવાશે એવી તેમને ખાતરી હતી. તેઓ ઇચ્છતાં હતાં કે આ નાટક એવી રીતે ઉઠાવવું કે જેથી પ્રેક્ષકો ખુશ થઈ જાય અને આપણાં ગ્રુપને પ્રથમ ઇનામ મળે. ઘણા દિવસોથી તેઓ અથાગ પરિશ્રમ લઈ રહ્યાં હતાં. રોજબરોજ રિહર્સલ થયા બાદ નાટક એ જ એમની ચર્ચાનો વિષય થઈ પડયો હતો. સહાયક દિગ્દર્શકને પણ આ બંને પાત્રોમાં ઘણો રસ હતો. તેમને ખાતરી હતી કે બન્ને પોતપોતાની ભૂમિકા અદ્દ્ભુત રીતે ભજવી બતાવશે. એ નિર્વિવાદ છે.

આખરે મહોત્સવદિન આવી પહોંચ્યો. અનેક કાર્યક્રમો બાદ નાટકની રજૂઆત થઈ.

દરરોજ રિહર્સલ વખતે જે ભૂમિકા ભજવતાં તેમાં ને આજે ઘણો ફેર હતો. સારા યે માનવ સમુદાયની સમક્ષ ઉત્તમ કોટીનું પાત્ર, હૂબહૂ સ્ટેજ પર લાવવું તે વિચારમાત્ર અને તેમાંએ પ્રેમનો પ્રસંગ લજ્જાસ્પદ ગણાય તેથી રોઝલીના જરા નિરાશ થઈ, પણ તેણે સઘળી હિંમત એકઠી કરી અને તે જમાનાની હિરોઈનના ભાવોભાવ સર્વાંગ ઉતાર્યા. તેમણે એવી અદ્દ્ભુત ભૂમિકા ભજવી કે પ્રેક્ષકો અને ઇત્તર સર્વે ખુશ થઈ ગયા. અને તાળીઓના ગડગડાટથી બંનેને વધાવી લીધાં. તેમણે નાટકમાં જે પ્રાણ પૂર્યો હતો તે અનોખો હતો. તેમણે સૌનાં મન હરી લીધાં. નાટક પૂરું થયા બાદ સર્વે વિખરાયા. રેનૉલ્ડ પોતાના પરમ મિત્રોની સાથે હતો. તેને ફુરસદ મળી અને તે રોઝલીનાને મળવા ગયો અને અભિનંદન આપ્યાં. એના અભિનંદનમાં રોઝલીને કોઈ જુદો જ સૂર જોયો. તે મનોમન કળી ગઈ, શરમાઈ ગઈ અને એટલા બધા આવેશમાં આવી ગઈ કે આભાર યા અભિનંદનના બે શબ્દ પણ ઉચ્ચારી

શકી નહીં. મનોમન એને દુઃખ લાગ્યું કારણ કે આ તે બંનેનું છેલ્લું વર્ષ હતું અને આ આખરી પ્રસંગ હતો.

કૉલેજનો અભ્યાસ પૂરો થયા બાદ રેનૉલ્ડ લગભગ દરરોજ રોઝીને મળવાનો પ્રયત્ન કરતો. દિવસે દિવસે તેમનો સંબંધ વધી ગયો અને એવો વખત આવ્યો કે એક દિવસ મળ્યા વિના પસાર થાય તો તેઓ બેચેન થઈ જતાં. એક દિવસ દરિયા કિનારે હોય તો બીજે દિવસે બાગમાં, વળી ત્રીજે દિવસે પોતાની કારમાં સો સો માઈલની સફર કરી આવે. આ એમનો રોજિંદો કાર્યક્રમ થઈ ચૂક્યો હતો. તેઓ બંને એકબીજાને ચાહતાં હતાં. છેવટે તેઓ એક દેવાલયમાં ગયાં અને મનોમન એકબીજાને લગ્નગ્રંથિથી જોડી દીધાં. ઈશ્વરને સાક્ષાત સમજી તેની સમક્ષતામાં આમરણાંત જીવનસાથી તરીકે વચન આપ્યું.

રેનૉલ્ડના પિતા તે પ્રાંતના નાઝી સરસૂબા હતા. તેઓ ઈશ્વરમાં માનતા નહીં. ઈશ્વર તરફ અભાવ હોવાથી અને સત્તા તથા સંપતિનો મદાર હોવાથી તેઓ કોઈ પણ ક્રૂર પગલું ભરવાને પાછી-પાની ન કરતા. તેઓ ઇચ્છતા હતા કે કોઈ પણ પ્રજા શિર ઉઠાવે તો તેને પગ નીચે કચડી નાખવી અને ચારો તરફ પોતાનું સામ્રા-જ્ય સ્થાપવું. 'મારે એની તરવાર' એ તેમનો મુદ્રાલેખ હતો. વળી ધર્મો પ્રત્યે તેમને અનહદ અણગમો હતો. ધર્મ એ એક પાખંડ-ફિતૂર છે એવું તેઓ માનતા અને જ્યારે કોઈ તક આવે ત્યારે ધર્મને દબાવવા પોતાની પૂરી સત્તાનો ઉપયોગ કરતા. ધર્મ પાછળ લોકો ઘેલા બને છે, અને સ્વદેશાભિમાન ભૂલી જાય છે, એવું તેઓ માનતા હતા.

રેનૉલ્ડ તથા રોઝલીનાની વાતો તેમણે સાંભળી અને ક્રોધે ભરાયા. બીજો કોઈ ઉપાય નહોતો તેથી તેમણે ધાર્યું કે છોકરાનાં

લગ્ન કરાવ્યાં હોય તો સારું, બદનક્ષીમાંથી છુટકારો થાય. આમો વિચાર આવતા પોતાના મિત્રની સાથે વાતચીત કરી અને તેમની એકની એક દીકરી સાથે લગ્ન કરવા એવું નક્કી કર્યું. છોડી દેખાવે ઘણી જ રૂપાળી હતી અને અઢળક સંપતિ હતી તેથી આ વાત નક્કી કરતાં જ તેમણે લગ્નની તૈયારી કરવા માંડી.

આજે તેઓ દીવાનખાનામાં બેઠા હતા. તેમણે રેનોલ્ડને પાસે બોલાવ્યો અને સર્વ તૈયારી સંબંધી વાત કરતાં કહ્યું, "વાત બધી રીતે સારી છે. અમારી ખાસ ઈચ્છા છે કે તારાં લગ્ન સર બેન-ફોર્ડની દીકરી સાથે કરવામાં આવે. તે તારી સાથે જ ભણતી હતી. તને સારો પરિચય છે. વળી દેખાવમાં સુંદર છે. તારી શી મરજી છે?"

આ વાત સાંભળતાં જ રેનોલ્ડ ખિસિયાણો પડયો અને ઉત્તર આપી શકયો નહી. તેનુ મન વિચાર-વમળમાં ગૂંથાયું, તેને રોઝલીના યાદ આવી. તે બોલ્યો, " બાપુજી ? બેઅદબ માટે ક્ષમા ચાહું છું, મેં મારી જીવનસાથી નક્કી કરેલ છે. મારે લગ્ન કરવાં નથી. "

" કોણ છે એ જીવનસાથી ?" તેઓ ગુસ્સામાં આવી બોલ્યા.

" લીના " ગંભીર મુખમુદ્રા કરી રેનોલ્ડે જવાબ આપ્યો.

" કોણ ! યહૂદણ ! રોઝલીના ? એ બને જ કેમ !"

"એ લોકો કોણ અને આપણે કોણ ? આપણા ખાનદાનમાં એ શોભે ? તું કહે તેની સાથે તારા લગ્ન કરાવીશ. પરંતુ એ નીચ અધમ, પાખંડી ધર્મમીમાંસુની સાથે તારાં લગ્ન હરગિજ નહીં થઈ શકે. તારો વિચાર ફેરવ. એ કદી જ નહીં બને." સાફ શબ્દોમાં તેમણે પોતાનું મંતવ્ય જણાવી દીધું.

રેનોલ્ડ ઘણો જ ઉદાસ થઈ ગયો. તે કોઈ પણ સંજોગોમાં લીનાને બેવફા થવા માંગતો ન હતો. એક બાજુ લીના અને તેનો

પ્રેમ, બીજી બાજુ એના પિતાની મક્કમતા, કયો નિર્ણય કરવો તે તેને સૂઝયું નહીં, તે ચિંતાતુર થઈ ગયો. એના માથે મોટી આફત આવી હોય તેમ લાગ્યું. પણ હવે ઉપાય શો ?

બીજી બાજુ લીનાના મા-બાપને ભારે ચિંતા ઉત્પન્ન થઈ. લીનાને ઘણી સમજાવે છે, પરંતુ તે એકની બે થતી નથી. તેણે પોતાનો મક્કમ નિર્ણય જાહેર કર્યો છે. વિશેષ તેમને દુઃખ એ થયું કે તેઓ પોતે યહૂદી હતાં. અને ઈશ્વરમાં માનતાં હતાં. ઈશ્વર પર સર્વ શ્રદ્ધા હતી. જ્યારે રેનૉલ્ડના પિતા કટ્ટર ઈશ્વરવિરોધી અને સત્તાધીશ મોટા માણસ હતા.

તેઓ એ લગ્નમાં સંમતિ આપશે કે કેમ ? એ એક પ્રશ્ન હતો. વળી આ વાત આપણાથી કેવી રીતે થઈ શકે ! કદાચ ! તેઓ વિફરી બેસે તો ! સૌનો સર્વનાશ વાળી દે, એ ભયથી તેઓ ધ્રૂજી ઊઠયાં હતાં પરંતુ કરે શું ! લાચાર ! લીનાને તેઓ ઘણું ઘણું સમજાવવા લાગ્યાં. લીના એકની બે ન થઈ. સર્વ પરિસ્થિતિ લીનાએ જોઈ. તેને ઘણું ખરાબ લાગ્યુ. પોતાનાં માબાપની અનીચ્છા અને પોતાનો અપૂર્વ અચળ પ્રેમ ! તે સહન કરી શકી નહીં અને ચોધાર આંસુએ રડી.

હવે તે બંનેનું હરવું ફરવું મુશ્કેલ થઈ ગયું હતું. તેઓ નિરાશ અને દુઃખી થઈ ગયાં. લીના ઉપર અનેક પ્રતિબંધ મૂકવામાં આવ્યા હતા. બદનક્ષીથી બચવા તેમ જ પોતાની સલામતીને ખાતર તે જવલ્લે જ બહાર જતી.

એક દિવસ સંધ્યા સમયે રેનૉલ્ડ તેને મળવાને આવ્યો. આજે તેના મુખ પર ઉદાસીનતા છાઇ હતી. એના માર્ગમાં આવતાં વિઘ્નો એને ડંખતાં હતાં. ઘણા દિવસથી લીનાને મળી શકયો નહોતો. તેને ઘણી ઘણી વાતો કરવાની હતી. આજે પ્રસંગ મળવાથી તેણે દિલ

બોલીને વાત કરવાનો નિશ્ચય કર્યો. પોતાનું લગ્ન બીજી કન્યા સાથે થવાની જે ખટપટ થઈ રહી છે તે સર્વ યાદ કરતાં તે બોલ્યો. "લીના હું લાચાર છું. પિતાજીનો હુકમ! એ હુકમને ઉથાપવો એ મારી શક્તિની બહાર છે. મને શુટ કરી દે એવો એમનો ગુસ્સો છે. મને મોતની ફિકર નથી લીના! લીના તું જ કહે! શું કરવું! સર્વ સંજોગો પ્રતિકૂળ છે" અતિ દીન સ્વરે તેણે હૃદય ખોલ્યું તેની આંખમાં આંસુ હતાં.

લીના શાંત મને સાંભળી રહી હતી. તેની આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી. આંસુ લૂછતાં લૂછતાં બોલી, "રેનું તું મારી ફિકર કરીશ મા. પિતાજીની મરજી એમ જ છે તો તે ઉથાપવી સારું નહીં, વળો, મારું નસીબ મારી પાસે રહેવા દે. તું ચિંતા કરીશ મા. તારા જાનની સલામતીમાં મારું સર્વસ્વ છે." બોલતાં બોલી પણ તેનું હૃદય ભરાઈ આવ્યું અને તે આગળ બોલી શકી નહીં. હૃદય કઠણ કર્યું અને સર્વ ઊર્મિઓને દાબી દીધી અને સ્વસ્થ સ્વરે તેણે રેનોલ્ડને આશ્વાસન આપ્યું.

મામલો ઘણો ગંભીર બની ગયો. રેનોલ્ડના લગ્નની તૈયારી ચાલી રહી છે, તેણે હજી પોતાની તૈયારી બતાવી નથી, તેથી તેના પિતાજી ચિંતામાં છે. આ વાતનો ફેંસલો થવો જ જોઇએ એ વિચાર આવતાં તેમણે રેનોલ્ડને બોલાવ્યો અને પૂછ્યું, "તારો શો વિચાર છે? આજે જ મારે તે જાણવું જોઈએ." સ્પષ્ટ શબ્દોમાં તેમણે જણાવ્યું. રેનોલ્ડ એના પિતાની રાતી પીળી આંખો સામે જોવાને અસમર્થ છે. તેનું મન અતિ મૂંઝવણમાં છે, શો જવાબ આપવો તેની તેને સમજ પડતી નથી. જવાબ આપ્યા વગર છૂટકો નથી. આખરે તે બોલ્યો, "પિતાજી! હું તૈયાર નથી. મારી મરજી નથી!" પિતાજી એને સમજાવવા પ્રયત્ન કરતા બોલ્યા "બેટા! આ દુનિયાની

નાનામાં નાની ચીજથી માંડીને આકાશમાં ઉડયન કરનાર 'સ્પુટનિક' માણસે બનાવ્યું. જીવ-જનાવર સર્વે કુદરતી ક્રમે ઉત્પન થયાં. એ પાખંડી ફરેલ લોકો કહે છે કે ઇશ્વરે એ બધું પેદા કર્યું. એ બધી વાતો ઢોંગબાજીથી ભરપૂર છે. અને મૂર્ખ છે.

"ઇશ્વર ક્યાં છે? કોઇ જાણે છે? શું કોઇએ જોયો છે? એ બધાં પામર પ્રાણીઓનાં જાન મારા હાથમાં નથી શું? હું ઇચ્છું તો તેમને જીવતદાન–નહીંતર મૃત્યુ. શું? એ મારા હાથમાં નથી?"

રેનોલ્ડ પિતાના માથા ભારે સ્વભાવથી વાકેફ હતો. એમના ગુસ્સાને કોઈ ખાળી શકે નહીં એવો એમનો મિજાજ. આ વાત સાંભળતાં જ તેને રોઝલીના અને તેનાં માબાપ વિગેરે યાદ આવ્યાં. તેને થયું બિચારાં! મારા પ્રેમનું પરિણામ આટલું ભયાનક! એ વિચારમાત્રથી તો તે ધ્રૂજી ઊઠયો અને બોલ્યો. "પિતાજી! ગમે તેમ હોય પણ તેઓ નિર્દોષ છે. તેઓ ઇશ્વરમાં માને છે એ એમનો દોષ ગણવો એ ભૂલભરેલું છે. જેવી એમની માન્યતા. શું? પ્રેમ એ સ્વર્ગીય ઝરણું નથી? પ્રેમ, દયા અને સહાનુભૂતિ એ માનવીના જીવનનું મુખ્ય અંગ છે. એ ન હોય તો તે માનવી નથી પરંતુ પશુ છે. તે ઘણો અભ્યાસી અને જ્ઞાની હતો. તેને લાગ્યું કે આ એક અમૂલ્ય પ્રસંગ છે જે મારે મારા બાપાને એ જ્ઞાનનો પરચો કરાવવો જોઇએ. એ વિચારે તેણે આગળ ચલાવ્યું "પ્રાચિનકાળમાં રક્તપિપાંસુ લોકોએ લાખો નિર્દોષ મનુષ્યોની કતલેઆમ કરી, પોતાના સ્વાર્થની ખાતર લોહીની નદીઓ વહેવડાવી. હવે એ અંધકારનો જમાનો બદલાઈ ગયો છે. જ્ઞાન ગલીએ ગલીએ હાંક મારે છે. સ્વાર્થ લોલુપ્ત પાખંડી સતાધીશોએ જ્ઞાન પકડવાની જરૂર છે શું! શ્રેષ્ઠ સરજનહાર ઇશ્વરે સર્વ મનુષ્યજાતને પેદા કરી નથી! પછી તે ઈન્ડિયન હોય કે અમેરિકન, ચિની યા જાપાની, કાળું કે ગોરું, ઉચ્ચ યા નીચ, સર્વ

એના હાથની કૃતિ નથી? સર્વને માટે જન્મ અને મરણનો એક જ નિયમ છે, તો પછી તફાવત શો ? માનવજાતને શ્રેષ્ઠનું સાર્વભૌમત્વ મળ્યું. શું ! તેને ગમે તે ભાગમાં જીવવાનો હક્ક નથી ? એ હક્ક છિનવી લેવો તે અમાનુષી અને દુષ્ટ કર્મ છે. અને ઇશ્વરને નાપસંદ છે."

રેનૉલ્ડના શબ્દો સાંભળી તે ઘણા જ ગુસ્સે ભરાયા. તે એકનો બે થતો નથી. તેમની વાત માનવા તે તૈયાર નથી અને ઉપાય કોઈ નથી. તેમણે ઉગ્રરૂપ ધારણ કર્યું અને બોલ્યા, "રેનૉલ્ડ ! સાંભળી લે, તું તારી હઠ નહીં છોડે તો હું મારું ધાર્યું કરીશ. લીના તને નહીં મળે. હજીયે વખત છે, તું વિચાર કર અને જણાવ કે જેથી હું મારું મંતવ્ય ફેરવું. નહિતર મારે તેમને ગોળીએ ફૂંકવા પડશે ! એ અધમ લોકોને જીવવાનો અધિકાર નથી. વળી, આ દેશ તેમનો દેશ નથી. તેઓ દેશને ભારરૂપ છે. એ ભાર હું સદાને માટે નાબૂદ કરીશ."

પિતાનાં કપરા વચનો સાંભળી રેનૉલ્ડ સ્તબ્ધ થઈ ગયો. તેને થયું કે શું ! મારે લીધે આ લોકોનો નાશ થશે ના–ના, એવું ન થાય ! તો પછી મારે કરવું શું ? મારે લીનાને તરછોડવી અને બીજે લગ્ન કરવું ? તેના ઉપર મહા ધર્મસંકટ આવી પડયું. તેણે ખૂબ વિચારપૂર્વક પિતાની મરજીને સંમતિ આપી અને કહ્યું, "પિતાજી ! એમ જ હોય તો તેમને બદલે હું ભોગ આપીશ, પરંતુ એ લોકોને કાંઈ ઈજા કરશો નહિ. તેઓ નિર્દોષ છે. હું લગ્ન કરવા તૈયાર છું."

રેનૉલ્ડના પિતાનું મન આ શબ્દ સાંભળી શાંત પડયું. અને તેઓ લગ્નની ધમાલમાં ગૂંથાયા. લગ્નની ધમાલ ચાલે છે. એવામાં ખબર મળી કે ફલાણા શહેર ઉપર બોંબમારો કરવામાં આવ્યો છે.

અને લશ્કરો આગેકૂચ કરી રહ્યાં છે. આજે આ શહેર તો કાલે બીજું—ધડાધડ શહેરોનો કબજો કરવામાં આવે છે. લડાઈ સર્વત્ર ફેલાઈ ગઈ છે. ખૂનખાર જંગ જામ્યો છે. બેખિમારાથી કુચ્યમમાણ વળી રહ્યું છે. સામ્રાજ્ય સ્થાપવાનાં સ્વપ્ન સાકાર થતાં જણાય છે કોઈ પણ યુક્તિ-પ્રયુક્તિથી સર્વ દેશને પોતાના પંજા નીચે લાવવો છે, એવો નિર્ધાર કર્યો છે. દેશમાં અસંખ્ય લોકો વસે છે.

ઘણા વિદેશીઓ છે અને તેઓ ભારરૂપ છે, એવો ખ્યાલ બંધાઈ ગયો છે. એમની હસ્તી ખૂંચે છે. એમનું નિકંદન કરવું એ એક મોટો પ્રશ્ન આગળ છે. આવા લડાઈના કટોકટીના સંજોગોમાં લગ્ન લેવું ઉચિત ન લાગવાથી તેમણે લગ્ન મોકૂફ રાખ્યું અને લગ્નનો ખ્યાલ ભૂલી ગયા. તેઓ લડાઈની ધમાલમાં ગૂંથાયા. પોતાના દીકરાએ કરેલી વાત તેઓ છેક વિસરી ગયા અને તેમનું મન યહૂદી લોકો તરફ વળ્યું. તેમને રૈઝલીનો યાદ આવી અને એ કિસ્સો યાદ આવતાં તેમનો ક્રોધ સળગી ઊઠયો. તેમણે પ્રસંગોપાત હુકમ છોડયો. એમના હુકમને આધીન થઈને લશ્કરે યહૂદી લોકોને ઘેરી લીધાં. તેમને મારતા-ઝૂડતા દૂર લઈ ગયા. અણધારી આફત આવવાથી સૌ કોઈ ગભરાઈ ગયાં. તેઓ પોતાનાં નસીબ કૂટતાં, રડતાં, કકળતાં, હવે શું થશે ? એ વિચારથી ધ્રૂજી ઊઠયાં.

રેનોલ્ડને પિતાના મતને આધીન થવું પડયું. એના હૃદયને આઘાત ઉપર આઘાત થવા લાગ્યા. લીના અને તેનાં વહાલાંઓને દૂર છાવણીઓમાં કેદ કરવામાં આવ્યાં હતાં. એમના ઉપર શી વીતશે એ કહેવું મુશ્કેલ હતું. વ્યાકુળ હૃદય લીનાને મળવાને તડપતું હતું. એનાં દર્શન દુર્લભ થઈ ગયાં. વિશેષ ! એને દગો દઈ બીજે લગ્ન કરવું પડશે એ વિચારમાત્રથી તેના મનની સ્થિતિ ડામાડોળ થઈ ગઈ. આ સર્વ પરંપરાઓથી તે હતાશ અને નિરાશ થઈ ગયો. કોની

આ. વા. ૮

પ્રાણપ્રિય પ્રિયતમાની યાદ હદબહાર સતાવી રહી હતી. યૌવનના ઉંબરે પહોંચેલી યુવતીનાં મૃદુ હાસ્ય–અદા અને લાવણ્યમય રૂપની માધુર્યતા પ્રત્યેક ચીજમાં નજરે પડતી હતી. પ્રત્યેક વસ્તુમાં પ્રેમ–ઐશ્વર્ય પ્રેમ નજરે આવતો હતો. દિનપ્રતિદિન રોઝલીના એના આદર્શ-હાર્દનું પૂજનીય પ્રતીક બની ગઈ. એ પ્રતિમાનાં દર્શન ન મળવાથી એણે મનનો કાબૂ ગુમાવ્યો અને ગાંડો ઘેલો બની ગયો. એને પોતાની ફિકર નથી કે નથી ફિકર દુનિયાની! રોજબરોજ તે શેરીએ શેરીએ ભટકતો અને યહૂદીઓની છાવણીએ જઈ મીટ માંડી, લીનાના દર્શનની વાટ જોતો બેસી રહેતો. જ્યારે તે શેરીઓમાં ફરતો ત્યારે લોકો તેને ઝરૂખામાંથી ઝાંખતાં અને એના પ્યારની ઠેકડી ઉડાવતાં !

થોડા દિવસો પછી યહૂદી લોકો પર તવાઈ આવી. તેમને મશીનગન સામે ઊભાં કરવામાં આવ્યાં. રોતાં–વલોપાત કરતાં તેઓ મશીનના મોં આગળ ઊભાં છે અને મશીનમાંથી ગોળીઓ છૂટી. એક–બે–ટપોટપ; જેમ મહુડા ઉપરથી મહુડાં ગરે તેમ તેઓ એક પછી એક જમીન પર ગરવા લાગ્યાં. તેમની દાદ ન કોઈએ સાંભળી કે ન કોઈને દયા આવી! કરૂણ દશ્ય ! જોનારનું હૃદય દ્રવી ઊઠે એવું દશ્ય ! હજારોની સંખ્યામાં લોકો ટપોટપ મરે છે અને નાહક અણમોલ જીવન, ગોઝારા હાથને અર્પણ કરે છે. મશીનગન ફરતાં ફરતાં લીના અને તેનાં વહાલાંઓ ઊભાં હતાં તે તરફ આવી. તે ઘણી વિહ્વળ બની ગઈ હતી. અતૃપ્ત આંખો ચારે તરફ ફરે છે પરંતુ નિરાશા સાંપડે છે. પ્રાણપ્રિય રેનોલ્ડ નજરે ચઢતો નથી. અણધારી આફતથી ગભરાઈ ગઈ છે. રેનોલ્ડનાં વચનો તેને યાદ આવ્યાં. શિકારીની બંદૂકની નાળની સામે ધ્રૂજતી હરણીની જેમ તે ધ્રૂજે છે.

ગોળી લીનાની છાતી સરસી ઊતરી ગઈ. તે બેફામ પોકારી ઊઠી, "રેનુ ! રેનુ !" અને ત્યાં તો એનો છેલ્લો અવાજ ઝીલવાને રેનૉલ્ડ હાજર હતો. તે તારની વાડ કૂદતો, સંતરીને હઠાવતો લીનાની પાસે આવી પહોંચ્યો. લીનાને બાથમાં ઝાલી લીધી. બંને ભેટયાં ! "લીના ! લીના ! હું પણ તારી સાથે જ છું. મારું આમરણાંત વચન તને યાદ નથી ?" બીજી જ ગોળીએ રેનૉલ્ડના શરીરને વીંધી નાંખ્યું. રક્તમાં તરબોળ બંને ભોંય પર ઢળી પડ્યાં.

રેનૉલ્ડ અને રોઝલીનાને દુનિયાની તાકાત છૂટાં પાડી શકી નહીં ! નિર્દોષ રક્ત, પ્રેમની વેદી પર તગતગતું હતું, તેઓ લોહી તરસ્યા લોકના અન્યાયનો શિકાર બન્યાં !

રેનૉલ્ડના પિતાને ચિંતા થઈ, તેઓ ઝટપટ આ સ્થળે દોડી આવ્યા પણ શું ? રેનૉલ્ડ અને રોઝલીના સ્વર્ગીય અવિચળ પ્રેમનું પાન કરતાં ત્યાં સૂતાં હતાં. અવાક્ મૃતદેહના અભેદ્ય અવાજ વાતાવરણમાં ગૂંજી રહ્યા હતા.

પિતાએ આ દૃશ્ય જોયું. તેમનો હુકમ છૂટે તે પહેલાં ગોળી છૂટી ગઈ હતી. પોતાના વહાલસોયા યુવાન પુત્રને જમીન પર રક્ત-તરબોળ જોઈ તેમની આંખો ફાટી ગઈ. તેમનું હૃદય ભરાઈ આવ્યું. અને પોતાની ગાફેલિયત માટે ખેદ ઉત્પન્ન થયો. તેમનું પાષાણ હૃદય પિગળી ગયું. પોતાના પાપી કૃત્ય માટે પસ્તાવો થયો. શું પ્રેમ સ્વર્ગીય ઝરણું છે ! અહા ! હું કેવો અધમ ! શું મને જીવવાને હક્ક છે ! ના—ના—નહીં. એમ કહેતાં તેઓ આવેશમાં આવી ગયા અને રિવૉલ્વર કાઢી ફટ, ફટ, ફટ ગોળીઓ છાતીમાં છોડી, ચૂરેચૂરા ઊડાવતાં એ ક્રૂર ઘાતકી હૃદયનો અંત આણ્યો.

ત્રિપૂટીએ પોતાના જીવની પરવા ન કરતાં પ્રેમની વેદી પર પ્રાણ ન્યોચ્છાવર કરી દીધા. ઈશ્વર સ્થાપિત પ્રેમનું ઝરણું કાતિલ

દિલમાં ફૂટયું અને લોહીની છોળોમાં પરિણમ્યું.

રેનોલ્ડ અને રોઝલીનાના પ્રેમની અમર ગાથા દુનિયાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ આલેખાઇ, અને પિતાનું કૃત્ય રક્તાક્ષરોએ લખાયું.

---

# કાયાપલટ

કૉલેજ કર્યા પછી પ્રકાશ ઘેર ગયો. વડોદરા મિશન બોર્ડિંગમાં રહી શિક્ષણ મેળવ્યું હતું. મિશન જીવનની અનોખી મજા ઉડાવી હતી. પણ હવે એ સમય વીતી ગયો હતો અને ભાવિ એની જિંદગી તરફ મીટ માંડી ડોકિયાં કરતું હતું. તે ચોપડી વાંચતો બેઠો હતો ત્યાં જ એની બા ચાનો કપ લઇને આવી. પ્રકાશનો ચિંતાગ્રસ્ત ચહેરો જોઈ સહસા જ પ્રશ્ન કર્યો "ભાઈ, શું વિચારી રહ્યા છો? મિશન યાદ આવે છે?"

"ના, મા કંઈ નહિ, એમ જ."

"હાં! હાં! હું એ જ કહું છું ને? ભણતર પૂરું થયું હવે કામ–ધંધાની ચિંતા! બેટા, ઈશ્વરકૃપાથી સરકારી નોકરીની જોગવાઈ થઈ છે–એકાદ મહિનામાં તો કમાતા થઈ જશો" માએ નિરાંતનો શ્વાસ લીધો.

"મા, હજી તો મારે ભણવાનું છે–ચાર વર્ષ!"

"હવે શું બાકી છે? આટલું તો ભણ્યા?" નિરાશા–દર્શાવતાં માએ કહ્યું.

"મારે જબલપુર જવાનું છે. આધ્યાત્મિક જ્ઞાન માટે!"

"હેં! પાદરી..." સાશ્ચર્ય સ્મિત વેર્યું. "વિચાર તો સારો છે ભાઈ, પણ આજે એમાં કંઈ મજા છે? એ તો જેને નોકરી ન

મળે એનું કામ...બાકી..."

"વાત ખરી, મા, મેં વચન આપ્યું છે જે!"

"અરે! ભાઈ, આ જમાનામાં વળી વચન–ને બચન." મા એ નિર્લોલિત્યભરી આંખે દૃષ્ટિ કરી અને ચાનો કપ લઈ રસોઈ ગૃહમાં ચાલી ગઈ.

પ્રકાશ જબલપુર ગયો. ચાર વર્ષ દરમ્યાન અગમ્ય ઉત્સાહથી પ્રસન્ન વદને જીવનમાં વિનિગ્રહ કેળવ્યો. સત્ય, વાસ્તવિક અંતર્દર્શનનું દિવ્ય દર્શન મેળવ્યું. થોડા વખત પછી એક મોટા શહેરમાં ધર્મસેવક તરીકે એની પ્રતિષ્ઠાપન ક્રિયા કરવામાં આવી. ગુરુપદથી વિભૂષિત પ્રકાશ અનેક ક્ષેત્રોમાં પ્રભાવ પાથરતો ગયો. આજનું શહેર એટલે અદ્યતન સીમાએ પહોંચવાની આકાંક્ષા ધરાવતું, પાશ્ચાત્ય દેશોની સંસ્કૃતિનું આંધળા અનુકરણથી તનમનાટ ગજાવતું, રંગ, રાગ અને કલાઓની મનોરંજક પ્રેરણામાં પાંગરતું અજનબી શહેર. શહેરી વાતાવરણમાં પ્રકાશ પોતાને અનુકૂળ થવા પ્રયત્નો કરવા લાગ્યો. એનાં આકર્ષણો, પ્રલોભનો જીવનની સામે પાળિયાની જેમ ઊભેલાં હટાવ્યાં હટે નહિ! શહેરના ઔદ્યોગિક–યાંત્રિક જીવનની સામે આધ્યાત્મિક જીવને માંડેલી રસાકસી. અને એ રસાકસીથી ભરપૂર રસમય જીવનની મહાન જવાબદારી પ્રકાશને શિર આવી. જુવાનવયે મોટી જવાબદારી, હિંમત અને શ્રદ્ધાને કુમકે રાખી સમર્પિત સેવાની લગામ હાથમાં લઈ પ્રવૃત્તિને વેગવંતી કરવા પ્રયત્નશીલ બની ગયો. એની પ્રવૃત્તિઓ, શહેરના ધાંધલિયા જીવનના પ્રવાહોમાં ઘસડાઇ જતી. મહામહેનતે તે તેઓને સ્થિર કરતો. બિનઅનુભવી, લઘુવયસ્ક પ્રકાશ આ શહેરમાં કામગીરી બજાવવા લાગ્યો.

આજે ભલાની દુનિયા ક્યાં છે ? પ્રકાશ, સાવચેતીપૂર્વક

પગલાં માંડતો પણ લોકો એને પગલાં માંડવા દે તો ને? એને ક્યાં ખબર હતી કે ઉજળા દેખાતા શહેરના સરિયામ માર્ગમાં કાંટા અને ઝાંખરાં પથરાયેલાં છે!

એને મળવા ઘણા લોકો આવે. એક વખતે એક સજ્જન કારભારી મળવા આવ્યા. આ કારભારીની ખાસિયત જેને ને તેને શિખામણ આપવાની. શિખામણ આપતાં લોકોની કૂથલી પણ કરે. કૂથલી એટલે શહેરનાં સુઘડ ગણાતાં આભૂષણોમાંનું એક મહત્ત્વનું અંગ.

જુઓ પ્રકાશભાઈ મેં કહ્યું હતું ને? ફલાણાભાઈ ને આ કામ નહિ સોંપવાનું! જો એમને સોંપ્યું તો પસ્તાવાનું થશે! આ તો મારું એક સજેશન છે, બાકી, તમે જાણો. એમના મલકાતા મુખમાંથી શબ્દો સરી પડે, આંખો વિસ્તૃત બને અને છેવટે ભારપૂર્વક કહે, "શું કહ્યું? ભૂલ થાય નહિ!"

"લાવ તારે, હું આંટો મારી આવું—" એ વિચારે શામજીભાઈ શિક્ષક, કોલબેલ રણકાવી, લાગલા જ ઘરમાં દાખલ થઈ ગયા. એમને ગામ-ગપ્પાં મારવામાં બહુ આનંદ.

"કેમ સાહેબ! આ જરા અહીં આવ્યો હતો, મને થયું લાવ તારે આપની મુલાકાત લેતો જાઉં! કેમ ઠીક છો ને?" ભાવ એટલો દર્શાવે અને ડોળ એવો કરે કે જાણે પાળક સાહેબની ઘણી જ કાળજી. "અમારે ઘેર ક્યારે આવશો, આવો ને એ બાજુ!" પ્રશ્ન કર્યો.

"જરૂર આવીશ. આજે મારે શ્રી. મુકુંદભાઈ ને ઘેર જવા વિચાર છે." પ્રત્યુત્તર આપતાં પાળક બોલ્યા.

પૈસેટકે સુખી મુકુંદભાઈનું નામ કાને પડતાં શામજીભાઈ ચીડાઈ ગયા "હેં! મોટા લોકો, એમની મુલાકાત પહેલી."

વગર વિચારે એમણે હંકારવા માંડ્યું.

"ના, એવું કંઈ નહિ."

"વાહ ! સાહેબ ! હસ્તે મોઢે માસ્તર બોલ્યા, "અમે પણ પગાર આપીએ છીએ." વાત સાધારણ હતી, પણ ઘોડાની રીસ ગધેડા પર ઊતરી પડે તેમ અવિચારી–અવિવેકી શબ્દો ઠાલવી દીધા.

આ અઘટિત શબ્દોથી પ્રકાશભાઇ ડઘાઇ ગયા. મુખ પર ગ્લાનિ ને ક્રોધની રેખાઓ ઉપસી આવી. લપડાક લગાવી દઉં, એવો વિચાર આવ્યો, "પગાર આપીએ છીએ" એ શબ્દોએ, એમનો પગાર નક્કી કરવાના પ્રસંગે જે ચર્ચા–વિચારણા થઇ હતી તે પ્રકરણને ચૂંથી ચૂંથીને તેના કુરચા ઊડાવ્યા હતા તે પ્રસંગ યાદ આવ્યો. મનોમન દુઃખ થયું. પણ શું કરે ? લાચાર ! હસ્તે વદને શબ્દો ઝીલી લીધા.

આ હતા શહેરી મોજીલા જીવનના પ્રત્યાઘાત. આનંદપ્રમોદ ઉપલબ્ધ મોડર્ન સોસાયટીનો વાયરો ફુંકાયો હતો. શહેર વચ્ચે વસતા સમાજના સભ્યોના અંતર્ગત જીવનને પણ એ વાયરાની હવા લાગી હતી. તે સાથે દેખાદેખી, સ્પર્ધા અને વૈમનસ્ય હૃદયને ખૂણે અહમે સારો આકાર લીધો હતો.

બીજી તરફ રવિવારની સભા એક યંત્રવત્ બની હતી. વાર–તહેવારે મેદની જામતી, બાકી રવિવારે તો દેવળમાં ચકલાં ઊડે ! ધાર્મિકભાવ નહિવત્, ખુરશીની ખટપટ વધુ પ્રવર્તતી. સામાજિક માનસનું ઉદાસીન ચિત્ર જોઇ, ઉત્સાહી પાળકના મનોરથો ભાંગી પડતા. રેસ દોડનાર, દોડયા પછી અંતે ઢીલો થાય અને ધરતી પર ઢળી પડે તેમ પાળકના પગો ઢીલા પડતા હતા. પ્રજ્વલિત આત્મા ઠંડો પડતો ગયો. તેઓ ઉદાસ થઈ ગયા.

એવામાં મંડળીની ગોલ્ડન જ્યુબિલી ઉજવવાનો પ્રસંગ આવ્યો. આ પ્રસંગને સૌ કોઈ આનંદભેર ઉજવવા માગતા હતા.

રૂપિયા બાર હજારનો અંદાજ નાણાકીય સમિતિના પ્રમુખે આંકયો અને સમિતિ સમક્ષ રજૂ કર્યો. પાળક પ્રકાશે એક બાજુએ આસન લીધું હતું. અજાનસી શ્રી ધરમદાસે, રૂપિયા બાર હજાર કેવી રીતે ભેગા કરવા એની સમજૂતી આપતાં જણાવ્યું કે શહેરની મશહૂર નૃતિકા–શાલિનીનો નૃત્ય સમારંભ ગોઠવવો. પ્રત્યેક જણે આ કાર્યને યશસ્વી કરવા પોતાનો કીંમતી સમય આપી ટિકિટો વેચવી વગેરે. આ એક ધાર્મિક અને મંડળીનું કાર્ય છે એ સમજાવતાં ખાસું પ્રવચન કર્યું.

સભ્યોને આ પ્રસ્તાવ સારો લાગ્યો. શાલિનીના પાયલનો ઝણકાર એમનાં હૃદયોને ઝણઝણાવી રહ્યો હતો. સભ્યોનાં મન આનંદિત હતાં. ત્યારે પાળક પ્રકાશ એ બાજુ પ્રસ્વેદથી રેબઝેબ થઈ ગયા, એમનું હૃદય ઉદ્વેગ અનુભવવા લાગ્યું. પાળકની દીક્ષા લઈ દમન શીખેલા. એટલે ક્રોધ સમાવી ધીરે સ્વરે બોલ્યા, ભાઈઓ! પ્રસંગ સારો છે. આનંદથી ઉજવવો જોઈએ. પણ નૃત્યનો પ્રોગ્રામ મને પસંદ નથી, શોભતું નથી."

પાળકનું મંતવ્ય જાણી સભ્યો સ્તબ્ધ થઈ ગયા. એમને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે પાળક અસંમત થશે. પૈસા એકઠા કરવાનું ભગીરથ કાર્ય–નૃત્ય–આનંદ અને આ વિક્ષેપ? સભ્યો ચૂપ રહી શકયા નહિ.

સીલાસભાઈએ અનુમોદન આપ્યું હતું, આ વિરોધથી તેઓ નિરાશ થયા. પાળકને ઉદ્દેશીને તેઓ બોલ્યા, "તમે શું સમજો સાહેબ? નૃત્ય સાંસ્કૃતિક કલા છે, આપણા દેશનું ગૌરવ છે. નાણાં એકઠાં કરવાં હોય તો એમ કરવું પડે! વળી, શાલિની એક મશહૂર હયકલી નૃત્ય પ્રેષક આપણે ત્યાં કયાંથી?"

ગંભીર વાતાવરણ છવાયું હતું. આનંદ–અપમાનનું મિશ્રિત–

મોજું ફરી વળ્યું હતું. સભાગૃહને છેડે ટાંકશીબહેન બેઠાં હતાં. તેઓ સળવળી રહ્યાં હતાં. તેમણે સાલ્લો સંકોર્યો, ચશ્મા નાકને ટેરવે ગોઠવ્યાં અને તડૂકયાં, "પાળક સાહેબને આમાં શું સમજ પડે!" બારેખમ કાયાને ખુરશી મધ્યે ગોઠવતાં આગળ ચલાવ્યું, "તમે પટ્ટીશાહી બોધ આપો. આ અમારી મંડળી છે. અમારી ઇચ્છા મુજબ થવું જોઈએ. તમારે તો માન્ય કરવાનું જ હોય!" ડસ્સા સાથે પ્રશ્ન કર્યો, "કેમ! અમને અક્કલ નથી? ત્રણસો છોકરાંની શાળાની હું આચાર્યા છું." પોતાની ઓળખાણ આપતાં બળતામાં ઘી હોમ્યું.

પાળક–પ્રકાશ સાંભળી રહ્યા. તેઓ કંઈ બોલવા પ્રયત્ન કરતા હતા ત્યાં જ ડાહ્યાભાઈએ બોલવું શરૂ કર્યું. તેમને દિલ્હીની મુલાકાત વખતે થયેલી વાત યાદ આવી. તેમણે સર્વોનું ધ્યાન ખેંચ્યું, પ્રતિભા જમાવી, અને વાગ્યુદ્ધ આરંભતાં પ્રતિહાર કર્યો. પાળકે તેમને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ તેમને સાંભળે તો ને? પાળક નીચે સ્વરે બોલે એટલે જ ઊંચે સ્વરે ડાહ્યાભાઈ હોલને ગજગજાવે. પાળક આખરે પાળક હતા. વાણિયાભાઈની નીચી મૂછનો લાભ લીધો અને મનફાવે તેમ ભસી નાંખ્યું, વાત એટલે સુધી પહોંચી કે વાતવાતમાં પાળકને "ગેટ આઉટ" પણ વિના વિલંબે કહી દીધું.

વાતાવરણ સંગ બની ગયું, પ્રકાશભાઈને ખેદ થયો. ઉઘાડું અપમાન? પોતાને થયેલ અપમાનનો ડાઘ દિલમાં બેસી ગયો. એમને થયું આ લોકો પાસે સારી અપેક્ષા શી રાખી શકાય? તેઓ બેચેન બની ગયા. અને શું કરવું એ વિમાસણમાં પડ્યા. કલ્પના તાલની સાથે અપમાનિત કરી બેતાલ કર્યાં હતાં. જે સંગીત સર્જાવ્યું હતું તેનો સૂર કેમે કરી વિસરી શકતા નહોતા. આવી પરિસ્થિતિમાં શી રીતે રહેવાય? તેમને વિચાર આવ્યો, બસ રાજીનામું આપી અહીંથી

ચાલી જવું. એ લોકોને નાચ-ગાન કરવાં છે તો ભલે કરે, મારે શું ?

જયુબિલી શાનદાર રીતે ઉજવાવામાં આવી. નૃત્યનો પ્રોગ્રામ થયો. ભંડોળ ભેગું કર્યું-આનંદ કર્યો, પણ સાપ જાય અને લિસોટા રહી જાય તેમ શબ્દોના લિસોટા રહી ગયા હતા.

સમય જતાં વસ્તુસ્થિતિ બદલાઈ. ધર્મસેવકના હૃદય પર ઘેરી અસર થઇ. પોતાની જવાબદારી વિષે સચેત થયા. સમાજના આત્મિક જીવન માટે ખેદ ઉત્પન્ન થયો. શું મારે અહીંથી ભાગી જવું ? મહાન જીવંત પ્રશ્ન એમની સમક્ષ ખડો થયો. ભાગી જવું એ તો કાયરનું કામ. એમણે પ્રયત્નો આદર્યા. સતત સામર્થ્યના પ્રતાપથી પાળકનું હૃદય અલૌકિક જ્યોતથી ઝગમગી ઊઠયું. કોઈ અગમ્ય તેજનાં સંદર્શન થયાં. પ્રકાશનાં પ્રતિબિંબ ચારેકોર પ્રસર્યા, પ્રકાશનો સંચાર થયો. મંડળીની કાયાપલટ થઈ.

---

# પુનર્મિલન

ગ્રીષ્મઋતુની શરૂઆત થઈ હતી. આકાશમાં નિર્મળ વાદળોની ઘટા છવાઇ હતી. વાતાવરણ શાંત હતું. અને ઠંડા પવનની લહરીઓએ તેને અતિ માસૂમ બનાવી દીધું હતું. પ્રશાંત વાતાવરણમાં જગદીશ પ્રસાદને પોતાના દીકરા શરદના લગ્નનો પ્રસંગ મૂંઝવી રહ્યો હતો. તેમને લગ્નની ચિંતા નહોતી, કે નહોતી ફિકર પૈસાની, પરંતુ ખાદ્યવસ્તુ ભેગી કરવાનો પ્રશ્ન અટપટો હતો. અસીમ મોંઘવારી છતાં, લખલૂટ પૈસો ખરચ્યો અને સુધાની સાથે શરદનાં લગ્ન લેવડાવ્યાં. ખૂબ ધામધૂમથી લગ્ન થયાં.

સુધા ગ્રેજ્યુએટ હતી. વર્ષો પછી પોતાને મનપસંદ યુવક

મળવાથી સુધાને ઠંડક વળી હતી. એના હૃદય કમળમાં શરદે અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે ખુશ હતી. ગુણીયલ પુત્રવધૂના આગમનથી જગદીશ પ્રસાદનું ઘર મહેંકી ઊઠયું હતું. ઘરનો વૈભવ વધી ગયો હતો. સારાએ ઘરમાં આનંદ પ્રવર્તતો હતો.

ગર્ભશ્રીમંત ઘરની સુધાને પતિના ઘરની પરિસ્થિતિને અનુકૂળ થતાં વાર લાગી. શરૂઆતમાં દૈનિક વ્યવહારમાં કંઈ જણાયું નહિ, પણ જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ સુધાની રીતભાત ઘરનાં મોટેરાંઓને કઢંગી લાગી. આમ તો સુધા હોંશિયાર અને ચંચળ હતી. પરંતુ તેને ઘરકામમાં રસ નહોતો, તેથી ઘરેકું કામને હાથ ન લગાડતાં, પોતાને મનપસંદ કાર્યમાં જ રાચી રહે, કાં તો નોવેલ વાંચે કે કાં તો રેડિયો સાંભળે.

જગદીશ પ્રસાદનું કુટુંબ ઘણું બહોળું હતું. તેમના વિશાળ બંગલામાં તેમની વિધવા દીકરી તથા તેમનાં ત્રણ બાળકો, બીજા ભાઇભાંડુ અને દાદીમા સર્વે સાથે રહે. દાદીમાના પ્રેમાળ નેતૃત્વ નીચે ઘરનો બધો વ્યવહાર જળવાઇ રહેતો. તેઓ પુત્રવધૂની વર્તણૂકને સાંખી લેતાં અને કોક દિ સુસમજ પ્રવર્તશે એ આશામાં દિવસો વ્યતીત કરતાં.

એક વર્ષ, બે વર્ષ વીત્યાં, પણ પ્રકૃતિમાં કંઇ ફેર પડ્યો નહિ. પ્રેમાળ વાતાવરણમાં સ્નેહાળ સંબંધ સર્જાવવાને બદલે, સુધાએ વિરોધી વિચારોને સ્થાન આપ્યું. અને શરદને સમજાવી અલાયદું ઘર લીધું. સુધાને લાગ્યું, મોટા ઘરમાં મોટેરાંઓના માનમર્યાદામાં રહેવું, ઘરનો ઢસરડો ઉપાડવો ને કંકાસને કિનારે બેસી રોદડાં રડવાં તે કરતાં જુદા રહેવું શું ખોટું ? તેણે શરદને સમજાવ્યો. મનેકમને શરદે તેની વાત માની અને કુટુંબથી અલગ રહેવા લાગ્યાં. શરદને આ વાત સારી ન લાગી પણ કરે શું ?

પહેલેથી જ સુધા, સ્વતંત્ર જીવનને પસંદ કરતી હતી. અને તેથી જ લગ્ન એને મન બેડીઓમાં જકડાવા જેવું લાગતું. પરંતુ જ્યારે શરદની સાથે લગ્ન થયાં ત્યારે વૈભવશાળી લગ્ન જીવનનું મહત્ત્વ તેને સમજાયું અને પોતે ધારેલું સ્વતંત્ર જીવન સંકુચિત લાગ્યું. અમુક આદર્શોને સેવતાં સેવાભાવી સ્વતંત્ર જીવન અને આદર્શો વિહીન સ્વતંત્ર જીવન વચ્ચેનો ભેદભાવ તેને સમજાયો. હવે મનમાં આવશે તેમ ફરશું, ખાશું અને ઓઢશું એ વિચારો મનમાં આવ્યા અને મલકાવા લાગી.

શરદ અને સુધાનું દાંપત્યજીવન સરળ અને નિર્વિઘ્ન પસાર થતું હતું. બન્ને સુલેહ, શાંતિ અને પ્રેમમાં રહેતાં, પણ કોઈ કોઈ વેળા કામનો બોજ આવી જતાં, અથવા સમયસર ન થતાં ચર્ચા ચાલતી. કોઈ વેળા સુધા, શરદનાં નરમ સ્વભાવની ઉપરવટ થઈ જતી. બન્ને ઝઘડી પડતાં, પણ પરસ્પર ગાઢ પ્રેમના સમન્વયે ઝઘડો શમી જતો અને સંસાર નાવ જમાનાના ઝંઝાવાતોમાં ન ઝડપાતાં, કિનારે સલામત નીકળી જતું.

સાંજનો પહોર હતો, છ વાગ્યાનો સુમાર હશે અને સૂર્ય ક્ષિતિજ તરફ ઢળતો જતો હતો. ગરમીનો ઉકળાટ શમી જવા આવ્યો હતો, અને મંદ હવા પ્રસરતી હતી. શરદ ઓફિસેથી ઘેર આવ્યો. એના મુખારવિંદ પર ચિંતા અને ભયની લાગણીઓ જણાતી હતી. ઓફિસેથી આવી ઝટપટ તૈયાર થવા લાગ્યો. એવામાં સુધા ચાનો કપ લઈને આવી.

"સુધા, આજે માસીનો ફોન હતો, સુનીલ બહુ બિમાર છે ને તેને દવાખાને દાખલ કર્યો છે." ચાલ આપણે જઈશું ?"- શરદે ચા પીતાં પીતાં વાત કરી. આ વાતને વધુ સમર્થન ન આપતાં અનિશ્ચિત સ્વરે સુધા બોલી, "પણ...હૉલમાં સુંદર પ્રોગ્રામ થવાનો

છે. તે જોવા જવાનું છે તેનું શું ?"

"મુન્નો બિમાર છે, દવાખાને તો જવું જ જોઈએ ને !" પરિસ્થિતિ પર શરદે ભાર મૂક્યો. સુધા ચિડાઈ મને કે કમને તૈયાર થઈ, બન્ને ઘરની બહાર નીકળ્યાં.

"ટેક્સીમાં જઈશું ?" અનુમતિ ચાહતાં શરદે સવાલ કર્યો.

"ના, ભાડાં ઘણાં વધી ગયાં છે, બસમાં જઈ એ." ઠસ્સા સાથે સુધાએ સૂચન કર્યું. વધુ આનાકાની વગર બન્ને બસમાં બેઠાં. મનોભાવનાની વિકૃત રોષની રેખાઓ બન્નેના મુખ પર પ્રવર્તતી હતી. મુન્નાની બિમારીના વિચારો તથા પોતાને થયેલ માનહાનિના વિચારોમાં શરદ ગરક થઈ ગયેલ હતો. જ્યારે સુધા વિચારોમાં ગૂંથાયેલ હતી. બસ, સરિયામ રસ્તા પર પૂર ઝડપે દોડવા લાગી. જોતજોતામાં એલિસબ્રિજ ક્રોસ કરી, વાડીલાલ હોસ્પિટલને દરવાજે આવી ઊભી. શરદ અને સુધા બસમાંથી સૂનમૂન ઊતર્યાં. ન કોઈ બોલે કે ચાલે. જનરલ વોર્ડ તરફ શરદે ઝડપભેર ચાલવા માંડ્યું, કારણ કે બસમાં આવતાં ઘણું મોડું થયું હતું. સુધા તેની પાછળ પાછળ ચાલી.

મુન્નાને પ્રાઈવેટ રૂમમાં રાખવામાં આવ્યો હતો. એ રૂમનું દ્વાર ખોલી શરદ અંદર દાખલ થયો, તેની પાછળ સુધા પણ આવી. મુન્નો તાવે તરફડતો હતો. માસી ઠંડા પાણીનાં પોતાં માથે મૂકતાં હતાં. શરદ તેમની બાજુમાં જઈ ઊભો. શું બોલવું તેની તેને સમજ પડી નહિ. સહસા સવાલ કર્યો, "મુન્નાને કેમ છે ? માસી ?" "ભાઈ !" માસીએ બોલવા પ્રયત્ન કર્યો પરંતુ આગળ બોલી ન શક્યાં. એમની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. એમના જીવનમાં તેમને અનેક માઠા પ્રસંગો સાંપડ્યા હતા અને તેઓ હિંમતભેર ઝીલતાં હતાં, પરંતુ આ વખતે મુન્નાની બિમારીએ તેમને

ચિંતાતુર બનાવી દીધાં. માસીની આંખો સજળ જોઈ શરદનું મન ભરાઈ આવ્યું. તે ગળગળો થઈ ગયો. મુન્નો એને ઘણો વહાલો હતો.

મુન્નાને દવાખાનામાં દાખલ કર્યો છે જાણી શરદનાં માબાપ તથા ઘરનાં સર્વે મળવા આવ્યાં. એ જ સમયે શરદ અને સુધા પણ ત્યાં જ હતાં. તેમને જોઈ માતાપિતાએ આનંદ વ્યક્ત કર્યો અને ખબર પૂછી. મુન્નાની ચિંતાપૂર્વક ચાકરી થતી હતી તે જોઇ શરદને પોતાનું બાળપણ યાદ આવ્યું. માબાપને ખોળે અલૌકિક પ્રેમના પારણે, જીવન વિતાવ્યું હતું. આજે વિપરીત પરિસ્થિતિ સર્જાઈ હતી તેનો આછો ખ્યાલ થતાં, એને ઊંડા અંતરમાં એવું લાગ્યું કે તે કોઈ પરાયો તો નથી? આજે તે આ પ્રેમાળ સંબંધથી જાણે દૂર ફેંકાઈ ગયો હોય એવું તેને લાગ્યું. કૌટુંબિક વ્યવહાર ખોરવાઇ ગયો હતો. તેમાંએ વળી સુધાનો અતડો સ્વભાવ જોઈ તેને મન-દુઃખ થયું. સુધા પર ચીડ ચઢી. તે મનોમન સાંખી રહ્યો.

દવાખાનેથી છૂટા પડતાં, સુધાને ઉદ્દેશીને માએ કહ્યું, "સુધા, ઘેર આવવું નથી?"

"મા, ઘેર કામ ઘણું છે, ફરી આવીશું." કહી સ્ત્રી સ્વભાવોચિત જવાબ આપ્યો.

"ચાલને ઘેર જઈએ, સવારે જવાશે" શરદે હસતાં હસતાં ટાપસી પૂરી.

"ઘેર કેટલું બધું કામ પડયું છે." સુધાના મુખમાં માત્ર એક જ જવાબ હતો.

આ પ્રસંગ પછી, ઘરનું પ્રેમાળ વાતાવરણ બદલાતું ગયું. વ્યવહારૂ જીવનમાં વાદવિવાદ વધતો ગયો. નાની નાની બાબતોમાં વિસવાદ થતો. બંન્ને વચ્ચે વિક્ષેપ થતાં અંતર વધતું ગયું.

લગ્ન પહેલાં વિભિન્ન હૃદયો હતાં, છતાં, પ્રેમાવેશ, લાગણીઓના તાંતણેથી તેમનો સંબંધ એવો વણાયો હતો કે તે વખતે ક્વચિત્ મુખથી નીકળતા કટુ વેણ પણ મીઠાં મધ સમાન લાગતાં હતાં. પણ હવે મુખના મીઠા બોલ પણ કર્કશ અને કટુ લાગતા હતાં. દિનપ્રતિદિન પરિસ્થિતિ બદલાતી હતી.

નાતાલને બે–ત્રણ મહિનાની વાર હતી. સુધાએ નાતાલને અનુલક્ષીને તૈયારીઓ કરવા માંડી. તૈયારીમાં મુખ્યત્વ વસ્ત્રાલંકાર અને આધુનિક આભૂષણો વિશેષ ભાગ ભજવે છે. આ મહાન પ્રસંગે આભૂષણોના ઓળા નીચે ગૃહ–કલહને દાબી દઈ સમાજની દષ્ટિએ સજ્જન બનવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવો વિચાર આવતાં સુધાએ પોતાને માટે સોનાનો સુંદર સેટ તથા બીજાં વસ્ત્ર ખરીદ્યાં. આવે પ્રસંગે કુટુંબમાં પ્રેમનાં શિરપાવને સ્થાન આપવામાં તેણે દુર્લક્ષ રાખ્યું. કુટુંબથી અલગ રહેતાં હતાં, તેથી ઘરનું બમણું ભાડું, ઘર–ખર્ચ વગેરેમાં વધુ ખર્ચ થતો. વિશેષમાં મોંઘવારીએ તો માઝા મૂકી હતી. બજેટ બમણું વધી ગયું હતું. ખર્ચની બાબતમાં બન્ને વચ્ચે મતભેદ થયો. સુધાએ પોતાને માટે સેટ તથા સાડી વગેરે ખરીદ્યાં હતાં તે માટે શરદને જરાએ દુઃખ નહોતું. પણ જ્યારે શરદે મુન્નાની સારવાર માટે માસીને રૂપિયા પચાસ આપ્યા હતા, તે બદલ સુધાએ ટોણો માર્યો ત્યારે શરદ ગુસ્સે થઈ ગયો. સોનાનો સેટ એને પોકારતો હતો કે શૃંગાર ન કર્યો હોય તો ન ચાલે ! વાતવાતમાં બન્ને ઝઘડી પડ્યાં. ધૂંધવાતા અગ્નિને હવાની લહેર લાગે અને એકદમ આગ ભભૂકી ઊઠે, એવી જ રીતે શરદ અને સુધાના સાંસારિક જીવનમાં અગ્નિ ભભૂકી ઊઠયો.

પરિણામ એ આવ્યું કે ક્રોધાવેશમાં સુધા ઘરમાંથી ચાલી નીકળી અને પોતાને પિયર ગઈ. શરદ સૂનમૂન જોઈ રહ્યો. આ

વાનને સાત સાત વર્ષનાં વાણાં વહી ગયાં. બન્ને છૂટાં પડયાં. ન એમને કોઈ સમજાવી શકયું કે ન તો કોઈ વાળી શકયું! પ્રેમથી છલકાતી નદીના વહેણ વચ્ચે અહમે માર્ગ આપ્યો અને બે વહેણ વિરુદ્ધ દિશામાં વહેવા લાગ્યાં.

જીવનમાં અનેક સારા તથા નરસા પ્રસંગો આવે છે. પ્રત્યેક વ્યક્તિ અનેકવિધ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય છે જ. જીવનમાં પ્રવૃત્તિ ન હોય તો વ્યક્તિનું જીવન નીરસ અને નિર્માલ્ય બને છે. વિશેષ આવી પરિસ્થિતિમાં દિવસ વિતાવવો મુશ્કેલ બને છે. પ્રવૃત્તિ વિનાનું નિષ્કૃત જીવન નાશને આમંત્રે છે. શરદ હંમેશાં સામાજિક પ્રવૃત્તિમાં રચ્યો પચ્યો રહેતો. તે શહેરના જાણીતા વિદ્યાભવનમાં આચાર્યનું પદ શોભાવતો હતો.

સુધા ઘરમાંથી ચાલી ગઈ એ વાતથી તેને આઘાત લાગ્યો હતો. પ્રતિકૂળ સંજોગોના પવનની આંધીએ તેના જીવનને ઉથલપાથલ કરી નાખ્યું હતું. ગૃહશાંતિ વેરવિખેર થતાં તે એકલતા અનુભવવા લાગ્યો. ભાડાનું ઘર ખાલી કરીને પોતાનાં માબાપને ઘેર રહેવા ગયો. ભર્યા ઘરમાં તેને કશી જાતની ખોટ નહોતી, ખોટ હતી માત્ર સુધાની. સામાજિક કાર્યો તથા ચર્ચા પ્રવૃત્તિમાં તેના દિવસો પસાર થતા હતા. તે ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરતો. બોર્ડિંગ ખર્ચ વધવાથી, કેટલાક વિદ્યાર્થીઓને, બોર્ડિંગ છોડવાનો પ્રસંગ આવ્યો હતો. નાના વિદ્યાર્થીઓને ખર્ચ આપી તેમનું પોષણ કરતો.

બીજી બાજુ સુધા ગૃહત્યાગ કરી માબાપને ઘેર આવી રહેવા લાગી. ખબર આપ્યા વગર ઓચિંતાની આવી તે જાણી માબાપને લાગ્યું કે કંઈ દાળમાં કાળું છે. આંખમાં આંસુ લાવી સુધાએ તેમને સર્વ વાતથી વાકેફ કર્યાં. વાતવાતમાં મીઠું-મરચું ભભરાવી

તેમને એવી છાપ પાડી કે તે ખરેખર દુઃખના ડુંગર નીચે દબાયેલ હતી. અને હવે નિરાંતનો શ્વાસ લેશે એવો ભાવ પ્રદર્શિત કર્યો. આ વાતો સાંભળી માતાપિતાને દુઃખ થયું અને શરદ તથા તેના કુટુંબ પ્રત્યે વૈમનસ્ય જાગ્યું અને રોષ ચઢયો.

દુઃખનું ઓસડ દહાડા. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેના ઉગ્ર મનનું સમાધાન થવા લાગ્યું. વાર તહેવારે શરદની ગેરહાજરી તેને સાલવા લાગી. એના સુકોમલ હૃદયમાં શરદ પ્રત્યે પાંગરેલા પ્રેમની કૂંપળો આમ એકાએક કરમાઈ જશે તેનો તેને ખ્યાલ ન રહ્યો. તેને શરદની યાદ આવતી અને બેચેન મનને સતાવતી હતી. કેટલીકવાર પત્ર લખી નાખવાની પ્રેરણા હૃદયમાં જાગતી, પરંતુ તે પત્ર લખી શકતી નહિ. થોડા વખત પછી તેને પુત્રનો પ્રસવા થયો, અને ત્યાર પછી તો તેનું જીવન પુત્રની દેખભાળમાં જ પસાર થવા લાગ્યું.

વિદ્યાભવનનાં સો વર્ષ પૂરાં થવાથી શિક્ષકગણે તથા વિદ્યાર્થીઓએ શતાબ્દી ઉજવવા કાર્યક્રમ ઘડી કાઢયો. મનોરંજન કાર્યક્રમ નિમિત્તે અતિથિ વિશેષ તરીકે બિશપ સાહેબને આમંત્રણ આપવામાં આવ્યું, અને સમારંભના પ્રમુખ તરીકે શ્રી. શરદભાઈ ને પસંદ કરવામાં આવ્યા. શરદભાઈ એ પ્રમુખપદ માટે વિનમ્રભાવે અસ્વીકાર કર્યો, પરંતુ વિદ્યાર્થીઓના આગ્રહને તેઓ ટાળી ન શકયા, પ્રમુખપદ સ્વીકાર્યું.

શતાબ્દીદિન આવ્યો, આમંત્રિત મહેમાનોથી ખંડ ભરાઈ ગયો. મનોરંજન કાર્યક્રમની રજૂઆત થઈ. આ મંગલ પ્રસંગે અતિથિ વિશેષ માન. બિશપ સાહેબનું પુષ્પોથી બહુમાન કરવામાં આવ્યું. કમિટીના નિર્ણયાનુસાર શરદભાઈ ને પણ એમની નિઃસ્વાર્થ સેવાની કદર કરતાં, ફૂલહાર કરવા એ નિર્ણયને અનુસરતાં, જુવાનો

બાબાને સ્ટેજ પર લઈ આવ્યા અને એને હાથે શરદભાઈને હાર નંખાવ્યો. બાબાને જોઈને શરદભાઈએ આંચકો અનુભવ્યો. પરિસ્થિતિ શી છે તે તેઓ સમજી શકયા નહિ. પણ અહીં વિચારવાને તો સ્થાન જ નહોતું ને? કંઈક વિચિત્ર બનાવ બનતો હોય એમ એમને લાગ્યું. બાબાએ હાર પહેરાવવા હાથ લંબાવ્યા, શરદભાઈ ઝૂકયા અને ગળામાં હાર લીધો. અને આવેશભેર બાબાને ઊંચકી લીધો. ચુંબન કર્યું અને આભાર વ્યક્ત કર્યો. બાબા સાથેનો આ પહેલો જ પ્રસંગ હતો.

સુધા, કુતૂહલતાપૂર્વક આ દૃશ્ય જોઈ રહી, અને સંમિશ્રિત વિચારોમાં ગરક થઈ ગઈ. એને થયું કે જો આવી ખબર હોત તો આ કાર્યક્રમ જોવા ન આવત! પણ જુવાનોની વિનંતી આગળ એનું કંઈ ચાલે તો ને? મને કે કમને તેણે આમંત્રણ સ્વીકાર્યું હતું. એને કયાં ખબર હતી કે એની સાથે રમત રમાઈ જશે?

કાર્યક્રમ સમાપ્ત થયો. અને પ્રેક્ષકો વિખરાવા લાગ્યાં. સુધા પણ ઝટપટ ઊઠી અને બાબાને આગળ કરી આ પરિસ્થિતિમાંથી ભાગવા મથતી હતી. બાબો સ્ટેજ આગળ જવા તત્પર હતો. "મમ્મી, ચાલોને આપણે મળવા જઈએ!" કોમળ સ્વરે બાબાએ સુધાને જણાવ્યું. "ના, આપણે ઘેર જઈએ, બહુ જ મોડું થઈ ગયું છે." બાબાને મનાવવા સુધાએ પ્રયત્ન કર્યો.

બાબો એકનો બે ન થયો, "ચાલોને મમ્મી, તમે કેમ આવતાં નથી, બધાં મળે છે ને?" બાબાએ હઠાગ્રહ કર્યો. સુધાનું માતૃહૃદય કરૂણાથી પુલકિત થઈ ગયું.

સુધા વિચારમાં ડૂબી ગઈ. શું કરવું તે તેને કંઈ સમજાયું નહિ. તે કંઈ જ કહી ન શકી. ખેદથી તેનું મુખારવિંદ ફિક્કું પડી ગયું હતું. માનો હાથ પકડી, બાબો સ્ટેજ તરફ ધસી રહ્યો.

સુધા ધીમે પગલે તેની પાછળ ચાલી. શરદની સમક્ષ આવી બન્ને ઊભાં રહ્યા. સુધા નતમસ્તકે જાણે કોઈ અપરાધની ક્ષમા યાચતી ન હોય તેમ મૂક ઊભી રહી. શરદ અવાક્ બની જોતો ઊભો. બીજી જ ક્ષણે તેણે સુધાનું મુખ ઊંચું કર્યું. આંખો મળી. હૃદયોર્મિના આવેશથી શરદે સુધાને આલિંગન કર્યું. અલગ અલગ વહેતા પ્રવાહોના સંગમથી છલકાતી પ્રેમની છોળો ઊભરાવા લાગી. બાબો કુતૂહલથી જોઈ રહ્યો.

રાત ઘણી વહી ગઈ હતી. શરદ–સુધા અને બાબો કારમાં આવીને બેઠાં. શરદે કારને પૂર ઝડપે હંકારવા માંડી. કાર રાત્રિનો અંધકાર કાપતી આગળ વધી રહી હતી. બન્ને સૂનમૂન હતાં. આખરે સુધાએ મૌન તોડયું, "મેં તમને બહુ જ અન્યાય કર્યો છે, મને ક્ષમા કરો." આજે સુધાનું સુકોમળ હૃદય પોતાના સ્વામીની સહૃદયતાને જીતી રહ્યું હતું. તેને સમજાયું કે પ્રેમ, સહૃદયતાનું રશ્મમય રૂપ છે. પ્રેમના અભાવમાં સહૃદયના દંપતી સુખનું મૂલ્ય બની જાય છે. અનંત વિયોગથી તડપતું તેનું હૃદય આલિંગન લેવા ચિત્કાર કરતું હતું. વળી, તેને બીજા વિચારો આવવાં લાગ્યા. અભિલાષાઓ તથા મૃદુ કલ્પનાઓ પ્રદીપ્ત થવાને બદલે તેના મુખ પર ચિંતાઓનો અધંકાર છવાયો. તે પોતાને ઘેર જતી હતી, પણ તે જાણતી નહોતી કે તે કયાં જઈ રહી છે. પિતાનો ક્રોધ, માતાનો તિરસ્કાર અને સંબંધીઓની અવહેલના બધી શંકાઓથી તેનું ચિત્ત ઉદ્વિગ્ન થઈ ગયું હતું. આંખમાંથી આંસુઓની ધારા વહે જતી હતી.

"સુધા, તું ઉદાસ છે ? શું તું ઘેર જવા માગતી નથી ?" શરદે સવાલ કર્યો. સુધાએ આંખનાં આંસુ લૂછતાં કહ્યું, "હું ઘેર આવું છું. માતાપિતાના અપ્રસન્નતાના ભયથી ઘેર ન જવું એ

યોગ્ય નથી. હવે મને મારી ભૂલ સમજાઈ છે. એ લોકો નારાજ હોય, તો પણ આખરે તો મારાં માતાપિતા જ છે ને? આપણે કેટલું ય અનુચિત કાર્ય કર્યું હોય, આખરે તો આપણે તેમનાં બાળકો જ છીએ ને! આ સગાઈ કોણ તોડી શકે છે? હવે મને સમજાયું છે કે માતાપિતાથી અલગ રહેવું તે એક ઘોર પાપ છે. એમની સેવા કરવાનો અવસર બીજે ક્યાં હોઈ શકે! એ લોકો ભલે ગુસ્સે થાય પણ આપણે એમનો છેડો ન છોડવો જોઈએ."

સુધાએ હૃદયનો ભાર હલકો કરતાં જણાવ્યું. "ન જાણે મેં તેમને કેટલું બધું મનદુઃખ દીધું!!! દાદીમાને કેટલો આઘાત થયો હશે?"

જોતજોતામાં ઘર આવી ગયું. શરદે કાર થોભાવી અને બંગલાને દરવાજે જઈ ટકોરા કર્યા. દરવાજે ટકોરા પડતા, ભાઈ આવ્યા જાણી માતાએ દરવાજો ખોલ્યો. માને જોઈને શરદે ખુશાલીના સામાચાર આપતાં કહ્યું, "મા, સુધા અને બાબો આવ્યાં છે!" સુધાનું નામ પડતાં, જગદીશપ્રસાદ સફાળા ઊઠયા, તેમને અંગમાં તાવ હતો છતાં લાકડીને ટેકે દરવાજાની બહાર નીકળી આવ્યા. સુધાએ તેમના ચરણોમાં શિર ઝુકાવી દીધું. એની આંખોમાંથી શ્રદ્ધા અને આનંદનાં આંસુ વહેવા લાગ્યાં. જગદીશપ્રસાદે એને માથે હાથ મૂકયા અને આશીર્વાદ આપ્યા. માતાજીએ બાબાને ઊંચકી લીધો અને ચુંબનો વરસાવતાં ઘરમાં પ્રવેશ્યાં. એમનો આનંદ માતો નહોતો.

દૂર સૂર્યના અવનિ પરના આગમનના પગરવને સાંભળીને કૂકડો જાણે છડી પોકારતો હોય તેમ તેમને વધાઈ દેતો કૂકરે કૂક કરી રહ્યો!

---

# જરા મોડું થઈ ગયું !

કામથી પરવારી જરા ફુરસદ મળવાથી વિચાર થયો લાવ કંઈ લખું ! સર્વ પૂર્વ તૈયારી કરી લેખનકાર્ય આદર્યું. બે-ત્રણ વાકયો લખું છું ત્યાં તો બાબાની બાએ હોંકારો કર્યો, "આ જોયું ! અહીં આવો !" એ રસોઈઘરમાંથી બોલ્યા. હું બીજા ખંડમાં સ્વસ્થ મને ધોળા પર કાળું ચીતરવાનો આરંભ કરું છું ત્યાં તો ઉપરાછાપરી બૂમરાણ ગજાવી મૂકયું.

કલ્પના સૃષ્ટિમાં વિહરતાં મહાસહેનતે મેં બે આંકડા ટપકાવ્યા, પણ એ બૂમરાણ આગળ કંઈ ચાલે ! મને કંટાળો આવ્યો. મારા કાર્યમાં વધુ વિક્ષેપ ન આવે તેથી મેં ટૂંકમાં જ જવાબ આપ્યો. "હાં ! જોઉં છું." ફરી હું તલ્લીન થયો, પણ મને લખવા દે તો ને ? એ કંઈ જંપવા દે નહિ. એમણે આગળ ચલાવ્યું, "જુઓને આ ઉંદરડાએ કેવડું મોટું દર પાડયું છે ?" સાશ્ચર્ય સહિત હાવભાવ પ્રગટ કર્યા.

"અરે, ઉંદરડાએ દર પાડયું છે તેમાં મને શું કામ ડિસ્ટર્બ કરે છે ? એને ઘર નહિ તે દર પાડે ને ?"

"કેવડું મોટું દર પાડયું છે. મૂઓ ! એનું નખ્ખોદ જાય–" બબડયાં.

મેં ટૂંકામાં જવાબ આપી વાત ત્યાં જ રોકવા પ્રયત્ન કર્યો.

મારા પ્રત્યુત્તરથી વાત બગડી અને એ ખીજાઈ ગયા, પછી તો કહેવું જ શું ? ભાષણ ચાલુ કર્યું–"કોણ જાણે ન જોઈ સાંજ કે સવાર ! ઊંધું ઘાલીને લખવા બેસે છે તે જાણે ખુરશીએ ગુંદર ચોંટાડયો હોય ! ઘરનો કોઈ ખ્યાલ છે ? પેલા કાપડિયાને બિલ ચૂકવવાનું છે, વાણિયાને ત્યાંથી રેશન લાવવાનું છે. બે મહિના

થયા લાઈટનું બિલ ભર્યું નથી! પણ એ ઊંચા આવે ત્યારે ને ?" જેટલું જીભે ચઢ્યું તેટલું બોલી નાખ્યું.

"બે દિવસ પછી મારે રજા છે ત્યારે બધું જ પતાવી દઈશ. હમણાં મહેરબાની કર." મેં ઠંડે કલેજે જવાબ આપ્યો.

"અરે મૂકો દેવતા તમારા લખાણને! કોને પડી છે ?" મારા લેખનકાર્યને જબરજસ્ત ફટકો લગાવ્યો.

"ભલે કોઈ ને ન પડી હોય–પણ મને તો લખવા દે–બાપા– શું કામ હેરાન કરે છે ? મારો મૂડ શું કામ બગાડે છે ?" ધીમે રહીને ગરમ વાતાવરણ પર મેં ઠંડું પાણી છાંટયું, અને મારું કામ આગળ ધકેલ્યું.

માંડ બે શબ્દ લખ્યા નહિ હોય ત્યાં તો, "જુઓ! આ તમારા લાડલાએ કર્યું છે તે! જાવ! એને દવાખાને લઈ જાવ." મેમ સાહેબ ઘૂરક્યાં.

બાબલાને દોડતાં ઠેસ વાગી. નખ ઉખડી ગયો હતો, અને લોહી-લુહાણ હાલતમાં રડતો રડતો આવ્યો હતો. દવાખાનાનું નામ સાંભળી હું ચમક્યો અને બેધ્યાન થયો. સર્વાંગ ગુસ્સો વ્યાપી ગયો, કંટાળો ઉપજ્યો અને ગુસ્સામાં ટેબલ પછાડ્યું. "તમને લોકોને શું થયું છે જે આમ બૂમાબૂમ મચાવો છો ?"

પણ મારા શબ્દો કોણ ગણકારે ? શ્રીમતી ગુસ્સામાં આવી ગયાં અને ઘૂરકી ઊઠયાં, "અરેરે! છોકરાને આટલું બધું વાગ્યું છે ને સાંભળતા જ નથી! મૂકો તમારા લખામણમાં પૂળો!"

આખરે હું ઊઠયો. બાબલાને બગલમાં ઘાલી દવાખાને લઈ ગયો. પાટાપિંડી કરાવી ઘેર આવ્યો.

વાતાવરણ જરા શાંત થઈ ગયું હતું. વિચાર આવ્યો. બધું બરાબર છે, લાવ જરા લખું. શરૂઆત કરું છું ત્યાં તો શ્રીમતી

બોલ્યાં, "સાંભળ્યું ?" મને થયું, વળી પાછું શું સાંભળવાનું બાકી રહ્યું હશે ? જરા ચિડાઈ ને, "હાં! બોલને શું સાંભળવાનું છે ?" મેં મારું ગાડું ચાલતું કર્યું. વળી પાછો અવાજ આવ્યો.

"તમે સાંભળ્યું કે નહિ ?" શ્રીમતીએ ટહુકો કર્યો અને બબડયાં. "કોણ જાણે શું માંડયું છે તે !"

હું કંટાળ્યો. કંટાળો આવે જ ને ? ક્રોધ વ્યક્ત કરતાં બોલ્યો, "હાં ! હાં ! ભસી મરને સાંભળ્યું. સાંભળ્યું કર્યા વગર !"

મારી અજાયબી વચ્ચે મેં જોયું તો ગરમાગરમ વાતાવરણ એકદમ ઠંડુગાર થઈ રહ્યું હતું. મને કંઈ સમજ પડે ના. હું વિચારમાં પડયો. એવામાં શ્રીમતીજી મારા ખંડમાં આવી પહોંચ્યાં, આંખો ચઢાવી, હાથ લંબાવી ચિંતાગ્રસ્ત સ્વરે બોલ્યાં, "તે હું એમ કહેતી હતી કે સાંભળ્યું ! અમથાકાકાની રેણુએ ગજબ કર્યો."

"હેં શો ગજબ કર્યો ?" મારી ઉત્કંઠા જાગી. "ઉંદરે અજબ કર્યું અને રેણુએ ગજબ કર્યું ! અજબ–ગજબ શું માંડયું છે !"

"અરે ! તમે દવાખાને ગયા કે તરત જ મોહન આવ્યો, તેણે કહ્યું, અને કહેતો ગયો છે કે, કાકાએ તમને એકદમ બોલાવ્યા છે."

"શી વાત કહું ?" આ વાત સાંભળતાં જ માંડ આવેલો મારો મૂડ 'સાહેબજી' કરી ગયો. હું વિમાસણમાં પડયો. વિચારવાનો તો સમય જ નહોતો. સાયકલ લઈ મારતે પેડલે કાકાને ઘેર પહોંચ્યો.

કાકાને ઘેર આવ્યો અને જોયું તો સ્મશાન સમ શાંતિ પ્રવર્તી રહી હતી. ન કોઈ બોલે કે ચાલે. સૌનાં મોઢાં વિલાં થઈ ગયાં હતાં. મારું મોઢું પણ પડી ગયું. શાંતિનો ભંગ કરતાં હું બોલ્યો, "તે બધે તપાસ કરી ? રેણુકાકા, કમુમામા–રેખા–પેલી એની બહેનપણી –તપાસ તો કરાવો !"

કાકી બોલ્યાં, "ભાઈ ! બધે જ તપાસ કરાવી છે ! પણ પત્તો જ

નથી." લજ્જા અને શરમનો શેરડો ફરી વળ્યો હતો અને ઉમેર્યું–"મને તો લાગે છે એ જરૂર પેલા રખડેલ રમેશ સાથે ભાગી ગઈ." આંખને ખૂણેથી આંસુ લૂછતાં કાકી બોલ્યાં. "એ દિવસથી એ રમેશડોએ ક્યાંય જણાતો નથી."

રમેશ બાજુમાં રહેલો હતો. થોડું ઘણું ભણ્યા પછી ભણવાનું ઊંચે મૂકી દીધું હતું. એના પિતાજીને આમદાની સારી હતી તેથી ભાઈ ફક્કડ થઈને ફૂલફટાક થઈ ફરે. બસ એ જ એનો ધંધો.

આખરે મેં મારું ઊતરી ગયેલું મોઢું ખોલ્યું, "એમ તો પછી હવે રસ્તો એ જ રહ્યો કે આપણે બીજાં સ્થળોએ ઝટ તપાસ કરાવવી જોઈએ. આપણે એમ કરીએ, તમે જાવ મેત્રાલ, હું જાઉં ગત્રાલ અને ભગુભાઈ જાય વડોદરે! અને અલ્યા મંજુ! તું ગામમાં જઈ મુંબઈ લૂખાકાકા પર તાર કર! અર્જન્ટ તાર–સમજ્યો?"

આમ અમે બધાં આડાં–અવળાં પાસાં ઉલટ–સુલટ તપાસીને પ્રોગ્રામ ઘડી કાઢ્યો. બીજો વિષય હોત તો ચૂંથી ચૂંથીને અમે એના ચિંદેચિંદા ઊડાવત્–જેમ બીજી સમિતિઓમાં સાધારણ બાબતો માટે થાય છે એમ–પણ આ પ્રશ્ન ચૂંથવા જેવો નહોતો. વળી ઘર–ખાનગી. એમાં વિચાર શો કરવાનો? આથી વધુ વિલંબ વિના સર્વે પ્રસ્તાવ પસાર કર્યા અને ખાધા–પીધા વગર સૌ પોતપોતાની ડ્યુટિ પર ચઢી ગયાં. અમે નીકળવાની તૈયારીમાં જ છીએ ત્યાં તો "બહેન" ધીમે ધીમે લટક મટક, લટક મટક સામેથી આવતાં દેખાયાં! અમે બધાં બાહુકની જેમ આંખો ફાડી જોઈ રહ્યાં, અને "બહેન" હાથમાં પર્સ હલાવતાં દરવાજે આવી ઊભાં.

બધાં સ્તબ્ધ! ન કોઈ બોલે કે ચાલે! મામલો ગંભીર! આખરે મૌન તોડતાં, મોઢું ઊંચું કરી મેં જ પહેલ કરી, "કેમ બહેન! ક્યાંથી?"

"લીલાવતી પાસે ગાઈડ લેવા ગઈ હતી, પછી અમે પિકચ-રમાં ગયાં તે જરાક મોડું થઈ ગયું !" બહેને વાતનો ફોડ પાડયો.

અત્યારે રાતના બે વાગ્યા છે–ને જરાક મોડું ? હશે, ગમે તેમ હોય પણ વસ્તુસ્થિતિ ફેરવી નાખી. લપડાકે ગાલ રાતા રાખ્યા. હું થાકયો પાકયો ઘેર આવ્યો. આફતમાંથી છૂટયો એટલે હાશ વાળી ઠંડો શ્વાસ લેતો બેઠો. આંખો નિંદ્રમાં ઘેરાઈ હતી. પેટમાં બિલાડાએ ધૂમરાણ મચાવી હતી. નિદ્રાદેવીને ખોળે જાઉં–પણ મન માને નહિ. વિચાર થયો લાવ ત્યારે લખું ! લખવા બેઠો. લખું તો ખરો ! પણ લખવું શું ?......કપાળ !......

---

# મારે શું ?

રવિવારનો દિવસ હતો ને મારે ભક્તિસભા ચલાવવા દૂર ગામડે જવાનું હતું. આંખોમાં ઘેરાયેલી નિદ્રા કેમે કરી ઊડતીમ નહોતી. ઠંડીમાં શરીર સમેટાઈ ગોદડીની હૂંફ માણી રહ્યું હતું અને હૂંફમાંથી બહાર પડવાનો કંટાળો. અંગમાં અંગડાઈ જામી ગઈ હતી, બીજી બાજુ, ફરજ મારી નામરજી, ને ઊઠો ! ઊઠો ! કરી બોલાવી રહી હતી. વહેલી સવારે હું ઊઠયો, સ્નાનાદિ પતાવી, મારી બ્રીફ-કેસ સ્કૂટર પર લટકાવી તે રવાના થયો.

એક બાજુ મારી ફરજ મને અરજ કરી રહી હતી ને બીજી બાજુ મારા વિચારો ખેંચતાણ કરતા હતા. શા માટે આજે મારે જવું જ જોઈએ ? બીજાં ઘણાં કામ છે, ન જાઉં તો ન ચાલે ? આવા આવા વિચારો મનમાં ઘેરાઈ જતા અને અદશ્યમાં વિલીન થઈ જતાં. હું સ્કૂટર પર સવાર હતો એ મારે ભૂલવું જોઈએ નહિ; તેથી તેને સાવધાનીથી ચલાવતો ને ઘેરાતા વિચારોનાં વાદળોને

ફગાવી દેતો આગળ વધ્યો.

શહેરની ગીચ વસતીમાંથી પસાર થઈ હવે ખુલ્લા રસ્તા પર આવી ગયો. લીલાંછમ ખેતરોની હરિયાળી હારમાળા વચ્ચે મારો રસ્તો કાળા ભોરિંગ સમો સર્પાકારે દોડી રહ્યો હતો. ખેતરોમાં શેરડીનો પાક લચી રહ્યો હતો. કેનાલનાં ધસમસતાં પાણી ક્યારડાઓમાં ફરી વળ્યાં હતાં. ખુશનુમા હવાની લહરીઓ મનને પ્રફુલ્લિત બનાવી રહી હતી. મનના વિચારો ધીમે ધીમે અલોપ થતા હતા.

ઊગતા સૂર્યનાં તાજાં કિરણોએ મનને ઉષ્મા આપી ને એ ઠેકાણે આવી ગયું. પ્રાતઃકાળની મીઠાશ માણતો હું સ્કૂટરની સ્પીડમાં માર્ગ કાપે જતો હતો. ઊંચાનીચા પહાડોની હારમાળાનાં રમણીય દૃશ્યો મને પ્રેરણા પાઈ રહ્યાં હતાં, અને હું સૃષ્ટિ સૌંદર્યથી મુગ્ધ બન્યો.

થોડે દૂર ગયો. લગભગ જંગલ પાસે જ આવી ગયો. નીરવતા છાયી હતી, રસ્તા પર કોઈની અવરજવર નહિ. નિર્જન બિહામણો રસ્તો, દૂર દૂર કોઇ આચાંપાછાં છાપરાં દેખાતાં હતાં, કંઈક વસતી જણાતી હતી, બાકી સર્વત્ર ભેંકાર વર્તાઈ ગયો હતો. રસ્તાની એક બાજુ પર અડીખમ ઊભા શેરડીના સાંઠા હવામાં લહેરાતા હતાં. ગંભીર વાતાવરણ સર્જાયું હતું. મારી નજર શેરડીને સંભાળતી ખીચોખીચ વાડ પર પડી. સ્કૂટરની ગતિ ધીમી થઈ ગઈ, ને મારી આંખો ઓતરાવા લાગી, વાડને ઓથે કંઈ પડયું હોય એવું જણાયું ! શું હશે એ ? વસ્ત્રો સ્ત્રીના જેવાં લાગ્યાં. કાચની બંગડી પર પડતાં પ્રકાશનાં પ્રતિબિંબ મારી આંખો તરફ ફેંકાયાં. મને ખાતરી થઈ, હું ચમક્યો. સ્કૂટરનો અવાજ છેક ધીમો થઈ ગયો હતો ને નીરવતાને વધુ પ્રબળ બનાવી રહ્યો હતો. મેં આમતેમ જોયું, સ્કૂટર ઊભું કરી, પાસે ગયો. જોયું તો એક ગભરુ

બાળા ગંભીર હાલતમાં પડી હતી. તેનાથી થોડે દૂર લાકડાનો ભારો પડયો હતો. હું ગભરાયો. કદાચ મડદું તો નહિ હોય? મારે ફરજ ઉપર જવાનું હતું. શા માટે મારે મારો સમય બગાડવો? મારે શું? હું મદદ કરવા જાઉં ને તહોમત વહોરી લઉં, નાહકનું મુશ્કેલીમાં મૂકાવું!

મારા વિચારો મને અટકાવી રહ્યા હતા. મેં હિંમત કરી, તપાસ તો કરું! ભલો સમરની, કેવો ભલો હતો? તેને કોઈ વાતની ફિકર ન કરી, એને ફિકર હતી મુસીબતમાં સપડાયેલા અસહાય મુસાફરની. મને થયું કે શું હું સમરની છું કે લેવી? એક નિરાધાર અભરુ બાળાની પાસે જઈ મારે જોવું જોઈએ ને જોઈતી મદદ કરવી જોઈએ. માનવ–ફરજે મારી આશંકાઓ દૂર કરી, મને હિંમત આવી, હું તેની પાસે ગયો. દશ–બાર વર્ષની બાળા બેહોશ પડી હતી. હજી તેનાં જીવમાં જીવ હતો. તેણે નિસ્તેજ આંખો ઊંચી કરી, તેની આંખોમાં ભય ભર્યો હતો, મને દાદ કરતી હતી. મારા પર ધર્મસંકટ આવી પડ્યું. યાજક બનવા કરતાં સમરની બનવું સારું. મેં અબળાને ઉઠાવી, સ્કૂટર પર ગોઠવી ને ધીમે ધીમે તેને પાસેના ગામમાં લઈ ગયો. પોલીસ પટેલને સોંપી, કેસને લગતાં કાગળિયાં તૈયાર કર્યાં. તેને દવાખાને મોકલવાનો પ્રબંધ કર્યો ને હું અબળાની આફતથી ઘેરાઈ ગયેલો મારા માર્ગે પડયો.

સ્કૂટર ધીમી ગતિએ રસ્તો કાપી રહ્યું હતું. મન, ઉદ્વેગની પરંપરામાં આગળ વધી રહ્યું હતું. શું થયું હશે એ બાળાને? કંઈ કરડયું હશે? શું એના માબાપે શોધ નહિ કરી હોય? લાકડાં વીણવા આવેલી આ બાળા રાતભર આમ જ પડી રહી? બીમાર તો નહિ હોય! મને કંઈ સમજ પડી નહિ! પણ એટલું સમજાયું હતું કે અણીને સમયે સમરની બની સહાય કરવી એ મહાપુણ્ય છે,

ને યાજકની માફક મુસીબત જોઈને ભાગી જવું એ મહાપાતક છે.

હું સમયસર અહીં ન આવ્યો હોત ને બાળાને મદદ ન આપી હોત તો તેના શા હાલ થાત? કદાચ! તે મૃત્યુના મુખમાં હોમાઈ ગઈ હોત!

હું મારા કાર્યસ્થળે ગયો. કાર્ય આટોપી પાછો ફર્યો. ચોરે જઈ તપાસ કરી તો મને જણાવવામાં આવ્યું કે તે બાળા બદમાશોના હિચકારા બળાત્કારની ભોગ બની હતી. બાળાને સરકારી દવાખાને ખસેડવામાં આવી હતી. વિષયાંધ એ બદમાશોને પોલીસે ચોરામાં પૂર્યા હતા.

મારા હૃદયમાં સંતોષ અને આનંદની એક ઝલક પ્રસરી ગઈ! સ્કૂટર આનંદવિભોર બની ઘર તરફ દોડી રહ્યું હતું!

---

# સૌહાર્દ

સરલાબહેનની સાથે ઘણું સુખદ સમાધન થયું હતું. ખાસ બાબત તો એ હતી કે, કાન્તિ અને સુધાના સદ્વર્તનને કારણે સરલાબહેનનું હૃદયપરિવર્તન થયું હતું. સુધા સરલાબહેનની પડોશમાં રહેતી હતી. તેના જીવનમાં સુસંસ્કાર વણાયેલા હતા. ધાર્મિકભાવોનું સિંચન થયું હતું, પડોશી પ્રત્યે પ્રેમધર્મ કેળવાયો હતો. તે અને તેમનું કુટુંબ હમેશાં પોતાનાં આડોશીપાડોશીને મદદ કરવામાં તત્પર રહેતાં, અને એમાં પરમસુખનો આનંદ અનુભવતાં હતાં. એમના સદ્વર્તનની ભલી છાપ સરલાબહેનના હૃદય પર ઉપસી આવી હતી.

કેલેન્ડર તરફ દૃષ્ટિ કરતાં જણાતું હતું કે હવે વર્ષ સમાપ્ત થવા આવ્યું છે, ને નવીન વર્ષ બેસશે. નવા વર્ષના પ્રેમ તરીકે શું આધ્યાત્મિક ભાવ કેળવી, ધાર્મિક વાતાવરણ સર્જાવવું, ગરીબ-

ગુરૂબાને પ્રસંગોપાત મદદ કરવાનું મંતવ્ય અપનાવ્યું હતું.

કદીક એવો પ્રસંગ આવી પડતાં તેઓ વચ્ચે ગેરસમજ થતી, તેઓ અથડાઈ પડતાં. દાંપત્ય જીવનમાં આવા પ્રસંગો બને, પણ તેઓ કુનેહથી આવા પ્રસંગોને ગળી જતાં. સુલેહથી સૌરભ ઘરમાં ફેલાઈ જતી અને ગેરસમજને દૂર કરતી.

સરલાબહેનના દીકરા હિંમતે સુધાના મુન્નાને રમતાં રમતાં પથ્થર માર્યો. પથ્થરનો ઘા માથામાં લાગ્યો. રક્તની સેર ફૂટી. મુન્નો લોહીલુહાણ થઈ ગયો. આ દૃષ્ય જોતાં જ કોઈનું પણ હૃદય દ્રવી જાય, પણ ઝઘડાખોર સરલાબહેનના હૃદયને કોઈ આંચ ન આવી. આ કૃત્ય માટે દિલસોજી ન દર્શાવી. ઊલટાનું મુન્નાનો વાંક કાઢી ઝઘડવા લાગી, અપશબ્દો કહ્યા અને મુન્નાને એક તમાચો લગાડી દીધો. એને ડર હતો કે જરા અમથી વાતનું વતેસર થાય અને આફત આવે તો ? તે હંમેશાં પોતાનો બચાવ કરતી. સરલા-બહેને મુન્નાનો વાંક કાઢયો, ઝઘડો કર્યો, અપશબ્દો ઉચ્ચાર્યા, છતાં સુધા મોટું મન રાખી આ સાંખી રહી અને અપમાન ગળી ગઈ. તે પ્રસંગ પૂરતું સમાધાન થયું. શાંતિ પ્રસરી રહી, પણ અંદર ઊનાળાના ઉકળાટની જેમ અશાંતિ ઊકળવા લાગી.

જેમ જેમ સમય વીતવા લાગ્યો તેમ તેમ આ બંને કુટુંબો વચ્ચેનો સંબંધ વણસવા લાગ્યો, અને મૈત્રીરૂપ હૈયાધારણની સૌરભ ઊડી જવા લાગી.

મુન્નાનો જખમ રૂઝાયો નહોતો. આ જખમ એમનો રોજિંદા જીવનનો કાર્યક્રમ બની ગયો, અને ઘણો ખર્ચાળ થઈ ગયો. પાટા-પિંડી કરાવવા દરરોજ દવાખાને જવું પડતું. તેઓ અકળાયાં, તેમના મનમાં ચિંતા ઉત્પન્ન થઈ, જખમ રૂઝાતો નથી, કંઈ સેપ્ટિક થયું તો ? આ વિચારથી તેઓ વધુ ચિંતાતુર રહેવા લાગ્યાં

કયા એવાં માબાપ હોય છે કે જેમને પોતાના માસૂમ બાળક માટે દિલમાં લાગણી ન થાય ? વખત જતાં વાત ગંભીર બની.

એક દિવસ સુધાનો વર કાન્તિ ઘેર આવ્યો. ઑફિસના વધુ પડતાં કામના બોજથી કંટાળી ગયો હતો. ઘેર આવી, નિરાંતનો દમ લઈ સમાચાર પત્ર વાંચવા લાગ્યો, સુધા ગરમ ગરમ ચા નાસ્તો લાવી.

"આજે ડૉકટર સાહેબે આપણા મુન્નાને માટે નૉવેલજીનની ગોળીઓ આપી છે." શાંત વાતાવરણને સ્પર્શતાં તે બોલી. "હા ! ઈશ્વર કૃપાએ જલદી સારું થાય તો સારું, કારણ કે એને સ્કૂલમાં દાખલ કરવો છે." માની મમતાએ જવાબદારી અને ઈંતેજારી દર્શાવી. "એના ભવિષ્યનો વિચાર કરવો જોઈએ ને !"

સુધા કુશાગ્ર બુદ્ધિવાળી હતી, તે ચાહતી હતી કે કાન્તિ ચિડાઈ ન જાય ! તેથી સાવચેતીપૂર્વક વિષય બદલ્યો ને વાતને વળાંક આપતાં બોલી, "સાધના સ્કૂલ ઘણી સારી છે, ને નજીક છે. મુન્નાને એ જ સ્કૂલમાં દાખલ કરીશું."

"સાધના ?" આશ્ચર્ય વ્યક્ત કરતાં કાન્તિ બોલ્યો. "મને તો એ ગુજરાતી-બુજરાતી નિશાળ પસંદ નથી. હું એને ઈંગ્લિશ મિડિમય કૉન્વેન્ટ સ્કૂલમાં જ દાખલ કરીશ. જ્યારે દુનિયા અંગ્રેજી પાછળ ગાંડી છે ત્યારે આપણે ગુજરાતી શાળાનો વિચાર શી રીતે કરી શકીએ ?" ભારપૂર્વક નિર્ધાર નિર્દેશ કર્યો–"ઈમ્પોસિબલ !"

"એ ખરું ! પણ ગુજરાતી ભાષા આપણી માતૃભાષા છે. વળી પોતાની ભાષાંમાં વાત વ્યહાર કરતાં સરળ રીતે આવડવું જોઈએ. જુઓને ! ગાવા-બોલવામાં પોતાના વિચારો સ્પષ્ટ કરતાં કેટલી સુગમ પડે ! અને ત્યારે જ મનને ખરી મજા પડે–આનંદ થાય !" બંને જણ ભાષાના વાદવિવાદમાં ઊતરી પડ્યાં. "તુ.

કહે છે એ ખરું ! પણ અંગ્રેજી એક ઈન્ટરનેશનલ ભાષા છે. એનો ઉપયોગ પ્રત્યેક અગત્યના ક્ષેત્રોમાં થાય છે. એનો વપરાશ બહુ બહોળો છે, અને જયારે આપણે ઇચ્છીએ છીએ કે આપણો મુન્નો ડૉકટર કિંવા એન્જીનિયર થાય તો, હવે તને સમજાય છે ને ? અંગ્રેજીમાં સાહિત્યક, વૈજ્ઞાનિક, આધુનિક વિદ્વતા ભરેલાં પુસ્તકોનો ભંડાર છે. એટલા જ માટે હું એની ફેવરમાં છું. બાકી, ગુજરાતી ભાષા આપણે ઘરમાં કયાં નથી બોલતાં ?" અગત્ય જણાવતાં કાન્તિએ પ્રશ્ન કર્યો. મુન્નાને સ્કૂલમાં દાખલ કરવાનો પ્રશ્ન પડતો મૂકયો અને સુધાએ ચાનો કપ ઉપાડયો અને રસોઈગૃહમાં ચાલી ગઈ.

દિનપ્રતિદિન મુન્નાનો જખમ રૂઝાતો ગયો. અપમાન અને અપશબ્દોનો પ્રહાર થયો હતો એ જખમ દિલને લાગ્યો હતો. આ જખમ કાન્તિમાં ઊભરતો આવ્યો, એના ઉગ્ર સ્વભાવને વધુ અકળાવવા લાગ્યો. અંગ્રેજીમાં કહેવત છે કે, કુહાડીનો ઘા રૂઝાવી શકાય, ગમે તેવા તીરનો ઘા પણ રૂઝાવી શકાય, પરંતુ વાગ્બાણનો ઘા એટલો ભયાનક છે કે જે દિલમાં સોંસરવો ઊતરી પડે છે—જેને રૂઝવવો મુશ્કેલ છે. એક જખમ મટતો હતો જયારે બીજો જખમ વૃદ્ધિ પામતો હતો. હૃદયમાં એતું સેપ્ટિક થયું હતું.

કાન્તિને એમ લાગ્યા કરતું હતું કે ધર્મના બહાના હેઠળ આવું અપમાન સાંખી લેવુ ઉચિત છે ? હા ! એ બરાબર છે કે જ્યારે પાડોશી મુસીબત કે દુઃખમાં હોય ત્યારે સહાય કરવી એ ફરજ છે. પરંતુ આવા પ્રસંગમાં 'ચોરી ઉપરથી શિરજોરી' પોતાની ભૂલ કબૂલ કરવી, વાંક કોનો છે એ ન જોવું અને દિલગીરીને બદલે ઊલટો આક્ષેપ કરે, અપમાનીત કરે ત્યારે ઝઘડો ન વધે ! માનહાનિ ન થાય એ વિચારે, સાંખી લેવું, ગુસ્સાને દબાવી દેવો એ શું કાયરતા નથી ? ખોટો ઢોંગ કરી આપણા આવેશને દબાવી

દેવો–એ ધાર્મિક ડોળ ઉચિત છે શું ? એમાં ધર્મને શું લાગેવળગે ? આવા વિચારોથી એનું મન વધુ ઉદ્વેગ અનુભવતું હતું. આ જમાનામાં ભલો સમજની ક્યાંય હોય ખરો ?

માનવી સ્વભાવ જ એવો છે. માનવ ગમે તેટલો સારો દેખાવા પ્રયત્ન કરે, પણ દુષ્ટ સ્વભાવ ક્યાંથીય એના સારા સ્વભાવમાં આવી ભળી જાય છે. સ્વાર્થ, વિશ્વાસઘાત અને દ્વેષ એ માનવી સ્વભાવનાં મુખ્ય લક્ષણો છે. એ લક્ષણોને દૂર કરવામાં સહાયભૂત એક માત્ર ઉપાય છે તે અંતરમાં ઉત્પન્ન થતી ક્ષમાભાવના, સચ્ચાઈનો ધર્મ. સિપાઈઓએ પ્રભુ ઈસુને ક્રૂસ પર ચઢાવ્યા, છતાં, પ્રભુ ઈસુએ પ્રાર્થના કરતાં કહ્યું, 'હે પિતા ! તેઓને માફ કર. તેઓ શું કરે છે તે તેઓ જાણતા નથી.' આ તો કોઈ મહાન દૈવી વ્યક્તિ જ કરી શકે ! આપણે કંઈ ભગવાન થોડા છીએ ? કાન્તિના મનનો ઉશ્કેરાટ વધતો જતો હતો. વિવેકબુદ્ધિ વાપરી ઝઘડો વધવા દીધો નહિ એ ખરું, પણ પરમજ્ઞાનની ઊણપ હતી અને એટલે જ જેમ વીંછી ડંખે એમ અપમાન ડંખી રહ્યું હતું. મનમાં ઉદ્વેગ અને મગજમાં ખુન્નસ ભરાયું હતું.

કાન્તિના હૃદયની ઉદાસીનતા અને અશાંતિ સુધા પામી ગઈ હતી. એના હૃદયમાં બળતી વેરની આગને બુઝાવવા તે પ્રયત્ન કરવા લાગી. એ ચાહતી હતી કે દૈવી શાંતિ એના હૃદયમાં પ્રસરે અને જીવનના જખમને રૂઝાવી દે ! 'દુઃખનું ઓસડ દહાડા.' દિલનું દુઃખ સમય જતાં ઓસરી જશે. તે પ્રયત્ન કર્યા કરતી.

જોતજોતામાં મુન્નો મોટો થઈ ગયો. આ વર્ષે એના અભ્યાસમાં ઘણું નુકસાન થયું હતું. જખમને લીધે ઘણીવાર માથું દુઃખી આવતું. શરીરમાં તાવ ભરાઈ આવતો. તે નિશાળે જઈ શકતો નહિ. વર્ષ ન બગડે એ હિસાબે સુધાએ એને માટે ટ્યુશનની

જોગવાઈ કરી હતી. ટયુશન શિક્ષક મુન્નાને ભણાવતા. મુન્નો પરીક્ષામાં ઉત્તીર્ણ થવા પ્રયત્ન કરતો હતો અને ઝળહળતી ફતેહની આશા રાખતો. સુધા અને કાન્તિ ઈશ્વરને પ્રાર્થના કરતાં હતાં કે, "હે ઈશ્વર ! મુન્નાને પાસ કરજે."

છોકરાંનો સ્વભાવ રમતિયાળ હોય છે. તેઓ ગમે તેટલાં લઢેવઢે પણ તરત જ ભૂલી જાય છે. તેઓનાં કુમળાં માનસ પર કલુષિત છાપ ઝાઝો સમય ટકતી નથી. એ તો મોટેરાં જ એ ખાસિયતને કેળવીને ટેવાયેલાં હોય છે, ને આવી બાબતોને ભૂલતાં નથી ! પ્રતિદિન બળતામાં ઘી હોમીને તેને વધુ ઉગ્ર સ્વરૂપ આપે છે. આડોશી પાડોશી બળતામાં ઇંધણ પૂરાં પાડે છે, મીઠું-મરચું ભભરાવી મજા માણે છે અને દુઃખ જ પારાવાર પેદા કરે છે. ભૂલની ક્ષમા આપવાને હૃદયને પશ્ચાતાપિક કરવાને અસમર્થ બની જાય છે. ક્ષમા આપી ખેદ પ્રદર્શિત કરવો એમાં નાનમ શી ?

મુન્નો અને હિંમત ઈત્તર બાળકો સાથે રમતાં. આ બનાવ પછી હિંમત, મુન્નાની ઘણી કાળજી લેતો કે રમત રમતમાં એને કંઈ વાગી ન જાય ! એ તેને ચાહતો હતો. પુષ્પા, રેખા અને મંદા ભેગાં થાય ત્યારે પોતપોતાનાં રમકડાં ભેગાં કરી ઘર-ઘર રમતાં, નિખાલસ રમત અને પ્રેમનું પ્રદર્શન કરતાં. સરલાબહેન એમને રમતાં જોઈ ખુશ થતાં. ઘણી વખત પોતાની ભૂલને માટે દિલમાં ખેદ ઉત્પન્ન થતો. તે દિવસે અણછાજતો વર્તાવ કર્યો હતો અને મોતે ન બોલવાનાં વેણ બોલી નાખ્યાં હતાં તે પ્રસંગ યાદ આવ્યો. આંખોમાંથી પશ્ચાતાપનાં આંસુ વહી રહ્યાં. પોતાની ભૂલ સમજાઈ અને નિર્ધાર કર્યો કે હવે એવું ન કરવું.

સુધાબહેનને મળવાને મન ઉત્સુક થતું. પણ પગ પાછા પડતા. તેઓ ચાહતાં હતા કે ક્યારે સુધાબહેનની સાથે વાત કરું !

આજે મુન્નાનું રિઝલ્ટ બહાર પડવાનું હતું. તેથી સુધા ઝટપટ તૈયાર થઈ ગઈ અને મુન્નાને પણ સુંદર વસ્ત્રો પહેરાવી તૈયાર કર્યો.

"સાંભળો છો કે?" કાન્તિને ઉદ્દેશીને સુધા બોલી "ચાલોને કેટલી વાર ? આપણે સ્કૂલે જવાનું છે."

"મને ક્યાંય જવા વિચાર નથી." પેપર બાજુ પર મૂક્યું અને બગાસું ખાતાં કાન્તિ બોલ્યો.

"એમ કેમ ચાલે ? તમને ખબર નથી, આજે મુન્નાનું રિઝલ્ટ છે!" સાડીને સરખી કરતાં સુધા બોલી.

મુન્નાનું નામ પડતાં કાન્તિ ઊઠ્યો. એના હૃદયમાં આનંદનું મોજું ફરી વળ્યું. બધાં તૈયાર થઈ સ્કૂલે ગયાં.

મુન્નો પાસ થયો હતો. તે આનંદાવેશમાં નાચવા–કૂદવા લાગ્યો. સુધા–કાન્તિના આનંદનો પાર ન રહ્યો. રિક્ષા કરી તેઓ ઘેર આવતાં હતાં. રસ્તામાં કંદોઈની દુકાને મુન્નાની નજર ગઈ. "પપ્પા, પેંડા લો ને! મારે હિંમત, રેખા, લીલાને આપવા છે!" પેંડા લીધા, રિક્ષા ઘર તરફ પૂરઝડપે દોડી રહી.

જોતજોતામાં ઘર આવી ગયું. સરલાબહેન હાથમાં પેકેટ લઈ મુન્નાને વધાઈ દેવા સામેથી દોડતાં આવ્યાં. મુન્નાને સ્વીટ પેકેટ હાથમાં આપી ઊંચકી લીધો. ચૂમીઓ કરી વહાલ દર્શાવ્યું.

કાન્તિ આશ્ચર્યચકિત આંખે આ હૃદયગમ ઔદાર્ય અભિગમન જોઈ રહ્યો.

સ્તબ્ધ ! એના મુખમાં શબ્દો નહોતા !!!

# અંતિમ ઈચ્છા

"જગદીશ ! તારું સ્વાગત કરવા આજે હું આવ્યો છું !"

"મારું સ્વાગત ?"

"હા ! તારું સ્વાગત !"

"હે ! પ્રભો ! હું...હું અધમ...મારું સ્વાગત ?" જગદીશ-પ્રસાદની જીભ તોતડાવા લાગી. ઓચિંતા સ્વાગતના શબ્દોએ ચિંતા અને ભયની ધ્રૂજારી અંગેઅંગમાં પ્રસરી ગઈ. હૃદયની ધમણ પૂર-જોસથી ધબકવા લાગી. ગ્લાનિથી મોં ઘેરાઈ ગયું. શ્વેત વસ્ત્ર પરિધાન વ્યક્તિના અણધાર્યા શબ્દોએ જગદીશપ્રસાદના જીવનને હચમચાવી દીધું.

જગદીશપ્રસાદ જાણીતા ઉદ્યોગપતિ હતા. માબાપની ગરીબ પરિસ્થિતિને લઈને વધુ અભ્યાસ કરી શકયા નહોતા. છતાં 'જાત-મહેનત ઝીંદાબાદ' એ સોનેરી સૂત્રને અનુસરતાં જીવનને કષ્ટ અને કાર્યની કસોટી પર ચઢાવ્યું હતું. બાંધકામનો વ્યવસાય ખીલવ્યો અને વખત જતાં ધંધામાં પ્રવીણ બની ગયા. સાથે સાથે અઢળક ધનના ઢગલા ખડકાયા ! "ભારત કંસ્ટ્રકશન કંપની"ના માલિક. જુદે જુદે સ્થળે બાંધકામ ચાલે. ઘડીની ફુરસદ નહિ, જીવને ચેન ન હ. દિવસ કયારે ઊગે છે ને કયારે આથમે છે, એનીયે ખબર પડતી નથી. બસ, ધમાલ...ધંધાકીય ધમાલ !

"બેટા ચંપક, આ જીર્ણ શરીર કયાં સુધી ભાર ઊંચકી શકશે ? એક દિવસે પોતાના જયેષ્ઠ દીકરાને સંબોધીને તેઓએ હૃદયનો બોજ હલકો કર્યો. તમે પાંચેય ભાઈઓને ઉચ્ચ શિક્ષણ આપી ભણાવ્યા-ગણાવ્યા, બહેનોને પણ સારી રીતે પરણાવી ઠેકાણે પાડી છે. હવે મારી ઇચ્છા છે કે, કંપનીનું સર્વ કાર્ય તમે

ઉપાડી લો. મારા જીવને શાંતિ થાય અને મારા રહ્યાસહ્યા દિવસ હું ઈશ્વરસ્તવનમાં ગાળી શકું !" પિતાજીના આ શબ્દો સાંભળી પંકજ ઘડીવાર હેબતાઈ ગયો. પિતાજીની અવસ્થા, કામનો બોજ અને પોતા પર લાદવામાં આવેલી આ જવાબદારીનું ભાન થતાં તે જાગ્રત થયો. અનુમતિ આપી એમના બોલ માથે ચઢાવ્યા અને ધંધાને પ્રગતિશીલ કરવાને તૈયાર થયો.

જગદીશપ્રસાદે દીકરાઓને સર્વ કારભાર સોંપ્યો, અને નિરાંતનો દમ ખેંચ્યો. પણ જેનું કુટુંબ ચારેકોર પાંગરેલું છે, ધંધો વિકસ્યો છે, પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ છે, એવા નગરશેઠને જંપ ક્યાંથી હોય? એકાએક સંસાર છોડીને થોડુ ભાગી જવાય છે? પ્રત્યેક પળે કોઈ મળવા આવે, તો કોઈ સલાહ માટે અને દાનધર્મ માટે આવે. માણસોની અવરજવરમાં રાતના અગિયાર વાગે. સૂવાની તૈયારી હોય ત્યાં તો ટેલિફોનની ઘંટડી રણકે, સાઈટ પર ચાલતાં કામોનો અહેવાલ દીકરાઓ આપે. જીવને નિરાંત ક્યાં હતી?

પ્રવૃત્તિ વધતાં પૈસો વધે, દ્રાક્ષવેલો ચારેકોર પાંગરે અને દ્રાક્ષથી લચી પડે તેમ તેમનો કારભાર પ્રવૃત્તિઓથી લચી પડતો હતો. નિવૃત હોવા છતાં, નિવૃત રહી પરિસ્થિતિ સર્જતાં, માણસ સુખી દેખાય, પણ ચિંતાઓથી અલિપ્ત રહી શકતો નથી. અને ચિંતાઓ ક્યારેક અકળાવી દે છે. શેઠ પણ આવી ચિંતાથી અકળાઈ ગયા. એમના મનમાં અશાંત વાતાવરણ જાગૃત થયું. બેચેનીથી જીવ ગભરાવા લાગ્યો. વિચાર–વમળમાં ગૂંથાયા અને એમ જ નિદ્રાદેવીને ખોળે પોઢી ગયા.

રાત્રિનું સામ્રાજ્ય જામ્યું હતું. વિશાળ શયનગૃહમાં નાનીશી બત્તીનો પ્રકાશ, ઘોર અંધકારને ઉલેચવા પ્રયત્ન કરી રહ્યો હતો. મંદ મંદ પવન વાતો હતો. શાંત વાતાવરણમાં પછીતને ઓથે

ભરાઈ બેઠેલાં તમરાંનો તીણો અવાજ ઘડિયાળના ટકોરાના અવાજમાં ભળી જતો અને નીરવ રાત્રિમાં પોતાની હસ્તી પુરવાર કરતા હતો. શેઠ ઘસઘસાટ ઊંઘતા હતા. પ્રાતઃકાળે પૃથ્વીના પટ પર જેમ સૂર્ય પોતાના સર્વ તેજ સહિત ઝબૂકી ઊઠે તેમ તેમ કાળરાત્રિમાં એકાએક પ્રકાશ ઝબૂકયો અને ગૃહને પ્રકાશથી ભરી દીધો. બરફ જેવાં શ્વેત વસ્ત્ર પરિધાન દૂતની આકૃતિ તેમની બિડાયેલ આંખો પર પડી. તેઓ ઊંઘમાંથી સફાળા ઝબકી ગયા. આંખો વિસ્તૃત થઈ અને ભયથી ધ્રૂજી ઊઠ્યા. "જગદીશ, ગભરાઈશ નહિ." ભેદી અવાજ તેમને ઉદ્દેશી રહ્યો હતો. "આ દુનિયા પરનું તારું કાર્ય પૂરું થયું છે. સ્વર્ગીય દૂતો તારા સ્વાગતની રાહ જુએ છે. તૈયાર થઈ જા."

"સ્વાગત! મારુ! પણ...પણ... પ્રભો!"

"હા! તારુ સ્વાગત!"

શેઠ વિચારમાં ગૂંથાઈ ગયા. તેઓની નજર સમક્ષ અનેક ચિત્રો રજૂ થયાં. કુટુંબનાં સર્વે નાનાંમોટાં આસપાસ ઘેરાઈ વળ્યાં છે. ગામના લોકો બંગલા તરફ ધસી રહ્યાં છે. ચાંદની અલોપ થઈ છે. જાહોજલાલી વંટોળની માફક ઘૂમરી ખાઈ આકાશમાં ઊંચે ઊડી રહી છે. ઘનઘોર અંધકાર છવાઈ ગયો છે. જાણે વીજળીના દીવાનું જોડાણ કોઈએ કાપી નાખ્યું ન હોય! વાતાવરણ ગમગીન બની ગયું છે. ઉલ્લાસ નથી, બાળકોનો કિલ્લોલ નથી. ટેલિફોનની ઘંટડીનો રણકાર થંભી ગયો છે. ઘોંઘાટ મચાવતી ટ્રકોનો અવાજ શાંત થઈ ગયો છે. સ્મશાન સમ શાંતિ...ભેંકાર વરતાય છે.

તેઓ સ્વસ્થ થઈ હોલની બહાર નીકળ્યા અને ધીમે પગલે સામાન ખડકેલા ભંડારિયા તરફ વળ્યા. અહીં બીજું દૃશ્ય તેમની નજરે ચઢ્યું. ભંડારિયામાં ચંદનના પાટિયાં ખડકાયેલાં હતાં. આ પાટિયાંઓને કુશળ કારીગરો ઠીક ગોઠવી રહ્યા હતા. સફેદ મલમલના

ચમકતા કાપડ પર કારીગરની કાતર ઘૂમી રહી હતી, અને આકાર આપતી હતી. હવામાં લહેરાતાં કાપડ પર પડતાં પ્રકાશનાં કિરણો ઝગમગી રહ્યાં હતાં. ચંદન અને મલમલના સુમેળ વાતાવરણને ભરી દીધું હતું. સુગંધી દ્રવ્યોની સૌરભ બહેકી રહી હતી. સમય આવે છે ત્યારે માનવની અનેક પ્રવૃત્તિઓ કેન્દ્રિત થઈ જાય છે. માનવીના સોનેરી દેહની પ્રવૃત્તિઓને ચંદનકાષ્ટ સાથે રૂપેરી સમયના દોરથી જકડી દેવામાં આવે છે.. અને હિલચાલ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે છે. ખીલા પર તેમનું ધ્યાન ગયું. ખીલા પર પડતાં હથોડાના ઘાનો અવાજ નીરવ શાંતિ સાથે ટક્કર ઝીલી રહ્યો હતો. ઘણણણ...ઘણણણ...દૂર થતો ઘંટારવ એમના કાને અથડાયો અને તેઓ સફાળા ઊંઘમાંથી જાગી ઊઠયા. દૂત અદૃશ્ય થયો. પ્રકાશ અલોપ થયો. તેઓ આંખો ચોળી ઊભા થયા. એ તો સ્વપ્ન હતું.

અરૂણોદયનાં કિરણો પૃથ્વી પર ફરી વળ્યાં અને પ્રભાત જાહેર કરી રહ્યાં હતાં. ચાની ટ્રે લઈને રામો દોડતો આવ્યો અને ચાનો કપ શેઠના હાથમાં ધર્યો.

આ પ્રસંગ બન્યા પછી શેઠ હંમેશા ચિંતાતુર અને નિરાશ રહેતા. કારભાર દીકરાઓને સોંપ્યો હતો તેથી એ વિશે કંઈ ફિકર નહોતી પણ આ પ્રસંગની અસર હૃદય પર પડી, અને ચિંતાનું કારણ બની ગઈ. દિવસે દિવસે વિમાસણ વધતી ગઈ. આચાર–વિચારમાં સદંતર રૂપાંતર થઈ ગયું. મુખના અસ્પષ્ટ ભાવો કોઈ સમજી શકયું નહિ. ઘરનાં બધાં આ વિમાસણ જોતાં, પણ કારણ કોઈ પૂછી શકતાં નહિ. બાપુજીની ચિંતા, સારા ઘરની ચિંતા બની ગઈ. એમાં વિશેષ ધંધાનો કારભાર અને સ્થાવર જંગમ મિલકતના પ્રશ્નો સૌને મૂંઝવી રહ્યા. માલમિલકત પાછળ સૌનાં ચિત્ત વધુ પ્રબળ બન્યાં. મિલકતને લગતી શંકા–આશંકાઓ ઉદ્ભવવા લાગી.

જેમ ખાલીખમ દેખાતી નદીઓમાં વર્ષાઋતુમાં એકાએક ઘોડાપુર પાણી ઊભરાતાં આવે તેમ એમનાં ડાહ્યાં હૃદયોમાં સ્વાર્થસભર વિચારોનાં ઘોડાપુર પાણી ઊછળવા લાગ્યાં. ધન અને મિલકતના વિચારમાં દીકરા અને વહુઓ રાચવા લાગ્યાં. ઠંડાગાર પવનની લહેરીઓમાં મોર થનગન થનગન નાચી ઊઠે છે તેમ પાંચે ય દીકરાઓનાં હૈયાં નાચી ઊઠયાં અને વહુઓનાં સ્વપ્નો આકાર કોતરી રહ્યાં.

એક દિવસે શેઠે બધા દીકરાઓને પોતાની પાસે બોલાવ્યા. તેમનો વિચાર હતો પોતાની અંતિમ ઇચ્છા જાહેર કરવાનો. દીકરાઓને બોલાવે છે એ વાત સારાએ ઘરકુટુંબમાં ફેલાઈ ગઈ. કોઈ એક કારખાનામાં મેનેજરના ફરમાન પછી, કામદારોમાં ઊહાપોહ જાગે તેમ કુટુંબમાં ઊહાપોહ જાગ્યો ! શું હશે ? શું મિલકતના ભાગ પાડવાના હશે ? સૌના મનમાં આ વિષયે અનોખું રૂપ ધારણ કર્યું.

"દીકરા, હવે હું વૃદ્ધ થયો છું. આ માટીનો શો ભરોસો ? સંપમાં રહેજો અને કારભાર ચલાવજો એ મારી ઇચ્છા છે. મારી અંતિમ ઇચ્છા એ છે કે," એમ બોલતાં હતા અને ટેલિફોનની ઘંટડી રણકી એટલે વાત અધૂરી રહી...., શેઠે ફોન ઉપાડયો અને વાતે વળગ્યા. દીકરાઓને ઇશારો કર્યો તેથી તેઓ ચૂપચાપ પોતાને કામે ગયા.

વાત અધૂરી રહી હતી એટલે અંતિમ ઇચ્છા જાણવાને સૌ ઉત્સુક હોય એ સ્વાભાવિક હતું. મિલકતના ભાગની અટકળ વધુ પ્રબળ હતી. બીજો દીકરો શાંતિલાલ સાંજે ઘરમાં આવ્યો કે સુશીલાએ લાગલો જ પ્રશ્ન પૂછયો.

" તે બાપુજીએ બધાને બોલાવીને શું કહ્યું ?"

"શું કહે ? એ કહેવા જતા હતા એટલામાં જ મુંબઈથી

ફોન આવ્યો એટલે વાત અધૂરી રહી," શાંતિલાલે ઉગ્ર જિજ્ઞાસા પૂરે કરી પાણી છાંટક્યું.

"એ તો મિલકતની વાત હશે! કલ્પનાભાભી પણ એવી જ કંઈક વાત કરતાં હતાં." સુશીલાએ મુદ્દાની રજૂઆત કરી. "જો એમ હોય તો હું તમને એમ કહું છું કે, તમે શાંત બેસી રહેશો નહિ. ખબર છે તે બોલે એનાં બોર વેચાય? અલકાપુરીનો બંગલો આપણને મળવો જ જોઈએ–પછી બીજી વાત–"

કલ્પના તો પ્રવીણની રાહ જોઈને જ બેઠી હતી, ક્યારે એ આવે ને મનની મૂંઝવણ દૂર થાય! પ્રવીણ ઘેર આવ્યો કે તરત જ કલ્પના પાણીનો ગ્લાસ લઈને આવી, પાણી પાયું ને બોલી, "કેમ ઉદાસ દેખાવ છો? કામ ઘણું હતું?"

"ના, કામ તો કાંઈ નહિ, પણ એમ જ......"

"કંઈક હોવું જોઈએ, કેમ બોલતા નથી?" કલ્પનાએ હીવકો મોઢે વાત કઢાવવા પ્રયત્ન કર્યો.

"શું બોલું? કાલે બાપુએ વાત કરી ત્યારથી મન દુઃખ થયું છે." "ઓહ! એમાં દુઃખી થવાનું શું છે?" મેં તો સાંભળ્યું છે કે "મિલકત"–કલ્પના પ્રવીણનો સ્વભાવ જાણતી હતી તેથી ત્યાં જ અટકી.

"મિલકત? જવા દે એ વાતને!"

"લ્યો, બોલો, બધાં ઊંચાનીચાં થઈ ગયાં છે ને જવા દે એ વાતને!" કલ્પનાએ છણકો કર્યો.

"પણ એમાં શું? જે થવાનું હશે તે થશે?"

"હાં! તમને તો એમ જ છે ને? તમને ક્યાં કશી પડી છે?" રતૂમડું મોઢું કરી, રિસામણાં લીધાં હોય એ રીતે બોલી, "એમને એમ જ બધું ગુમાવશો. મારે શું? મને તો કંઈ નહિ, પણ મારાં

છોકરાંનું શું ?" મનનો ઊભરો ઠાલવ્યો. પ્રવીણ આ વાતથી કંટાળ્યો અને ગુસ્સો ચઢાવી સ્નાનગૃહમાં ગયો.

અમિત અને ઉષ્મા ઘરની ભાંજગડમાં ઝાઝું માથું મારતાં નહિ. બસ ખાવું-પીવું અને ફરવું. છતાંય જ્યારે વાત આમ હતી, ત્યારે ઉષ્માને દિલમાં એ ખરું કે બાના ગળાનો હાર એના ગળામાં પડે ! બાકી મિલકતમાં જે મળવાનું છે તે મળશે. હારનાં ગલગલિયાંમાં એ રાચતી અને અમિતને રીઝવતી.

કાન્તી સૌથી નાનો દીકરો હતો. ઘરનો કારભાર એ સંભાળતો. માબાપની કાળજી રાખતો. કરુણા પણ પોતાના પતિ સાથે સહકાર સાધી ઘરનું નાનુંમોટું કામ ઉપાડી લેતી, અને માબાપની ચાકરી કરવામાં આનંદ માનતી.-ખુશ મિજાજમાં રહેતી. તે બંનેને ખાતરી હતી કે બાપુજી જે કરશે તે સારું જ કરશે તે ! છતાં ઊંડે અભ્યંતરમાં ભાવના હતી કે પોતાને કોઈ અન્યાય ન થઈ જાય. તેઓ સજાગ હતાં.

સુથારનું મન બાવળીએ. રાતદિ બસ એ જ વિચારો. આવા વિચારોને પોષવાથી સ્વાર્થવૃત્તિ વધુ કેળવાઈ. સ્વાર્થવૃત્તિ કેળવાતાં આ મારું ને આ તારું એ વિચારે નવો વળાંક લીધો. નફામાં દ્વેષ અને ઇર્ષા જાગૃત્ત થતાં સંપમાં રહીને કાર્ય કરવાને બદલે દિનપ્રતિદિન કુસંપનાં બીજ વવાયાં. લડાઈ બંધ થયા પછી, શાંતિ પ્રવર્તે અને ઠંડુ યુદ્ધ શરૂ થાય એ જ પ્રમાણે અંદરોઅંદર ઠંડું યુદ્ધ શરૂ થઈ ગયું. શાંતિ માત્ર ઉપરની હતી. ઠંડા યુદ્ધનો અંત આવે વિસ્ફોટ ક્યારે થાય એ કળવું મુશ્કેલ હતું. અંતમાં એટલું જ કે વાતવરણ તંગ થયું હતું. સૌ પોતપોતાના વિચારોમાં રાચતાં હતાં

ઘણાં દિવસો વીતી ગયા. જે વાતાવરણ સર્જાયું હતું તેની

ગંધ સુદ્ધાં જગદીશપ્રસાદને ન આવી. તે દિવસનું ભયાનક સ્વપ્ન તેઓ ભૂલી શકયા નહોતા. બીજી કોઈ તેમને ફિકર નહોતી, પણ જ્યારે જ્યારે તેઓ વરંડામાં બેસતા અને બંગલાથી દૂર, ટેકરાવાળી જગા પર દષ્ટિ કરતા ત્યારે તેમના મનમાં કંઈ અજંપો થતો, અને વિહ્વળ બની જતા. એ અજંપાનું કારણ હવે તેમને સમજાયું હતું. કેટલાંક વર્ષો પૂર્વે તેમણે આ જમીન ખરીદી હતી અને માનતા લીધી હતી કે ઈશ્વર સારો દહાડો દેખાડશે તો તેના નામનું મંદિર આ જગાએ ઊભુ કરીશ. પણ એ વાત અમલમાં મૂકાઈ નહોતી. આજે એકાએક એ માનતા એમને યાદ આવી. એમનું મન વિચારમાં ગૂંથાયું અને વિચારમાં આનંદવિભોર બની ગયું. પ્રસન્ન વદને આ વિચારને અમલમાં મૂકવા તૈયાર થયા. આલિશાન મંદિરના પ્લાન એમના ફળદ્રુપ મગજમાં તૈયાર થયા અને તેમણે નિશ્ચય કર્યો કે મારી સારી પૂંજી ખર્ચાઈ જાય તો ભલે–પણ–ચાર–પાંચ લાખનું મંદિર અહીં ઊભું કરવું !

હૃદયની ગમગીનતા દૂર થઈ હતી અને આજે તેઓ વધુ પ્રફુલ્લ જણાતા હતા. તેમણે દીકરાઓને બોલાવ્યા. અનેક આશાઓ લઈ ને દીકરાઓ આવ્યા. એમને થયું આજે મિલકતનો ફેંસલો આવી જશે !

પણ શું ? અહીં તો વાત જુદી જ હતી ! અંગુલીનિર્દેશ કરતાં પિતાએ ટેકરાવાળી જગા બતાવીને કહ્યું, આ જગા પર મારી ધારણા પ્રમાણે પ્રભુમંદિર ઊભું થવું જોઈએ. આર્ચિટેકટ ગાડગીલ અને શાહ જેવા નિષ્ણાત એન્જીનયરોને બોલાવો જે કંઈ કરવાનું હોય તે પતાવી કાલ સવારથી એ કાર્યને ઉપાડી લો. આ મારી અંતિમ ઇચ્છા છે.

પિતાની અંતિમ ઇચ્છા સાંભળી દીકરાઓ ભોંઠા પડયા.

# સુલક્ષણા

"વસ્તુ, કુદરત અને એની શક્તિ નિર્જીવ! આ સુંદર સૃષ્ટિ કુદરતી રીતે ઉત્પન્ન થઈ એ શું તું માને છે?" નૈસર્ગિક સૌંદર્ય તરફ વસુકાંતનું ધ્યાન ખેંચતાં સુલક્ષણા બોલી.

"ચોક્કસ" તત્વજ્ઞાનના સમણામાં સૂતેલો વસુકાંત તંદ્રામાંથી જાગ્યો અને નિશ્ચિંતપણે પ્રત્યુત્તર આપ્યો.

"મારા માન્યામાં નથી આવતું," સુલક્ષણાએ વસ્તુસ્થિતિ પર ભાર મૂકયો.

"ભલે! તું માને કે ન માને! કુદરતની શક્તિને કોણ સમજી શકે?" "એમાં સમજવાનું શું? કુદરતને પણ ઉત્પન્ન કરનાર કોઈ ઈશ્વર હશે જ ને?"

"હં! એ વાતને હું સમર્થન આપતો નથી. ઈશ્વર કયાં છે? એ તો એક ભ્રમ માત્ર છે. અંધશ્રદ્ધા. નસીબ એ જ ખરો ભગવાન છે, અને કુદરત એને બહાલી આપે તો બસ." વસુકાંત સસ્મિત વાત ટાળવા પ્રયત્ન કરતો હતો.

એક પ્રેમી યુગલ સૌમ્ય સંધ્યા ટાણે વિચાર–વિનિમયની દુનિયામાં ગૂંથાયું હતું. શીતલ પવનની લહેરો વાતી હતી. વૃક્ષો પરનાં પાન ખરી રહ્યાં હતાં અને કુમળી કૂંપળો મલક મલક હસી રહી હતી.

રંગબેરંગી ફૂલોની અને સૌરભથી વાતાવરણ બહેકી ઊઠયું હતું. આંખને ઠારે એવાં કેસૂડાનાં કામણગારાં કેસરી ફૂલો પર જાણે સારીયે વસંતઋતુ ઊતરી પડી ન હોય? ફૂલો મહેકી રહ્યાં હતાં. પશ્ચિમ દિશામાં સારાએ દિવસનું કાર્ય આટોપી સૂર્ય ક્ષિતિજમાં ઊતરી પડવાની તૈયારીમાં હતો, ને રહ્યાં સહ્યાં રતુમડાં કિરણો પૃથ્વીને

અર્પી રહ્યો હતો. સરોવરમાં ખીલેલાં કમળ પુષ્પો તેજમાં પુલકિત બની આભાર સાથે સમેટાઈ જતાં હતાં. આમ્રવૃક્ષની ઘટામાંથી કોયલના મીઠા ટહુકાર સંભળાતાં હતાં. પ્રત્યેક વસ્તુમાં કંઈક નવીનતા દૃષ્ટિગોચર થતી હતી. વસંતઋતુ ચારેગમ ખીલી ઊઠી હતી. સંધ્યા સમય, પક્ષીઓનો કિલકિલાટ અને પાંગરેલી વસંત ! એ હૈયે–હૈયાં સમેટાઈ, સૃષ્ટિ–સૌંદર્યનું પાન કરતાં, કુદરતને ખોળે એકબીજાને ઉષ્મા આપી રહ્યાં હતાં.

બૃહદ શહેરના મોજીલા વાતાવરણમાં અદ્યતન સ્થાનમાં સુખ-ચેનથી રહેતાં, શોખીન શિક્ષિત માનવ કવચિત્ પોતાના સદ્દૈવે સાંપડેલા નસીબવંત જીવનમાં ઓતપ્રોત, ઈશ્વરની હસ્તી માનવાને તૈયાર હોતાં નથી. ઈશ્વર પર અગર શ્રદ્ધા હોય તો તે માત્ર નામની જ. સંપત્તિસમૃદ્ધ લાખો લોકો આજે માને છે કે જીવનમાં જે કંઈ બને છે તે નસીબને જોરે યા કુદરતને સહારે.

આ સુશિક્ષિત ધનાઢ્ય કુટુંબ કલકત્તામાં રહેતું હતું. કુટુંબમાં ફક્ત ત્રણ વ્યક્તિ હતી. કુટુંબનો ધંધો હતો ધીરધારનો. એટલે વિપુલ પૈસા ન્યાયી કે અન્યાયી રીતે આંચકી એકના બે કરેલા એટલે નાણાંની કોઈ ઊણપ નહિ. કુટુંબમાં એકનો એક પુત્ર, પુત્રનું નામ ફોઈએ વસુકાંત પાડયું હતું. પણ લાડકા દીકરાને સૌ કોઈ વસંત કહીને બોલાવતાં હતાં. બાપનો ધીરધારનો ધંધો અને સટ્ટાની સાઠમારી એટલે બિલકુલ સમય મળે નહિ. અને સમય મળે તો એ નિયમિત દેવસ્થાનમાં પ્રાર્થના–સ્તવન કરવા જવું એવો ખાસ નિયમ નહોતો. કવચિત જાય તે દેખાદેખી, બાકી, ઈશ્વરમાં શ્રદ્ધા નહિવત્, સ્વામિનીને દુનિયાથી કંઈ સંબંધ નહિ, પોતે પોતાનું ઘર અને વહાલો પુત્ર. વિભિન્ન ઘરેણાંથી લચી ઊઠતું વિભૂષિત શરીર, અને એમાં સમાયેલ એક સુખી જીવ. કોઈ વાતની ચિંતા

નહિ. પૈસો, ગાડી, વાડી, કુદરતની મહેર! સુખ હોય ત્યાં શોખી પણ હોય. આડા દિવસોએ આમતેમ, આડોશી-પાડોશીને ત્યાં બેસવા જાય, શોખીની વાતો કરે, મનને પ્રફુલ્લિત રાખે અને રવિવારને દિવસે ફુરસદ મળે કે બજાર તરફ ચક્કર લગાવે. મેવા-મિઠાઈ, કલકત્તી રસગુલ્લામાં રસાતાળ થઇ ગુલ્લા ઉડાવે. ઉત્કૃષ્ટ ભોજન બનાવવામાં મશગૂલ રહે અને પતિ-પુત્રને મિષ્ટાન્ન જમાડવામાં હૃદયનો આનંદ માણે. વસંત, રવિવારને દિવસે માની પાસેથી દશ નોટો ખિસ્સામાં નાખી, સ્કુટર પર મિત્રોમાં રફુચક્કર થઈ જાય-એ હતો એમનો કાર્યક્રમ.

વસંત, જોતજોતામાં કૉલેજના ચાર વર્ષ કરી ગ્રેજ્યુએટ થયો. બીજે જ વર્ષે તેનાં ધામધૂમથી લગ્ન લેવાયાં. વસંતના નસીબને જોરે અને ધર્મિષ્ટ-સર્વગુણસંપન્ન અને સુંદર કન્યા મળી સદ્‌ગુણી સ્ત્રી એને સ્વભાવે નમ્ર કશી વાતમાં અચકલાપણું નહિ, કે અંગમાં અભિમાન નહિ. પતિ-પરાયણ અને આચરણમાં અપૂર્વ ધર્મભાવના ઈશ્વરસ્તવન એના જીવનનો મુખ્ય મંત્ર હતો. એ હમેશાં ઇચ્છતી હતી કે પોતાનાંને ધાર્મિક માર્ગ તરફ દોરવાં. પ્રત્યેક સ્ત્રીની અનિવાર્ય ફરજ, બાળકોને ઉત્તમ ચારિત્રમાં કેળવવાં એ ઊંડી છાપ પિતાના ઘેરથી જ પડેલી હતી. એ છાપ પોતાના જીવનમાં ઉતારવા તે હમેશાં આતુર રહેતી. પરણીને વસંતને ઘેર આવી હતી, વાતાવરણ બદલાયું હતું, છતાં પોતાના ઊંડા ઊતરેલા સુસંસ્કાર અમલમાં મૂકવાને તે સજાગ રહેતી.

પિતાના ઘરમાં સવારસાંજ કૌટુંબિક પ્રાર્થના થતી. બાઇબલનું પારાયણ થતું અને પ્રભુમંદિરે જઈ ઈશ્વરસ્તવનમાં આનંદ મળતો. એ બધું અહીં જોવા ન મળ્યું. આ વાતનું એને દુઃખ થયું. એના પ્રયત્ને સ્તુત્યાર્થ નિત્યક્રમ ચાલુ થયો. વહુની વાત માની

અનેકમને સાસુજી તેની સાથે સામેલ થતાં. શ્વસુર વિહ્વળતા અનુભવતા. એમને તો સમય જ નહોતો ને! કવચિત્ ચિડાઈ પણ જતા. સુથા-રનું મન બાવળીએ! એમ એમનું મન હમેશાં એમના હિસાબના ચોપડામાં ભમતું હતું. એ હિસાબમાં ગૂંથાઈ જતા અને સરવૈયું મેળવવામાં અડધી રાત સુધી સમેટાઈ જતા. સંધ્યા વખતે ઈશ્વર સ્તવનનો સમય એમને આકરો લાગતો. પણ કરે શું? વહુને ખોટું લાગે તો! 'ના' તો કહેવાય નહિ.

સમય પાણીના પ્રવાહની માફક વહી રહ્યો હતો. જોતજોતામાં પાંચ વર્ષ વીતી ગયાં. વહુના ધાર્મિક કાર્યક્રમથી કંઈ અસર ઉપજી નહિ. માબાપના હૃદયમાં ધર્મ પ્રત્યે પ્રેમનો છાંટોયે ન હોય ત્યાં શોખીન જીવડા વસંતને તો ધર્મ શું અને દેવ શું? પિતાની સાથે ધંધામાં પડવાથી, રહીસહી અસર પણ સમય જતાં નષ્ટ થઈ ગઈ. પોતાની પ્રિય પત્નીના પ્રયત્નો કંઈ કામ ન આવ્યા. શેર-બજારમાં અવનવા મિત્રો મળ્યા. તેમની સાથે પરિચય થયો. બજારમાં બધી જાતની ચીજવસ્તુ મળે તો શેરબજારમાં શેર-દલાલ ન મળે? એવા દોસ્તો તો આજે ડગલે ને પગલે મળતા હોય છે, ને પૈસા-દારની તો તે પાછળ પાછળ ફરતા હોય છે. એને એવા મિત્રો મળ્યા. એમની સંગતથી તે એક આબાદ સટોડિયો બની ગયો. શરૂઆતમાં હારજીત થતી, પણ સટ્ટાબાજીમાં તેને આનંદ આવતો. ઉલટથી ઉભરાતા મને રમતો, ઘણું કમાતો, જેમ આવક વધતી તેમ પૈસો વધતો, પૈસો વધતાં છાતી ગજગજ ફૂલતી. તે હરખાતો પૈસાના હરખમા તે પૈસાની નજીક ગયો ને પરમેશ્વરથી દૂર દૂર થતો ગયો. જીવનમાં આનંદનો સૂરજ ઊગ્યો હતો, સુખમાં સુખ હતું સોનું, સોનામાં સુગંધ ભળી અજબ તાલ જમાવ્યો હતો.

વસુકાંત કુદરતમાં માનતો હતો. અને કુદરત એના જીવન સાથે

બેલી રહી હતી. થોડા વખત પછી વસંતના પિતા અઢળક ધન મૂકી સ્વર્ગવાસ થયા. તેમના સ્વર્ગવાસથી માતાજીને અસહ્ય આઘાત લાગ્યો. આ આઘાત તેઓ કેમે કરી જીરવી શકયાં નહિ. શરીર પ્રકૃત્તિ પર તેની અસર થતાં તબિયત બગડી અને બે વર્ષને અંતે તેઓ પણ મૃત્યુ પામ્યાં! આમ વસંતના જીવનમાં માબાપનું છાયાછત્ર એકાએક અલોપ થયું. કુટુંબમાં ભારે ખોટ પડી, પરંતુ અઢળક ધનથી મદમસ્ત બનેલ વસંતના સાંસારિક મનને વિશેષ ખોટ જણાઈ નહિ. અઢળક ધન એ ખોટને પૂરતું હતું. તત્વજ્ઞાન અને બુદ્ધિમતાનો મદાર બાંધી બેઠેલા આ યુવાનને માબાપનું મૃત્યુ એક રાસાયણિક વિકાર થયો હોય એમ લાગ્યું.

પિતાજીના મરણ બાદ લેવડદેવડનો ધંધો એના શિર પર આવી પડયો. ધંધો વિકસાવવામાં તેણે તનમન વાપર્યાં ધીરધારના ધંધામાં કોઈવાર કંટાળો ઉપજતો ને એનું મન સટ્ટાના વેપાર તરફ આકર્ષાતું જતું હતું. ઝટપટ પૈસા કમાવા એનો જીવ ઈંતેજાર બન્યો. તેથી તેણે સટ્ટામાં ઝંપલાવ્યું. કોઈ વખત તે કમાતો તો કોઈ વખત ગુમાવતો. એક વખત એ આંધળોભિંત બન્યો. હોશિ-યાર સટોડિનાં સોગટાં સીધાં પડતાં હતાં, એને વિચાર આવ્યો બધી જ મૂડી રોકી દઉં તો! કરોડાધિપતિ! આમ કરોડાધિપતિ બન-વાની આશાએ તેણે તેની સઘળી રોકાંત મગફળીના આસમાને ચઢતા તેજ ભાવો પર રોકી દીધી. આ એક ચીજવસ્તુ કમાવાને માટે ઠીક હતી. કરોડાધિપતિના આનંદથી એનું મન મલકાતું હતું. તે ઘેર આવ્યો. આજે એની મુખમુદ્રા પર અનેરો આનંદ સુલક્ષણાં જોઈ રહી હતી. વાળુ કરી અલકમલકની વાતો કરી, પ્રેમાલિંગન કર્યાં. ઘડિયાળમાં અગિયારના ટકોરા પડયા.

"અરે! આપણે ઈશ્વરસ્તવન તો ભૂલ્યાં!" આરાધનાની યાદ

દેવડાવતાં સુલક્ષણા બોલી.

"સતલન ! માર ગોલી. મને ઊંઘ ચઢી છે," પાસું ફેરવતાં વસંત બોલ્યો.

"એમ હોય ! સુખનાં વાનાંનો પૂરક પરમેશ્વર, એનું નામ તો અવસ્ય લેવું જ જોઈએ," સુલક્ષણાએ આગ્રહ કર્યો.

"છીટ ! એ વાતમાં શો માલ છે ? એમ હોય તો કહે તારા પ્રભુને અહીં રૂપિયાનો વરસાદ વરસાવે." આવેશાનંદમાં આંધળો-ભિંત વૈધર્મ્ય વસંત પોતાની હોશિયારી બતાવતાં બોલ્યો. "સવારમાં રૂપિયાનો ઢગલો ન વરસાવું તો મારું નામ વસંત નહિ."

માણસ ધારે છે કંઈ ને જીવનમાં બને છે કંઈ. એને રાતભર ઊંઘ ન આવી. પરોઢિયે વહેલો ઊઠયો. પેપરની રાહ જોતાં તે પરસાળમાં આંટા ફેરા કરવા લાગ્યો. ભારે વેપાર થયો હતો એની ચિંતાથી મન વ્યાકુળ હતું. પેપર આવ્યું. તેલના ભાવ વાંચ્યા. રશિયાથી રવાના થયેલું પચાસ લાખ ટન તેલ લાવતું વહાણ ગુમ થયાનો એહેવાલ એણે વાંચ્યો હતો. તે વહાણ એકાએક મુંબઈ દરિયા કિનારે આવી ઊભું. તેલના ભાવ ગડગડાટ ગગડી ગયા. તે બાજી હારી ગયો. એના દિલને ધક્કો લાગ્યો. મોં લેવાઈ ગયું. આશા ઊડી ગઈ. એનું મગજ બેકાબૂ બની ચગડોળે ચઢયું. ગજબ થઈ ગયો. ગઈકાલનો લખપતિ આજે કંગાળ બની ગયો. શરમનો શેરડો મુખ પર ફરી વળ્યો. "હવે સુલક્ષણાને શું મોં બતાવીશ ?" તેનું હૃદય ચિંતાઓથી ઘેરાઈ ગયું. હૃદયના ભાવ છૂપાવવા તે પ્રયત્ન કરવા લાગ્યો. દિવસે દિવસે ભોજન ભાવ વિનાનાં થઈ ગયાં. હાથમાં કોડી રહી નહિ. ધંધો ચુરચાટ થઈ ભાંગી પડ્યો. એકાએક આવી પડનાર ચિંતાએ શરીર પ્રકૃતિ પર ભારે અસર કરી. તે ભયંકર માંદગીમાં સપડાયો.

સુલક્ષણાને કોઈ વાતની ગમ ન પડી. એ એક સૌદામિની તરીકે એની સેવામાં જ સમજતી હતી. પતિસેવા એ જ પ્રભુસેવા. કોઈપણ ભોગે એના પ્રાણપ્રિય પતિને સારું થાય એ જ તે ઇચ્છતી હતી.

નિત્ય એ પરમેશ્વરને પ્રાર્થતીઃ "હે! ઈશ્વર, મારાવસુ પર મહેર કરો. એને તંદુરસ્તી આપો." એની તંદુરસ્તી પાછી મેળવવા તેણે ઇશ્વર સ્તવનમાં આકાશ–પાતાળ એક કર્યાં.

માંદગીના બિછાને પટકાયેલો વસંત અર્ધજાગૃત અવસ્થામાં પડયો હતો. સુલક્ષણા તેના કપોલ પર મૃદુ હાથ ફેરવતી હતી. વસુની સ્થિતિ ગંભીર હતી. ભયગ્રસ્ત વાતાવરણ સર્જાયું હતું. ડૉકટર વારે વારે આવી તેની નાડી તપાસતા હતા. કોમામાં સૂતેલા વસુકાંતના હોષ્ટ ધીમે ધીમે કંઈ બોલતા હોય એવું લાગ્યું. એના મુખમાં અસ્પષ્ટ શબ્દો હતા, "પ્રભુ પ્રભુ! સુખનાં વાનાં તું પૂરાં પાડે છે!" એના મુખ તરફ મિટ માંડી રહેલ ગુણીયલ ચમકી. વસુના મુખના શબ્દો સાંભળવા પ્રયત્ન કરવા લાગી. તે મૃદુ સ્વરે બોલી, "વસુ! માત્ર વિશ્વાસ કરો. તે જરૂર તમને બચાવશે. મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે."

પણ એના શબ્દો હવામાં જ ગૂંજતા રહ્યા. બીજી જ પળે જીવાત્મા વસંતના પાર્થિવ દેહને તજીને ચાલ્યો ગયો હતો. પિંજરૂં ખાલી પડયું હતું. પતિના અવસાનથી સુલક્ષણા અવાક્ થઈ ગઈ. વહાલા વસુનું મૃત્યુ તે જોઈ ન શકી. તે માનવાને તૈયાર ન હતી. ડૉકટરોએ આશા છોડી, એની નાડી બંધ થઈ ગઈ હતી. શરીર ઠંડુ થતું હતું. કોઈ ઉપાય નહોતો. સુલક્ષણાના દુઃખનો પાર ન રહ્યો. તે માથું કૂટતી છાતીફાટ વલોપાત કરવા લાગી. વસુ-કાંતના મૃતદેહ પર તે ચત્તાપાટ પડી. ચુંબનો ઉષ્ણનયનાશ્રુથી

નવાજવા લાગી. નારી હૃદયમાં જામેલા અખંડિત પ્રેમની ધારાઓ વહેવા લાગી. એને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે એનું સોહાગ છીનવી લેવામાં આવશે ને આ પરિસ્થિતિ સર્જાશે. તે માંડીતૂર બની. એના હૃદયના ખૂણેથી કલ્પાંતની પ્રાર્થના છલકાવા લાગી. સ્વામીભક્તિ પરાકાષ્ટાએ પહોંચી. દૈવયોગે ઠંડા પડી ગયેલા શરીરમાં ઉષ્મા દાખલ થઈ સ્થગિત અવયવોમાં હલનચલન શરૂ થયું. વસંતને ભાન આવ્યું. તેણે આંખો ઉઘાડી...

શ્રદ્ધા ને સ્નેહથી ઊઘડેલી આંખો તરફ સુલક્ષણા ટગર ટગર જોઈ રહી ! ! !

---

# આંસુ

"જે થવાનું હતું તે થઈ ગયું બહેન; નાહક શા માટે દુઃખી થાઓ છો ?" મોહનકાકાનો ઉષ્માભર્યો અવાજ મંજુલાના દુઃખને સમાવવા પ્રયત્ન કરી રહ્યો હતો.

"કાંઈ સમજ પડતી નથી. હું અભાગી કયાં જાઉં ?" આંખમાંથી વહેતાં આંસુ લૂછતાં મંજુલાએ હૃદયનો ભાર હલકો કર્યો.

મંજુલાએ અર્ધી સદી વટાવી દીધી હતી. કામના બોજથી શરીર પરેશાન થઈ ગયું હતું. ગાલ બેસી ગયા હતા અને કપોલ પરની કરચલી વધુ વય પ્રદર્શિત કરતી હતી, કેશ સફેદ થઈ ગયા હતા. હાડ-ત્વચા એકબીજા સાથે સમેટાઈ ગયાં હતાં. અહીંતહીં મારેલા ટાંકાવાળાં અર્ધસ્વચ્છ કપડામાં ભરાઈ બેઠેલું દારિદ્ર ડોકિયાં કરતું હતું. શરીર પ્રકૃતિ તન્દુરસ્ત હતી, પણ પેટનો ખાડો પૂર્યા વિના કંઈ છૂટકો હતો ? બે ચાર ઘરનું કામ કરતી અને માંડ સોઓ

રૂપિયા મહિને કમાતી હતી. આ જમાનામાં આવડી મૂડીમાં મુંબઈ જેવા શહેરમાં દહાડો વળે ?

રાતના આઠ વાગ્યા હતા, ઝટપટ વાસણ અજવાળી અભરાઈ પર ગોઠવી, પાંચ દાદરા ઊતરી અને ગલીમાંથી નીકળી સામેની ગલીમાં સાવચેતીપૂર્વક ચાલવા લાગી. તારદેવમાં મોહનકાકા રહેતા હતા ત્યાં જવા નીકળી. સુખદુઃખની વ્યથા વ્યક્ત કરવાનું આ એક સ્થળ હતું. મોહનકાકાની મમતા યાદ આવતાં તેના લથડતા પગ ઉતાવળે ઉપડવા લાગ્યા અને તે ઘેર આવી.

સંજોગો બદલાઈ ગયા હતા. તેની યુવાવસ્થાના મસ્તીભર્યા દિવસો પાણીની માફક વહી ગયા હતા. માતેલા મૃગની જેમ છલાંગો મારતું યૌવન સંજોગોની ભીંસમાં સપડાઈ ગયું હતું. સુખચેનમાં વિતાવેલા દિવસો યાદ આવતા, પણ તે હવે યાદ કરવાને કારણ નહોતું. સ્વૈચ્છિક વિચારોએ અંગડાઈ લઈ વિપરીત પરિસ્થિતિ સર્જાવી હતી. જીવન આકરું-ઓશિયાળું બની ગયું હતું. જીવનનો મહામૂલ્ય સુવર્ણકાળ આથમી ગયો હતો અને જીવનસંધ્યા છાયી હતી. ધરોવર નોકરી કરતાં પામર જીવનને પોષવા સિવાય હવે કંઈ રહ્યું નહોતું. આંખોમાંથી વહેતી અશ્રુધારા આપવીતી કહી રહી હતી. મોહનકાકાનો જર્જરિત અવાજ સાંત્વન આપી રહ્યો હતો.

માણેકલાલ રિલિફ રોડ પર કરિયાણાની દુકાન ચલાવતા હતા. પ્રમાણિક ધંધો કરતા. ઘણી વખત તેલ-ખાંડ જેવી ચીજ વસ્તુઓ પર ભાવ વધારી કમાઈ લેવા વિચાર કરતા, પણ એ અપ્રમાણિક વેપાર તેમને પસંદ નહોતો. ગોર-ગરીબને છેતરી પૈસા આંચકી લેવા અમાનુષી કૃત્ય ગણતા. ઈશ્વરની બીક રાખી વ્યાપાર કરતા અને તેથી જ તેઓ જાણીતા હતા. દુકાને ગ્રાહકની ભીડ રહેતી. તેમની આર્થિક સ્થિતિ સંગીન બની હતી. તેમની એ દીકરી-મંજુલા

અને ચંપાને કોઈ વાતની કમી નહોતી. શિક્ષણ એ બીતું સાચું સાથી છે ને અણીને સમયે સાથ આપે છે તે તેઓ સારી પેઠે જાણતા હતા. દીકરીઓના શિક્ષણ પ્રત્યે ખૂબ કાળજી લેતા હતા.

જ્યારે સુખનાં સાધનો સાંપડે છે ત્યારે બાળકો કવચિત્ લપરવાહ બની જાય છે. ભાવિ જીવનનો ખ્યાલ ઉદ્ભવતો નથી. શિશુકાળમાં મળેલી અમૂલ્ય તક વેડફી નાખે છે ને અનિચ્છનીય બાબતો તરફ આંધળી દોટ મૂકે છે. મંજુલાના જીવનમાં એવું બન્યું. મિથ્યાનંદના ક્ષણિક ઉત્સાહમાં શિક્ષણની કિંમત તે વિસરી ગઈ.

પિતાજી વેપારમાં રચ્યાપચ્યા રહેતા. તેઓ મુંબઈ આવે તો બે–ચાર દિવસ સહેજે નીકળી જતા. તેમની ગેરહાજરી મંજુલાના સ્વૈચ્છિક વિચારોને અનુમોદન આપતી. બન્ને બહેનોના જીવનને સુસંસ્કારનો સુંદર ઓપ આપી નીતિમત્તાને માર્ગે દોરનાર માતા આજે નથી. ચાર વર્ષ પરેલાં, માંદગીમાં સપડાઈ અને વહાલસોઈ દીકરીઓનો સાથ છોડી સ્વર્ગે સીધાવી. મંજુલાને વધુ એક સબળ કારણ મળ્યું. તે નિરંકુશ બની.

કયા માવતર એવાં હશે કે જેને બાળકોની કાળજી ન હોય? વસ્ત્રો પર ઈસ્ત્રી કરતાં કરચલી દૂર થાય છે ને પહેરનારને આનંદ મળે છે તેમ ગમે તેવાં જીવનો પર લગ્નની ઈસ્ત્રી ફરે તો દૂષણો દબાઈ જાય છે ને જીવન સુપંથે વિહરે છે. સારા મુરતિયા ગોતી બંને બહેનોનાં લગ્ન કરાવ્યાં. દીકરીઓને કોઈ વાતનું ઓછું ન આવે માટે મનપસંદ સાડીઓ–સરસામાન આપ્યાં. ધામધૂમથી લગ્ન કર્યાં. એમના જીવનમાં આથી રૂડા પ્રસંગો બીજા કયા હતા? ભારે હૈયે દીકરીઆને શ્વસુર ઘેર વળાવી અંતરમાં સંતોષ અનુભવ્યો.

વર્ષો વીતતાં વાર લાગે છે! લગ્ન થતાં ચાર–પાંચ વર્ષ જોત–

જોતામાં વીતી ગયાં. નાની બહેન ચંપા ઈશ્વરપરાયણ ટરેલ હતી. સુખદુઃખના સમયમાં સંસાર નાવને સીફતથી હંકારી લેતી. વર્ષો દરમ્યાન પ્રેમાળ સ્વભાવથી તેણે પતિનો પ્રેમ સંપાદન કર્યો, તેને ત્રણ બાળકો હતાં, સુખમાં દિવસો ગુજારતી હતી.

મંજુલાના જીવનમાં સુખનો સૂર્ય આથમી ગયો હતો, અને કડવાસ તથા ભીરુતાનો અંધકાર છવાયો હતો. પિતાજીએ કરાવેલા લગ્ન પ્રત્યે તેના હૃદયમાં અણગમો ઉત્પન્ન થયો. અસંતોષની લાગણી પ્રવર્તતાં પતિ તરફના પ્રેમ, પ્રેમપ્રવાહમાં ઝબૂકિયાં ખાતો પાછો પડતો હતો. પોતાનુ લગ્ન, દેહ લગ્ન છે એવા વિચિત્ર વિચાર મનમાં ઉદ્ભવવા લાગ્યા અને સ્નેહલગ્નની અતૃપ્ત ઇચ્છા જાગૃત થઈ. જે વ્યક્તિ સાથે લગ્ન થયાં હતાં તે વ્યક્તિ સાથે પ્રેમાળ સંબંધ તે જાળવી શકી નહિ. સંસાર સાગરમાં ફરતી નાવમાંથી તે કૂદી અને પ્રેમસાગરમાં પડી. સંસાર નાવને ભરદરિયે ડૂબાડી દીધી. લગ્નના પવિત્રવિધિનો સંબંધ સદાને માટે તોડી નાંખ્યો. દેહલગ્નને દેશવટું આપી, વિના વિઘ્ને ચાલતા સંસાર ગાડાનું પૈડું કાઢી નાખ્યું. તેના પિતાએ ડૂબતી નાવને કિનારે લાવવા પરિશ્રમ આદરી, સુમેળ સાધવા પ્રયત્ન કર્યો, પણ એ નાવ કિનારે ન આવી.

આ બનાવ બન્યા પછી મંજુલા મુંબઈ આવી ને સિવિલ હૉસ્પિટલમાં નર્સિંગ કોર્સ શરૂ કર્યો. માસિક વેતન અને સ્વતંત્રતાનો સુમેળ થતાં અમનચમનમાં દિવસો પસાર થવા લાગ્યા. મુંબઈનું શોખીન જીવન એના મિજાજને માફક આવ્યું. સ્વાતંત્ર્યને વધુ આઝાદી મળી. યૌવન મોહરી ઊઠેલા ગુલાબની જેમ ખીલી ઊઠયું અને હૃદયને ખૂણે છૂપેલી સ્નેહતૃષા જાગૃત થઈ. રઘુનાથ સાથે તેનો પરિચય વધી ગયો. પ્રેમ પ્રબળ થયો અને આર્ય સમાજની

વેદી પર બન્નેએ પોતાનાં જીવનોને ધરી દીધાં. લગ્ન કર્યાં. સ્વેચ્છાએ કરેલ સ્નેહલગ્નથી આનંદ અનુભવ્યો. એ ચાહતી હતી સુખી-સંસાર અને એ દિશામાં એણે પ્રયત્ન કર્યો.

વર્ષો વીતતાં ગયાં. આનંદપ્રમોદના દિવસો વર્ષો સાથે વહી ગયાં અને છેક ભુલાઈ જવા લાગ્યા. અને ભાવિ હરણફાળે સામે આવી ઊભું ! સંસારને સળગતાં વાર લાગે છે ? સંસાર, જુદા જુદા સ્ફોટક તત્ત્વોના ગેસથી ભરેલો ગોળો છે, આગથી ન ઝડપાય ત્યાં લગી જ એ સલામત છે. આગની ઝાંઝ જરાક લાગી ને તે સળગી ઊઠે છે. રઘુનાથમાં પ્રેમાગ્નિ જાગ્યો અને સંસાર ગોળાને સળગાવી દીધો. પોતાની પત્નીએ સ્નેહ આપ્યો હતો તેનો કાળાંતરે તેણે અનાદર કર્યો અને તેની જ સખી ચંદ્રીકાને લઈને તે લખનૌ ભાગી ગયો. એ બાળકો અને વહાલી પત્નીનો ત્યાગ કર્યો. તે ગયો, ફરી દેખાયો જ નહિ. અલ્પ સુખી જીવનનો અંત આવ્યો. મંજુલા નર્સિંગ કોર્સ પૂરો કરી શકી નહોતી. રઘુનાથના જવાથી આર્થિક સમસ્યાઓ એને શિર આવી પડી. બે બાળકોનું પોષણ, મુંબઈનું ખર્ચાળ જીવન–એક સાંધે ત્યારે તેર તૂટે, તે નોકરીની તલાશમાં નીકળી. પણ સર્ટિફિકેટ વિના નોકરી ક્યાંથી મળે ? કુટુંબનો ભાર શી રીતે ઉઠાવવો એ પ્રશ્ન તેની સામે ખડો થયો. તે નિરાશ થઈ ગઈ. તેની ડૂબતી નાવને હંકારી જવા કોઈ કિનારો નહોતો. ન છૂટકે દીકરીને છાત્રાલયને સોંપી અને દીકરાને પોતાની પાસે રાખ્યો. મુંબઈના અસ્તવ્યસ્ત જીવનની હેરફેરમાં દીકરો બાર વર્ષની ઉંમર થતાં રખડેલ થઈ ગયો, નાનપણથી કુટેવ પડતાં ચોરી કરતાં શીખ્યો. ખિસ્સાકાતરૂની ટોળીમાં ભળી ગયો. ઘણીવાર તે પકડાયો. રિમાન્ડ હોમ એને માટે કાયમી સ્થાન બની ગયું. મંજુલા ન તો એને કેળવી શકી કે ન કાબૂમાં રાખી શકી.

ભારોભારથી છલકાતું જીવન દુઃખીયારું બની ગયું. હવે

એની અવસ્થા પણ થઈ હતી. માથા પરના વાળ પાકી ગયા હતા. આંખો ઊંડે ઊતરી ગઈ હતી. શરીર કમજોર અને દુર્બળુ બની ગયું હતું. હૃદયમાં દુઃખની પારાવાર વ્યથાએ મુખારવિંદની તેજને કરમાવી દીધી હતી. અને ફિકાશ નીતરતી હતી. નિરાશાના ઘનઘોર વાદળ નીચે એ ઘેરાઈ ગઈ. પેટનો ખાડો પૂરવા વાસણકુસણ અજવાળવાનું કાર્ય તે કરવા લાગી. પતિ પારકો બન્યો, બાળકો અળગાં થયાં, સુખી દાંપત્યજીવન સદાનો સાથ છોડી અદશ્ય થયું. પોતાની આપખુદીની અંગડાઈ એ જીવનને છિન્નભિન્ન કરી નાખ્યું. તે દેવામાં ડૂબી ગઈ. ઘર ખાલી કર્યું. આજે અસંખ્ય બિચારાં અસહાય, જીવન જરૂરિયાતનાં સાધનોનાં અભાગી, ફૂટપાથને સહારે માથું ટેકવે છે. મુંબઈમાં બધું મળે પણ ઘર ન મળે, દામ હોય તો એકાદ કોટડી મળે, બાકી, કોઈનો ઓટલો મળે તો અહોભાગ્ય! મંજુલાને એ સહારે જવું પડયુ. એ સિવાય બીજો રસ્તો જ નહોતો ને ?

વીસ વીસ વર્ષનાં વહાણાં વહી ગયાં. દીકરી વૈશાલી અભ્યાસ પૂરો કરી મુંબઈ આવી. માને રહેવાને ઘર નહિ ત્યાં જુવાન દીકરીને રાખવી કયાં ? પ્રશ્ન મંજુલાને મૂંઝવવા લાગ્યો. વૈશાલી તેની બહેનપણીને ત્યાં રહેવા ગઈ. છાત્રાલયનો સહારો કયાં સુધી ?

મોહનકાકા મંજુલાની પરિસ્થિતિથી વાકેફ હતા. વૈશાલી આવી છે ને બહેનપણીને ઘેર રહે છે તે તેઓએ જાણ્યું. મંજુલાના માથેથી ભાર હલકો કરવા અને અબળા વિમાર્ગે વળી ન જાય તે માટે તેમને ચિંતા થઈ. પોતાની દીકરી જેવી વૈશાલીને સહાય કરવા તેમણે પ્રયત્ન કર્યો. અરુણને તેઓ ઓળખતા હતા. અરુણ વૈશાલીનાં લગ્ન થાય એવું તેઓ ઇચ્છતા હતા. બન્નેનાં લગ્નનો પ્રસ્તાવ તેમણે કર્યો.

એક બાજુ ગરીબ, નિરાધાર સ્થિતિમાં મુકાયેલ બિનઅનુભવી અબળાએ છાત્રાલયમાંથી નીકળી બહારની દુનિયામાં પગ મૂક્યો. તરૂણ યુવતીએ પળવારમાં પોતાની પરિસ્થિતિ પારખી લીધી. પ્રલોભનોનાં બહાનાં નીચે પોતાની ગરીબાઈનો લાભ લેનાર શૈતાનિયત તેણે અનેક લુચ્ચી આંખોમાં જોઈ હતી. પોતાને ઉગારી લેવાનો માર્ગ લગ્ન છે એવું તેને સમજાયું હતું. તેથી મોહનકાકાના શબ્દને તે ઉવેખી શકી નહિ, તેણે લગ્નની સંમતિ આપી એનું હૃદય આનંદથી ઉભરાતું હતું. તે એક આદર્શ નારી તરીકે, નારી જગતમાં પોતાનું સ્થાન મેળવનાર હતી. માનું હૃદય ગર્વથી ફૂલાતું હતું. પોતાની પુત્રીનાં લગ્ન તે જોઈ શકી હતી. યુગલજોડીનાં સુખદ સ્વપ્ન તેની આંખો આગળ તરવરવા લાગ્યાં. એના ચિંતાતુર જીવે નિરાંતનો દમ ભર્યો. હર્ષનાં આંસુ આંખને ખૂણેથી ટપકી રહ્યાં.

થોડા દિવસો થયે એક વિપરીત ઘટના બની. માણસ ધારે છે કંઈ અને જીવનમાં બને છે કંઈ. રાતના અગિયાર વાગ્યા હશે અને વૈશાલી તથા અરૂણ મોહનકાકાને ઘેર આવ્યાં. બંને ચિંતાતુર હતાં. વૈશાલીના મુખ પરનો ઉલ્લાસ ઊડી ગયો હતો. અરૂણની આંખમાં ગુસ્સો તરવરતો હતો. મોહનકાકા સુવાની તૈયારીમાં હતા. આવેલ આંગતુકના ચહેરા પરના ભાવો તેઓ પામી શકયા. આટલી રાત્રે આવવાનું કારણ સમજવા પ્રયત્ન કર્યો. બંને અવાક્ હતાં.

"મને લગ્ન નામંજૂર છે." નીરવ શાંતિનો ભંગ કરતાં અરૂણ બોલ્યો. અરૂણના શબ્દો સાંભળી મોહનકાકા હેબતાઈ ગયા. જાણે વીજળી પડી ન હોય! હૃદયને ધક્કો લાગ્યો. સ્તબ્ધ! અંગેઅંગમાં ચિંતાનું મોજું ફરી વળ્યું. શું બોલવું એની સમજ પડી નહિ!

આજ સુધી તેઓ સાથે ફરતાં–લગ્નની તૈયારી અને આ શું?

વિશેષ ! મંજુલા ! વૈશાલી ! વિચારોની પરંપરા ચાલી. સ્વસ્થ થઈ અરૂણની આંખમાં કંઈ શોધતા હોય તેમ સવાલ કર્યો.

"ભાઈ ! અરૂણ ! કંઈ કારણ ?"

"કારણ કંઈ નહિ !" તે વાત છુપાવવા પ્રયત્ન કરતો હતો.

"બધું સારું છે ને આવો વિચાર એકાએક કયાંથી ? વૈશાલીના જીવનનો પણ ખ્યાલ કરવો જોઈએ. તમે બંને લગ્ન કરી સુખી થાઓ એમ અમે ઇચ્છીએ છીએ."

"મારી મરજી નથી." અરૂણ એના વિચારમાં મક્કમ હતો. "ગઈકાલે હું એને મળવા ગયો—ત્યારે તે એક વ્યકિત સાથે હસીને વાતો કરતી હતી."

"કોઈ જરા હસી બોલે તેથી શું ? આમ અવિશ્વાસ ન ચાલે !" મામલો ગંભીર બની ગયો. મોહનકાકા વૈશાલી તરફ વળ્યા. "વૈશાલી શું ? કોણ હતું એ ?"

"મારી સાહેલીના મોટાભાઈ—મારા ભાઈ—" વૈશાલીએ ટૂંકમાં જવાબ આપ્યો.

મોહનકાકાએ અરૂણને સમજાવવા પ્રયત્ન કર્યો. વૈશાલીએ બાજી સુધારવા પ્રયત્ન કર્યો.

અરૂણ એક જ વાત પકડી રહ્યો હતો. તે એકનો બે ન થયો. શહેરનું ગલીચ વાતાવરણ કચકડાની પટ્ટીની માફક તેની આંખો આગળ આવી ગયું. આ પ્રસંગથી તે બેચેન બન્યો. તેનો વિશ્વાસ ઊઠી ગયો. સામાજિક વિવેક તે ભૂલ્યો. આધુનિક આઝાદ વિચારોએ તેને ઉગ્ર બનાવ્યો. નિરાશ યુવકને લગ્ન નામંજૂર હતું.

બંને વચ્ચે સુમેળ સાધવા મોહનકાકાએ બુદ્ધિપૂર્વક વિવેચન કર્યું. દાખલા—દલીલો આપી શંકાશીલ પ્રસંગને દૂર કરવા પ્રયત્ન કર્યો. હજી તો તેઓ બોલે છે, ત્યાં તો અરૂણ ઊભો થયો, ઘરમાંથી

ચાલી નીકળ્યો. તે ગયો. વૈશાલીના જીવનથી દૂર !

વૈશાલી નિરાશ થઈ ગઈ. છાત્રાલયના સુખો જીવનમાંથી નીકળી, બહારની દુનિયામાં હજી પગલું યે ભર્યું નથી ત્યાં તો તેના કુમળા હૃદયને અમાનુષી, નિર્દય હૃદયની કઠણતા સ્પર્શી ગઈ. લાખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે એ વિચારે એના ભગ્ન હૃદયને ઉત્સાહિત કર્યું. બાજી સુધારવા તે અરૂણની પાછળ દોડી.

"અરૂણ ! મને માફ કર ! હું નિર્દોષ છું, મને માફ કર." કલ્પાંત અને વિનંતી વગર બીજું શું કરવાનું હોય ?

પરંતુ ભ્રમમાં પડેલો અડિયલ અરૂણ ન માન્યો કે ન ફર્યો. જેમ કોઈ એક સૌરભી કોમળ ફૂલની પાંદડીઓ પરથી ભંવર ઊડી. અદૃશ્ય થઈ જાય તેમ અરૂણ-વૈશાલીની નજર સમક્ષથી અદૃશ્ય થઈ ગયો. કૌમાર્ય હૃદયને અસહ્ય આઘાત કરતો ગયો.

આકાશમાં ઘનઘોર વાદળ છવાયાં હતાં. અંધકાર ચોમેર વ્યાપી ગયો હતો. વૈશાલી નિરાશ થઈ ગઈ. શેતરંજની બાજી હારી હોય એમ તેને લાગ્યું. માની ગરીબ પરિસ્થિતિ. પોતે નિઃસહાય ! અને......આવું અપમાન ! તે સહી ન શકી. ક્યાં જાઉં ? છાત્રાલય મને સહારો આપશે ? એને વિચાર આવ્યો. પણ ક્યાં સુધી ? આ દુનિયામાં મારું કોઈ નહિ ? મારી મા ! ભાઈ ! વિચારોની હારમાળા ચાલી. જીવનમાં આવો કરૂણ બનાવ બનશે એનો તેને સ્વપ્ને ય ખ્યાલ નહોતો. શિશુકાળ યાદ આવ્યો. છાત્રાલય ! કેવા હતા દિવસો એ ! મોટી બહેનની મમતા. નિર્દોષ આનંદ-કિલ્લોલના એ દિવસો ? હે ! પ્રભુ ! અન્યાય ! ધીમા ડગ ભરતી હૃદયના મનોમંથનમાં અટવાતી, કૂટાતી નિરાધાર અબળા રસ્તાની કોરે ચાલતી હતી. રાત્રિનો અંધકાર વધુ ઘેરો બનતો હતો. નીરવ રાત્રિની શાંતિને પડકારતો મધુર અવાજ તેને કાને અથડાયો. કોઈએ રેડિયો જોરથી

મૂકયો હતો, "વો દિલ કહાં સે લાઉં...તેરી યાદ જો ભૂલા દે..." ગીતના હૃદયગંમ તેના અંગેઅંગમાં ઊતરી ગયા અને હૃદયના ધ્રાસ્રકારાને ઝણઝણાવી દીધા. કયાં જાઉં ! કયાં જાઉં ! તે એક દીવાલની ઓથે બેસી પડી. હૃદય સિમટાતું ગયું...તે ધ્રૂસકે ધ્રૂસકે રડી ઊઠયું.

સાંગીત બેસૂરું બની ગયું. ને જિંદગીને બેસૂરી બનાવી ગયું. તે સહી ન શકી તે ઊઠી–ચાલવા લાગી.

ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો, ને અંગને ભીંજવી રહ્યો હતો. કપોલ પરની લટોમાંથી ટપકતું પાણી આંસુ સાથે ભળી જતું ને ગાલ પરથી વહી જતું. મનના પ્રબળ મનોમંથનને આંસુ લૂછવા સમય નહોતો.

આકાશમાં તારો ઝબકી ઊઠયો ને અદૃશ્ય થઈ ગયો. એના જીવનનું અખંડ યૌવન ઝબકી ઊઠયું ને યુવાવસ્થા પર અંધકાર આવી ગયો. એને મા યાદ આવી. માને કેટલો આઘાત લાગશે ? તે શૂન્યવત થઈ ગઈ. વિપ્રલબ્ધા, ના ઈલાજ.

નિર્જન રસ્તા પર કોઈની નજર ન પડે તેમ લપાતી છુપાતી તે ઝડપથી ચાલવા લાગી. મનને થયું હવે શું ? જવું કયાં ? કોઈ સ્થળ હોય તો ને ?

બીજે દિવસે તે લાપત્તા હતી. બધે સ્થળે તેની શોધ કરી. પણ પત્તો ન લાગ્યો.

મંજુલાએ એની શોધમાં આકાશ–પાતાળ એક કર્યું. પણ કંઈ પત્તો લાગ્યો નહિ. એનું રહ્યું સહ્યું જીવન છિન્નભિન્ન થઈ લૂંટાઈ ગયું ને હાથમાં આંસુ સિવાય કંઈ ન રહ્યું.

આમ બે દિવસ વીતી ગયા. ત્રીજે દિવસે દરિયા કિનારેથી તેની લાશ હાથ લાગી.

# ચશ્માંની દાંડી

રજાનો દિવસ હોવાથી, પરસાળમાં આરામથી પેપર વાંચી રહ્યો હતો. એવામાં માળી આવ્યો અને નોટિસ આગળ ધરી. સાંજે ચાર વાગે કારભારી બોર્ડની મિટિંગ રાખવામાં આવી હતી. ચાર-પાંચ મહિના બાદ આ મિટિંગ મળવાની હતી તેથી આનંદ થયો, કે ચાલો સૌની મુલાકાત થશે અને કંઈક નવીન જાણવાનું મળશે!

બરાબર ચાર વાગે બધા કારભારીઓ હાજર થઈ ગયા. પાળક સાહેબ પ્રમુખપદે બેઠા, અને સભાનું કામકાજ શરૂ કર્યું.

શરૂઆતમાં પ્રાર્થના કરાવ્યા બાદ તેમણે પ્રસ્તાવમાં કબ્રસ્તાન કમિટીનો હેવાલ વાંચ્યો અને બોલ્યા, "છેલ્લાં પાંચ વર્ષથી આપણે આ બાબતે દુર્લક્ષ રાખ્યું છે અને કોઈ જાતની પ્રગતિ સાધી નથી. લોકોને કબ્રસ્તાનના સમારકામમાં રસ નથી કે કેમ, પરંતુ તે બાબતમાં જોઈતાં નાણાં ઊભાં થતાં જ નથી? ઓછામાં ઓછા આપણે રૂા. પાંચથી સાત હજારની જરૂર છે; જ્યારે આપણી પાસે, ફક્ત રૂપિયા ૫૦૦ જ ભેગા થયા છે. જુઓને! તાર, તારના થાંભલા, વધસ્થંભ, વગેરે લોકો કાઢી ગયા છે. પથ્થરો ઉપર લખેલા અમૂલ્ય શબ્દો (શિશાથી પૂરેલા) તેઓ ખોતરી ગયા છે. અને કબ્રસ્તાન એક ઉજ્જડ, શિયાળવાના કોતરસમ બનાવી ગયું છે. વિરામ, અલ્પવિરામ વિના તેમણે આગળ હાંકે જ રાખ્યું, "વાડનો પાકો બંદોબસ્ત થવો જોઈએ. નાની કોટડી બાંધવી જોઈએ. નાનો બગીચો હોય તો વધુ સારું લાગે. અને નળ વગર તો ચાલે જ કેમ? આ બાબતમાં આપણે કંઈક કરવું જ જોઇએ."

રસ ઠીક જાગ્યો છે એવી ખાતરી થતાં, પાળકે પ્રસ્તાવ આગળ

મૂકતાં, ધીર, ગંભીર સ્વરે, વાતની શરૂઆત કરતાં કહ્યું,

"બિચારા લોકો પણ શું કરે? મોંઘવારી! ચોતરફ મોંઘવારી! આવા કપરા સમયમાં શી રીતે ઘર-સંસાર ચલાવવો તે એક પ્રશ્ન છે. ભાઈઓ! આવી જ મૂંઝવણ લઈને, આજે તમારી સમક્ષ હું નાનું બજેટ રૂપિયા પચ્ચીસનું મૂકવા માગું છું. "જુઓને આ મારા ચશ્માં! એની એક બાજુની દાંડી તૂટી ગઈ છે! તેને રિપેર કરી, નવી દાંડી બેસાડવાની જરૂર છે." આટલું કહી પ્રત્યક્ષ પુરાવા ખાતર, ખિસ્સામાંથી ચશ્માં કાઢ્યાં અને ટેબલ પર મૂકયાં. ચશ્માંને એક બાજુ દાંડી અને બીજી બાજુ દોરો લટકતો હતો.

પ્રસ્તાવ સાંભળી બધા સભાસદો ચક થઈ ગયા. અને એક બીજાની સામે જોવા લાગ્યા. આ નવીન પ્રકારના બજેટ માટે વિસ્મય પામ્યા. સભ્યો સમજદાર હોવાથી તેઓને લાગ્યું કે પાળક સાહેબનું કહેવું ખરું છે. કારણ, મોંઘવારીએ માઝા મૂકી છે અને તે સાથે, આમ લટકતે દોરે ચશ્માં પહેરે તો એમાં એમનું માન અને મોભો શો? એમના મોભા પ્રમાણે એમને નવી દાંડી નાખી આપવી જોઈએ. 'દાંડી નાખવી જ જોઇએ' એવો વિચાર વયોવૃદ્ધ વિશ્વાસુ કારભારી સોમચંદભાઈને આવ્યો, એટલે તેઓ ઝટ દઈને પોતાનો હાથ ઊંચો કરતાં બોલ્યા, "હા! પાળક સાહેબ! તમારી વાતને મારો ટેકો છે."

પાછલી પાટલીએ બેઠેલા બે-ત્રણ સભ્યો, ગુસપુસ કર્યા કરે. ખાસ વિરોધ કરવાની ઇચ્છા નહિ. પણ આ બાબત તેમને વિચિત્ર લાગી ખોટી પ્રથા પડી જાય, એ ભય તેમને લાગ્યો. આજે ચશ્માં, તો કાલે પેન, પાટલુન, જોડાં, મોજાં બધુયે ફાટી જાય. આ તો ભારે પડે. આમ છતાંએ, બધી પરિસ્થિતિ જોતાં, ચતુરભાઈને લાગ્યું કે, કાંઈ નહિ. આ વખતે આ બિલ પાસ કરીએ. ભવિષ્યની

વાત ભવિષ્યમાં જોઈશું. પરંતુ રૂપિયા પચ્ચીસનું બજેટ એમના ગળે ઊતરે નહિ, તેથી ઊભા થયા અને બોલ્યા, "પાળક સાહેબ તમારું કહેવું બરાબર છે. પણ ચશ્માંની દાંડીના આટલા રૂપિયા હોય ?"

પાળક સાહેબ હાજરજવાબી અને ચપળ હતા, તેમણે તરત જ જવાબ આપ્યો, "હાં! ભાઈ જુઓને મોંઘવારી ! આ સાધારણ દીવાસળીની કાંડી ! એના ભાવ ચાર ગણા થઈ ગયા છે. વળી જુઓને, આ ચશ્માંનું ઘર !" એમ કહીને જૂનું કાટ ચઢી ગયેલ; ઉપરતું કપડું ફાટેલું, બાવા આદમ વખતનું એક પતરાનું ખોખું કાઢી બતાવ્યું. અને બીજું કોઈ આગળ બોલે તે પહેલાં પોતાનું ગાડું હાંકે જ રાખ્યું, "પ્લાસ્ટિકની દાંડી તૂટી જાય તે કરતાં, જો ચૌદ કેરેટની દાંડીઓ જે બજારમાં આવી છે તે બેસાડી હોય તો સદાની નિરાંત."

આ વાત ચાલે છે તેટલામાં તો સોમચંદભાઈએ હાથનો ટેકો આપતાં વચમાં બોલ્યા, "હા ! સાહેબ ! કહેવતમાં કહેલું છે કે, 'વર વગર રહેજો પણ ઘર વગર નહીં,' તેથી ઘરની તો જરૂર ખરી જ." સોમચંદભાઈએ ટેકાનો જાણે ઠેકો લીધો ન હોય ! એમ વારે વારે તેઓ ટેકો આપતા. એમને ત્યાં ટેકાની ખોટ જ નહોતી. પરંતુ આ ટેકાથી બાજા સભ્યો છંછેડાઈ ગયા. હિંમતભાઈએ હિંમત એકઠી કરતાં કહ્યુ, "તમારો ટેકો મૂકો બાજુ પર, અમને વાત તો કરવા દો." વાત ગળે સુધી આવી જાય, પરંતુ કહેવાની હિંમત ચાલે નહિ, કારણ હિંમત ખરી, પણ તે કારભારીપણાનો મોહ પણ ભારે ! આખરે તેઓ બોલ્યા, "અમારું કહેવું એમ છે કે પ્લાસ્ટિકની દાંડી વગર બીજી કોઈ દાંડી ન ચાલે ?"

હાવકે મોઢે, હિંમતભાઈએ પોતાનું સૂચન જણાવતાં કહ્યું,

"સાહેબ! અમેરિકન દાંડી નંખાવી હોય તો?" પાળક સાહેબ બહુ ખુલ્લા બોલા હતા તેથી ઝટ જવાબ વાળ્યો, "ભાઈ! મારું કોઈ ગોડ-ફાધર નથી કે મને કોઈ દાંડી આપે!" જરા ઉશ્કેરાઈ જતાં તેમણે આગળ ચલાવ્યું, "બીજી મંડળીઓમાં મહિને મહિને પેટ્રોલના રૂપિયા પચાસનાં બિલ ભરે છે. આજકાલના મોટર-ગાડીઓમાં ફરે છે. અને બિલ વસૂલ કરે છે. મારી આટલી માંગ તમો પૂરી કરી શકતાં નથી? ચાળીસ, ચાળીસ વર્ષથી વગર વાહને અમે ટાંટિયા તોડીને ગામેગામ સેવા કરતા ફર્યાં અને આજે આવી નજીવી બાબતમાં મારે હાથ લંબાવવો પડે છે? ઘણી દુઃખની વાત!"

આમ વિના વિઘ્ને રૂા. પચીસનું બિલ પાસ થઈ ગયું. સભ્યોએ વધુ માથાઝીક વગર, પોતાના મતને શેરો મારી દીધો.

ખુશાલીમાં સાહેબથી ભજિયાં વધુ પ્રમાણમાં ખવાઈ ગયાં અને અંદાજ રહ્યો નહિ. નાસ્તાને ન્યાય આપી, સભાની પૂર્ણાહુતિ કરતાં પહેલાં, તેઓ ઊભા થયા અને સર્વેનો આભાર વ્યક્ત કરવા લાગ્યા, એવામાં, એકાએક ભજિયાંએ પેટમાં ગડબડાટ અને કોલાહલ મચાવ્યો. જોરથી એડકી આવી. ભજિયાંનો ગોળો ઉપર આવ્યો અને તાળવે ચોંટયો. તેમના ગળે ડચૂરો બાઝયો. પાદરી સાહેબ વિહ્વળ થઈ ગયા અને શ્વાસનળી વચ્ચે કંઈક ગોટાળો થઈ ગયો. તેઓ ગભરાઈ ગયા. આંખમાંથી પાણી નીકળી પડયું. તાત્કાલિક ઉપચાર તરીકે પાણીનો ઘૂંટડો પીધો અને ડચૂરો બેસી ગયો. સાહેબને આરામ થયો. તેઓ બોલ્યા, "મહેરબાની, ઈશ્વરનો આભાર! નહીતર હમણાં જ રૂપિયા પચીસનું પાણી થઈ જાત!"

અફસોસ! કબ્રસ્તાન કમિટીનો અમસ્તો મૂકેલો પ્રસ્તાવ તેઓએ ત્યાં જ દફનાવ્યો...અને સર્વે ઊઠયા.

# ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

## — પ્રકાશનો —

| | |
|---|---|
| ૧. આત્મિક સંસાર | ૨–૦૦ |
| ૨. દાનિયેલનું પુસ્તક | ૨–૦૦ |
| ૩. બાઇબલ અભ્યાસ ભાગ–૧–૨–૩–૪–૫–૬ | ૧૮–૦૦ |
| ૪. અનોખી ઇઝરાયલ પ્રજા (છપાશે) | ૨–૦૦ |
| ૫. યરૂશાલેમનું મંદિર બંધાશે ! કયારે ? કયાં ? કેમ ? (પ્રેસમાં) | ૨–૦૦ |
| ૬. ઝબકાર અને ઝાંખી | ૪–૦૦ |
| ૭. વાટને વિસામે | ૩–૦૦ |
| ૮. સૌથી મહાન વિજેતા | ૨–૦૦ |
| ૯. બેહૂનર–ઐતિહાસિક નવલકથા–પુનઃમુદ્રણ | ૩–૦૦ |
| ૧૦. અંતરના અજવાળાં (એકાંકી વાર્તા) | ૩–૦૦ |
| ૧૧. અજાયબ ભવિષ્ય વચનો મુક્તિ યોજનાનાં સાત પર્વ | ૩–૦૦ |
| ૧૨. કબરને પેલે પાર | ૧–૫૦ |
| ૧૩. યુવાવસ્થા સોનાની ખાણ | ૨–૦૦ |
| ૧૪. નિર્મળા | ૩–૦૦ |
| ૧૫. યોનેકો–પ્રસન્નતાની પુત્રી | ૪–૦૦ |
| ૧૬. રશિયા, ઇઝરાયલ અને બાઇબલ | ૫–૦૦ |
| ૧૭. ભજનસંગ્રહ | ૧૫–૦૦ |
| ૧૮. વહાલાં પંખીઓ | ૩–૦૦ |
| ૧૯. રાજરાજેશ્વર | ૭–૦૦ |
| ૨૦. એક યોગીનો નવો જન્મ | ૭–૦૦ |
| ૨૧. જીવનનાં જળ | ૩–૦૦ |
| ૨૨. આતમનાં ઓજસ | ૩–૦૦ |
| ૨૩. મુક્તિને માર્ગે | ૩–૦૦ |

પ્રેસમાં :

યાત્રાકારી

શુદ્ધપ્રબુદ્ધ

બાઇબલ માહિતી કોશ